# શ્રી રામકબીર

# ભજનાવલિ

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
બેગમપુરા, આંગડ શેરી,
સુરત

# શ્રી રામકબીર ભજનાવલિ

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
ખાંગડ શેરી
સુરત

પ્રકાશક :

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ

ખાંગડ શેરી,

સુરત

આવૃત્તિ પહેલી : ૨૦૦૦ પ્રત

જૂન, ૧૯૭૮ : કબીર જયંતી

મુદ્રક :

પ્રતાપ દવે

મમતા પ્રિન્ટરી,

વ્યારા ૩૯૪ ૬૫૦

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ દ્વારા સંપાદિત

# શ્રી રામકબીર ભજનાવલિ

સંપાદક સમિતિ

| | |
|---|---|
| શ્રી ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત | કપુરા |
| શ્રી ગોકળભાઈ કરસનજી દેસાઈ | ચીખલી (રાજ) |
| શ્રી ગોકળભાઈ ભગાભાઈ ભક્ત | દેરોદ |
| શ્રી ચંપકભાઈ ધીરજભાઈ ભક્ત | ફ્યાદલા |
| શ્રી સન્મુખભાઈ ડાહ્યાભાઈ ભક્ત | સ્યાદલા |
| શ્રી ગોવિંદભાઈ મકનજીભાઈ ભક્ત | અંકલેશ્વર |
| શ્રી પ્રભુદાસ મકનજી વૈદ્ય | સુરત |

"ૐ કોઈ સમજી કીર્તન કરશે રે
તેનો થઈ જાશે બેડો પાર..."

ૐ

* શ્રી રામકબીર સત્ય છે *

આ

રામકબીર ભજનાવલિનો

લઘુ ગ્રંથ

શ્રી રામકબીર ભક્ત સમાજને

સાદર

સપ્રેમ

અર્પણ

શ્રી ગોકળભાઈ ભક્તિભાઈ ભક્ત (પ્રમુખ)
શ્રી મકનભાઈ તુલસીભાઈ ભક્ત
શ્રી કરસનભાઈ લલ્લુભાઈ ભક્ત
શ્રી ભીખાભાઈ રણછોડજી ભક્ત
શ્રી ભીખાભાઈ પ્રભુભાઈ ભક્ત

અને

મહંત શ્રી દયારામદાસ ગુરુ કરસનદાસ

(મેનેજિંગ ટ્રસ્ટી)

# પુરોવચન

ટ્રસ્ટનો શુભ સંકલ્પ આજે ફલિભૂત થાય છે તેથી આનંદ અનુભવું છું. ભક્તજનો પૂરેપૂરો લાભ ઉઠાવશે તો ટ્રસ્ટનું આ કાર્ય સાર્થક થયું ગણાશે. જડ સંસ્કૃતિની બોલબાલા થતી હોય તેવા સમયે આવો શુભ સંકલ્પ થવો એ પણ ઈશ્વરી સંકેત જ ગણાય. ઈશ્વરી સંકેત ન હોય તો યોગ્ય સંપાદક સમિતિની રચના પણ ન થઈ શકી હોત! અમને અંતે પ્રસ્તાવના લખી આપનાર વ્યક્તિ પણ કેટલી બધી સુયોગ્ય મળી કહેવાય! ડૉ. પ્રમોદકુમાર પટેલ (એમ. એ. પીએચ. ડી.) છેલ્લાં વીસ વર્ષોથી અધ્યાપક તરીકેનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓશ્રી ગુજરાતી ભાષા–સાહિત્યના વિદ્વાન વિવેચક તરીકે સમસ્ત ગુજરાતમાં પ્રસિદ્ધ છે. તેમણે પોતાનો કિંમતી સમય આ ગ્રંથનું મૂલ્ય વધારવામાં આપ્યો છે તે ઈશ્વરી સંકેતની પ્રતીતિ કરાવરાવે છે. તેથી મને તો ખાત્રી છે કે આ ઈશ્વરી સંકેત અવશ્ય શુભ પરિણામ જન્માવશે જ. આવા શુભ કાર્યમાં [illegible] આભાર [illegible].

મહંત દયારામદાસ ગુરુ કરસનદાસ
કબીર મંદિર,
સુરત.

# ભક્તિગંગાની અમૃતધારા

'શ્રી રામકબીર ભક્ત ભજન' સંગ્રહની પ્રતો પૂરી થઈ જતાં ભક્ત સમાજના ટ્રસ્ટી મંડળે ભાવિક જનો માટે ફરીથી એવો એક ભજનસંગ્રહ પ્રગટ કરવાનો શુભ સંકલ્પ કર્યો એ જ એક મોટા આનંદની વાત છે. પણ એથી યે વધુ આનંદ તો એ વાતનો છે કે આવા પ્રકાશનના કામ માટે ટ્રસ્ટી મંડળને શ્રી ઈશ્વરભાઈ જેવા આધ્યાત્મિક સાધનાને માર્ગે વળેલા એક સાચા દૃષ્ટિસંપન્ન માણસની સેવા મળી છે. આ સંગ્રહનાં પદોનું નવેસરથી સંકલન કરવાની ઊંડી દૃષ્ટિ એમની પાસે છે. આ કાર્ય માટે તેઓ સાચે જ અધિકારી વ્યક્તિ છે. જ્ઞાન, ભક્તિ અને સેવાનો જે વિરલ યોગ તેમનામાં જોવા મળે છે તે આપણી આસપાસના સમાજની બહુ ઓછી વ્યક્તિઓમાં જોવા મળશે. ગીતાએ વર્ણવેલા સ્થિતપ્રજ્ઞ પુરુષની ઝાંખી તેમના વ્યક્તિત્વમાં કરી શકાશે. પ્રાચીન ભારતમાં જન્મેલા ધર્મ અને દર્શનના તેઓ પહેલેથી જ ઊંડા અભ્યાસી હતા એ વાતનો હું સાક્ષી રહ્યો છું. એટલે જ આજે એમના જેવી અધિકારી વ્યક્તિ દ્વારા આ ભજનસંગ્રહનું સંકલન થાય તે ખરેખર જ મોટી આવકાર પાત્ર બાબત છે.

આ ગ્રંથ જૂના ભજનસંગ્રહનું પુનર્મુદ્રણ માત્ર નથી. શ્રી ઈશ્વરભાઈએ એની સમજપૂર્વક નવેસરથી ગોઠવણી કરી છે. પ્રભાતે બ્રાહ્મમુહૂર્તે પ્રભુસ્મરણ કરવાના શ્લોકોથી આ સંગ્રહ શરૂ થાય છે તે પછી પ્રભાતની આરતી અને પ્રભાતનાં પદો મૂક્યાં છે. એમાં

પછી કીર્તનનાં પદો, આરતીનાં પદો, બેઠકનાં પદો એમ આખાય દિવસનું સમય ચક્ર આવરી લે એ રીતનો ક્રમ એમાં છે. પ્રભુનું સ્મરણ કીર્તન અહોરાત ક્ષણેક્ષણ ચાલતું જ રહે એવી ભાવના એમાં રહેલી છે. અને જુદા જુદા પહોરે જુદા જુદા રાગ-ઢાળમાં એનું ગાન ચાલે તો વળી ભક્તિરસ વધુ ઊંડો ઉતરે એવી ભૂમિકા પણ એમાં રહી છે. શ્રી ઈશ્વરભાઈએ અહીં પસંદ કરેલાં પદોનો સરળ માર્મિક અર્થ તો સ્પષ્ટ કર્યો જ છે પણ જુદા જુદા જૂથનાં પદોને સૌથી સારી રીતે કેમ પામી શકાય તે પણ બતાવ્યું છે. પ્રસંગે પ્રસંગે આજની પરિસ્થિતિને લક્ષમાં રાખી અર્થઘટન કરી આપ્યું છે કે અર્થનો નવો પ્રકાશ બતાવ્યો છે. એ રીતે આ સંગ્રહ ભક્ત સમાજને અત્યંત ઉપયોગી બનશે એમાં જરીકે શંકા નથી.

પદોનો મર્મ સમજાવવાની બાબતમાં તેમ ધર્મ અને દર્શનની તાત્ત્વિક ભૂમિકા સ્પષ્ટ કરવામાં ઈશ્વરભાઈનો માર્ગ સંપ્રદાયની સાંકડી સીમાઓ તોડીને ચાલે છે તે પણ અત્યંત આનંદની વાત છે. આપણા દેશમાં ધર્મસંસ્થાઓ તો ઘણી સ્થપાઈ અને સંપ્રદાયો પણ ઘણા ફૂલ્યાફાલ્યા પણ એમાં ઘણીયે વાર સંપ્રદાયનો કે દર્શનનો સંકોચ જન્મતો જોવા મળશે. જે શુદ્ધ પરમ તત્ત્વની ઉપાસના રૂપે જન્મ્યો હોય તે ધર્મ કે માર્ગ અજાણતાપણે જ પોતાનાં સાંકડા કોટલામાં પુરાઈ જવા પામે એવું આપણે ત્યાં વારંવાર બન્યું છે. આપણા પ્રાચીન ઋષિઓએ—વેદ ઉપનિષદના મંત્રગાયકોએ—આ વિશાળ બ્રહ્માંડ એક જ પરમ તત્ત્વનો વિલાસ માત્ર છે એમ નિરંતર ગાયું ગાયા કર્યું. સૂર્ય આકાશ પર્વત વૃક્ષ પ્રાણી માનવી સર્વ વિભૂતિઓ એ પરમ તત્ત્વનો જ આવિષ્કાર છે, અને અણુએ અણુમાં આ વિશ્વનું

પરમ ચૈતન્ય વિહરયા કરે છે. આટલું ભવ્ય અને ઉદાત્ત દર્શન પ્રાચીન ઋષિઓએ રજૂ કર્યું અને છતાં આ દેશમાં માનવીએ છૂતાછૂતના ઊંચનીચના જડ ખ્યાલો બાંધ્યા. આજે સંપ્રદાય સંપ્રદાય વચ્ચે સમાજ સમાજ વચ્ચે દુર્ભેદ્ય દીવાલો ચણાઈ ગઈ દેખાય છે. જ્યાં અદ્વૈતનો પરમ સંદેશ રજૂ થયો હતો એ જ ભૂમિમાં આજે ધર્મ સંપ્રદાયની છાયાઓ દીવાલ બની ગઈ છે એ પણ આપણા ઇતિહાસની કરુણ વક્રતા નહિ તો બીજું શું ? પણ આવી વિષમ પરિસ્થિતિ વચ્ચે સંતપુરુષો દીવાલો તોડવાનું કામ બજાવતા જ રહે છે અને દૃષ્ટિમર્યાદાને લોપી અનંત સાથે યોગ કરાવી આપવાનો ધર્મ બજાવે છે. શ્રી ઈશ્વરભાઈનો પ્રયત્ન કંઈક આ દિશાનો છે—સાચી દિશાનો છે. સંપ્રદાયની સીમાને તેઓ ઓળંગી ચૂક્યા છે. એટલે જ પદોના મર્મગ્રહણમાં તેમની વ્યાપક દૃષ્ટિનો આપણને પરિચય થાય છે. ખરી વાત એ છે કે તેમની દૃષ્ટિ સર્વ પર મંડાયેલી છે—પરમ તત્ત્વ પર નોંધાયેલી છે. તેથી સંસ્થાઓ કે સાધનોમાં તે ગૂંચાતી નથી. ભક્તિ કર્મકાંડ કે એવી બીજી પ્રવૃત્તિ છેવટે તો પરમ તત્ત્વને પામવાની નીસરણી છે અને પરમ તત્ત્વ તેથી ઊંચે છે એ વાતનું તેમણે સતત સ્મરણ કરાવ્યું છે.

આપણાં પદો અને ભજનો આપણી પ્રજાનો મોંઘામૂલો વારસો છે. વેદ ઉપનિષદ ગીતા ભાગવત્ આદિ ધર્મગ્રંથોએ જે પરમજ્ઞાન રજૂ કર્યું છે તેનો લગભગ બધો જ સાર આ ભજનોમાં અને પદોમાં આવી જાય છે. એ રીતે આ પદો ભજનો દ્વારા જ્ઞાનભક્તિની આગમની વિશાળ જનસમાજ સુધી પહોંચી શકી છે. પણ એ સાથે આપણે લક્ષમાં રાખવું જોઈએ કે અત્યંત સરળ લાગતાં પદો

મર્મ પણ આપણા અંતરના ચક્ષુ આગળ એકદમ ખુલ્લો થઈ જતો નથી. એકનું એક પદ સમજ્યા વિના રટયા કરીએ તો એ પ્રવૃત્તિ પણ વંધ્ય જ રહેવાની. અહીં ભાવિકના પક્ષે પ્રયત્નની જરૂર છે. કેવળ શબ્દનું જ્ઞાન પૂરતું નથી: અનુભવ સુધી પહોંચવાની અનિવાર્યતા છે. એ માટે આપણું મન પણ નિર્મળ અને નિર્વિકારી હોવું જોઈએ. સ્વચ્છ અરીસામાં જ પ્રતિબિંબ સુરેખ રીતે ઝીલાય તેવું જ કંઈક આ બાબતમાં બને છે. અને મનનું ડહોળાપણું આપોઆપ દૂર થતું નથી. આપણે પક્ષે પ્રયત્નની જરૂર ઊભી રહે જ છે. જ્ઞાનભક્તિનો માર્ગ આથી સીધાં ચઢાણ જેવો છે. ભજનો અને પદોનું જે માહાત્મ્ય છે તે તો એ કે ઊંડામાં ઊંડા તત્ત્વવિચારને તે સુગમ અને લોકભાગ્ય બનાવી આપે છે.

આ ગ્રંથ આપણા ભક્તજનોના અંતરમાં પ્રકાશ રેલાવતો રહેશે, એવી ભાવના અહીં વ્યક્ત કરું છું.

**બારડોલી-૨** **ડૉ. પ્રમોદકુમાર પટેલ**
૧૦-૬-૭૮ એમ. એ., પીએચ. ડી.

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧ | ટ્રસ્ટી મંડળ | ટ્રસ્ટી મંડળ વતી |
| ૧૪ | ઉપયોગી ( નોંધમાં ) | ઉપયોગની |
| ૩૮ | તેને છે ( નોંધમાં ) | છે તેને |
| ૫૮ | માંખા નહિ | માંખા નાહિ |
| ૫૯ | માયા રહિત ( ટિપ્પણીમાં ) | માયા સહિત (બીજા ફકરાની બીજી લીટીમાં) |
| ૬૧ | માયા રહિત બ્રહ્મ | માયા રહિત નિર્ગુણ બ્રહ્મ |
| ૮૦ | વાલ ( નોંધમાં ) | વાસ |
| ૮૦ | ખટ | ખર |
| ૧૨૧ | સેવ ] (બારમી લીટી)<br>તેવ ] ( ,, ,, ) | સેવા<br>તેવા |
| ૧૨૨ | વળ્યો ( તેરમી લીટી ) | વળ્યો |
| ૧૨૫ | સર્વંક ( ત્રીજા ફકરામાં ) | સર્જક |
| ૧૬૬ | દ્રાપદી ( સાતમી લીટી ) | દ્રૌપદી |
| ૧૭૬ | મેરુ ( પદને અંતે ) | લેરુ |
| ૧૮૬ | ભાગગતી ( નોંધમાં ) | ભાગવતી |
| ૨૩૪ | અવસ્થામાં | અવસ્થા |
| ૨૩૯ | મિમિ | મિથિ |
| ૨૫૬ | લડો | બડો |
| ૨૭૩ | હિંડોળ | હિંડોળો |

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૭૭ | સુરા | સુંદર |
| ૨૮૧ | હિંડોળે | હિંડોળા |
| ૨૮૧ | દોરી | દોરીએ |
| ૨૮૩ | આપી | આવી |
| ૨૮૪ | કોટિકામ સુંદર | કોટિકામ સ્વરૂપ સુંદર |
| ૨૮૪ | જમાન | આનુ |
| ૨૮૪ | આપે | આવે |
| ૨૯૮ | અણુગો | અળગો |
| ૨૯૯ | ડાળનાં | ઢાળનાં |
| ૩૦૭ | ધૂટે | છૂટે |

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ટ્રસ્ટી મંડળનું નિવેદન | ૧ |
| ૨. | સંપાદકીય | ૨ |
| ૩. | અગત્યનાં સૂચનો | ૪ |
| ૪. | પ્રભાતની પ્રાર્થના | ૭ |
| ૫. | પ્રભાતની આરતી | ૧૨ |
| ૬. | પ્રભાતનાં પદો | ૧૪ |
| ૭. | કીર્તનનાં પદો | ૩૧ |
| ૮. | બેઠકનાં પદો | ૯૯ |
| ૯. | બારમાસી પદો : | |
| | કલ્યાણ | ૧૨૮ |
| | કાનડો | ૧૩૫ |
| | કાફી | ૧૪૦ |
| | કાલેરો | ૧૪૬ |
| | મારૂ | ૧૫૫ |
| | સોરઠ | ૧૬૫ |
| | કેદારો | ૧૭૩ |
| | ધન્યાશ્રી | ૧૭૭ |
| ૧૦. | સામેરીનાં પદો | ૧૮૪ |
| ૧૧. | ધોળ મંગળનાં પદો | ૧૯૧ |
| ૧૨. | ગરબી | ૨૦૭ |
| ૧૩. | દેવગંધારનાં પદો | ૨૧૩ |
| ૧૪. | વસંતનાં પદો | ૨૨૦ |
| ૧૫. | રામનવમીનાં પદો | ૨૫૫ |
| ૧૬. | જન્માષ્ટમીનાં પદો | ૨૬૦ |
| ૧૭. | ઇતર પદો : | ૨૯૫ |

# ટ્રસ્ટી મંડળનું નિવેદન

"શ્રી રામકબીર ભક્ત ભજન" સંગ્રહની પ્રતો પૂરી થઈ ગઈ હતી. વળી પરદેશ જઈ વસેલા આપણા પૈકીના ભક્ત ભાઈઓની માંગણી મધ્યમ કદના એક ભજન સંગ્રહની અવાર નવાર થતી હતી. તેથી ટ્રસ્ટી મંડળે એક સંપાદક સમિતિની રચના કરી એ કામ એક વર્ષમાં તૈયાર કરવાનો નિર્ણય કર્યો હતો. સંપાદક સમિતિ, શ્રી ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત, કપુરાના નેતા હેઠળ નીચે પ્રમાણેના છ સુજ્ઞ ભક્તજનોની બનાવવામાં આવી હતી:

૧ શ્રી ગોકળભાઈ કરસનજી દેસાઈ, ચાખલી (રાજ)
૨ ,, ગોકળભાઈ ભગાભાઈ ભક્ત, દેરોદ.
૩ ,, ચંપકભાઈ ધીરજભાઈ ભક્ત, સ્યાદલા.
૪ ,, સન્મુખભાઈ ટાહ્યાભાઈ ભક્ત, સ્યાદલા.
૫ ,, ગોવિન્દભાઈ મકનજી ભક્ત, અંકલેશ્વર.
૬ ,, પ્રભુદાસ મકનજી વૈદ્ય, સુરત

સંપાદક સમિતિએ પોતાના પ્રવૃત્તિશીલ જીવનમાંથી આ કામ અંગે સમય ફાજલ પાડી અમારી ઈચ્છા મુજબ આ મધ્યમ કદનો ભજન સંગ્રહ તૈયાર કરી આપ્યો છે, તે માટે આપ સહુ વતી હું આભારની લાગણી વ્યક્ત કરું છું. આ સંગ્રહ સમાજને સપ્રેમ અર્પણ કરતી વેળા ટ્રસ્ટી મંડળ આશા રાખે છે કે આ સંગ્રહનો સારો લાભ પ્રત્યેક ભાઈબહેનો લેશે અને સમાજના સાંસ્કૃતિક ઉત્થાનના કાર્યને વેગવંતું બનાવવામાં ઉપયોગી થશે.

ગોકળભાઈ ભક્તિભાઈ ભક્ત
પ્રમુખ,
ટ્રસ્ટી મંડળ

# સંપાદકીય

ટ્રસ્ટે સોંપેલી જવાબદારી પ્રમાણે આ ભજન સંગ્રહનું પુસ્તક આપ સહુ સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ. સંપાદકનું કાર્ય સહેલું જણાતું હતું પરંતુ અનુભવે અત્યંત કઠીન લાગ્યું છે એ ચાર પદ અહીં તહીંથી ભેગા કરી છપાવી દેવા જેટલું સરળ તો નથી જ. દરેક પદનો જુદી જુદી રીતે અભ્યાસ કરવો પડયો છે. પ્રત્યેક પદના મર્મને સમજ્યા વિના તો પદની પસંદગી કેવી રીતે થઈ શકે ? વળી ભાષાના અમે મર્મજ્ઞો પણ નહીં. આવી અમારી ઘણી મુશ્કેલીઓ તથા મર્યાદાઓ હોવા છતાં અમો યથાશકિત આપ સહુ સમક્ષ આ ભજન સંગ્રહ રજૂ કરી શકયા છીએ તે માટે તો પ્રભુની જ કૃપા જવાબદાર છે.

ખાસ કરીને સદ્દ્ગુરૂ કબીર સાહેબનાં પદો અમારી કસોટી કરનારાં નીવડયાં છે. આ પદોમાં વપરાયેલી પરિભાષા યોગની છે. યોગશાસ્ત્રનો થોડો ઘણો પણ ખ્યાલ ન હોય તો આ પદો સમજી શકાય જ નહીં. વળી ભાષા પણ જૂની દેશી હિંદી. તેમાં કેટલાંક પદોનું તો ગુજરાતીકરણ થઈ ગયેલું છે. જેનો મૂળપાઠ શોધવા માટે ઘણી જ મહેનત કરવી પડે. એ માટે જે શકિત અને સાધન જોઈએ તેનો આપણે ત્યાં અભાવ છે. છતાં બે ત્રણ પદોનું શુદ્ધિકરણ નમૂના રૂપે અમોએ કર્યું હતું અને 'કબીરવાણી' પત્રિકા દ્વારા સમાજ સમક્ષ અમોએ મૂકેલું હતું. બે ત્રણ પદોનું શુદ્ધિકરણ કરવામાં અમોને લગભગ [illegible]

એ રીતે ગણવામાં આવે તો સમગ્ર પદોનું શુદ્ધિકરણ કરવામાં સહેજે ત્રણથી ચાર વર્ષ તો ઓછામાં ઓછા થઈ જાય. તાકીદની માંગને પહોંચી વળવા અમોએ માત્ર સામાન્ય ક્ષતિઓ તરફ જ ધ્યાન આપી શુદ્ધિકરણનું કાર્ય કર્યું છે. એમાં પણ જે કાંઈ ભૂલો જણાય તેની જવાબદારી અમારે શિરે છે. દરેક પદની માર્મિક નોંધ પદનું ગૂઢરહસ્ય પ્રગટ થઈ શકે તે હેતુથી જ કરવામાં આવી છે.

એક રીતે આ કામ સંશોધન ક્ષેત્રનું ગણાય. માટે ભવિષ્યમાં કોઈ અભ્યાસુ જીવ જાગશે અને સંશોધન કરી શુદ્ધિકરણની આપણી ભૂખ સંતોષશે એવી અવશ્ય આશા રાખીએ.

આ સંપાદન કાર્યમાં અમને ધામણનિવાસી શ્રી નારણભાઈ હીરાભાઈ ભક્ત તરફથી તથા કપુરાનિવાસી શ્રી નાથુભાઈ બુલાભાઈ ભક્ત તરફથી સારી જેવી મદદ મળી હતી, જેને આ પ્રસંગે યાદ કરી અમો આભારની લાગણી અનુભવીએ છીએ.

ટ્રસ્ટી મંડળે અમારી શક્તિ ન હોવા છતાં અમને આવા કપરા કામની જવાબદારી સોંપી તેથી અમોને અંગત રીતે ખૂબ લાભ થયો છે. પ્રત્યેક પદને વાંચી વિચારી સમજવાની અમને સોનેરી તક મળી અને એ રીતે અમારું અજ્ઞાન ઓછું કરવામાં તેઓ ભાગીદાર થયા છે, જેના અમે ઋણી છીએ.

—સંપાદક સમિતિ

# અગત્યનાં સૂચનો

૧ આ પદો જુદા જુદા રાગોમાં આપણે ગાઈએ છીએ. શાસ્ત્રીય રાગો સાથે એનો મેળ ન બેસે તો નિરાશ થશો નહિ. આપણે જેને રાગ કહીએ છીએ તે તો માત્ર રાગની છાયા જ છે. તેને દેશી ઢાળ પણ કહેવામાં આવે છે. આ દેશી ઢાળો લયબદ્ધ છે અને તેથી સંગીતમય પણ છે. થોડી રીત બદલવામાં આવે તો હાર્મોનિયમ સાથે પણ ગાઈ શકાય એવો અમારો અભિપ્રાય છે.

૨ આ સંગ્રહમાં ફક્ત પ્રચલિત પદો જ પસંદ કર્યાં છે તેથી કોઈ એમ ન માની લે કે બાકી રહી ગયેલાં પદો નકામા છે. દરેક પદ આત્મકલ્યાણ કરવાની ક્ષમતાવાળું છે તેથી ખૂબ જ ઉપયોગી પણ છે. અહીં તો પુસ્તકનું કદ બહુ મોટું ન થઈ જાય તે મર્યાદા જાળવવા ખાતર માત્ર પ્રચલિત પદો જ પસંદ કર્યાં છે. માટે બાકીનાં પદો પણ સમય મેળવી વાંચી વિચારવા દરેક ભક્ત ભાઈ બહેનોને અરજ કરીએ છીએ.

૩ વાર તહેવારે આ પદો ગાવાનો હેતુ એટલો જ છે કે એમાં તરી આવતાં સંસ્કૃતિનાં લક્ષણોનો ગાનારને અને સાંભળનાર બંનેને ખ્યાલ આવી શકે. સંસ્કૃતિથી વિરુદ્ધ વર્તન કરનારને આવો ખ્યાલ હૃદયમાં સ્ફુરે તો આંતરિક રીતે રોકવાનું કામ પણ કરી શકે છે. માટે દરેક ભક્તજને સંસ્કૃતિને ખાતર પણ ભજન સાંભળવા જોઈએ, વિચાર કરી મનન કરવું જોઈએ.

૪ સંસ્કૃતિ એટલે સંસ્કારનું પરિણામ. સારા સંસ્કારથી આત્મ-કલ્યાણ સાધી શકાય અને ખરાબ સંસ્કારથી આત્મકલ્યાણ તો શું પણ કોઈ પણ પ્રકારનું કલ્યાણ સાધી શકાતું નથી. માટે ભાવ

વ્યવહાર પર ધ્યાન ન આપો પરંતુ સંસ્કાર પર પણ ધ્યાન આપો એવી ભક્તજનોને અપીલ કરીએ છીએ. ભજન એ ભારતીય સંસ્કૃતિનું એક મહત્ત્વનું પ્રાણવાન અંગ છે. આપણા પૂર્વજોના સંસ્કારનું એ પરિણામ છે. હાલના સમયમાં શરાબ અને માંસાહાર તરફનો વાયરો વાતો હોય ત્યારે સંસ્કૃતિના આવાં પરિબળો વાડનું કામ કરે છે. આપણે પૂર્વજોનું તર્પણ તેમણે મહેનતે વિકસાવી આપેલી સંસ્કૃતિનું પાલન કરવાથી જ કરી શકીશું, અન્ય રીતે નહિ.

૫ વાર તહેવારે ગામે ગામ ભજન બેસાડવાનો રિવાજ છે. આવે પ્રસંગે ભજન સમજાવી શકે એવા માણસને પણ નિમંત્રે નિમંત્રણ આપવું જોઈએ અને ઓછામાં ઓછું એક પદ તેની પાસેથી બધાંએ સમજવું જોઈએ. આ રીતે એક કલાક ગાળવામાં આવે તો ભજન તરફ રસ વધી શકે.

૬ આપણે સમૂહમાં કીર્તન કરીએ છીએ તે બરાબર જ છે. પરંતુ કીર્તન એકસૂરે થતું નથી. પુરુષો અને સ્ત્રીઓ એક સાથે જુદાં જુદાં પદો ગાતાં હોય છે. તેથી વાતાવરણ બેસૂર બની જાય છે. કાંઈક અંશે ઘોંઘાટ જેવું પણ લાગે. કીર્તન એકસૂરે થાય તો જ કીર્તન સાર્થક બને. માટે જે પદ પુરુષો ઉપાડે તેને સ્ત્રીઓએ અનુસરવું જોઈએ. અને જે પદ સ્ત્રીઓ ઉપાડે તેને પુરુષોએ અનુસરવું જોઈએ. સ્ત્રીઓનાં પદો જુદાં અને પુરુષોનાં પદો જુદાં એવો ભેદ મનમાંથી કાઢી નાંખવા માટે અમે ભક્તજનોને વિનંતિ કરીએ છીએ.

૭ કીર્તન ગવાતાં હોય ત્યારે ચાર પાંચ વ્યક્તિ જ ખાસ કરીને બોલતી જણાય છે. બાકીના બીજા બધાં ક્યાં તો મૌન બેસી રહે છે ક્યાં તો ખોટી રીતે હોઠ ફફડાવતાં જણાય છે. આ મુશ્કેલી દૂર કરવા માટે ટ્રસ્ટે વિચાર કરવો જોઈએ. દસ બાર પદોને નાની

ગજવામાં રહી શકે એવી પુસ્તિકારૂપે છપાવી દરેક ઘરે વીસથી પચ્ચીસ પ્રતો આપવી જોઈએ કે જેથી કીર્તનને સમયે સમૂહમાં ઉપયોગ થઈ શકે.

૮ લગ્ન પ્રસંગે ગમે તેવાં ગીતો ગાવાનો રિવાજ ચાલુ થયો છે તે બાબતમાં સહુએ સજાગ થવાની જરૂર છે. ગંદાં ગીતો સંસ્કૃતિને નાશોશીરૂપ છે. આનંદનો પ્રસંગ હોવાથી એવું બધું ચાલે એવું વલણ બરાબર નથી. લગ્ન પ્રસંગ એ એક આનંદનો પ્રસંગ જરૂર છે પરંતુ એ એક મંગલ પ્રસંગ પણ છે તે ભૂલવું ન જોઈએ. મંગલ પ્રસંગની શોભા મંગલ ગીતો ગાવાથી જ વધે. સામસામા ગંદાં ગલીચ ગીતો ગાવાથી તે અમંગલ બની જાય તે સમજી શકાશે. માટે દરેક વડીલો પોતાનાં સંતાનોને આ બાબતમાં સાવધ કરે એવી નમ્ર વિનંતિ છે.

૯ મૃત્યુ સમયે રુદન એક સ્વાભાવિક ક્રિયા છે. પરંતુ મનુષ્યની કસોટી પણ અહીં જ થાય છે. જે સ્વાભાવિક છે તે કરી નાખવાથી મનુષ્યની કિંમત વધતી નથી. પરંતુ સ્વાભાવિક હોવા છતાં સંયમિત પણે આચરણ કરવાથી મનુષ્યની કિંમત વધે છે. મૃત્યુ એ પણ એક અનિવાર્ય છતાં ઉત્ક્રાંતિલક્ષી જીવની મંગલ પ્રક્રિયા જ છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. માટે રડવું આવે અને રડી પડે તેના કરતાં રડવું આવે છતાં માણસ સંયમ રાખી રડે નહીં તે વિશેષ મહત્ત્વનું ગણાયું છે. આ વિચારને લક્ષમાં રાખી દેખાદેખી રુદનની પ્રક્રિયા કે પોતે નિષ્ઠુર નથી તેવા દેખાવ માટેની રુદનની ક્રિયા વહેલી તકે સમજપૂર્વક બંધ કરી દેવી જોઈએ. આશા રાખીએ કે આ વાત સહુ કોઈ સમજવા પ્રયત્ન કરશે અને તેનો યોગ્ય અમલ કરશે.

# પ્રભાતની પ્રાર્થના

प्रातः स्मरामि हृदि संस्फुरद् आत्मतत्त्वम्
सत्—चित्—सुखम् परमहंसगतिम् तुरीयम् ।
यत्स्वप्न—जागर्—सुषुप्तम् अवैति नित्यम्
तद् ब्रह्म निष्कलम् अहं न भूतसंघः ॥ १

હું પ્રભાતે મારા હૃદયમાં સ્ફુરિત આત્મતત્ત્વનું સ્મરણ કરું છું. જે આત્મા સચ્ચિદાનંદ છે; જે પરમહંસની ગતિસ્વરૂપ છે; જે ચોથી તુરીય અવસ્થારૂપ છે; જે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને જાણે છે તે શુદ્ધ બ્રહ્મ છે અને તે જ હું છું—હું પંચમહાભૂતોથી બનેલું આ શરીર નથી.

प्रातर् भजामि मनसो वचसाम् अगम्यम्
वाचो विभान्ति निखिला यद् अनुग्रहेण ।
यत् नेति नेति वचनैर् निगमा अवोचुस्
तं देवदेवम् अजम् अच्युतम् आहुर् अग्र्यम् ॥ २

જે મન અને વાણીથી અગોચર છે, જેની કૃપાથી ચારે પ્રકારની વાણી પ્રગટ થાય છે. વેદ પણ નેતિ નેતિ કહીને જેનું વર્ણન કરે છે, તે બ્રહ્મનું પ્રભાતે ઊઠીને ભજન કરું છું. તે બ્રહ્મ દેવોના શિરોમણિ છે, અજન્મા છે, પતનરહિત છે તથા સર્વનું મૂળ છે.

प्रातर् नमामि तमसः परम् अर्क-वर्णम्
पूर्णम् सनातनपदम् पुरुषोत्तमाख्यम् ।
यस्मिन् इदम् जगद् अशेषम् अशेषमूर्तौ
रज्ज्वां भुजंगम् इव प्रतिभासितं वै ॥ ३

જે અંધકારથી પર છે, સૂર્ય સમાન છે, પૂર્ણ પુરુષોત્તમના નામથી પ્રસિદ્ધ છે તથા જેના અનંત સ્વરૂપમાં આખું બ્રહ્માંડ

દોરડામાં સાપની માફક દેખાય છે તે સનાતન તત્ત્વને હું પ્રભાતે ઊઠીને નમન કરું છું.

समुद्रवसने देवी पर्वतस्तनमण्डले ।
विष्णुपत्नि नमस् तुभ्यम् पादस्पर्शम् क्षमस्व मे ॥ ४

સમુદ્રરૂપી વસ્ત્રવાળી, પર્વતોરૂપી સ્તનવાળી, વિષ્ણુની પત્ની હે પૃથ્વીમાતા ! હું તને નમસ્કાર કરૂં છું. મારા પગ વડે હું તને સ્પર્શ કરૂં છું એ મારો અપરાધ ક્ષમા કર.

या कुन्देन्दु तुषार हार धवला या शुभवस्त्रावृता
या वीणा वरदण्डमण्डितकरा या श्वेतपद्मासना ।
या ब्रह्माण्डच्युतशंकरप्रभृतिभिर् देवैः सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेष जाड्यापहा ॥ ५

કાંદા જેવો, ચંદ્ર જેવો તથા બરફ જેવો જેનો રંગ સફેદ છે; જેણે સફેદ વસ્ત્ર પહેર્યું છે; જેના હાથમાં વીણાનો દંડ શોભે છે; જે સફેદ કમળપર બેઠી છે; બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર વગેરે દેવો પણ જેની સ્તુતિ કરે છે તથા સમસ્ત અજ્ઞાન અને જડતાનો જે નાશ કરે છે તે દેવી સરસ્વતી મારી રક્ષા કરો.

वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ ।
निर्विघ्नम् कुरु मे देव शुभकार्येषु सर्वदा ॥ ६

વાંકા મોઢાવાળા, વિશાળ કાયાવાળા, કરોડો સૂર્યના જેવી કાન્તિવાળા હે ગણેશ! મારા તમામ શુભ કાર્યોને વિઘ્ન વિનાના કરી દો.

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवे नमः ॥ ७

ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ જ વિષ્ણુ છે, ગુરુ જ મહાદેવ છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે, આ ગુરુઓને હું નમસ્કાર કરું છું.

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशम्
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभाङ्गम् ।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यम्
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥ ८

જેનો આકાર શાન્ત છે, જે શેષનાગ પર સૂતા છે, જેની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું છે, જે વિશ્વના આધારરૂપ છે, જે આકાશની માફક અલિપ્ત છે, જેનો રંગ મેઘ જેવો શ્યામ છે, જે કલ્યાણકારી અંગોવાળા છે, જે સંપત્તિના સ્વામી છે, જેની આંખો કમળ જેવી છે, યોગીઓ જેનું ધ્યાનથી દર્શન કરી શકે છે, જે સંસારના ભયનો નાશ કરવાવાળા છે તથા જે સર્વ લોકોના એક માત્ર સ્વામી છે તે વિષ્ણુ ભગવાનને હું વંદન કરું છું.

करचरणकृतं वाक्कायजं कर्मजं वा
श्रवणनयनजं वा मानसम् वाऽपराधम् ।
विहितमविहितं वा सर्वमेतत् क्षमस्व
जयजय करुणाब्धे श्री महादेव शम्भो ॥ ९

હાથથી, પગથી, વાણીથી, શરીરથી, કાનથી કે આંખથી જે જે હું અપરાધ કરું છું તે કર્મથી થયા હોય કે માત્ર માનસિક રીતે થયા હોય, અમુક કરવાથી થયા હોય કે

અમુક ન કરવાથી થયા હોય તે બધા હે દયાના સાગર કલ્યાણુકારી મહાદેવ ક્ષમા કર. મારા હૃદયમાં તારો જ જયજયકાર થાઓ.

न त्वहं कामये राज्यम् न स्वर्गम् नापुनर्भवम् ।
कामये दुःखतप्तानाम् प्राणिनामार्तिनाशनम् ॥ ૧૦

મારે માટે મને રાજ્ય કે સ્વર્ગ જોઈતું નથી. મને મોક્ષની પણ ઇચ્છા નથી. હું તો એ જ ઇચ્છું છું કે દુઃખી દલિત પીડિત જીવોની આપદાનો અંત આવે.

स्वस्ति प्रजाभ्यः परिपालयन्ताम्
न्याय्येन मार्गेण महीं महीशाः ।
गोब्राह्मणेभ्यः शुभमस्तु नित्यम्
लोकाः समस्ताः सुखिनो भवन्तु ॥ ૧૧

પ્રજાનું કલ્યાણ થાઓ; રાજ્યકર્તા લોક ન્યાયથી પૃથ્વીનું રક્ષણ કરો; ગાય તથા બ્રહ્માણોનું હમેશાં ભલું થાઓ અને સર્વ લોકો સુખી બનો.

नमस्ते सते ते जगत्कारणाय
नमस्ते चिते सर्वलोकाश्रयाय ।
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय
नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ॥ ૧૨

જગતના કારણ સ્વરૂપ સત્ સ્વરૂપ હે પરમેશ્વર, તને નમસ્કાર! સમગ્ર વિશ્વના આધારરૂપ હે ચૈતન્ય, તને નમસ્કાર! મુક્તિ આપનાર હે અદ્વૈત તત્ત્વ, તને નમસ્કાર! હે શાશ્વત અને સર્વવ્યાપી બ્રહ્મ તને નમસ્કાર.

त्वमेकं शरण्यं त्वमेकं व[illegible]
त्वमेकं जगत्कारणं [illegible]
त्वमेकं जगत्कर्तृ पातृ प्रहर्तृ
त्वमेकं परं निश्चलं निर्वि[illegible] ૧૩

તું જ એક આધાર છે, તું જ [illegible] ઇચ્છવા યોગ્ય છે, તું જ એક સ્વયં પ્રકાશિત છે, તું જ [illegible] જગતનો સર્જનહાર, પાલનહાર અને સંહારકર્તા છે. તું [illegible] નિશ્ચળ તથા નિર્વિકલ્પ છે.

भयानां भयं भीषणं भीषणानां
गतिः प्राणिनाम् पावनं पावनानाम् ।
महोच्चैःपदानाम् नियन्तृ त्व[illegible]
परेषां परम् रक्षणम् रक्षणानाम् ૧૪

તું ભયોને સાક્ષાત્ ભયરૂપ છે. [illegible]ઓને ભયંકર રૂપ છે. પ્રાણીમાત્રની ગતિ પણ તું જ છે. પવિત્ર વસ્તુઓને પણ પવિત્ર કરવાવાળો તું જ છે. શ્રેષ્ઠ સ્થાનોનો તું નિયંતા છે. તું શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ છે અને રક્ષકોનો પણ રક્ષક છે.

वयं त्वां स्मरामो वयं त्वां भजामः
वयं त्वां जगत्-साक्षी-रूपं नमामः
सदेकम् निधानं निरालम्बमीशं
भवाम्भोधि पोतं शरणम् व्रजामः ૧૫

અમે તારું સ્મરણ કરીએ છીએ. અમે તારું ભજન કરીએ છીએ. જગતના સાક્ષીરૂપ તને અમે નમન કરીએ છીએ. હે સત્ સ્વરૂપ, હે નિરાલમ્બ [illegible] અને ભવસાગરને માટે નૌકારૂપ તારું શરણ લઈએ છીએ।

# પ્રભાતની આરતી

નિરંજન નાથને જોવા માટે ચિત્તવૃત્તિ સહસ્રાર[1] ચક્રમાં જોડી દો. આ અચેતન શરીરમાં ચેતન આત્માનો અનુભવ થશે ત્યારે શંકા નિર્મૂળ થશે. સેવક ભાવે એની સેવા કરી લેશો તો બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થશે. એવી લગની લગાડો કે પ્રભુના દર્શન વિના રહી શકાય નહિ. તો જ અનહદ શબ્દ જાગશે. સહસ્રાર ચક્રમાં અજવાળું થશે. આ જ્ઞાનમય પ્રકાશમાં પાંચે ઇન્દ્રિયો, દીપકના તેજમાં પતંગિયાં બળી મરે તેમ, બળી જશે અને પરમ પદની પ્રાપ્તિ થશે.

આરતી નાથ નિરંજન રાયકી
સુરત કિયો નભમંડલ જાઈ હો....ટેક.

ચેતન કુંચી અચેતન તાલા
શંકા સકલ જરાઈ હો—૧

---

૧ શરીરમાં છ ચક્રો છે એમ યોગશાસ્ત્ર કહે છે. કબીર સાહેબના પદોમાં 'ષટ્ચક્ર' શબ્દ અનેકવાર વપરાયો છે. ૧. મૂલાધાર ૨. સ્વાધિષ્ઠાન ૩. મણિપુર ૪. અનાહત ૫. વિશુદ્ધ અને ૬. આજ્ઞાચક્ર. સાતમું ચક્ર છેઃ સહસ્રાર. મૂલાધાર ગુદા પાસે છે. સ્વાધિષ્ઠાન કમર પાસે, મણિપુર ડૂંટી પાસે, અનાહત હ્રદય પાસે, વિશુદ્ધ કંઠ પાસે અને આજ્ઞાચક્ર બે ભમરોની વચ્ચે છે. સાતમું ચક્ર કપાળની ઉપરને ભાગે છે.

અલેખરાયકે સન્મુખ સેવક
બ્રહ્મકો પાઠ લગાઈ હો—૨

પ્રેમકા ગીત બરાબર થાલી
બાતી બિરહ લગાઈ હો—૩

ગગનમંડલમેં ભયા ઉજિયાલા
પાંચ પતંગ જલ જાઈ હો—૪

અનહદ શબ્દ ઉમંગ હી મરદંગ
ધીરજ ઘંટ બજાઈ હો—૫

દાસ કબીર પરમ પદ વંદે
માગું અખંડ પસાઈ હો—૬

# પ્રભાતનાં પદો

પ્રભાતનાં [illegible] સમય મળસ્કે ચારથી સૂર્યોદય થાય ત્યાં સુધીનો [illegible] છે. આપણે ત્યાં ખાસ કરીને નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં [illegible] ગવાય છે. પ્રભાતનું નીરવ એકાન્ત, પ્રભાતિયામાં રસાયેલો [illegible] મધુર લય અને રાતભરના આરામથી થયેલું [illegible] ના માટે અત્યંત સાનુકૂળ બની રહે છે. તેથી [illegible] મળસ્કેથી ગાવાનો રિવાજ પડ્યો હોવો જોઈએ. ભજન [illegible] તેનાં રાગરાગિણી માત્ર ગમ્મત ખાતર રચાયાં હોય [illegible] માની શકાય નહિ. એની પાછળ કોઈ ચોક્કસ હેતુ [illegible] જોઈએ. ભજન તો એક સાધન છે. સાધકને પ્રભુ પરાયણ [illegible] માં સાધન મદદરૂપ થઈ શકે. માટે મનુષ્ય જન્મનો હેતુ [illegible] પરાયણ થઈ મુક્તિ મેળવવાનો ગણાય છે. આ હેતુ [illegible] માં પ્રભાતિયાં પણ અત્યંત ઉપયોગી ગણાય છે [illegible] સાધકની લગની પર જ સાધનના ઉપયોગી સાર્થકતા [illegible] છે. સાધકના ચિત્તને પરિવર્તિત કરવાની શક્તિ આવાં [illegible] નોમાં અવશ્ય રહેલી છે એવી સંતોની અનુભવવાણી [illegible]

૧.

અજ્ઞાની જીવ પોતે કોણ છે તે જાણી શકતો નથી. તેથી તેની તમામ પ્રવૃત્તિ તેને અવગતિએ લઈ જાય છે. મનુષ્ય જન્મનો મૂળભૂત ઉદ્દેશ તો તે સમજે જ ક્યાંથી? બલકે નાશવંત ક્ષણજીવી વસ્તુ અંગેનો મોહ દરેક રીતે અડચણો જ ઊભી કરનારો નીવડે છે. સાચી વાત કહેનારા સંતજનોનું સાંભળે પણ કોણ? જો સાંભળે અને અજ્ઞાન રૂપી જંજીરોમાંથી તે જાગી જાય તો તેના લક્ષચોર્યાસી ફેરા અવશ્ય ટળી જાય તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સમરને શ્રીહરિ, મેલ મમતા પરી,
જોને વિચારી મૂળ તારું;
તું અલ્યા કોણ? ને કોને વળગી રહ્યો?
વગર સમજે કહે મારું મારું!
દેહ તારી નથી, જો તું જુગતે કરી,
રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવ નવા બહુ થશે,
પુત્ર કલત્ર પરિવાર વ્હાયે!
ધનતણું ધ્યાન તું અહોનિશ આદરે,
એ જ તારે અંતરાય મોટી!
પાસે છે પિયુ અલ્યા કેમ ગયો વિસરી,
હાથથી બાજી ગઈ થયો રે ખોટી.

ભરનિદ્રા ભર્યો, રંધી ઘેર્યો ઘણો,
સંતના શબ્દ સુણી કાંન જાગે?
ન જાગતા નરસૈંયા લાજ છે અતિ ઘણી,
જનમોજનમ તારી ખાંત ભાંગે.

૨.

જ્યાં અજ્ઞાનતા છે ત્યાં અભિમાન અવશ્ય હોવાનું જ. ગાડા પછવાડે ચાલતા કૂતરાની માફક અજ્ઞાની અભિમાની જીવ પોતાથી જ ગાડું ચાલે છે એમ માની લે છે. આવો બુદ્ધિભેદ થવાથી મતમતાંતર અને વાદવિવાદમાં પોતાનો જ કક્કો ખરો એવું પ્રતિપાદન કરવા પ્રયત્નશીલ બને છે. ખરેખર સમજવાનું સર્વ બાજુમાં રહી જાય છે. હકીકત તો એવી છે કે સંચિત કર્મથી જ પ્રારબ્ધ—ભાગ્ય નક્કી થાય છે અને તે રીતે જ સહુ કોઈએ યથાવત્ ભોગવવું પડે છે. બાકી જીવ એટલો સામર્થ્યવાન નથી. જો હોત તો જગતમાં સુખદુઃખ રહેત નહિ; ગરીબ તવંગરના ભેદ દૂર થઈ જાત. આવા સંજોગોમાં જીવે પોતાની મમતા મિથ્યા છે એમ માની કૃષ્ણ કીર્તન જ ઉત્તમ ઉપાય છે એમ સમજવું જોઈએ.

જે ગમે જગતગુરૂ દેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો.
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે,
ઊગરે એક ઉદ્વેગ ધરવો.

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે !
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોઈક જાણે !
નીપજે નરથી તો કોઈ ન રહે દુઃખી,
શત્રુ મારીને સૌ મિત્ર રાખે,
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે !
ઋતુ લતા પત્ર ફળ ફૂલ આપે યથા,
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે !
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ પહોંચે !
ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી,
જેહને જે ગમે તે જ પૂજે !
મન વચન કર્મથી આપ માની લહે,
સત્ય છે એ જ મન એમ સૂઝે.
સુખ સંસારી મિથ્યા કરી માનજો,
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી નરસૈંયો એમ કહે,
જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું !

૩

જ્યાં સુધી મન છે ત્યાં સુધી સંસાર છે એવું ઉપનિષદ્ કથન છે. ત્યાં સુધી આ સંસાર સાચો જ છે એવું લાગ્યા કરે છે. જ્યારે મન આત્મામાં લીન બને છે ત્યારે સંસાર સંસાર રહેતો નથી કારણ કે ભોગવવાવાળું મન તો નિષ્ક્રિય બની ગયું હોય છે. ત્યારે જ સત્ય જ્ઞાન પણ પ્રગટે છે. જીવભાવ રહેતો નથી. બ્રહ્મ ભાવ જાગે છે. સર્વ ભેદો ઓગળવા માંડે છે. સૃષ્ટિ રચનાનું રહસ્ય આપો આપ સમજાવા લાગે છે. **एकोऽहम् बहुस्याम्** (એટલે કે એકમાંથી અનેક થવાની પ્રભુની ઈચ્છા.) એ વેદવચનની પ્રતીતિ થવા લાગે છે. અભિમાન વચ્ચેથી ગાયબ થઈ જાય છે અને તેથી 'હું' 'હું' ભાવ રહેતો નથી પરંતુ 'તે જ તું' 'તે જ તું' એ ભાવ વ્યાપક બનતો જાય છે. આની તત્ત્વવિચારણા આ પદમાં કરવામાં આવી છે.

જાગીને જોઉં તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે !
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે !

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઊપજ્યાં
અણુ અણુ માંહી રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષના જાણવા
થડ થકી ડાળ તે નહિ રે અળગી.

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક કુંડળ વિષે ભેદ ન્હોયે;

ઘાટ ઘડયા પછી નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે!
જીવ ને શિવ તો, આપ ઇચ્છાયે થયા,
રચી પરપંચ ચૌદ લોક કીધા!
ભણે નરસૈંયો એ, તે જ તું, તે જ તું,
એને સમર્યાથી કંઈ સંત સીધ્યા!

卐

૪

અહમ્ ઓગળી જાય છે ત્યારે પરમ તત્ત્વની સર્વવ્યાપકતાનો અનુભવ થાય છે. આ અનુભવ અત્યંત વિલક્ષણ છે. આંખ વિના દર્શન કરવાનું છે અને રૂપ વિના એને પામવાનું છે. 'રસો વૈ સઃ' એ શ્રુતિવચનની પ્રતીતિ કરવાની છે. આ અનુભવનું માધ્યમ છે માત્ર પ્રેમ. પ્રેમ વિના પરમ તત્ત્વનો સાક્ષાત્કાર શકય નથી.

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
તે જ હું તે જ હું શબ્દ બોલે.
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે
અહીંયા કોઈ નથી કૃષ્ણ તોલે!
શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી,
અનંત ઓચ્છવમાં પંથ ભૂલી.
જડ ને ચૈતન્ય રસ કરી જાણવો,
પકડી પ્રેમ સજીવન મૂળી.
ઝળહળ જ્યોત ઉદ્યોગ રવિકોટમાં
હેમની કોર જ્યાં નીસરે તોલે:

સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે,
સોનાના પારણામાંહી ઝૂલે !
બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી
અચળ ઝળકે સદા અનળ દીવો;
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો,
જિહ્વાએ રસ સરસ પીવો.
અકળ અવિનાશી એ નવ જાયે કળ્યો,
અરધ ઉરધની માંહે મહાલે;
નરસૈંયાનો સ્વામી, સકળ વ્યાપી રહ્યો,
પ્રેમના તંતમાં સંત ઝાલે !

卐

૫

સર્વવ્યાપક તત્વ તે શ્રી હરિ છે અને તે જુદે જુદે સ્વરૂપે જગતમાં દેખા દે છે. છતાં તેને એક સૂત્રરૂપે સર્વમાં વ્યાપકપણે જોવો એ એક અનેરો લ્હાવો છે. આ લ્હાવો પ્રેમ વિના માણી શકાતો નથી. જ્યાં જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાં પ્રભુ પ્રગટે છે. એ સંત પુરુષોની મહાન શોધ છે.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ
જૂજવે રૂપે અનંત ભાસે:
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે!

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે!

[1]વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે!
ભણે નરસૈંયો જે, મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે!

卐

1 કેટલીક પ્રતોમાં ત્રીજી ને ચોથી ટૂક તરીકે વેદ તો એમ વદે......તથા ગ્રંથ ગરબડ કરી......છાપવામાં આવે છે. અમોએ એ બંને ટૂકોનો સમાવેશ આ પદમાં કર્યો નથી. આ બંને ટૂકો જુદા જુદા પદની છે. આ પદની એ ટૂકો નથી.

૬

સ્વસ્વરૂપનું દર્શન એ સર્વ સાધનાનો મુખ્ય ઉદ્દેશ છે. જ્યાં સુધી સ્વરૂપનું દર્શન થતું નથી ત્યાં સુધી કેવળ ક્રિયાકાંડનો શો ઉપયોગ ? જેમ કમોસમી વરસાદ ખેડૂતો માટે વ્યર્થ ગણાય છે તેમ સાધકો માટે આત્મવિદ્યા વિનાનો કર્મકાંડ વ્યર્થ ગણાય છે. આવા વ્યર્થ કર્મકાંડથી મનુષ્ય જન્મની મોંઘેરી મહામૂલી તક એળે વીતી જાય છે.

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી !
માનુષી દેહ તારો એમ એળે ગયો,
માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી !
શું થયું સ્નાન, સેવા ને પૂજા થકી ?
શું થયું ઘેર રહી દાન દીધે ?
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે ?
શું થયું વાળ લોચન કીધે ?
શું થયું તપ ને તીર્થ કીધા થકી
શું થયું માળ ગ્રહી નામ લીધે ?
શું થયું તિલક ને તુળસી ધાર્યાં થકી
શું થયું ગંગાજળ પાન કીધે ?
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે
શું થયું રાગ ને રંગ જાણ્યે ?
શું થયું ખટદર્શન સેવા થકી
શું થયું વરણના ભેદ આણે ?
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મારામ પરબ્રહ્મ ન જોયો !
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિન.
રત્ન ચિંતામણિ જન્મ ખોયો !

૭

**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહ**—પોતાના ધર્મનું પાલન કરતાં મૃત્યુ થઈ જાય તો પણ તે શ્રેષ્ઠ ગતિ છે અને બીજાના ધર્મનું પાલન અવગતિએ લઈ જાય છે માટે તે ભયાનક છે. આ ગીતા વચન છે. અર્જુનને સંભળાવેલું કૃષ્ણવચન સંતકવિ સહુને યાદ કરાવરાવે છે. સહુ કોઈ પોતે પોતાની ફરજ બજાવે અને સાથે સાથે હરિનું નિત્ય સ્મરણ કર્યાં કરે તો જરૂર ઉદ્ધાર થાય છે એવું અભય વચન આ સંતકવિ પણ આપે છે.

રાત રહે જાહરે, પાછલી ખટ ઘડી,
સાધુ પુરુષને સૂઈ ન રહેવું !
નિદ્રાને પરહરી સમરવા શ્રી હરિ,
એક તું એક તું એમ કહેવું.
જોગિયા હોય તેણે જોગ સંભાળવા,
ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.
સુકવિ હોય તેણે સદ્‌ગ્રંથ બાંધવા,
દાતાર હોય તેણે દાન કરવું !
પતિવ્રતા નારીએ કંથને પૂછવું,
કંથ કહે તે તો ચિત્ત ધરવું !
આપણે આપણા ધર્મ સંભાળવા,
કર્મનો મર્મ લેવો વિચારીઃ
નરસૈંયાના સ્વામીને સ્નેહથી સમરતાં,
ફરી નવ અવતરે નર ને નારી.

૮

હરિસ્મરણ એ આત્મકલ્યાણ માટેનું ઉત્તમ સાધન છે. એ સાધનનો ઉપયોગ કરવામાં જે કોઈ આપણને રોકે તેનો તરત જ ત્યાગ કરવો જોઈએ એવો ઉપદેશ સદૃષ્ટાંત સંતકવિ નરસિંહ મહેતાએ સરળ ભાષામાં સમજાવ્યો છે.

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજિયે રે
મનસા, વાચા, કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજિયે રે...૧

કુળને તજિયે, કુટુંબને તજિયે, તજિયે મા ને બાપ રે
ભગિની સુત દારાને તજિયે, જેમ તજે કંચુકી સાપ રે!...૨

પ્રથમ પિતા પ્રહ્‌લાદે તજિયો, નવ તજિયું હરિનું નામ રે
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજિયા શ્રી રામ રે...૩

ઋષિ પત્ની શ્રી હરિને કાજે, નિજ તજિયા ભરથાર રે
તેમાં તેનું કાંઈયે ન ગયું, પામી પદારથ ચાર રે...૪

વ્રજ વનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજી વન ચાલી રે
ભણે નરસૈંયો વૃન્દાવનમાં મોહન વર શું મ્હાલી રે...૫

૯

સુદામા અને તેની પત્ની વચ્ચે થયેલા સંવાદ રૂપે આ અને અત્યાર પછીના ચારે પદો ભક્ત સુદામાના પવિત્ર ચરિત્રને સચોટ રીતે આલેખે છે. પત્નીને દરિદ્રતા ડંખતી છે જ્યારે સુદામાને જે ભાગ્યમાં મળ્યું છે તેને માત્ર ભોગવવું છે. બંને વચ્ચે વિવાદ ચાલે છે. શ્રી કૃષ્ણ પાસે સુદામાને મોકલવા માટે પત્ની કાલાવાલા કરે છે. ઘણી દલીલો કરી પતિને સમજાવવાનો પ્રયત્ન કરે છે. સુદામા ન જવા માટે બહાનું શોધે છે. ઘણા વર્ષની ઓળખાણ શ્રી કૃષ્ણ ભૂલી ગયા હશે એવી આશંકા રજૂ કરે છે. પત્ની ચાલાકીથી પ્રીતની રીત વિસરી શકાતી નથી એમ કહી પતિને મહાત કરે છે. અંતે સુદામા શ્રી કૃષ્ણ પાસે જવા તૈયાર થાય છે. આ રસિક કથા આ પાંચે પદોમાં ગૂંથી લેવામાં આવી છે. એમાં પતિ પત્નીના માનસનું દર્શન તો સ્વાભાવિક પણે થાય જ છે પરંતુ તેથી વિશેષ સુદામાના નિર્દોષ અને શરમાળ સ્વભાવનું સુંદર આલેખન કર્યું છે.

જદુપતિ નાથ તે મિત્ર છે તમ તણા,
જાવો વેગે કરી કૃષ્ણ પાસે
પ્રીત પુરવ તણી હેત ધરશે હરિ,
મનતણા મનોરથ સફળ થાશે—૧
ઘેર બાળક સહુ દુઃખ પામે બહુ,
અન્ન ને વસ્ત્રથી રહે છે ઊણા
નિરધન સરજિયા પુન્ય કીધા વિના,
કરમના દોષ તે આવી મળ્યા—૨
જદુપતિ જાદવા ભક્તિ વશ માધવા,
ફરી રે મળ્યા પણ દીન જાણી

ગોમતી સ્નાનથી કોટિ અઘ નાશ છે,
નીરખતા કૃષ્ણને પ્રેમ આણી-૩
કૃષ્ણને હળીમળી ઘેર આવો વળી,
જાણશે દુઃખ અંતર જામી
વિનંતિ મનધરો આળસ પરહરો,
સહાયી થાશે નરસૈંનો સ્વામી-૪

卐

૧૦

સાંભળ ભામની કાનધર કામિની,
શાને કહાવું અહો કૃપણ પાપી
ત્રિભુવન નાથ તે મહીપતિ માધવ,
કેમ બોલાય ત્યાં વાત ચાપી-૧
દિવસ ઝાઝા થયા, બાલપણાને ગયા,
નરપતિ નવજાણે પ્રીત જુની
દુર્બલ રંક તે ભીક્ષુક બાપડો,
નવ લહુ ચોકસી ખોટી ચુની-૨
જડિત રત્નમણિ કાંતિ દીસે ઘણી,
તિમિર આવે નહીં જોત પાસે
ત્યાં કેમ બોલાં સહુ વેણુ વદવા અહો,
ધમણ ધમતે રહું શ્વાસ શ્વાસે-૩
ઉગ્રસેન, અક્રુર, ઓધવ છે તહાં
વળી બળીભદ્ર અનિરુદ્ધ પાસે
કોટિ જોદ્ધા તહાં આવી ઊભા રહ્યા,
કોણ આવી મારો હાથ સાહે-૪

મૌન બેસી રહો, સુખદુઃખ સહુ સહો,
ભોગવો કર્મ જે ભાગ્ય ચોંટ્યું
દુરીજન લોક તે સૌને લવતા રહે,
નરસૈંના સ્વામીનું બિરુદ મોટું—૫

卐

૧૧

સ્વામી સાચું કહું, બોલવું ના રહ્યું,
કંથના વચન તે વેદવાણી
ભવતણું નાવ ને ભક્તિ ભુધર તણી,
તેહ હું પીસવું સ્નેહ આણી—૧
નથી હરિ વેગળા, ભક્તિ ભાવે મળ્યા,
રાયને રંક તે એક ઘાટે
લાખપતિ કોટિ રાજ મન માણે રતિ,
શંભુ સરખા તહાં નહિ રે સાટે—૨
ધ્રાહાણુ દેવ દયાળ શ્રી કૃષ્ણજી,
નિજ જન જાણીને ખોજ લેશે
પ્રીતની રીત તે જાય નવ વિસરી,
બાળલીલા તણા ચરિત કહેશે—૩
નથી હરિ ઓળખ્યા, ભેટ કાંઈ લઈ જવા,
કેમ કરી જાણશે કૃષ્ણકામી
વસ્ત્ર લજામણું હત નથી આપણું,
નીરખતા લાજે નરસૈંનો સ્વામી—૪

卐

૧૨

વેનંતિ વળી કરું, ભેટ લાવી હઉં,
પૃષ્ઠ એ ગાંઠ તાંદુલ બાંધી
જાણુશે થોડું ઘણું ભાવ ભોજન તણું
ધન તે કૃષ્ણુ શું સ્નેહ સાધે—૧

ભીલડીના બોર તે ભાવે આરોગિયા,
જુઠડું અન્ન આહીરનું લીધું
ભકત વિદુરની ભાજી ભાવે જમ્યા,
ભૂપનું નોતરું પાછું દીધું—૨

ારે પેરે પાંડવ કષ્ટ નિવારિયાં,
ભકત કારણુ કંઈ દુષ્ટ માર્યાં
ચ્ચ ને નીચનું એને છે પારખું,
પતિત અધમ કાંઈ કોટિ તાર્યાં—૩

ક્તિવશ વિઠ્ઠલો સંત સાથે મળ્યા,
સમોવડ ને નવ ચુક તાણે
ંત સમરે તહાં આવી ઊભા રહે,
ભક્તના મનનો ભાવ જાણે—૪

વો વેગે કરી નીરખી મુક્તિ પુરી,
ધન ધન તારુણી સ્નેહ તારો
ક્રૌંના સ્વામીને નીરખો નિશ્ચે કરી,
કામિનીએ કંથને બાંય ઝાલ્યા—૫

૧૩

ચાલિયો વાટમાં, ધ્યાનના ઘાટમાં,
મિત્ર મોહન તણું નામ લેતા
ધન એ નર અવતાર સફળ કર્યો,
કૃષ્ણ કહે સન્મુખ એમ કહેતા—૧

જાગવું મૃત્યુ પરમાણુ છે પ્રાણીનો,
લોભ ક્રોધે તહાં પ્રીત તૂટે
કહ્યું મેં અબલા અહો, સુખે બેસી રહો,
માગતા તો બધો મર્મ છૂટે—૨

માગ્યું મેં ત્યાં નથી, મોઢેથી કહ્યું નથી,
ભોગવું કરમ જે ભાગ્ય લાવ્યો
શ્રીપતિ નાથે મને રંક સરજાડિયો,
એમ કરતાં દ્વિજ દુવાર આવ્યો—૩

આવી ઊભા રહ્યા, કંઠ ગદ્‌ગદ્ થયા,
કોટિ સુરજ શશી જ્યોત ભાસે
ઊર દયા આણીને, હરિજન જાણીને,
પોરીએ જઈ કહ્યું કૃષ્ણ પાસે—૪

મંદિર તેડિયા, ચાલીને ભેટિયા,
ત્રિવિધના તાપ તે સર્વે નાઠા
હેમ સિંહાસને તુર્ત બેસારિયા,
તાણતા વિપ્રના વસ્ત્ર ફાટલા—૫

તેલ ફુલેલ મરદન કરાવિયા,
શુદ્ધ ઉષ્ણોદક સ્નાન કીધું
કનકની પાવડી ચરણ આગળ ધરી,
કૃષ્ણનું ચરણોદક શીશ લીધું –૬

પુનિત પીતાંબર પહેરવા આપિયા,
કનકની થાળે પકવાન લીધા
ભાવતાં ભોજન કૃષ્ણ સાથે કર્યાં,
લીધું આચમન ને કાજ સીધ્યા –૭

કૃષ્ણના પલંગ પર પોતે પધરાવિયા,
દધિસુત વીંઝણે વાયુ ભરતાં
[1]સત ભામાદિક નારી નીરખી રહી,
નરસૈંયા નાથપદ સ્વર્ણ કરતા –૮

卐

---

૧ આ પાંચે પદો પામણ નિવાસી શ્રી નારણભાઈ હીરાભાઈ ભક્ત પાસેથી પ્રાપ્ત થયાં છે.

# કીર્તનનાં પદો

કીર્તન કરવાનો રિવાજ શા માટે પડ્યો હશે એવો પ્રશ્ન આજના જમાનામાં થાય તે બિલકુલ સ્વાભાવિક છે. કારણ તપાસીએ ત્યારે ખરેખર આપણે કીર્તન કરીએ છીએ ત્યારે કયા કયા ભાવો જાગે છે? કયા કયા વિચારો ઉદ્ભવે છે?—આ બધાંનું નિરીક્ષણ કરવું જોઈએ. સદ્ગત આત્મા અમર છે, માત્ર દેહનું જ વિસર્જન થયું છે એવો ભાવ કીર્તન કરતી વેળા આપણા હૃદયમાં જાગે છે. આ પણ એક કારણ જ છે. અમર આત્મા પાછળ પાર્થિવ લોકો શોક ન કરે, પોતાની ફરજ ન ચૂકે, પ્રવાહ પ્રાપ્ત ધર્મના પાલનમાં ખલેલ ન પહોંચે, તે પણ કીર્તનના રિવાજ પાછળનું બીજું કારણ ગણાય. સદ્ગત આત્માની અતૃપ્ત ઇચ્છાઓ તેને અવગતિએ ન પહોંચાડે એવી પણ લાગણી કીર્તનના રિવાજ પાછળ રહેલી છે. આપણે જે શબ્દો મોઢેથી બોલીએ છીએ તે અવકાશમાં વ્યાપક બની નિરાકાર સ્વરૂપે આંદોલિત થાય છે. આ આંદોલનની વેધકતા કીર્તન કરનારના ભાવની તીવ્રતા પર જ આધાર રાખે છે. ભાવ તીવ્ર હોય તો આંદોલન વેધક જરૂર બને. વેધક બનેલું આંદોલન પોતે અત્યંત સૂક્ષ્મ હોવાથી સૂક્ષ્મ જગત સુધી પહોંચવાનું સામર્થ્ય ધરાવે છે. ત્યાં અતૃપ્ત ઇચ્છાઓથી અંધ બનેલ સદ્ગત આત્માને જાગૃત બનાવવામાં ઉપયોગી ઠરે છે. સદ્ગત આત્મા જો જાગૃત બને તો અતૃપ્ત ઇચ્છાઓનાં વમળોને શાંત કરવાની સોનેરી તક સાંપડે છે અને એ રીતે તેની ગતિમાં ફેરફાર થાય છે. આ રીતે પાર્થિવ ગણાતી પ્રાર્થના કે કીર્તનનાં સાધનો સદ્ગત આત્માને મદદરૂપ બની શકે છે. આવી સૂક્ષ્મ સમજ કીર્તનના રિવાજ પાછળ રહેલી છે.

૧

કેટલીક જગ્યાએ બિલાવલ ગાયા પછી આશાવરી ગાવામાં આવે છે તો કેટલીક જગ્યાએ આશાવરી ગાયા પછી બિલાવલ ગાવામાં આવે છે. શાસ્ત્રીય રીતે સૂર્યોદય પહેલાં પહેલાં બિલાવલ ગાવો શરૂ કરવો જોઈએ. ત્યાર પછી જ આશાવરીનો ઉપયોગ કરવામાં આવે છે.

ભગવાનને કરુણાસિંધુ કહેવામાં આવે છે. તે તો જીવના ભલા માટે જ સર્વ કાંઈ કરે છે. પરંતુ જીવ અભાગિયો છે. તેની દૃષ્ટિ પાર્થિવ છે. ભૌતિકતા છોડવી તેને ગમતી નથી. આ ભૌતિકતાની માયા તેને બેપરવાહ બનાવે છે. પ્રભુથી વિમુખ બનાવે છે. છતાં છેલ્લી ઘડીએ પણ જો જીવ પ્રભુ પરાયણ બને તો કરુણાસિંધુ બધું જ ક્ષમા કરી દે છે અને જીવનું કલ્યાણ કરી દે છે.

તુમ જો દયાલ મોસે બહુત કરી
સુમરણ કો નર દેહી દીની, મોં પાપીસે કછુ ન સરી,
ગર્ભવાસ તનમાસ ઊંધે મુખ,
તહાં ન મેરી સુધ બિસરી :
જઠર અગન મેં રાખ લિયો હૈ,
કંચન સે મેરી દેહ કરી ! —૧
કહાઁ લગી કહું અપરાધી જનમકો,
આદિ અંત મોસે બિગડી :
તુલસીદાસ પતિત તુમ પાવન,
યહ બાનેકી લાજ પડી ! —૨

卐

૨.

અહીં ધંધો એટલે પ્રપંચ. પ્રપંચ એટલે કર્મની પરંપરા. 'પિંજર કે સુવા' એટલે દેહમાં રહેલો જીવ. જીવ ભૌતિકતાની માયામાં રામથી વિમુખ બની જાય છે. આ જીવદશાની નિશાની છે. જીવદશાનો ભાવ જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ બ્રહ્મભાવની માત્રા વધતી જાય. ત્યારે જ પ્રપંચ ઓછાં થતાં જાય. તેથી જ્યાં સુધી કર્મ ખૂટે નહિ ત્યાં સુધી જન્મ મરણના ફેરા રહેવાના જ. જેણે હરિરસનું અમૃત પીધું છે તેને ફેરામાંથી મુક્તિ મળે છે કારણ કે તેના કર્મનો નાશ ભક્તિરૂપી અમૃતથી થઈ જાય છે.

રામ કહો પિંજર કે સુવા
અજહુ ખબર પડત નહિ અંધે,
ધંધો કરત સકલ જગ મુઆ.

ઘડી સુથાર કરેરા કીના, અજહુ સાજ નિશ્ચત નહિ હુઆ;
અંતકાલ રિપુ હો તમ જ્યારે, હાર ચલ્યો જૈસે જુહારી જુહા !

આશા નિજ પાંચ પનિહારી, ઘટત નાહિ કર્મજલ કુઆ
કહે કબીર જિસે હરિરસ લીયો, વોહી કે મુખ અમૃત સુઆ !

✽

૩.

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકમ્ શરણમ્ વ્રજ, અહમ્ ત્વમ્ સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ! આ ગીતા વચન છે. અહીં શરણાગતિ ભાવનું માહાત્મ્ય છે. ભલે સાધના ન થઈ શકી હોય; ભલે પૂજા-અર્ચન ન થઈ શક્યું હોય; ભલે કોઈ પણ પ્રકારની ધાર્મિક વિધિ ન થઈ શકી હોય; જો ભક્ત પ્રભુને શરણે જાય તો પ્રભુ કહે છે કે જરા પણ ચિંતા ન કર. શરણે જનારને અવશ્ય મુક્તિ મળે જ. આ રીતે ભગવાન પોતાના ભક્તને બહુ મહત્ત્વ આપે છે. અધોગતિએ પહોંચેલો જીવ પણ જો શરણું પકડે તો ભગવાન તેને ઊંચી પદવી આપી દે છે.

તુમ મેરી પ્રભુતા બહુત કરી
મહા પતિત આયો શરણાગત,
નીચ દશા લઈ ઉંચ ધરી !
જન્મ મરણ સંતાપ આપદા,
તુમ પરસત મેરી સબ હરી !
અષ્ટસિદ્ધિ, નવનિધિ, મુક્તિ,
કરજોડી રહી દ્વાર ખડી !....૧
તીન લોક ઔર ભુવન ચતુર્દશ,
વેદ પુરાણે સહી પડી !
સુરદાસ અપને ભક્તનકૌ,
દેત પરમ સુખ ઘડી રે ઘડી !....૨

卐

૪.

રામ ભજનથી સરળતા થઈ પડે છે. ભક્ત નિર્ભય બની શકે છે. બીજી વિધિઓ પછી ભલે ન થઈ શકે! રામનામે જો પથ્થર તરી શકતો હોય તો મનુષ્ય કેમ ન તરી શકે? પરંતુ આવી બુદ્ધિ જાગે ક્યારે? સંતસંગતથી જ જાગે. સંત સમાગમે જીવ પ્રભુપરાયણ બનતો જાય છે અને રામગુણ ગાતાં ગાતાં અંતે મુક્તિ પદ પણ મેળવે છે.

રામ ભજનસે કુશલ પડી
નહિતર દૂત ફાડ મોહે ખાતે,
બાટ હેત જમ કરે રે કરી!

લેખાં ચોખાં સબ કર ડાર્યાં
જા દિન તેં હરિ ભક્ત કરી;
જીવન મુક્ત ભયે જા દિનસે
તા દિન આવન જાવન ટરી!-૧

બલ બલજાઉં મેં સંત સંગતકી
જિસને મેરી કુબુદ્ધિ હરી;
દાસ મલુકો રામગુણ ગાવે
રટ રહે પલ ઘડી રે ઘડી!-૨

૫.

સંત સંગત લાભદાયી છે તે તો આપણે જાણ્યું. પરંતુ સંત કોને કહેવો ? હાથમાં માળા હોય, કપાળે તિલક કર્યું હોય, મોઢેથી રામ રામ કરતો હોય તો શું તેને સંત કહેવો ? એ તો બધી બાહ્ય નિશાનીઓ છે. તેથી કેવળ બહારના દમામથી સંત કહી શકાય નહિ. અંતરમાં તો કપટ હોય અને જગતને છેતરવા બહારનો વેશ સાધુનો ગ્રહણ કરી ફરતો હોય તેવા બનાવટી સાધુથી ચેતતા રહેવાની કબીર સાહેબ શીખામણ આપે છે. આચાર અને વિચાર વચ્ચે અંતર હોય તો તે પતિંગ જ ગણાય !

કહાં જો ભયો મુખે રામ કહ્યો,
જૈસે મંત્ર ભોરિંગ વશ કીનો,
અંતરકો વિષ નાહિ ગયો !
છાપા તિલક ઔર સ્વાંગ ધરે હરિ કો,
ધૂત ધૂત ધન આપ લિયો !
જૂઠ તરહકી ઔર પારખિ,
અનેક જીવનકો ડાથ દિયો ! –૧

હરિ કપટ ને વચન શીતલતા,
બહુત બાત વર્ણન કિયો,
કહે [ કબીર વાકો સંગ ન કરીએ,
બિન વિવેક ઐસો વેશ લિયો ! –૨

# આશાવરીનાં પદો

પહેલા આશાવરી કે પહેલા બિલાવલ—કયો રાગ પહેલા ગાવો એ એક ચર્ચાસ્પદ મુદ્દો છે. કોઈ જગ્યાએ પ્રથમ બિલાવલ ગાવામાં આવે છે તો કોઈ જગ્યાએ પ્રથમ આશાવરી ગાવામાં આવે છે. એટલું ખરું કે વહેલી સવારથી પ્રભાતના પ્રથમ પ્હોર સુધી બંને રાગ ગાઈ શકાય છે એવું સંગીતજ્ઞોનું કહેવું છે. આપણે ત્યાં પ્રથમ બિલાવલ પછી આશાવરી ગાવાનો Rdiv છે.

૧.

ભગવાનની અનન્ય ભક્તિ લખચોરાશીના ફેરામાંથી મુક્તિ અપાવે છે. જેનું ચિત્ત ઊઠતાં, બેસતાં, હરતાં, ફરતાં ભગવાનમાં જ ચોંટેલું રહે તેને છે કોઈ ભય રહેતો જ નથી. ઘણા ભક્તો હરિભજનથી સંસાર સાગર સુખરૂપે તરી ગયાના અનેક દૃષ્ટાંતો આપી શકાય. આ પદમાં અનન્ય ભક્તિ વિષે ખાસ ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. અનન્ય ભક્તિ એટલે ભગવાન સિવાય અન્યની ભક્તિ નહીં તે. દેવ-દેવીઓની ભક્તિ નહીં. દેવતાભક્તિથી સુખ-સમૃદ્ધિ મળે પણ મુક્તિ તો નહિ જ. દેવતાભક્તિથી મુક્તિ મળે એમ કહેનારાઓ પોતે ડૂબે અને બીજાને પણ ડૂબાડે તેથી તેવાઓથી સાવધ રહેવું. અનન્ય ભક્તિની વાત શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહી છે :–

**ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।**
**अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥**

**तेषामहं समुद्धर्ता मृत्यु संसार सागरात् ।**
**भवामि न चिरात्पार्थ मय्यावेशित चेतसाम् ॥**

અર્થાત બીજા કશામાં ચિત્ત ન રાખતાં સર્વ પ્રકારે સર્વ કર્મો મને સમર્પણ કરી અનન્ય ભક્તિ યોગ વડે મારી ઉપાસના કરનારનો હું જન્મમૃત્યુવાળા આ સંસાર સાગરમાં રૂડી રીતે શીઘ્રતાથી ઉદ્ધાર કરું છું.

જેને વ્હાલું શામળિયાનું, તેને જમ શું કરશે રે
છાપા તિલક કંઠે તુળશીની માળા જમ જોઈ પાછા ફરશે રે-૧

અન્ય દેવના જે ઉપાસી, ન રહીએ તેની પાસે રે
પોતે પડે ને સામાને પાડે એનો સાંકુડા કહેવાશે રે-૨

ઊઠતા, બેસતા, હસતા, રમતા, મુખે હરિ હરિ કહેશે રે
જન્મોજન્મના પ્રાસિત જશે, જેના હરિ ચરણે ચિત કરશે રે-૩

જેને પ્રભુજીનું પુરણ સ્મરણ; તે નર દુઃખિયો ન રહેશે રે
અનેક પતિત ઉદ્ધાર્યાં આધે, ગાયા ને વળી ગાશે રે-૪

જેને વર વરીઓ વિઠ્ઠલજી તેને બીજા વર કેમ ગમશે રે
નરસૈંના સ્વામીની ભક્તિ વિના, તે લક્ષ ચોર્યાંશી ફરશે રે-૫

૨.

ઈશ્વર ક્યાં છે? ક્યા રૂપે રહેલો છે? કોઈ બતાવી શકે? આ બધા પ્રશ્નો સંશયગ્રસ્ત મનને થાય છે. આ પ્રશ્નોનો જવાબ એક જ શ્લોકમાં શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં ઋષિ આપી દે છે;

आदि: स संयोग निमित्त हेतु:
परस्त्रिकाला दकलोऽपि दृष्ट: ।
तं विश्वरूपं भवभूतमीक्षम्
देवं स्वचित्त स्थमुपास्य पूर्वम् ॥

અર્થાત્ જે ત્રણે કાળથી પર છે, અકળ છે, પ્રાણી માત્રના મૂળ તરીકે છે તથા વિશ્વરૂપે વ્યાપક છે તે પ્રભુ મનુષ્યના હૃદયમાં રહેલો છે તેને ઉપાસના વડે સાક્ષાત્ જોઈ શકાય છે. પ્રભુના દર્શન માટે ઋષિએ મોટી શરત મૂકી ઉપાસનાની. ઉપાસના કરવા માટે કોણ તૈયાર છે? ઉપાસના પણ નથી કરવી અને પ્રભુના અસ્તિત્વ માટે શંકા જ કરવી એ રીતિ અવૈજ્ઞાનિક છે. ઉપાસના કરનારને મન સંશય રહેતો જ નથી. ઉપનિષદ્‌ના આ શ્લોકને પોતાના અનુભવથી કસી આ પદમાં કબીર સાહેબે સત્યનું દર્શન કરાવ્યું છે. ભગવાનને ક્યાંય શોધવાની જરૂર નથી. ભગવાન તો દરેકના હૃદયમાં જ છે. મન અન્ય વિચારોથી મેલું થયું છે તેને પ્રથમ શુદ્ધ કરવામાં આવે અને દૃઢ મનોબળથી યોગની સાધના કરવામાં આવે તો 'સેજ મન'માં એટલે કે મસ્તકના ઉપલા ભાગે ભગવાનના દર્શન થાય છે એ નિર્વિવાદ હકીકત છે.

કબીર હરિરંગ લાગા હો

તાંથે મનકા ધોખા ભાગા હો.

કોઈ કહે હરિ જોગી જંગમ, કોઈ કહે કછુ નાહિ !
કોઈ અરુ દેખે રુદિયા ભીતર, કોઈ દેખે સબ માંહિ !—૧

અલખ રૂપ ગુણ લખ ન જાઈ, અંજન રાતા હોઈ !
એક પલ મન દઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોઈ !—૨

સેજ સૂનમેં રૈન અમારી, તત્ત્વ દેખી મન લાગા !
આપ મધ્યે આપ જ દેખા, ઇસવિધ સંશય ભાગા !—૩

કહેત કબીર એક મત પાયા, કાયા નગર મોઝારી !
તુમ સાહેબ મૈં સેવક તોરા, તારન તરન મોરારિ !—૪

૩.

શરીર રૂપી નગર છે. તેને કોઈ લૂંટી ન શકે તે હેતુથી તેની ફરતે હાડચામરૂપી કોટ ચણવામાં આવ્યો છે. સોળ જેટલી વિરો રૂપી ખાઈ પણ ફરતે ખોદવામાં આવી છે. કોટને દશ (મોઢું, નાક, કાન, આંખ ઈત્યાદિ) દરવાજાથી રક્ષિત કરવામાં આવ્યો છે. તાર ટેલીફોનની માફક અનેક નાડીઓથી તંત્ર સજ્જ કરવામાં આવ્યું છે. આ નગરનો વહીવટ ઇંદ્રિયોરૂપી પાંચ પ્રધાનોને સોંપવામાં આવ્યો છે. જો આ વહીવટદારો પર ધ્યાન ન આપવામાં આવે તો બધી મહેનત પાણીમાં જાય એમ છે. આ નગરમાં સુખાકારી સ્થાપવી હોય તો પ્રધાનો પર અંકુશ રાખવો જોઈએ. આ પ્રધાનોને સર્વ સત્તા સોંપી દેવામાં આવે તો પરિણામ ઘણું જ ખરાબ આવે. જે નગરની રખેવાળી પ્રભુ પોતે કરે છે તે નગરની બેદરકારીપૂર્વક અવગણના ન કરવી જોઈએ. પાંચ પ્રધાનોને વશમાં રાખી ગઢની ટોચે જ્યાં આત્મારૂપી રાજા રહે છે તેનો અજવાસ મેળવવા કોશિશ કરવી જોઈએ. કબીર જેવા સંતો આ ગઢ પર ચઢીને વિજય મેળવી ચૂક્યા છે તો તેમની વાણી પર વિશ્વાસ મૂકી ગૃહસ્થીઓએ આત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. આત્મજ્ઞાન જ સાચું જ્ઞાન છે.

રામ રાય મનકી આશા પાઉં
તાંથે કાયા નગર બસાઉં—ટેક૦
સોલા ખાઈ દશ દરવાજા, બાવન બન્યા હૈ કિંગોરા
ત્રણસે સાઠ વાકો શિરા લગા, કોટ બન્યા ચાફેરા—૧

પાંચ પ્રધાન કિયે વશ અપને, પ્રજા દુઃખી ન હોય
ચેતન પુરુષ કરે કોટવારી, નગર ન લૂટે કોઈ—૨

[1]જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઈ
કામ ક્રોધ દોઉ ગરદન મારે, ઐસી અદલ ચલાઈ—૩

ગઢ પર રાજા રાજ કરત હૈ; નિશદિન કરત દુહાઈ
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઈ—૪

---

૧ આ પદમાં, છેલ્લી બે ટૂકોમાં, પંક્તિઓ યોગ્ય ક્રમમાં ગોઠવી છે. આપણે ત્યાં નીચે પ્રમાણેના ક્રમમાં ગાવાનો રિવાજ છે. તે બરાબર નથી:

ગઢ પર રાજા રાજ કરત હૈ, નિશદિન કરત દુહાઈ
કામ ક્રોધ દોઉ ગરદન મારે, ઐસી અદલ ચલાઈ—૩
જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઈ
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઈ—૪

## ૪.

ચૌદે બ્રહ્માંડમાં ભગવાનના નામનો મહિમા ગાવામાં આવે છે. પ્રભુના નામના જપનું સાધન અનુભવીઓએ અતિ ઉત્તમ ગણ્યું છે. માટે હરિરસથી તૃપ્ત થયેલા પ્રભુ પરાયણ સંતોના સમાગમમાં રહી, નામ જપનું સાધન કરી, ભક્તજનોને ભવસાગર તરવાનો કબીર સાહેબે આ પદમાં ઉપદેશ આપ્યો છે.

રાજા રામ જપો મેરે ભાઈ
જાકે ચૌદ લોક ગુસાંઈ—ટેક૦
માગી મુક્તિ ભક્તિ ક્યોં ન માગી
 ચિન્યા નહિ રઘુરાય;
જબ ચિન્યા તબ લેના ન દેના
 સાધન કર લે ભાઈ !—૧

જબ હરિ ચિન્યા તબ મન માના
 મનસા ભોગ લગાઈ;
કોટિ કોટિ તીરથ વ્રત જબ કીના
 એક સિદ્ધિ નવ પાઈ !—૨

કહેત કબીર એક સકલ સાધન સેં
 જનમ જનમ ફેરી આય
અબ સત સંગત રુચિ મૈં માગું
 જિસે હરિરસ સુજશ સુનાય. —૩

★

૫.

આ શરીર રૂપી જંત્ર છે—વાદ્ય છે. એમાંથી જે શબ્દ ઉત્પન્ન થાય છે તે અનુપમ છે અને અનાહત છે. સુરતિ રૂપી તુંબડું, સુરની નાલિ, માયારૂપી મીણુ ચઢાવેલી જીભની તાંતિ, બત્રીસે દાંત, પાંચે ઈન્દ્રિયો—સર્વને આ સંગીતમાં સાંકળી લેવામાં આવ્યા છે. મહત્વની વાત તો એ છે કે એનો વગાડનારો ભગવાન છે. વાદ્યના વગાડનારા સાથે જીવ પ્રીત કરે છે તે જ સાચો નર છે. વાદ્ય અને વગાડનારા વચ્ચે મેળ બેસાડી આપનાર તો ગુરૂ છે. ગુરૂ વિના તો દેવો, ગાંધર્વો કે ખુદ બ્રહ્મા પણ આ વાદ્યને વગાડનાર ભગવાનને ઓળખી શક્યા નથી.

જંત્રી જંત્ર અનુપમ બાજે
તાકા સબદ ગગન મેં ગાજે—ટેક૦
સુરકી નાલિ, સુરતિકા તુંબા
સતગુરૂ સાજ બનાયા
સુરનર ગણુ ગંધ્રપ બ્રહ્માદિક
ગુરૂબિન તિન હૂં ન પાયા—૧
જીભ્હાતાંતિ નાસિકા કર હી
માયાકા મૈંણુ લગાયા
ગમાં બત્તીસ મોરણુ પાંચો
નીકા લાજ બનાયા—૨
જંત્ર જંત્ર તજે, નહીં બાજૈ
તબ બાજૈ જબ બાવૈ
કહેત કબીર સોહી જન સાચા
જંત્રીસું પ્રીત લગાવૈ—૩

૬.

માયા પોતાનું કાર્ય અવિરત કરતી જ રહે છે. એમાં એને થાક લાગતો નથી. શરીરના સર્વ અંગો થાકે કે કદાચ જન્મ-મરણ પણ થાકે તો પણ માયા કદી પણ થાકતી નથી એ સર્વના અનુભવની વાત છે. આ દ્રષ્ટિએ વિચારવામાં આવે તો પણ આ મનુષ્યજન્મ મહામૂલ્યવાન જ જણાય છે. પરંતુ અભાગિયો જીવ આ દ્રષ્ટિએ પણ વિચારી શકે એમ નથી. તેથી મહામૂલો સમય એળે વીતી જાય છે. જીવતા જીવત જે સાધન કરી લેવું જોઇએ તે અંગે જીવ પ્રમાદી બને છે. સરળમાં સરળ જો કોઇ સાધન હોય તો તે હરિભક્તિ છે. પરંતુ જીવ તો અજ્ઞાની છે. હરિના ભજન વિના જીવન વ્યર્થ ગુમાવે છે. જો કે જે જીવ સાવધ બને છે તે હરિના ભજનથી ચાર ગણો લાભ મેળવી શકે છે. પરંતુ જે અજ્ઞાનમાં રચ્યો રહે તે તો મૂળ વસ્તુ પણ ગુમાવે છે. તેથી કબીર સાહેબ ચેતવણી આપે છે કે હે! જીવ, હરિના ભજનથી પાસું પલટાઇ જાય છે; સર્વ કર્મનો નાશ થઇ જાય છે અને જીવ પરમ પદને પામે છે—માટે વારંવાર હરિનું ભજન કર.

હરિ કા જ્ઞાન વિચાર ન પાયા
તાંથે યોંહી જન્મ ગુમાયા !—ટેક૦

થકે નયન, બૈન ભી થાકે, થાકી સુંદર કાયા
જનમ મરણ ભી દોઉ થાકે, એક ન થાકી માયા—૧
યહ સંસાર હૈ હાટકા લેખા સબ કોઇ વણજે આયા;
એકે લાભ ચોગુના પાયા, એકે મૂલ ગુમાયા—૨
ચેત ચેત ચંચલ મન મેરા, જબ લગી ઘટમેં શ્વાસ,
ભક્તિ કરે સુખ નિશ્ચલ હોવે, હરિ ચરણે નિવાસ—૩
જો જન જાને જપે જુગજીવન, તા કે કર્મ જ નાશા
કહેત કબીર થોક બહુ ન્હાસે જાનકર ટાલે માયા—૪

# સારંગનાં પદો

કીર્તન પ્રસંગે આશાવરી પછી સારંગ ગાવાનો રિવાજ છે. ખરેખર તો સવારે નવ વાગ્યા પછી આશાવરીનો રાગ ન ગાવો જોઇએ. પરંતુ આપણે ત્યાં આશાવરી બપોરે બાર વાગ્યા સુધી ગાવામાં આવે છે. બાર વાગ્યાથી સાંજે સંધ્યાકાળ સુધી સારંગ ગાવામાં આવે છે. સવારે નવથી સાંજે ચાર વાગ્યા સુધી સારંગ ગાઈ શકાય છે. એવો શાસ્ત્રીય મત છે.

૧.

રામ સ્મરણનો અને રામ શરણનો મહિમા દર્શાવતું આ પદ અત્યંત સરળ અને વારંવાર ગાતા ગમે એવું છે.

રામ કો નિત કીજે
સુમરણ, રામ કો નિત કીજે
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ સંતસંગત મિલ પીજે—ટેક૦

જૂઠી માયા, મોહ, વિષય રસ,
યહ મન તાગી દીજે !
હૃદય કમલમેં નિશદિન હરિહરિ,
યેહિ વિલંબ ન કીજે !—૧

તન મન ધન સબ મનસા વાચા,
રામ સમર્પન કીજે;
કહેત કબીર ઔર નહિ માગું,
ચરણ કમલ દત દીજે !—૨

★

૨.

ગરજ હોય ત્યારે ગધેડાને બાપ કહે છે તેમ ગર્ભવાસનું દુઃખ ટાળવા જીવ હરિ ભજનની કબૂલાત કરીને બહાર આવે છે પરંતુ માયામાં લપટાઈને શું શું કરે છે તે આપણે સહુ જાણીએ છીએ. વચન કેવું ને વાત કેવી? મોજ મઝામાં પડ્યા ને અંતકાળે ચાલ્યા ગયા તો પણ ભાન ન થયું! સાથે તો કાંઈ જ આવતું નથી. માટે તન મન ધન બધું જ હરિને સમર્પણ કરી ભક્તિનું ઉત્તમ સાધન કરી લેવું જોઈએ.

રામ જન વિસરી હો ગયા,
રામ જન વિસરી હો ગયા,
ગર્ભવાસમેં ભક્તિ કબૂલી, બહાર નિસરી કયા કિયા?—ટેક૦

મહેલ મેં બૈઠી મોજ કરત હે
સો લ સે સા હે લિ યાં
પલમેં છોડ ચલે ઠકુરાઈ
વેદ ન કોઉ હુ આ—૧

જબ તેરો પંથી પંથ ચલેગો
સંગે સાથી કો ન લિયા
કહેત કબીર રામ ભજો પ્રાણી
તન મન હરજીકો દિયા—૨

૩.

મનુષ્ય જન્મીને તરત જ અવળો માર્ગ પકડી લે છે. સવળે માર્ગે જવાનો વિચાર કરીને આવે છે પરંતુ માયાની મોહિનીમાં અવળો માર્ગ પકડી લે છે. કોઈ ચેતવણી આપે તો અભિમાનમાં તેની અવગણના કરે છે. જાણે કે પોતા થકી જ બધું ચાલે છે! જાણે પોતે જ સર્વસ્વ છે! આવા મદમાં ચકચૂર થયેલો જીવ અંતિમ કાળે બેહાલ બની જાય છે. ત્યારે જ તેને ખબર પડે છે કે બધું ખોટું જ થયું! માટે આ પદમાં કબીર સાહેબ મોહિની છોડી દઈ બનતી ત્વરાએ સવળે માર્ગે ચાલવાની સહુને અપીલ કરે છે.

કાહે ન ભજે રે ગોપાલ
મન તું, કાહે ન ભજે રે ગોપાલ
ઉલટ ક્યા ચલત હૈ બાવરે
છાંડ સકલ જંજાલ—ટેક૦

મુછ મરોડ ને પાઘ સમારે
ચલત ટેઢી ચાલ
જબ હારે જબ લેખા લેગા
હોગા કૌન હવાલ—૧

ગર્ભવાસમેં રક્ષા કીની
બહુત કરી પ્રતિપાલ
કહેત કબીર રઘુનાથ ભજીલો
દીના નાથ દયાલ—૨

૪.

ગરીબ સુદામાએ શ્રી કૃષ્ણની વિદાય લીધી ત્યારે કૃષ્ણે કાંઈ જ ન આપ્યું હતું તેટલું ભાન સુદામાને રહ્યું છે. મિત્રે જે કાંઈ મદદ કરી તેનાથી ગરીબ સુદામા અજાણ્યા છે. તેથી જ્યારે સુદામા પોતાના સ્થળે આવે છે ત્યારે આશ્ચર્યચકિત થઈ જાય છે. સુદામાને પોતાની ઝૂંપડી શોધેલી મળતી નથી. અહીં તો બધું જ ફરી ગયું છે. ઝૂંપડીની જગ્યાએ મ્હેલ, સુમસામ સ્થળે હાથી ઘોડા; કિંમતી વસ્ત્રોની શોભા અને રત્નમંડિત સ્થળ; સંગીતમય વાતાવરણ, અરે, પોતાની પત્ની પણ ન ઓળખી શકાય તે રીતે સજ્જ! ક્યાં પેલી ગરીબાઈ અને ક્યાં આ તવંગરી? શું સાચું હશે આ? ખરેખર, સુદામા મૂંઝવણને અનુભવે છે. આ મીઠી મૂંઝવણને પદમાં ગૂંથી લઈને કવિ સુરદાસે ભક્ત માટેના ભગવાનના પ્રેમનું જ મધુર ગાન ગાયું છે!

મંદિર દેખ ડરે, સુદામાજી, મંદિર દેખ ડરે;
કહાં લે ગઈ મેરી તૃણકી ઝૂંપરિયાં,
તા દોર મ્હેલ ખડે—ટેક.

પહેલે પ્હોરે હસ્તિ ઝૂલે, દૂજે તોરણ ખડે
ત્રીજે પ્હોરે વસ્ત્ર જ ભારે, ચોથે રત્ન જડે—૧

જા ઘેર તાલ પખાવજ બાજે, તા ઘેર નોબત ગડે
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર અમર ભરે—૨

ઇત ઉત જાત ફિરત સુદામા, મનમેં સોચ કરે
ધામ દેખી મન ચકિત ભયો હે, ડરી ડરી ડગલાં ભરે—૩

મ્હેલમેં બૈઠી નાગર બ્રાહ્મની પંડિત આયે ઘરે
સુરદાસ પ્રભુ અપને ભક્તકો દરિદ્રતા દૂર કરે—૪

૫.

આ પદમાં પણ કવિ સુરદાસે ભગવાન માટેનો અનન્ય પ્રેમ વ્યક્ત કર્યો છે. આંખના પાણીનો ભક્ત સુરદાસને જરા પણ રંજ નથી. એમાં પણ ભગવાનની જ લીલાનું દર્શન કરે છે. જે પ્રભુએ વસ્ત્રહરણ વખતે દ્રૌપદીની લાજ રાખી, સુદામાને મિત્ર તરીકે મદદ કરી, સાંદિપની ઋષિને ગુરૂદક્ષિણામાં મૃતપુત્રને સજીવન કરી આપ્યો તે જ પ્રભુએ સુરદાસને જન્મથી અંધાપો આપ્યો તેમાં દયાળુ પ્રભુનો સુરદાસનો ઉદ્ધાર કરવાનો જ આશય છે એમ ભક્ત હૃદયને લાગે છે.

ગોવિંદ નામ ધર્યો
દીન તેરો ગોવિંદ નામ ધર્યો
દ્રુપત સુતાકી લજ્જા રાખી,
ચીરકો દાન કર્યો—ટેક.

ચાર પદારથ દિયો હૈ સુદામા
તાંદુલ મુખમેં ધર્યો
સાંદિપકો સુત આન દિયો હૈ
વિદ્યા પાઠ પઢેવો—૧

દેને રે દેને તું હરિ દાતા
મોસે કછુ ના સર્યો
સુરકી બેર કઠણ હોય બૈઠી
જન્મકો અંધ કર્યો—૨

ૐ

૬.

માનવનો દેહ મળવો એટલે જ પરમગતિ પ્રાપ્ત કરવાની તક મળી એમ સમજી જીવે સંતસંગતમાં રહી આત્મકલ્યાણની સાધના કરવી જોઈએ. રામભજન સિવાય અન્ય કાંઈ પણ વસ્તુ કે સંબંધ આત્મકલ્યાણની સાધનામાં ઉપયોગી નથી એવું સ્પષ્ટ માર્ગદર્શન આ પદમાં કબીર સાહેબ આપે છે.

ના કછુ રામ વિના રે
ના કછુ રામ વિના
દેહ ધરેકી મહી પરમ ગતિ
સંત સંગત રહેના—ટેક.

મંદિર રચત માસ દસ લાગે
બિન સત એક છના
પલ એક સુખકે કારણ પ્રાણી
પરપંચ કરત ઘના—૧

માત પિતા સુત લોક કુટુંબમેં
ફૂલ ફિરત મના
કહેત કબીર રામ ભજો પ્રાણી
છાંડી સકલ ભ્રમના—૨

★

# ગોડીનાં પદો

ચાર વાગ્યા પછી ગોડી ગાઈ શકાય છે. આ ગોડીને પૂર્વી ગોડી પણ કહે છે. આપણે ત્યાં પૂર્વી ગોડી બહુ પ્રચલિત નથી. આગલી પેઢીને પૂર્વી ગોડી હજી કંઠસ્થ છે. સૂર્યાસ્ત પછી રાત્રીની જમાવટ થાય ત્યાં સુધી ગોડી ગાઈ શકાય છે. આપણે ત્યાં આરતી કરતાં પહેલાં ગોડી ગાવાનો રિવાજ છે તે આ દૃષ્ટિએ બરાબર છે.

૧.

કોઈપણ પ્રવૃત્તિ કરતા પહેલાં પ્રથમ ગુરુનું અને ત્યાર પછી ગણેશનું સ્મરણ કરવાનો રિવાજ છે. આ રીતનું સ્મરણ—વંદન કરવાનો સૂક્ષ્મ પ્રકાર છે. ગુરુ સામે બેઠા હોય અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવામાં આવે તે વંદનનો સ્થૂળ પ્રકાર છે. બંને પ્રકારના વંદનનો મહિમા મોટો છે. ગુરુ માટે પ્રેમ ન હોય, સંપૂર્ણ શ્રદ્ધા ન હોય તો ગુરુને કરવામાં આવેલું વંદન ફળદાયી બની શકતું નથી તે સમજવાની વાત છે. ગુરુ પર સંપૂર્ણ શ્રદ્ધા હોય, ગુરુ માટે અનન્ય પ્રેમ હોય તો જ ગુરુ શિષ્ય પર કૃપા કરે છે. ગુરુ કૃપા ન કરે ત્યાં સુધી મન નિર્મળ થઈ શકે નહિ. મન નિર્મળ ન થાય ત્યાં સુધી આત્મકલ્યાણ થઈ શકે નહિ. આ હકીકતનો સ્વીકાર આ પદમાં કરવામાં આવ્યો છે.

શ્રીગુરુને પાયે લાગું, પહેલા વહેલા, શ્રી ગુરુને પાયે લાગુ,
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઈ ન માગું—૧

દિયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મળ થાય :
ત્રિવિધ તાપ, મત્સર, મોહ, મમતા—વિકાર સઘળો જાય—૨

ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ—૩

વેદ પુરાણ ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દૃઢવિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે [illegible]—૪

૨.

મનુષ્ય જન્મ એ એક સોનેરી તક છે. તેથી વૃદ્ધાવસ્થા આવે તે અગાઉ સંત સંગત કરી પરમસુખને માટે સાધન કરી લેવું જોઈએ. અભિમાન–અવિદ્યા ઈત્યાદિથી અંધ બનેલા જીવને કબીર સાહેબ ચેતવણી આપે છે અને સોનેરી તક સાધી લેવાની શીખ આપે છે. અહીં, કબીર સાહેબની સાખી યાદ કરો :

માનુષ જનમ દુર્લભ અહૈ, મિલે ન દુજિ બાર
પક્કા ફલજો ગિરિ પરૈ બહુરિ ન લાગે ડાર

બહુત ભલો હૈ ભાઈ અવસર, બહુત ભલો હૈ ભાઈ
મનખા દેહ દેવતાકો દુર્લભ, સો દેહી તેં પાઈ—૧

તજ પાખંડ અવિદ્યા પરપંચ, છોડ ગુમાન બડાઈ
માત તાત સ્વારથ કે લોભી, માયા જાળ બંધાઈ—૨

જબ લગ જરા નિકટ નહીં તેરે, લે ગુરૂ જ્ઞાન બધાઈ
સંત સંગત મિલી ભજો ભાગવંતા, સોહી સકલ સુખદાઈ—૩

કહું પોકાર ચેત નર અંધે, યહ તન એળે ગુમાઈ
કહે કબીર દેહી કાચકો કૂંપો, બિનસત બેર ન લાઈ—૪

૩.

કબીર સાહેબ અવતારના વિરોધી હતા એવું કહેનારાઓને આ પદ ચૂપ કરી દેશે. નિર્ગુણ બ્રહ્મ સગુન રૂપ ધારણ કરે છે એટલું જ નહિ પણ સગુણ બ્રહ્મના લક્ષણો નિર્ગુણ બ્રહ્મના જ છે એ હકીકતનો સ્વીકાર કબીર સાહેબ આ પદમાં કરે છે. સગુણ બ્રહ્મ માનવનું રૂપ ધરે છે એ ઇતિહાસની ધન્ય પળ છે એટલું જ નહીં પણ જે માતાને કૂખે જન્મે છે તે માતા પણ ધન્ય છે. જે પરમબ્રહ્મ પરમેશ્વરનો પાર મોટા ઋષિમુનિઓ પણ પામી શકતા નથી તે બ્રહ્મ પૃથ્વી લોકમાં નાશવંત શરીર ધરાવતી માતાના ગોદમાં ખેલે એટલું જ નહીં પણ સ્થૂળ ગણાતી વસ્તુઓમાં મ્હાલે, ગોવાળિયાનું કામ કરે, એ હકીકત ખરેખર રોમાંચકારી છે. શ્રી કૃષ્ણ સગુણ બ્રહ્મ છે, પરમેશ્વરનો અવતાર છે અને તેની પાલક માતા બનવાનો જશ જશોદાને મળ્યો છે એ માંગલિક પ્રસંગને કબીર સાહેબે આ પદમાં ગૂંથી લઈને અવતાર માટેની તેમની અનન્ય શ્રદ્ધા વ્યક્ત કરી છે.

કાહે ન મંગલ ગાવે, જશોદા મૈયા, કાહે ન મંગલ ગાવે !
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સો તેરી ધેનુ ચરાવે !—૧

કોટિ કોટિ બ્રહ્માંડ કે કર્તા, જપ તપ ધ્યાન ન આવે,
ના જાણું યે કૌન પુન્યસે, તાકો ગોદ ખિલાવે !—૨

બ્રહ્માદિક, ઇન્દ્રાદિક, શંકર, નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ર મુખે જપે નિરંતર, સો તાકો પાર ન પાવે—૩

સુંદર વદન કમલદલ લોચન, ગૌધેનુ કે સંગે આવે,
આરતી કરત જશોદા મૈયા, કબીરજી દર્શન પાવે—૪

૪.

આ પદમાં કબીર સાહેબના ગુરૂ રામાનંદનું સ્મરણ કરવામાં આવ્યું છે. રામાનંદ દક્ષિણ ભારત તરફથી ભક્તિનું સબળ સાધન લઈને ઉત્તર ભારતમાં આવે છે એ ઐતિહાસિક ઘટનાનું વિશેષ મહત્ત્વ છે. આ પદ આગલા પદના સંદર્ભમાં [1]સમજવા જેવું છે, જેની વિગત નીચે આપવામાં આવી છે.

ભક્તિ સતગુરૂ આની, સંતો, ભક્તિ સતગુરૂ આની
નારી એક પુરુષ દુઇ જાયા, બૂઝહૂ પંડિત જ્ઞાની ! —ટેક૦

પાહન ફોરિ ગંગ એક નિકરી
ચહુ દિશિ પાની પાની
તિહિ પાની દુઇ પરબત બૂડે
દરિયા લહર સમાની—૧

ઉડી માંખ તરુવર તે લાગી
બોલી એક હિ બાની
વહી માંખ કે માંખા નહિ
ગરભ રહા બિનુ પાની—૨

નારી સકલ પુરુષ વહિ ખાયો
તાતે રહઉ અકેલા
કહંહિ કબીર જો અબકી સમુઝૈ
સોઈ ગુરૂ હમ ચેલા—૩

---

૧ આગલા પદના સંદર્ભમાં આ પદ સમજવા જેવું છે. આગલા પદમાં સગુણ બ્રહ્મ વિષેની કબીર સાહેબની શ્રદ્ધા વ્યક્ત થઈ છે તો આ પદમાં નિર્ગુણ બ્રહ્મ વિષેની તેમની શ્રદ્ધા શુદ્ધ

પરિભાષા દ્વારા વ્યક્ત થઈ છે. સગુણ અને નિર્ગુણ બ્રહ્મ વિષે વાચકને ગોટાળો ન થાય એ હેતુથી વિશેષ સ્પષ્ટીકરણની જરૂરિયાત લાગી છે.

નિર્ગુણ બ્રહ્મ અને સગુણ બ્રહ્મ વચ્ચેનો તફાવત સમજી લઈએ તો વાત સમજાય. માયારહિત શુદ્ધ બ્રહ્મ તે સગુણ બ્રહ્મ. સગુણ બ્રહ્મ આ જગતમાં આવે છે અને જાય છે. જે જન્મે છે તે મરે છે એ સિદ્ધાંતને સગુણ બ્રહ્મ પણ અનુસરે છે. અવતારો સગુણ બ્રહ્મના જ થાય.

કબીર સાહેબ સગુણ બ્રહ્મની ભક્તિ માટે મર્યાદા દાખવે છે. કારણ એટલું જ છે કે સગુણ બ્રહ્મની ભક્તિથી પરમ પદ એટલે કે મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ચોર્યાશી લાખના ફેરામાંથી મુક્ત થવું તેને સાધારણ રીતે મોક્ષ કહેવામાં આવે છે. આવો મોક્ષ સગુણ બ્રહ્મની ભક્તિથી શક્ય નથી, પરંતુ નિર્ગુણ બ્રહ્મની ભક્તિથી જ શક્ય બને છે તો પ્રશ્ન એ થશે કે સગુણ બ્રહ્મની ભક્તિથી શો લાભ? સગુણ બ્રહ્મની ભક્તિ કરનાર બ્રહ્મલોકને પામે છે. બ્રહ્મલોકમાં નિશ્ચિત સમય રહી પુણ્યક્ષય થયે પાછું પૃથ્વીલોકમાં જન્મવું પડે છે. આમ, સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મને સમજી લઈએ તો આ પદનો મર્મ સમજવામાં સરળતા થઈ પડે.

પાહન એટલે પથ્થર. પથ્થર ફોડીને ગંગા પ્રગટી. અવ્યક્ત હતું તે વ્યક્ત થયું. નિર્ગુણે સગુણનું રૂપ ધારણ કર્યું. 4=43.

સ્વભાવે નિષ્ક્રિય છે, અચલ છે. તેથી માયા રહિત બ્રહ્મના પ્રતિક તરીકે પથ્થરને સમજવું જોઈએ. ગંગા માયાદેવીનું પ્રતિક છે એમ સમજવાથી સગુણ બ્રહ્મનો સ્પષ્ટ ખ્યાલ આવે. માયા એટલે આદ્યા શકિત, આ આદ્યા શકિત બ્રહ્માંડમાં વ્યાપક રૂપે રહેલી છે. સૃષ્ટિ રચનામાં તેનો સંપૂર્ણ સાથ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે :

**एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।**
**अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥**

અર્થાત્ જડ પ્રકૃતિ અને ચેતન પ્રકૃતિ એ માયાના બે સ્વરૂપો છે. આ માયા યોનિરૂપ છે. એમાંથી સર્વ જગત ઉત્પન્ન થયું છે. એટલું જ નહીં પણ નાશનું કારણ પણ આ માયા જ છે.

માયા સહુ જીવને ભ્રમમાં નાંખે છે. સત્વ, તમ અને રજ એ ત્રણ ગુણો માયાના જ છે. આ ત્રણે ગુણોથી જીવ બદ્ધ થઈ જાય છે. આમાંથી છૂટવા માટે શ્રી કૃષ્ણ ઉપાય બતાવતા કહે છે :

**दैवी हि एषा गुणमयी मम माया दुरत्यया ।**
**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥**

અર્થાત્, આ ત્રણ ગુણવાળી માયા મારી પોતાની છે અને તેને પાર કરી મુશ્કેલ છે. પરંતુ જે જીવ માયાને છોડીને મને જ

ભજે છે તે તેને તરી જઈ શકે છે. આવી રીતે માયારહિત બ્રહ્મની ભકિત કરનાર માયાને સરળતાથી તરી જઈ શકે છે એટલે કે મોક્ષને મેળવે છે.

આ પદમાં બે પર્વત માયામાં બૂડી જાય છે એમ કહ્યું છે. આ બે પર્વત તે જીવ અને શિવ. જીવ અને શિવ બંને માયામય બની જાય છે. ઉપાધિ ચાલુ થઈ જાય છે. જીવ ચિંતિત બની જાય છે. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ ને મત્સર એ છ શત્રુઓની જીત થવા માંડે છે. આમ, ભય અને દુઃખથી નાશ વ્હોરી લે છે. માયા રૂપી નારી તો એક જ છે પરંતુ પુરુષ તો બે છે—જીવ અને શિવ. છતાં માયાનો વિજય થાય છે.

મનની વૃત્તિઓ તે માંખ. મન એ માયાનું મોટું હથિયાર છે. સંસારરૂપી વૃક્ષ પર મનની વૃત્તિઓ રમવા માંડે એટલે સ્વાભાવિક રીતે જીવ પ્રભુ પરાયણ થઈ શકે નહિ. જીવ સંસારમય બની જાય છે. આ રીતે માંખીને નરમાંખ વિના પણ તેને સંસારમયતાનો ગર્ભ રહી જાય છે — મતલબ કે આવન જાવનના ફેરા અનિવાર્ય બની જાય છે.

★

૫.

નામજપ સમજીને કરવામાં આવે તો જ ફળે. સમજ્યા વિના રામના નામનો જપ નિરર્થક છે. પંડિતો પોતાના નિજી સ્વાર્થ માટે ભૂલથી નારાયણનું નામ લેવાઈ જાય તો પણ સ્વર્ગ મળે છે, ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે એવું પ્રતિપાદન કરે છે તે સત્યથી વેગળી વાત છે. અજામિલનો દાખલો આપી ભૂલથી નારાયણ બોલનારનો ઉદ્ધાર થાય છે એમ પંડિતો ભલે બોલતા. અનુભવે 'પોપટપારાયણ'થી કશો લાભ થતો નથી એ હકીકત છે. સંત પુરુષની સાથે વરસો ગાળ્યા હોય પણ સમજ ન કેળવી હોય તો પણ લાભ મળતો નથી. માણસ 'રામ' 'રામ' પોપટને બોલાવે ત્યાં સુધી બોલે, પોપટ જંગલમાં ઊડીને જાય તો રામને ભૂલથી પણ યાદ કરી શકતો નથી તેવા હાલ 'પોપટ-પારાયણ'ના છે. જેમ ખાંડ કહેવાથી મોઢું મીઠું થતું નથી, પાણી કહેવાથી તરસ છીપતી નથી, ભોજન કહેવાથી ભૂખ ભાંગતી નથી, અગ્નિ કહેવાથી દાઝ લાગતી નથી તેમ માત્ર રામનું નામ લેવાથી પરમ ગતિ પ્રાપ્ત થતી નથી એમ કબીર સાહેબ પુરવાર કરવા માંગે છે.

વાદ વદે સો જુઠા, પંડિત, વાદ વદે સો જુઠા
રામ કહે જગત ગતિ પાવે, ખાંડ કહે મુખ મીઠા –૧

પાવક કહે પાંવ જો દાઝેં, જલ કહે તૃષા બુઝાઈ
ભોજન કહે ભૂખ જો ભાગે, તો દુનિયા તરિ જાઈ –૨

નર કે સંગ સુવા હરિ બોલે, હરિ પરતાપ ન જાને
કબહું ઊડિ જો જાય જંગલમેં તો હરિ સુરતિ ન આને –૩

બિનુ દેખ બિનુ અરસપરસ બિનુ, નામ લિયે કા હોઈ
ધનકે કહે ધનિક જો હોઈ, નિર્ધન રહે ન કોઈ –૪

[1]સાચી પ્રીતિ વિષય માયાસે, હરિ ભગતનકી હાંસી
કહહિ કબીર એક રામ ભજન બિનુ, બાંધે જમપુર જાંસી–૫

★

---

૧ સમજીને રામનામ લેવું એટલે રામનામ મહિમા તો જાણવો જ જોઈએ પરંતુ તેથી વિશેષ મન શુદ્ધ બનાવવું જરૂરી છે. પોતામાં રહેલાં દુષ્ટ તત્વોને ખંખેરતા જવું જોઈએ. માત્ર શાબ્દિક અર્થ જાણવેથી આધ્યાત્મિક લાભ મેળવી શકાતો નથી.

૬.

શ્રી કૃષ્ણનું ગોવાળિયાનું સ્વરૂપ બહુજન સમાજને ખૂબ ગમે છે. તેમાં પણ હોઠે મુરલી હોય, માથે મુગટ હોય, ગળે હાર શોભતો હોય અને પૂંઠે ચરીને ધરાઈ આવેલી ગાયોનું ટોળું વાગોળતું વાગોળતું આવતું હોય એ શબ્દચિત્ર ખરેખર હૃદયમાં વસી જાય એવું છે. નરસિંહ મહેતાના આ પદમાં બહુજન સમાજની લાગણીનો જીવંત ધબકાર સંભળાય છે.

ગોચારી ઘેર આવે
શામળિયો વ્હાલો
ગોચારી ઘેર આવે !
પીંછાગે પરવર્યો મોહન
મધુરી શી મુરલી બજાવે !–૧

ગળે ગુંજામણિનો હાર મનોહર
મોર મુગટ શિર સોહે !
શ્યામ તણી સુંદરતા જોઈને,
વ્રજનારીના મન મોહે !–૨

અગર ચંદનના સેર દેવડાવું,
મોતીના ચોક પુરાવું !
નરસૈંના સ્વામી મારે મંદિરે પધારો
શેરીએ ફૂલડાં વેરાવું !–૩

# આરતીનાં પદો

સાચી આરતથી કરવામાં આવતી પ્રાર્થનાને આરતી કહેવામાં આવે છે. આરતીમાં તો પ્રભુના ગુણગાન જ કરવામાં આવે છે. આરતી માટે કોઈ ચોક્કસ વિધિવિધાન નિયત કરવામાં આવ્યા નથી. હૃદયમાં પ્રભુ માટે પ્રેમ ન હોય, પ્રભુને પામવાની ઝંખના ન હોય તો આરતી યંત્રવત્ બની જાય છે. પછી ગમે તે વિધિથી આરતી કરવામાં આવતી હોય તેનો અર્થ શો ? માટે લગની, આરત, આરતી માટે જરૂરી છે.

## ૧.

નિર્ગુણ બ્રહ્મની આ આરતી છે. નિર્ગુણ બ્રહ્મને નામ નથી તેથી રૂપ પણ નથી કારણ કે ત્યાં **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह**। જ્યાં બુદ્ધિ, મન ને વાણી પહોંચી જ ન શકે તેનું વર્ણન પણ કેવી રીતે કરી શકાય? તેનું નામ પણ શું? અને રૂપકેવું ખુપછતાં? વિદ્વાનો પોતપોતાના અનુમાન પ્રમાણે તેનું વર્ણન કરે છે. સામાન્ય માણસ આ વર્ણનથી ગૂંચવાય છે. કઈ વસ્તુ સાચી તે તેનાથી જાણી શકાતી નથી. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પણ તેનો પાર પામી શક્યા નથી. તેવા નિર્ગુણ બ્રહ્મને પામવાની તાલાવેલી આ આરતીમાં રજૂ થઈ છે. આ આરતી અત્યંત સરળ છતાં સરસ અને સુંદર છે.

આરતી હો દેવ શિરોમણી તેરી
અવિગત વિગત જુગત નહિ જાણું,
  ક્યોં પહોંચે બુધ મેરી ?...ટેક૦
નિરાકાર નિર્લેપ નિરંજન
  ગુણ–અતીત તુમ દેવા :
જ્ઞાન ધ્યાનસે રહત ન્યારા
  કિસબિધ કીજે સેવા ?—૧
નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે
  શેષ પાર નહીં પાવે,
શંકર ધ્યાન ધરે નિશબાસર,
  સોભી અગમ બતાવે !—૨
સબ ગાવે અનુમાનસે અપને
  તુમ ગતિ લિખી ન જાય !
કહેત કબીર કૃપા કરી તિન પર,
  જ્યોં દે ત્યોં સમજાય !—૩

૨.

આ સગુણ બ્રહ્મની આરતી છે. આ આરતીમાં પાંચ અવતારની લીલાનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે. સગુણ બ્રહ્મને નામ અને રૂપ હોય છે તેથી તેનું વર્ણન પણ શક્ય બને છે. કબીર સાહેબ સગુણ બ્રહ્મની અવગણના નથી કરતા તેનો આ પદ એક વધુ પુરાવો છે.

આરતી કિજે નરસિંહ પ્રભુકી
વેદ વિમલ જશ ગાવે—ટેક૦

પહેલી આરતી પ્રહ્‌લાદ ઉગારે
હિરણકશીપુ નખ ઉદર બિડારે—૧

દુસરી આરતી વામન સેવા
બલિકે દ્વારે પધારે હો દેવા—૨

તીસરી આરતી બ્રહ્મા સધારે
સહસ્ત્રબાહુકે કારજ સારે ૩

ચોથી આરતી અસુર સંહારે
ભક્ત વિભીષણ લંકા સધારે—૪

પાંચમી આરતી કંસ પછાડે
ગોપી ગ્વાલ સખાપતિ પાલે—૫

તુલસીકો પત્ર કંઠ મણિ હીરા
હરખી નિરખી ગાવે દાસ કબીરા—૬

★

૩.

ભગવાન તો અનામી છે. પરંતુ ભક્તને નામ વિના ચાલતું નથી. ભક્ત પોતાની ભાવના અનુસાર ભગવાનના નામ પાડ્યા જ કરે છે. ભક્તની જેવી ભાવના તેવું ભગવાનનું નામ અને રૂપ. આ રીતે ભગવાન અનેકનામી બની ગયા. ખરેખર તો આ બધા નામો નથી પણ અનામીના વિશેષણો જ છે. ભક્તને ભગવાનના નામનું સંકીર્તન કરે છે તેથી 'વિષ્ણુસહસ્ર' નામનો પાઠ આપણે ત્યાં ઘણા કરે છે. તેમાંથી કેટલાક નામો આ આરતીમાં ગૂંથી લેવામાં આવ્યા છે. ભગવાનનું ગુણગાન ગાવું એ જ આ આરતીનો અર્થ છે.

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઠે નહીં રે
હરિ અવિગત ગોવિંદ સંતજી રે, સહાય કરો શ્રીપતિ ધણી રે–૧

હરિ ચતુર્ભુજ શ્યામલ વર્ણ સારંગ ધર્યો સોહામણો રે!
હરિ રૂપેરેલો વૈકુંઠનાથજી રે દુઃખિતહરણ દામોદરો રે!–૨

હરિ નિરંજન નિરાકાર નિષ્કલંક પુરુષ આરાધીએ રે!
ધન ગાઈએ દ્વારિકાનાથજી રે શ્યામલ વર્ણ સોહામણો રે!–૩

હરિ સેવ્યો સમર્થ સાર પાર લે એનો કોઈ નવ લહે રે!
હરિ સોહે છે અવિનાશ વ્હાલો વાસ આપે વૈકુંઠ ધણી રે!–૪

હરિ માધવ મુકુંદ મોરાર મહાદેવ સોહામણો રે!
હરિ ભક્તિ મુક્તિ દાતાર નારાયણ તો નિર્મળો રે!–૫

સદા સારંગધર શું વિચાર પાર લે કનૈયો આતમા રે !
આવો વેગે મળો વિશ્વાસ જી રે તારો ને ત્રિભુવન ટળવળે રે !–૬

જીવ તો મોહ્યો છે દુઃખ માંહે કલિ–કાલે જીવ જંપીયો રે !
એ તો હરિ વિના નવ લહે શ્વાસ સદા સારંગધરો રે !–૭

સદા વૈષ્ણવમન રહે ઉલ્લાસ આનંદ અંગે ઉલટ્યો રે !
ભલે આવિયા પરિબ્રહ્મરાય, વ્હાલો વૈષ્ણવજન માંહે પરવર્યો રે–૮

હરિ વર્ત્યો જયજયકાર, સાર બોલો ને અવ સાચા ધણીનો રે !
હરિનો આવ્યો જ્યારે મન વિશ્વાસ પાશ છૂટ્યા ચાર ખંડના રે !–૯

હરિ ઘેર ઘેર વૈકુંઠવાસ દાસ તુમારો વિનવે રે !
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમરથ ધણી સંતે સેવ્યો રે !—૧૦

આદિઅનાદિ એક તું, સ્થાવર જંગમ તારું નામ;
તું અમર ને તારું નામ સકલ વિષ્ણુને કરું પ્રણામ........

## ગણેશ સ્તવન

કોઈપણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં ગણેશને યાદ કરવાનો રિવાજ છે. આ લક્ષમાં લઈ પ્રસિદ્ધ સ્તવનો પસંદ કર્યાં છે.

ઓમ્ જય ગણપતિ દેવા, પ્રભુ જય ગણપતિ દેવા
પ્રેમ થકી પ્રભુ તારી કરીએ નિત સેવા—ટેક૦

વિઘ્નેશ્વર વરદાયક શંભુ સુખદાતા
પ્રથમ તમારું પૂજન કરીએ ભયત્રાતા ૧

શુકલ ચતુર્થી તિથિ, માસ જ ભાદરવો
સકલ ભકતજનોએ ઉત્સવ આદરવો—૨

ભાવ ધરી પ્રભુ તારી આરતી ઉતારું
દીન કર જોડી વિનવું કરી સહુનું સારું—૩

વિઘ્નેશ્વરની આરતી જે કોઈ ગાશે
ઉમા તનય પ્રતાપે કૈલાસે જાશે—૪

★

## સદ્‌ગુરૂ સ્તવન

એક તુમ હી આધાર
સદ્‌ગુરૂ, એક તુમ હી આધાર !
જબતક મિલોના તુમ જીવનમેં
શાંતિ કહાં મિલ શકિત મનમેં
ખોજ ફિરા સંસાર—૧

એસા હો પ્રભુ તારન હારા
જબ તક મિલે ચરન સહારા
હો ન સકા ઉસ પાર—૨

તુમ હી હે પ્રભુ વિવિધ રુપમેં
હમકો બચા દો યહ ભવકૂપસે
એસા હો પરમ ઉદાર—૩

હમ આયા હે દ્વાર તુમ્હારે
અબિ ઓધાર કરો દુઃખ હારે
[1]દાસ કહે રે મોરાર—૪

---

૧ આ પદ ધામણુ નિવાસી શ્રી નારણભાઈ હીરાભાઈ ભક્ત પાસેથી પ્રાપ્ત થયું છે.

(સામેરી)

આરતી ઉર ધરે સદ્‌ગુરૂ આરતી ઉર ધરે—ટેક૦

ભક્તિ મણિ એક ભાવ ધૃત લે
જ્યોત પ્રગટ કરે—૧

નીરા નિમાઈ શરીર લિયે
ભેટ ગુરૂ અર્પે
મનગુરૂ ઉપદેશ દાતા
સુરતા ચેતન કરે—૨

પ્રેમ પુષ્પ સુગંધ બહુ વિધ
ચિત ચંગેલી ભરે
હાથ લેકર ભેડ દોઉ
આપે સન્મુખ કરે—૩

વિનતિ દંડવત્‌ ગદ્‌ ગદ્‌
વેદ વાણી ઓચરે
[1]જનકબીર ભયો રસ ઘેલો
સકલ કારજ સરે—૪

૧ આ પદ ધામણુ નિવાસી શ્રી નારણભાઈ હીરાભાઈ ભક્ત પાસેથી પ્રાપ્ત થયું છે.

ઓમ્ જયરામકબીર ભગવાન પ્રભુ! રામકબીર ભગવાન
આરતી કરીએ તમારી દેજો ભક્તિ જ્ઞાન—ટેક૦

ચૌદસો છપ્પન સંવત્ જેઠ સુદી પૂનમ
કાશી લહર તળાવે પ્રગટ્યા પૂરણ બ્રહ્મ—૧

નિરુ નિમાઈને ત્યાંહી દોહી છોટી ગાય
રામાનંદ ગુરૂ કીધા રામમંત્ર ઉર પાઈ—૨

મહાત કીધો સિકંદર દિલ્હીનો બાદશાહ
શેખતકીને નાથ્યો હિન્દુ રક્ષણ રાહ—૩

સમંદર જોરથી ઝાટક્યો જગન્નાથપુરી માંહે
સ્થાપ્યા કૃષ્ણ પ્રભુને પૂર્વધામ સોહે—૪

માગશર સુદી અગિયારસ પંદરસો પંચોતેર
સત્યલોક પરહરિયા શાપ ટાળી મગહર—૫

સત્ય અહિંસા એકતા એક પરમેશ્વરવાદ
વિશ્વ બાંધવને ભાવે સ્થાપ્યો બ્રહ્મનાદ—૬

આરતી રામકબીરની જે કોઈ ભાવે ગાશે
કહે દયાનંદ સ્વામી મોક્ષ ભાથું ભરશે—૭

આનંદ મંગળ કરું આરતી
હરિ ગુરુ સંતની સેવા—ટેક૦

પ્રેમ ધરીને મારે મંદિરે પધારો
સુંદિર સુખડાં લેવા — ૧

મારે આંગણિયે તુલસીનો કયારો
શાલિગ્રામની સેવા — ૨

સંત મળે તો મહાસુખ પામે
ગુરુજી મળે તો મેવા—૩

અડસઠ તીરથ સંતને ચરણે
ગંગા યમુના રેવા —૪

દાસ પ્રિતમ છે હરિ ગુણ ઘેલો
હરિના નજ હરિ જેવા—૫

卐

## પ્રસિદ્ધ આરતી

ઓમ જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે
ભક્તજનોંકે સંકટ, ક્ષણમેં દૂર કરે............ટેક.

જો ધ્યાવે ફૂલ પાવે, દુઃખ વિનસે મનકા
સુખ સંપદ ઘર આવે, કષ્ટ મિટે તનકા—૧

માત પિતા તુમ મેરે શરણ ગહું કિસકી
તુમ બિન ઔર ન દૂજા આશા કરું જિસકી—૨

તુમ પૂરણ પરમાત્મા તુમ અંતર્યામી
પાર બ્રહ્મ પરમેશ્વર તુમ સબકે સ્વામી—૩

તુમ કરુણા કે સાગર તુમ પાલન કર્તા
મૈં બાલક અજ્ઞાની કૃપા કરો ભર્તા—૪

તુમ હો એક અગોચર સબકે પ્રાણપતિ
કિસ બિધ મિલું દયામય મૈં હું અલ્પમતિ—૫

દીનબંધુ દુઃખ હર્તા તુમ રક્ષક મેરે
કરુણા હસ્ત બઢાવો શરણ પડા તેરે—૬

વિષય વિકાર મિટાવો પાપ હરો દેવા
શ્રદ્ધા ભક્તિ બઢાવો સંતનકી સેવા —૭

卐

## સાંજની પ્રાર્થના

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યા સૂર્યાગ્નિ વા વાદળાં
જેને મંત્ર પુરાણ શાસ્ત્ર ભજનો ગાયે ઋષિ વ્યાકુળા
યોગી ધ્યાન ધરી જ સંયમ કરી જેની કરે ઝંખના
જેનો પાર ન કોઇએ લઈ શક્યા તે દેવને વંદના.

શ્રી અર્જુન બોલ્યા:

સમાધિમાં સ્થિત પ્રજ્ઞ જાણવો કેમ, કેશવ!
બોલે, રહે, ફરે કેમ મુનિ જે સ્થિર બુદ્ધિનો? ૧

શ્રી ભગવાન બોલ્યો;

મનની કામના સર્વ છોડીને આત્મમાં જ જે
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો. ૨

દુઃખે ઉદ્વેગ ના ચિત્તે સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો. ૩

આસકત નહિ જે ક્યાંય, મળ્યે કંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૪

કાચબો જેમ અંગોને તેમ જે વિષયો થકી
સંકેલે ઇન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૫

નિરાહારી શરીરીના, ટળે છે વિષયો છતાં
રસ રહી જતો તેમાં, તે ટળે બ્રહ્મદર્શને. ૬

પ્રયત્નમાં રહે તોયે શાણા એ નરનાં હરે
મનને ઇન્દ્રિયો મસ્ત વેગથી વિષયો ભણી. ૭

યોગથી તે વશે રાખી રહેવું મત-પરાયણ,
ઇન્દ્રિયો સંયમી જેણે, તેની પ્રજ્ઞા થઈ સ્થિર, ૮

વિષયોનું રહે ધ્યાન, તેમાં આસક્તિ ઊપજે,
જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે, ૯

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિ નાશ, બુદ્ધિ નાશે વિનાશ છે. ૧૦

રાગ ને દ્વેષ છૂટેલી ઇન્દ્રિયો વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા. ૧૧

પામ્યો પ્રસન્નતા, તેનાં દુઃખો સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા, તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર. ૧૨

અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના
ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી અશાંતને ? ૧૩

ઇન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે ૧૪

તેથી જેણે બધી રીતે રોકેલી વિષયો થકી
ઇન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૧૫

નિશા જે સર્વ ભૂતોની, જેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, જ્ઞાની મુનિની નિશા. ૧૬

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે;
સૌ વાસના તેમ સમાય જેની
તે શાન્તિ પામે, નહિ કામકામી. ૧૭

છોડીને કામના સર્વે, ફરે જે નર નિસ્પૃહ,
અહંતા મમતા મૂકે, તે પામે શાંતિ, ભારત! ૧૮

આ છે બ્રહ્મદશા, પામ્યો જે તે ના મોહમાં પડે;
અંત કાળે ય તે સ્થિર, બ્રહ્મનિર્વાણ મેળવે. ૧૯

❋

# બેઠકનાં પદો

આ વિભાગ એટલા માટે જુદો પાડવામાં આવ્યો છે કે સમાજમાં, દૈનિક પ્રાર્થના પછી કે સારાં નરસાં કોઈ પણ પ્રસંગે, કાંસાનો ઉપયોગ કર્યા વિના, ભજનો ગાવાનો રિવાજ અત્યંત પ્રચલિત છે. આ રિવાજને સાંસ્કૃતિક પીઠબળ છે તેથી આ રિવાજ ચાલુ રહે તે હિતાવહ છે. એવી બેઠકે એકધારા ત્રણથી ચાર કલાક ભજન ગાઈને પસાર કરવા હોય તો કરી શકાય એટલી સંખ્યામાં ભજનો પસંદ કર્યાં છે.

સંસ્કૃતમય શૈલીનું આ પદ ભગવાનના ચરિતને અનુલક્ષીને અનેક વિશેષણોથી ભરેલું છે. તુલસીદાસ પોતાના હૃદયમાં ભગવાનનો નિત્ય વાસ રહે તે માટે પ્રાર્થના કરે છે. ભગવાન દયાળુ છે, સંસારનો ભય દૂર કરવાવાળા છે, દીનબંધુ છે, રાક્ષસોનો સંહાર કરવાવાળા છે, કામ-ક્રોધ ઈત્યાદિ દુર્ગુણો નાશ કરવાવાળા છે; તેઓ દશરથના પુત્ર છે, સીતામાતાના પતિ છે, રઘુવંશના સ્વામી છે; તેમની આંખો, તેમનું મોઢું, તેમના હાથ પગ સર્વ કંજપુષ્પ જેવા મનોહર છે; અનેક કામદેવો પણ મોહિત થઇ જાય એવું તેમનું સુંદર સ્વરૂપ છે,

શ્રીરામચંદ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ-ભય દારુણમ્
નવ-કંજ-લોચન, કંજ-મુખ, કરકંજ, પદકંજારુણમ્-૧

કંદર્પ અગણિત અમિત છબિ નવ નીલ નીરજસુંદરમ્
પટ-પીત માનહુ તડિત રુચિ શુચિ નૌમિ જનકસુતાવરમ્-૨

ભજ દીન-બંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલચંદ દશરથ નંદનમ્-૩

શિર મુકુટ કુંડલ તિલકચારુ ઉદાર અંગ વિભૂષણમ્
આજાનુ ભુજ શર ચાપધર સંગ્રામ જિતખટ દૂષણમ્-૪

ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનમ્
મમ હૃદયકુંજ નિવાસ કરુ કામાદિ ખલ-દલ ગંજનમ્-૫

✽

૨.

પતિતનો ઉદ્ધાર કરવાવાળા, પાપનો નાશ કરવાવાળા, દુઃખ ભંજક એવા ગરીબોના રક્ષા કરવાવાળા હે ભગવાન, હું તમારે શરણે આવ્યો છું. તમારે માટે મારા હૃદયમાં નિત્ય ભક્તિભાવ રહે એવું વરદાન આપો. તો જ મારી પણ લાજ રહેશે. રામશરણ તુલસીદાસનું આ હૃદયસ્પર્શી પદ અત્યંત મધુર હોઈ પસંદ કર્યું છે.

રઘુવર તુમકો મેરી લાજ !
સદા સદા મૈં સરન તિહારી,
તુમ બડે ગરીબ નિવાજ !—ટેક૦

પતિત–ઉધારન બિરુદ તિહારો
શ્રવનન સુની અવાજ !—૧

હૌં તો પતિત પુરાતન કહિયે,
પાર ઉતારો જહાજ !—૨

અઘખંડન દુઃખભંજન જનકે
યહી તિહારો કાજ !—૩

તુલસીદાસ પર કિરપા કરિયે
ભક્તિદાન દેહુ આજ !—૪

૩.

પ્રેમ ભક્તિનું આ ઉત્તમ પદ છે. પ્રેમથી જ ભગવાન પ્રાપ્ત કરી શકાય છે. ગીતામાં કહ્યું છે તેમ ભગવાન ભક્તના જીવનનો બધો જ ભાર વહન કરી લે છે. કારણ કે પ્રભુ પ્રેમી ભક્તને અધીન છે. વિદુરની ભાજી ખાધી, શબરીના એંઠા બોર ખાધાં, રાજાને માટે નાઈનું રૂપ ધારણ કર્યું, અર્જુનનો રથ હાંકયો, રાજસૂય યજ્ઞમાં એંઠી પતરાળી ઊંચકી, ગોપીઓને પ્રેમથી વૃન્દાવનમાં નચવી, આ તમામ પ્રસંગોમાં ભગવાનનું પ્રેમ સ્વરૂપ જ પ્રગટ થયું છે. પ્રેમથી વિરુદ્ધના ક્રૂરતાના ભાવમાં ક્યાં સુધી જીવ અભિમાન કરશે ? ક્યારે જીવ ભગવાનના પ્રેમસ્વરૂપના દર્શન કરવા માટે લાયક બનશે ?

સબસે ઊંચી પ્રેમ સગાઈ!
દુર્યોધન કો મેવા ત્યાગો
સાગ વિદુર ઘર ખાઈ!—ટેક૦
જૂઠે ફલ શબરી કે ખાયે
બહુ વિધિ પ્રેમ લગાઈ
પ્રેમ કે બસ નૃપ-સેવા કીન્હી,
આપ બને હરિ નાઈ!—૧
રાજસુયજ્ઞ યુધિષ્ઠર કીનો
તામે જૂઠ ઉઠાઈ!
પ્રેમ કે બસ અર્જુન-રથ હાંકયો,
ભૂલ ગયે ઠકુરાઇ!—૨
ઐસી પ્રીતિ બઢી વૃન્દાવન
ગોપીન નાચ નચાઇ!
સૂર કૂર ઇસ લાયક નાહીં
કહેં લગી કરો બડાઈ!—૩

૪.

હે પ્રભો ! તમે તો સમદૃષ્ટિવાળા છો. તમે ધારો તો ભવ-સાગર પાર કરાવી શકવાને સમર્થ છો. જે રીતે ખાડી-કોતરનું મેલું પાણી ગંગા નદી સમાવી લે છે, જે રીતે પારસમણિ લોઢાને સારા નરસાનો ખ્યાલ કર્યા વિના સુવર્ણમાં ફેરવી નાખે છે, તે રીતે હે પ્રભુ ! માયાજાળમાં ફસાયલા આ જીવને આપમાં સમાવી લો.

પ્રભુ મોરે અવગુણ ચિત ન ધરો !
સમ દરશી હૈ નામ તિહારો,
ચાહે તો પાર કરો !—ટેક૦

એક નદિયા એક નાર કહાવત,
મૈલો હી નીર ભરો;
જબ મિલ કરકે એક વરન ભયે,
સુરસરિ નામ પર્યો !—૧

ઈક લોહા પૂજામેં રાખત,
ઈક ઘર બધિક પર્યો
પારસ ગુણ અવગુણ નહિ ચિતવત,
કંચન કરત ખરો ! —૨

યહ માયા ભ્રમ-જાલ કહાવત,
સુરદાસ સગરો !
અબકી બેર મોંહિ પાર ઉતારો,
નહિ, પ્રન જાત ટરો !—૩

૫.

ભગવાન નિર્બળ જીવના બળ સ્વરૂપ છે. ખરેખર તો શક્તિદાતા જ છે. કારણ કે ભૂતકાળમાં અનેક સંતોને તથા સતીઓને નિરાધાર ઘડીઓમાં ત્વરિત પ્રગટ થઈ પ્રભુએ મદદ કરી જ છે. ભગવાનના બળ આગળ અન્ય બળો નકામા છે. યાદ કરો, દુઃશાસનનું બાહુબળ દ્રૌપદીની લાજ લૂંટી શક્યું નહિ, પ્રલયની વિનાશક શક્તિ હાથીનો નાશ કરી શકી નહિ, સમૃદ્ધિથી છલકાતી સોનાની લંકાની ધનની શક્તિ સીતાનું હૃદય જીતી શકી નહિ, અને અંતે રાજા રાવણે તપોબળથી મેળવેલી સિદ્ધિ શક્તિ પણ ભગવાન સાથે યુદ્ધમાં હારી ગઈ.

સુને રી મૈંને નિર્બલ કે બલ રામ!
પિછલી સાખ ભરું સંતન કી,
આડે સંવારે કામ!—ટેક૦
જબલગ ગજબલ અપનો બરત્યો,
નેક સરો નહિ કામ!
નિર્બલ હ્વે બલ રામ પુકાર્યો
આયે આધે નામ!—૧
દ્રુપદ-સુતા નિર્બલ ભઈ તા દિન
ગહલાયે નિજ ધામ!
દુઃશાસન કી ભુજા થકિત ભયી
વસન રૂપ ભયે શ્યામ!—૨
અપ-બલ, તપ-બલ ઔર બાહુ બલ
ચૌથા હૈ બલ દામ!
સૂર કિશોર કૃપાસે સબ બલ
હારે કો હરિ નામ!—૩

૬.

હરિ વિરહની વ્યથા ભક્ત હૃદયથી સહેવાતી નથી. પ્રભુના દર્શન માટે અત્યંત તાલાવેલી ભક્ત અનુભવે છે. ભગવાન વિના મન ક્યાંય પણ ચોંટતું નથી. લૌકિક દૃષ્ટિએ આ ધતિંગ ભલે લાગતું હોય પણ ભક્ત હૃદય તો પ્રભુના દર્શન વિના મૃત્યુ પણ વહોરી લેવા તૈયાર છે.

અંખિયા હરિ દરસનકી પ્યાસી!
દેખ્યો ચાહત કમલ નૈનકો
નિશદિન રહત ઉદાસી! – ટેક.

આયે ઊધો ફિરિ ગયે આંગન
ડારિ ગયે ગર ફાંસી!—૧

કેસરિ-તિલક મોતિનકી માલા
વૃન્દાવનકો વાસી!—૨

કાહૂકે મનકી કોઉ ન જાનત
લોગનકે મન હાંસી!—૩

સૂરદાસ પ્રભુ! તુમરે દરસ બિન
લેહોં કરવત કાશી!—૪

૭.

મનુષ્ય જન્મની ગંભીરતા સમજવામાં આવે તો જ ગુરૂની અનિવાર્યતાનો ખ્યાલ આવી શકે. જે પથ દુર્ગમ છે તેને ગુરૂ જ સુગમ કરી આપે. આ રીતે ગુરૂનો મહિમા આ પદમાં ગાયો છે.

ગુરૂ બિન કૌન બતાવે બાટ ?
બડા વિકટ યમઘાટ !
ગુરૂબિન કૌન બતાવે બાટ ?—ટેક.

ભ્રાંતિકી પહાડી નદિયા બિચમેં
અહંકાર કી લાટ ! —૧

કામ ક્રોધ દો પર્વત ઠાડે
લોભ ચોર સંઘાત ! —૨

મદ મત્સરકા મેહા બરસત
માયા પવન બહે દાટ ! —૩

કહત કબીર સુનો ભાઈ સાધો
કયોં તરના યહ બાટ ?—૪

## ૮.

મનુષ્યને મન આપીને ભગવાને ખરેખર કસોટી જ કરી છે. મનની શક્તિ અગાધ છે. પરંતુ યોગ્ય કેળવણી વિના તે શક્તિનો વિનિયોગ કેવી રીતે કરી શકાય ? મનની શક્તિ ક્યાં તો તારે, ક્યાં તો ડૂબાડે. યોગના સાધનથી જ મનની અગાધ શક્તિનો ઉપયોગ આત્મદર્શન માટે થઈ શકે છે એવી સંતોની અનુભવવાણી છે. મન સ્થૂળ નથી પરંતુ સૂક્ષ્મ છે તેથી તેની કેળવણી મુશ્કેલ છે એવો આ પદનો મર્મ છે.

મન ! તોહે કેહિ બિધ કર સમઝાઉં ?—ટેક૦

સોના હોય તો સુહાગ મંગાઉં, બંકનાલ રસ લાઉં,
ગ્યાન શબ્દ કી ફૂક ચલાઉં, પાની કર પિઘલાઉં !—૧

ઘોડા હોય તો લગામ લગાઉં, ઉપર જીન કસાઉં,
હોય સવાર તેરે પર બૈઠું, ચાબુક દેકે ચલાઉં !—૨

હાથી હોય તો જંજીર ગઢાઉં, ચારો પૈર બંધાઉં,
હોય મહાવત તેરે પર બૈઠું અંકુશ લેકે ચલાઉં !—૩

લોહા હોય તો એરણ મંગાઉં, ઉપર ધુવન ધુવાઉં,
ધૂવન કી ઘનઘોર મચાઉં, જંતર તાર ખિંચાઉં, !—૪

ગ્યાની હોય તો જ્ઞાન સિખાઉં, સત્યકી રાહ ચલાઉં,
કહત કબીર સુનો ભાઈ સાધુ, અમરાપુર પહુંચાઉં ?—૫

ૐ

૬.

મન આશા તૃષ્ણાથી ચંચળ બને છે, અશુદ્ધ બને છે. અભિમાન જોર પકડે એટલે મનના ત્રિભંગના વચની જાય અને 'ઘૂંઘટનો પટ' ખોલવામાં મુશ્કેલી ઊભી થાય. મીઠી મીઠી માયાનું સોનેરી ઢાંકણું કોઈનું ઢાંકણું-આવરણું હટી જાય તો જ સર્વ વ્યાપક સાંઈના-સ્વામી-પ્રભુનાં દર્શન થાય. આ ઢાંકણું યુક્તિથી એટલે કે યોગથી જ હટી શકે. યોગથી મનનો નિરોધ થઈ શકે છે તેથી પ્રિયતમ પ્રભુને પામી શકાય છે. આ જ પરમ આનંદની અવસ્થા છે.

ઘૂંઘટકા પટ ખોલ રે!
તોકો પીવ મિલેંગે!
ઘટ ઘટ મેં વહ સાંઈ રમતા
કટુક વચન મત બોલ રે
તોકો પીવ મિલેંગે—ટેક.

ધન જોબનકો ગરવ ન કીજૈ
જૂઠા પચરંગ ચોલ
સુન્ન મહલમેં દિયના બારિલે
આસા સોં મત ડોલ રે
તોકો પીવ મિલેંગે —૧

જાગ જુગતસોં રંગ મહલમેં
પિય પાયો અનમોલ
કહ કબીર આનંદ ભયો હૈ
બાજત અનહદ ઢોલરે
તોકો પીવ મિલેંગે—૨

૧૦.

શરીર રૂપી ચાદર, ઈંગલા-પિંગલા તથા સુષુમ્ણાના તાણા વાણા વડે વણી છે. સુષુમ્ણાના વાણા વડે આઠ કમળના બુટ્ટાઓ તેના પર સોહે છે. પાંચતત્ત્વથી તથા ત્રણ ગુણોથી તેને ભાતીગળ બનાવવામાં આવી છે. જેને સિવતાં દસ માસ લાગે છે તેની દરકાર મનુષ્ય કરતો નથી. વિષયવિકારોથી તેને મેલી કરી દેવામાં આવે છે. પરંતુ કબીર જેવા સંતોએ સંપૂર્ણ સંભાળ રાખી મેલી થવા દીધી નથી. બલકે નિર્વિકાર દશામાં કુદરતને પાછી સોંપી છે.

ઝીની ઝીની બિની ચદરિયાં—ટેક

કાહે કે તાના, કાહે કે ભરની
કૌન તારસે બિની ચદરિયાં—૧

ઈંગલા પિંગલા તાના ભરની
સુષમન તારસે બિની ચદરિયાં—૨

આઠ કંવલ દસ ચરખા ડોલૈ
પાંચ તત્ત ગુન તિની ચદરિયાં—૩

સાંઈ કો સીયત માસ દસ લાગે
ઠોક ઠોક કે બિની ચદરિયાં—૪

સો ચાદર સુર નર મુનિ ઓઢી
ઓઢી કે મૈલી કીની ચદરિયાં—૫

દાસ કબીર જતનસે ઓઢી
જ્યોંકી ત્યોં ધરિ દીની ચદરિયાં—૬

SR

૧૧.

મનમાં જેટલી તૃષ્ણા વધારે તેટલું મન વધુ ઉદ્વિગ્ન, અશાંત અને નબળું. ત્યાગની ભાવના વધારતા જવાથી જ તૃષ્ણાની માત્રા ઓછી થાય. ધીરે ધીરે મન સમતા ધારણ કરતું થઈ જાય. સમતા મનની એક પ્રકારની નિષ્ક્રિયતા છે. આ સમતાથી મન પ્રસન્ન બને છે, સત્વ ગુણ ઉભરાવા માંડે છે અને પરિણામે પ્રભુ દર્શનનો લ્હાવો પ્રાપ્ત થાય છે.

મન લાગો મેરો યાર ફકીરીમેં—ટેક.
જો સુખ પાયો રામભજનમેં
સો સુખ નાહિ અમીરીમેં—૧

ભલા બુરા સબકા સુનિ લીજે
કર ગુજરાન ગરીબીમેં—૨

પ્રેમ નગરમેં રહનિ હમારી
ભલિ બની આઈ સબૂરીમેં—૩

હાથમેં કૂંડી, બગલમેં સોટા
ચારો દિસે જાગીરીમેં—૪

આખિર યહ તન ખાક મિલેગા
કહા ફિરત મગરૂરીમેં—૫

કહત કબીર સુનો ભાઈ સાધો
સાહિબ મિલે સબૂરીમેં —૬

★

## ૧૨.

સંસારની નાશવંતતા તથા અસારતા આ પદમાં વર્ણવી કબીર સાહેબે સદ્‌ગુરુ વિના ઉદ્ધાર નથી એવી શિખામણ આપી છે.

રહના નહિ દેશ બિરાના હૈ—ટેક
યહ સંસાર કાગદકી પુડિયા,
બુંદ પડે ઘુલ જાના હૈ—૧
યહ સંસાર કાંટેકી બાડી
ઉલઝ ઉલઝ મરિ જાના હૈ—૨
યહ સંસાર ઝાડ ઔર ઝાંખર
આગ લગે બરિ જાના હૈ—૩
[૧]કહત કબીર સુનો ભાઈ સાધો
સતગુરૂ નામ ઠિકાના હૈ—૪

૧ કબીર સાહેબની સાખી છે,

મૂલ ધ્યાન ગુરૂ રૂપ હૈ મૂલ પૂજા ગુરૂ પાંવ।
મૂલ નામ ગુરૂ વચન હૈ, મૂલ સત્ય સતભાવ॥

અર્થાત્ ધ્યાનનું મૂળ ગુરુ, પૂજાનું મૂળ ગુરુ, મંત્ર અને શાસ્ત્રવચનનું મૂળ ગુરુ તથા સત્ય સ્વરૂપ મોક્ષના ભાવનું મૂળ પણ ગુરૂ જ છે. કહ્યું કે

કોટિન ચંદા ઊગહી સૂરજ કોટિ હજાર।
તિમિર તો નાશે નહીં, બિન ગુરૂ ઘોર અંધાર॥

તથા—

હરિ કિરપા તબ જાનિયે, દે માનવ અવતાર।
ગુરૂ કિરપા તબ જાનિયે, મુક્ત કરે સંસાર॥

૧૩.

જપ તપ સાધનો એમ તો કિંમતી છે. પરંતુ જીવ કર્મની પોટલી બાંધીને સાથે લાવ્યો છે તે પોટલી પૂરી ન થાય ત્યાં સુધી તે કામિયાબ નીવડતાં નથી. કર્મની પોટલી પૂરી કરવી એટલે કર્મનો ક્ષય કરવો. એ માટે ભગવાનની ભક્તિ ઉત્તમ સાધન છે. પરંતુ આ ફાની દુનિયા માને છે ક્યાં ? એ તો અવળે રસ્તે જ ચાલવામાં માને છે. જ્યારથી સંપત્તિને જ સુખનું કારણ માન્યું ત્યારથી આ ભૂલનો રસ્તો શરૂ થયો. આ હકીકત સમજીને રામભજનનો આશરો લેવો જરૂરી છે.

ભજો રે ભૈયા રામ ગોવિન્દ હરી—ટેક૦

જપ તપ સાધન કછુ નહિ લાગત
ખરચત નહિ ગઠરી—૧

સંતત સંપત સુખકે કારન
જાસે ભૂલ પરી—૨

કહત કબીર જા મુખ રામ નહિ
વો મુખ ધૂલ ભરી—૩

©

૧૪.

હરિભક્તિ, હરિકથા, સંત સમાગમ એ ભારતીયતાની નિશાની છે. ભારતીય સંસ્કૃતિ ચેતન સંસ્કૃતિ છે. એટલે કે ચૈતન્ય તરફ લઈ જનારી છે. નાશવંત પદાર્થ માટેનો મોહ અભિમાન ઈત્યાદિ અવગુણો ચૈતન્ય તરફની કૂચ માટે નડતર રૂપ છે. તેથી તેના ઉપાયો તરીકે યોગ, ભક્તિ, જ્ઞાનનાં સાધનો આપણી સંસ્કૃતિએ જગતને આપ્યા છે. જ્યાં આ સાધનોની અવગણના થતી હોય ત્યાં જડ સંસ્કૃતિનો જન્મ થઈ ચૂકયો છે એમ સમજવું.

જા ઘેર કથા નહિ, હરિ કીર્તન, સંત નહિ મિજમાના
તા ઘેર જમરા ડેરા દિના, સાંજ પડે સમસાના—ટેક
મેરી મેરી કરત મરિ ગૌ મૂરખ, છૂટે ન માન ગુમાના
સાધુ સંતકી સેવા ન કીન્હી, કિસ બિધિ હોયે કલ્યાના—૧
ફૂલ્યો ફાલ્યો ક્યા ફિરત હૈ, ક્યા બતલાવત અંગા
એક પલકમેં ફના હો જાયગા જૈસા રંગ પતંગા—૨
નાભિ કમલસે નાવ ચલત હૈ, દ્વાદશ મીન ઠહરાના
અધર તખત પર સૂર્ત નિશાના, સોઈ સતગુરૂકી સૈના—૩
જ્ઞાન ગરીબી પ્રેમભક્તિ લી, સત્ય નામ નિશાના
બિરહ બૈરાગ ગુરૂ ગમસે જાગે, તા ઘેર કોટિ કલ્યાના

કાલ હી ડંકા દેઈ રહો હૈ, ક્યા ભૂલા ? ક્યા સુવાના ?
કહે કબીર સુનો ભાઈ સાધો છોડ ચલો અભિમાના !—૪

૧૫.

બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એ ભગવાન શંકરાચાર્યનું વચન ચરિતાર્થ કરવા માટે પ્રયત્ન ન કરે તો તે ખરેખર ભારતીય કહેવરાવવા માટે લાયક નથી. જગત એ માયાનું પરિણામ છે. તેથી જગત તરફની દ્રષ્ટિઓ માયાજાળ બની જાય. આત્મકલ્યાણ સાધવામાં ઉપયોગી થઈ શકતી નથી. અંતર્મુખતા કેળવાય તો જ આત્મકલ્યાણ સાધી શકાય અને મુક્તિ મળે.

જા કુલમેં કોઈ ભક્ત ન કહાવે, કુલકો કહાં લજાવે?
ગર્ભ સહિત ઉનકી માતા ક્યોં ન મર ગઈ
ઐસા બેટા ન આવે—ટેક૦

જોરુ લડકા સબ મિલિને માયામેં લપટાયે
પાની વલોનેસે મખ્ખન નહિ હોતા
તત્ત્વ કહાંસે પાયે?—૧

બહાર ઉજલા, ભીતર મૈલા, ઘના સ્વાદે ગાવે
પ્રીત બિનુ પાનો નહિ આવે ફીરી ફીરી વાછરૂં ધાવે—૨

ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે કોટિ ધજ્જ કહાવે
જો દીપકમેં જલે પતંગા ઐસે આપ જલાવે—૩

સંત સંગતમેં પલ નહિ આવે જમકા મારે જાવે
કહે કબીર સુનો ભાઈ સાધો ફીર ચોર્યાસી પાવે—૪

૧૬.

સુખ સંપત્તિમાં રાચતી જીવની પાર્થિવદષ્ટિ કામ, ક્રોધ, મદ, લોભ, મોહ ને મત્સરનો ભાર વધારે છે. તેથી ભવસાગર તરી શકવાને બદલે જીવ ડૂબી જાય છે. તેથી કબીર સાહેબ ઉપદેશ આપે છે કે હરિભક્તિ જ જીવને ઉગારી શકશે, અન્ય સાધન નહીં.

રામ નામ તત્ત્વસાર જગતમેં
ભજી લો બારંબાર
બેર બેર તો શીખ દેત હું;
સમજ્યો ક્યોં ન ગમાર ?—ટેક૦

લોભ લહેરકી નદી ચલત હૈ
લક્ષ ચૌયાસી ધાર
હલકે હલકે પાર ઉતર ગયે
પાપી સહે શિરભાર—૧

સુખ સંપત અરુ દૌલત જ્યાદા
ઈનમેં કહાં તુમ્હારા ?
કહે કબીર સુનો ભાઈ સાધો
હરિ ભજી ઉતરો પાર !—૨

૧૭.

પ્રભુભક્તિમાં જ મનુષ્ય જીવનનું સાર્થક્ય છે. આ જ્ઞાન ગુરૂ વિના કોણ આપી શકે ? અને જ્ઞાન વિના મુક્તિ કોણ મેળવી શકે ? પતિ ન હોવા છતાં વિધવા પોતાના શરીરને શણગારે તો કેવું લાગે ? જ્ઞાન થયું નથી, ગુરૂ કર્યા નથી, છતાં વિષયોમાં મન રાચે તે વિધવાના શણગાર જેવું જ છે.

હરિના ભજન વિના ધિક્ નરનારી
પ્રભુના ભજન વિના ધિક્ નરનારી—ટેક.

વૃથા જનમ ધર્યો સંસારી
બિન સુમરણ બાજી હારી—૧

ગુરૂ બિન ચેલા મુક્તિ ન પાવે
શબ્દ ન ચીને અહંકારી—૨

વિધવા નાર ધરે શૃંગાર
શોભે ન બિનુ ભરથારી—૩

સુંદિર નાર આભુષન પહિને
તીની લોક ફાંસી ડારી—૪

કહે કબીર સુનો ભાઈ સાધુ
સબયુગ દેખો અંધિયારી—૫

## ૧૮.

મનુષ્ય જન્મ દુર્લભ છે. વારંવાર મળતો નથી. પાકું ફળ જો ડાળ પરથી ખરી પડે તો ફરીથી ડાળ પર લગાડી શકાતું નથી. માટે મનુષ્ય જન્મને તક સમજી મનુષ્યે આત્મકલ્યાણ સાધવા તત્પર રહેવું જોઈએ. કબીર સાહેબની આ વિખ્યાત સાખીના વિવરણ રૂપ આ પદ છે.

લાડકડા મનવા તું હરિ ભજ વિલંબ ન કર રે
લાડકડા મનવા તું સમજી સુમરગ ચલ રે—ટેક.

કામ ક્રોધ મદ લોભ નિવારો
તૃષ્ણા દુર્મતિ કપટ વિસારો
લે ગુરૂ જ્ઞાન દીપક ઉજિયાલા
તબ તેરો મિટેગા તિમિર રે—૧

લખ ચોર્યાસી તું ભમી ભમી આયો
મનષા જનમ પદારથ પાયો
હીરો હાથ બહોર નહીં આયો
તું શોધ મુક્ત અવસર રે—૨

પરદા ખોલ મગન હોઈ રાચો
પુરણ પ્રભુ સોહી રંગે રાચો
પરધન પરદારા પરત્યાગી
તું પરનિંદા પરહર રે—૩

ગજપતિ છત્રપતિ ભૂપ કહાવે
બૈઠે તખત પર ચમર ઢોળાવે
યહ સુખ સ્વપ્ને કછુ તેરે નાહિ
કાલચંદસે ડર રે—૪

યહ તનકો સુખ ભોગ લગાવે
ખટ રસ અમૃત ભોજન પાવે
યહ તન કોડી કામ ન આવે
જળ ઉડ ચલે ભ્રમર રે—૫

લાખે ક્રોડે યત્ને નહીં પાવે
સતગુરૂ બિનુ જો પલ પાવે
જીતી જનમ પદારથ પાવે
જો તું સુમરે સતગુરૂ રે—૬

માત પિતા સુત બંધુ દારા
સબ તજી ચલ્યો હૈ અંતકી બેરા
ચેત ચેતાનંદ ચેન સબેરા
  તું ચેત અલખ અમર રે—૭

યહ તેરા અવસર, યહ તેરી બારી
કહાં જીત્યો, કહાં બાજી હારી
[1]કહત કબીર મૈં પ્રગટ પોકારું
  તું જીવિત હૈ અમર રે—૮

૯

૧ તૃષ્ણાને કારણે કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સર ઈત્યાદિ દુર્ગુણો વધે છે. બુદ્ધિ ભ્રષ્ટ બને છે. કપટ કરીને પણ તૃષ્ણા સંતોષવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ બધું મનુષ્યને શોભે નહિ. મનુષ્ય અવતાર તો મુક્તિ પદ પ્રાપ્ત કરવા માટે મળ્યો છે. તેથી પ્રથમ ગુરૂ કરી લેવા જોઈએ, જેથી અજ્ઞાનતાથી જે કાંઇ થઈ રહ્યું છે તે અટકે અને જ્ઞાનની ઝાંખી થાય. આત્મકલ્યાણના કાર્યમાં સગા સંબંધીની લાગવગ ચાલતી નથી. ધન સંપત્તિનો પ્રભાવ પણ કામ લાગતો નથી. આ બધું તો અંત વખતે અહીં જ મૂકી જવું પડે છે. માટે મનુષ્યે ગુરૂ કરી ગુરૂ ચીંધ્યા માર્ગે ગતિ કરવી જોઈએ, તો જ મનુષ્ય જન્મ સાર્થક બનશે.

૧૯.

પિયુ એટલે ભગવાન. ભગવાન ક્યાં રહે છે તે અગમ્ય છે. જીવનની જંજાળમાં, ઉપાધિગ્રસ્ત મન વડે કેવી રીતે શોધી શકાય ? તેથી ગુરૂ વિના શોધનો પ્રારંભ થઈ શકે નહિ. ત્યાં સુધી જીવનનું રહસ્ય સમજી શકાતું પણ નથી. અવળે માર્ગે સમય અને શક્તિ વેડફાય છે. પાપ અને પુણ્યના દ્વંદ્વમાં જ જીવ અટવાયા કરે છે. માટે ગુરૂદીક્ષા સન્માર્ગે પ્રાપ્તિ કરવામાં આવે તો જ પિયુ મિલનની ઘડી શક્ય બને.

મેરે પિયુ તો બસે રે અગમપુરી
મિલના કૈસે હોય—ટેક૦

હાજી કુંદન મેં જરજર્યાં, ખેવટ મત બાલ
નેહ રૂપી નદિયાં બહે કિસબિધ ઉતરું પાર—૧

હાજી પતિયા લિખી લિખી ભેજતી, કોઈ ન કહે રે સંદેશ
ઉસ નગરી મેં બાલમ બસે કૌન કહા ચે દેશ—૨

પાપ પુન્ય દોઉ બાનિયા વિષયા લગી રે બજાર
કેતે ક સૌદા કર ગયે, કેતે ક આવનહાર—૩

કહત કબીર સુનો ભાઈ સાધો સબમિલિ કરો વિચાર
પહેલે પરચે ગુરૂ મિલા, દુજે સરજનહાર—૪

૨૦.

હરિની અનન્ય ભક્તિ જ મુક્તિ અપાવી શકે. દેવ દેવીઓની ભક્તિ એ પુણ્ય કાર્ય જરૂર છે, પણ **क्षीणे पुण्ये मृत्युलोके विशन्ति** એ ભગવાનનાં વચન પ્રમાણે પુણ્ય ક્ષીણ થતાં ફરી પાછું આ મૃત્યુલોકમાં, જન્મમરણના ફેરામાં, જન્મવું પડે છે. વળી યજ્ઞ, તપ, દાન, તીરથ, વ્રત ઈત્યાદિ પણ પુણ્ય કાર્યો જ છે તેથી તે પણ મુક્તિ અપાવનારાં નથી. એકમાત્ર પ્રભુ, પરબ્રહ્મ પરમેશ્વરની ભક્તિ જ મુક્તિ અપાવે છે.

રામરસ પીજે રે નરનાર
હરિરસ પીજે રે નરનાર—ટેક૦

રત્ન પદારથ સાર દેહી તે સુંદર પાઈ
કર કર ઓછા કર્મ ભૂલ મતિ કહાં ગુમાઈ
સ્વર્ગ લોક ઈચ્છે સદા રે મનખા દેહી અવતાર
કાચ મણિ કરમેં લિયો, હીરો ખોજ ગમાર–૧

અન્ય દેવકો ધાઈ કુશળતા કહાંસે પાઈ
કરે ન સંતકી સેવ, હેતસે કુટુંબ જમાઈ
જો ખર્ચે વો રામકી રે, આપ લેત બડાઈ
પરમારથકી ગમ નહિ, ફિર ચોર્યાંસી પાઈ-૨

તીરથ વ્રત સ્નાન કરી કરી બહુત ભલાઈ
યોગ યજ્ઞ તપ દાન કિયે કછુ રામ ન પાઈ
આતમ દેવ ચિન્યા વિના તબ લગી જૂઠી સેવ
જો કરે સો ભ્રમના, કહાં તીરથ, કહાં દેવ ?–૩

રામરસ પીયા, ચાહે તો ભેદ સદગુરૂસે લીજે
હેત કર હો પહિચાન, પ્રેમસું યહી રસ પીજે
કહત કબીર પરિબ્રહ્મકી, જલ રહી જ્યોત અખંડ
અરધ ઉરધ કે ઘાટ મેં, નિશદિન પરમાનંદ–૪

✲

## ૨૧.

ગૃહસ્થીઓએ ગૃહસ્થાશ્રમ કેવી રીતે વીતાવવો જોઈએ તેની શિખામણ આ પદમાં મળે છે. ઘર માંડવું તેનો અર્થ એવો નથી થતો કે માત્ર ભૌતિક સમૃદ્ધિ જ એકઠી કરવામાં તમામ સમય પસાર કરવો. ભૌતિકતાની સાથે આધ્યાત્મિકતા પણ કેળવતાં જવું જોઈએ. તો જ પારભૌતિક પ્રદેશ સુધી પહોંચી શકાય. આખરે ભૌતિક સમૃદ્ધિ, કુટુંબ પરિવાર પોતે નાશવંત છે તેથી ભવપાર કરાવી શકે નહિ. જે સનાતન તત્ત્વ છે તેને ગુરુ પાસેથી ઓળખી લઈ ઘર ચલાવતા ચલાવતા સાધના કરતા જવું જોઈએ તો ચોર્યાસીના ફેરા ટળી શકે.

અબ ક્યોં ન ચેતો રે નરનાર
અબ ક્યોં ન ચેતો રે.........ટેક.

નરનારી દોઉ મિલકે તુમ કહાં કમાયે
વિષયા લાગી સ્વાદ સાંઈસે રંગ ન લાયે
ભક્તિ વિસારી શમકી રે, ઇન્દ્રિય કેરે સ્વાદ,
બેર બેર તોરે કહું રે જન્મ ગુમાયો બાદ—૧

માતપિતા સુત નાર, બહુત તોહે મીઠી લાગે
સ્વપ્ના સરિખો સ્વાદ, ગુરૂગમસે ન જાગે,
સ્વારથસે સબ હુ મિલે, આતે જાતે પરિવાર
બહુત જતનસે બાંધિયો, હોત નહિ સાધાર—૨

કર સાચો વેપાર, જાહિ મેં ખોટ ન આવે
કર્મ ભ્રમકી બાદ ચોરાશી મિટ હી જાવે
સેવા કીજે સંતકી રે જામેં જ્યોતિ પ્રકાશ
નર નારી દોઉં મિલકે કરો બ્રહ્મમેં વાસ—૩

સત ગુરૂકે પરતાપ રૂપ અપનો કર જાનો
હેત કર હોવે પહિચાન ભાવ મન આનો
કહેત કબીર હિલમિલ રહો, અપને પિયુ કે સંગ
બ્રહ્મજ્ઞાન મેં ઝીત રહો, નરનારી એક સંગ—૪

ૐ

૨૨.

પદ અત્યંત સરળ છે. ઉપદેશ સીધો અને સચોટ છે. સાચો સંબંધી આ જગતમાં કોણ? જે આત્મદર્શન કરાવી શકે તે સાચો સંબંધી. કુટુંબીઓ કે અન્ય સગાઓ સાચા સંબંધી નથી કારણ કે આત્મદર્શન કરાવી શકવાને સમર્થ નથી. તેથી સદ્ગુરુ જ સાચા સંબંધી અને સંગાથી.

જો ને વિચારી તું જીવડા, શા સુખમેં મોહી રહ્યો જી—ટેક.
આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાવું જી
વચમેં સંબંધ શા કામના, માયા જાળ મેં બંધાયો જી—૧
મારું મારું શું કરી રહ્યો, નહીં મળે તાહેરું તન જી
જુઠા રે પુત્ર ને પ્રેમદા, જુઠો ભવનો ભંડાર જી—૨
ધન રે મળ્યાનો ધર્મ એજ છે, જે કાંઈ હાથે વપરાય જી
અંત સમે સહુ મેલી જશે, પલમેં થશે પરાયો જી—૩
જમ રે જોરાવર લઈ જશે, મેલશે ચોર્યાસીમેં ઠેલી જી,
દારુણ દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલી જી—૪
સાચું સગપણ હરિગુરૂ સંતનું, જીવને જાલમેંથી કાઢે જી,
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવે જી—૫
૧ માની શકે તો માનજે, લેવો મનખાનો લ્હાવો જી,
દાસ કબીર સાચું કહે, ફરી નહિ મળે આવો દાવ જી—૬

૧ મૂળ પાઠ આ પદનો જુદો હશે. અમારી મર્યાદાને કારણે અમો મૂળ પાઠ શોધી શક્યા નથી. ગુજરાતી ભાષાની જ લઢણ રહેવા દઈ માત્ર પદનો માર્મિક ધ્વનિ સ્ફુટ કરી આપવાનો જ પ્રયાસ કરી શક્યા છીએ.

૨૩.

શરીર પર મનનું શાસન ચાલે ત્યાં સુધી મન પ્રભુપરાયણ થઈ શકતું નથી. જીવ તો માયામાં લપટાશે. માયામાં રહી માયાથી અળગા રહેવાની યુક્તિ ગુરૂ વિના કોણ બતાવે ? જગકલ્યાણ ચતુરાઈ યોગના સાધનથી પ્રાપ્ત થાય છે. પ્રથમ પ્રાણના સંયમથી સાધક પ્રાણોત્થાન કરે છે. પ્રાણોત્થાન થાય ત્યારે શરીર પર પ્રાણનું શાસન ચાલે છે. મન ત્યારે તટસ્થ રહે છે. સત્વ ગુણની વૃદ્ધિ થાય છે. પ્રસન્નતા પ્રગટે છે. શરીરમાં મલ, ચિત્તમાં વિક્ષેપ અને બુદ્ધિ પરનું આવરણ બધાં દૂર થાય છે. સાધકને ઓમનો ગૂઢ નાદ સંભળાવા લાગે છે. આ રીતિ સાધક આત્મદર્શન સુધી પહોંચી જાય છે અને પરિણામે અભય પદની પ્રાપ્તિ કરે છે.

મારું મન માન્યું રમતા રામ શું,
ભજીલોને સર્જન હારજી—ટેક.

અરધ ઉરધને ચોતરે, ત્યાં છે સંતનો મુકામજી
ચતુર ચતુર નર સોદા કરે, ત્યાં નહિ મુરખનું કામજી—૧

ચાંદા સુરજ દોઉ સમવર્યાં, તખ્ત ત્રિવેણીને ઘાટજી,
અંતર અજવાળાં હોઈ રહ્યા, વિઘ્ન વ્યાપે ન અંગજી—૨

ક્ષર અક્ષરની ઉપરે, હંસ પહોંચ્યા ત્યાં જાયજી
કરમ ભરમ વ્યાપે નહીં, સુખમેં રહ્યો [illegible]—3

૧અરસ પરસ એમ હોઇ રહ્યાં, બાજે અનહદ તૂરજી,
દાસ કબીર નિર્ભય ભયા, લગી અલખશું નેહજી—૪

---

૧ આ પદનો પણ મૂળ પાઠ શોધી શકાયો નથી. એમાં વપરાયલી યોગની પરિભાષાની સમજ આ પ્રમાણે છે:

(अ) અરધ ઉરધને ગોળરે— આજ્ઞાચક્ર સુધી પ્રાણોત્થાન થાય તે

(ब) ચાંદા સુરજ—ઇડા તથા પિંગળા નાડી

(क) તખત ત્રિવેણીને ઘાટ—સુષુમ્ણાનાડી

(ड) દાર અમરની ઊપરે—જડ પ્રકૃતિ અને ચેતન પ્રકૃતિ

(इ) અનહદ તૂર—ઓમનો નાદ.

૨૪.

દુનિયાની રીત ઊંધી છે. જેનો ત્યાગ કરવો જોઈએ તેનો ત્યાગ ન કરે અને જેનો ત્યાગ ન કરવો જોઈએ તેનો ત્યાગ કરે. આ અવળી ગતિથી ક્ષણિક સુખ પ્રાપ્ત થાય છે, પણ તેથી શું વળે ? ખરેખર તો સર્વસ્વનો ત્યાગ કરવો ઘટે તો કરવો પણ પરમ સુખ આપનારું ભગવાનના નામનું સ્મરણ તો છોડવું ન જોઈએ.

નામ જપન ક્યોં છોડ દિયા ?
ક્રોધ ન છોડા, જૂઠ ન છોડા,
સત્ય વચન ક્યોં છોડ દિયા ?—ટેક.

જૂઠે જગમેં દિલ લલચાકર
અસલ વતન ક્યોં છોડ દિયા ?
કૌડીકો તો ખૂબ સમ્હાલા
લાલ રતન ક્યોં છોડ દિયા ?—૧

જિહિ સુમિરન તે અતિ સુખ પાવે
સો સુમિરન ક્યોં છોડ દિયા ?
ખાલસ ઇક ભગવાન ભરોસે
તન, મન, ધન ક્યોં ન છોડ દિયા ?—૨

૨૫.

**ક્ષુરસ્ય ધારા નિશિતા દુરત્યયા** એ ઉપનિષદ્ વચનની યાદ આપતું આ પ્રીતમદાસનું પદ સરળ છે. તલવારની ધાર પર ચાલવા જેટલો અઘરો હરિનો માર્ગ છે. માયાલાલચુ અજ્ઞાની માણસ આ માર્ગે પ્રગતિ ન કરી શકે. જ્ઞાની માણસો જ દૃઢ મનોબળથી અત્યંત મુશ્કેલ લાગતો માર્ગ પસાર કરી શકે છે અને પરિણામે મોતી સ્વરૂપ મુક્તિપદને પામે છે.

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને—૧

સુત વિત દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને—૨

મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુવે તમાશા, તે કોડી નવ પામે જોને—૩

પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને—૪

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા મૂકી મનનો મેલ જોને—૫

રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદિન નિરખે જોને—૬

૨૬.

સંતનો મહિમા આ પદમાં ગાયો છે. હરિનો માર્ગ અજ્ઞાનીને અઘરો લાગે છે પરંતુ જ્ઞાનીને સ્હેલો લાગે છે. કારણ એટલું જ કે ગુરુકૃપાથી, સંતસમાગમથી, જ્ઞાની યુક્તિપ્રયુક્તિ જાણી લે છે અને એ આધારે હરિની બળવાન ગણાતી માયાને તરી જઈ શકે છે.

સંતકૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને;
શ્વાસોશ્વાસે સુમરણ કરતા, પાંચે પાતક જાય જોને—૧

કેસરી કેરે નાદે નાસે, કોટિ કુંજર જૂથ જોને;
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સુખ જોને—૨

અગ્નિને ઉધઈ નવ લાગે, મહામણિને મેલ જોને;
અપાર સિંધુ મહાજળ ઊંડા, મરજીને મન રહેલ જોને—૩

બાજીગરની બાજી તે તો, જંબુરો સૌ જાણે જોને;
હરિની માયા બહુ બળવંતી, સંત નજરમાં નાણે જોને—૪

સંત સેવતા સુકૃત વાધે, સહેજે સીધા કાજ જોને;
પ્રીતમના સ્વામીને ભજતા, આવે અખંડરાજ જોને—૫

૨૭.

મીરાંબાઈની અનન્ય ભક્તિનું આ અત્યંત સરસ પદ છે. સર્વસ્વ ત્યાગ કરી એકમાત્ર ભગવાનમાં જ મસ્ત રહેનાર મીરાંબાઈને લૌકિકતાનો ડર ન હતો. લગની લાગે ત્યારે જે થવાનું હોય તે થાય એવી ખુમારી આવે છે. એવી ખુમારીવાળું આ પદ છે.

મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ,
દૂસરા ન કોઈ, સાધો સકલ લોક જોઈ—ટેક.

ભાઈ છોડયા, બંધુ છોડયા છોડયા સગા સોઈ
સાધુ સંગ બૈઠ બૈઠ, લોક લાજ ખોઈ—૧

ભગત દેખ રાજી હુઈ, જગત દેખ રોઈ,
અઁસુવન જલ સીંચ સીંચ પ્રેમવેલી બોઈ—૨

દધિમથ ઘૃત કાઢી લિયો, ડાર દઈ છાઈ,
રાણા વિષકો પ્યાલો ભેજ્યો, પીય મગન હોઈ—૩

અબ તો બાત ફૈલ પડી, જાણે સબ કોઈ
મીરાં એમ લગણ લાગી, હોની હોઈ સો હોઈ—૪

૨૮.

[1] ભક્તિના અનેક પ્રકારો છે. નવધાભક્તિમાં દાસ્યભક્તિનો એક પ્રકાર છે. ભગવાનના દાસ બની જઈ ભક્તિ કરવાની ભાવના જાગે એવું આ મીરાંબાઈનું વિલક્ષણ પદ છે.

મ્હને ચાકર રાખોજી,
ગિરિધારી લાલા ચાકર રાખોજી—ટેક૦
ચાકર રહસૂં, બાગ લગાસૂં નિત ઉઠ દરસન પાસૂં
વૃન્દાવનકી કુંજ ગલિનમેં, ગોવિન્દ લીલા ગાસૂં—૧
ચાકરીમેં દરસન પાઉં, સુમિરન પાઉં ખરચી
ભાવ-ભગતિ જાગીરી પાઉં તીનો બાતાં સરસી—૨
મોર મુકુટ પીતાંબર સોહે, ગલે બૈજંતી માલા,
વૃન્દાવનમેં ધેનુ ચરાવે, મોહન મુરલી વાલા—૩
ઉંચે ઉંચે મહલ બનાવૂં, બિચ બિચ રાખી બારી
સાંવરિયા કે દરસન પાઉં પહર કુસુમ્બી સારી—૪
જોગી આયા જોગ કરનકૂ, તપ કરને સન્યાસી
હરિ ભજનકૂ સાધુ આવે, વૃન્દાવન કે વાસી—૫
મીરાં કે પ્રભુ ગહિર ગભીરા, હૃદે રહોજી ધીરા
આધી રાત પ્રભુ દરશન દીન્હો, જમુનાજી કે તીરા-૬

---

૧ श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनं ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनं ॥
અર્થાત શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન એવા ભક્તિના નવ પ્રકારો છે.

૨૯.

આ નાશવંત શરીરમાં અવિનાશી આત્માનો વાસ છે. જન્મથી તે મરણ સુધી શરીરમાં ફેરફાર થયા જ કરે તેથી તે નાશવંત છે. જેમાં કાંઈ જ ફેરફાર થતો નથી તેવો તો માત્ર આત્મા જ છે. તેથી વ્યાપક અર્થમાં આ જ્ઞાન પ્રેમથી મીરાંબાઈએ પીધું છે અને અન્યને પાયું પણ છે.

જૂનું થયું રે દેવળ જૂનું થયું
  મારો હંસલો નાનો દેવળ જૂનું થયું–ટેક૦

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
  પડી ગયા દાંત, માયલી રેખું તો રહ્યું!–૧

તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે,
  ઉડી ગયો હંસ, પીંજર પડી તો રહ્યું!–૨

બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરિધરના ગુણ,
  પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીવું–૩

૩૦.

ચર અચર કોઈ પણ પદાર્થનું બીજ ભગવાન પોતે છે. તે દૃષ્ટિએ તે સહુ ભગવાનની વિભૂતિ રૂપ જ ગણાય. દેવદેવીઓ પણ ભગવાનની જ વિભૂતિ છે. કોઈને ભગવાનની વિભૂતિ પર ભક્તિભાવ જાગે છે તો કોઈને સાક્ષાત ભગવાન પર ભાવ જાગે છે. માત્ર ભગવાનમાં ચિત્ત રાખનારનો ભાવ અનન્ય કહેવાય છે. તેથી તેની ભક્તિ પણ અનન્ય છે. મીરાંબાઈની ભક્તિ એવા પ્રકારની છે.

સુંદિર શ્યામ શરીર,
મોરે મન, સુંદિર શ્યામ શરીર—ટેક૦

૧ કોઈને ભાવ ભવાની ઉપર,
કોઈને વ્હાલા પીર—૧

---

૧ यच्चापि सर्वभूतानाम बीजम् तदहमर्जुन !
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥

સર્વ ભૂતોની ઉત્પત્તિનું કારણ જે બીજ છે તે પણ હું જ છું કેમ કે હે ! અર્જુન, ચર તથા અચર કોઈ પણ પદાર્થ એવો નથી કે જે મારા વિના ઉત્પન્ન થઈ શક્યો હોય. આ સિદ્ધાંતને આધારે સર્વ પદાર્થો પણ ભગવાનની જ વિભૂતિ છે. '**अहमादिर्हि देवानाम्**" એ ઉક્તિને આધારે દેવદેવીઓ પણ ભગવાનની જ વિભૂતિ છે. તેથી જ ભગવાન કહે છે કે

કોઈને હસ્તી કોઈને તે ઘોડા,
કોઈને મહેલ મંદિર—૨

કોઈને ગંગા, કોઈને યમુના,
કોઈને અડસઠ તીર—૩

મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ,
હરિ હલધર કેરા વીર—૪

**ये यथामाम् प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् !**
**मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥**

અર્થાત જેઓ મને જે પ્રકારે ભજે છે, તેમને તે જ પ્રકારે હું ભજું છું તેથી હે અર્જુન ! તત્વ જાણનારાઓ તો મારા માર્ગને જ અનુસરે છે. જેઓ તત્વ નથી જાણતા તેઓ વિભૂતિમાં ભગવાનના દર્શન કરી શકતા નથી તેથી તેઓ દેવોની જ ભક્તિ કરે છે. દેવોની ભક્તિથી મનોકામના તેઓની પૂર્ણ થાય છે પરંતુ ભગવત્ ભક્તિનો અનન્ય ભાવ જાગ્યો ન હોવાથી પરમ પદને પામી શકતા નથી. આટલું અનન્ય ભક્તિનું મહત્વ છે.

## ૩૧.

મનુષ્ય જન્મનો હેતુ હરિભક્તિ કરવાનો છે. તેથી આ હેતુને લક્ષમાં લઈ દરેકે જીવન જીવવાનું આયોજન કરવું જોઈએ. હેતુ બર આવવા ન દે એવા તત્ત્વોથી અળગા રહેવું જોઈએ. વૈભવ-વિલાસ કે ભૌતિક સમૃદ્ધિ એ આત્મકલ્યાણના માર્ગમાં અડચણો ઊભી કરનારાં તત્ત્વો છે તેથી મીરાંબાઈ સર્વેને સાવધ બનાવે છે.

બોલ મા બોલ મા બોલ મા રે
રાધા-કૃષ્ણ વિના બીજું બોલમા - ટેક૦

સાકર શેલડીનો સ્વાદ તજીને
કડવો લીમડો ઘોળમા રે—૧

ચાંદા સુરજનું તેજ તજીને
આગિયા સંગાતે પ્રીત જોડમા રે—૨

હીરા માણેક ઝવેર તજીને
કથીર સંગાતે મણિ તોલમા રે—૩

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
શરીર આપ્યું સમતોલમા રે—૪

## ૩૨.

હરિને પતિ માની મીરાંબાઈની પ્રેમ લક્ષણા ભક્તિ આ પદમાં સુંદર રીતે વ્યક્ત થઈ છે. ભાવ જેટલો સાત્ત્વિક છે તેટલી શૈલી પણ સરળ અને સચોટ છે. પીતાંબર, માથે મુગટ, કાને કુંડળ અને મુખે મુરલી એ કૃષ્ણના મનોહર સ્વરૂપનાં દર્શન, યમુના નદીએ પાણી ભરવા આવતાં જતાં થવાથી ગોપીઓ જે રીતે કૃષ્ણની થઈ ગઈ હતી તે રીતે, મીરાંબાઈ પણ ગોપી ભાવે કૃષ્ણને વરી છે.

નહિ રે વિસારું હરિ,
અંતરમાંથી, નહિ રે વિસારું હરિ–ટેક૦

જળ જમુનાના પાણી રે જાતાં,
શિર પર મટુકી ધરી–૧

આવતાં ને જાતાં મારગ વચ્ચે,
અમૂલખ વસ્તુ જડી–૨

આવતાં ને જાતાં વૃન્દા તે વનમાં,
ચરણ તમારે પડી–૩
પીળાં પીંતાબર જરકશી જામા,
કેસર આડ કરી–૪
મોર મુકુટ ને કાને રે કુંડળ,
મુખ પર મુરલી ધરી–૫
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
વિઠ્ઠલ વરને વરી–૬

૩૩.

રામરૂપી બાણુ અનન્ય છે, વિશેષ પ્રકારનાં છે. અન્ય બાણુથી જીવહિંસા થાય છે જ્યારે રામરૂપી બાણુથી જીવનો ઉદ્ધાર થાય છે. રામરૂપી બાણુ મારક નથી તારક છે એ ભાવ ધનો ભગત આ પદમાં ધ્રુવ, પ્રહ્‌લાદ, શુકદેવજી, મોરધ્વજ રાજા, મીરાંબાઈ, નરસિંહ મહેતાના વિશેષ પ્રસંગોની યાદ અપાવી સરળ અને સચોટ શૈલીથી વ્યક્ત કરે છે.

રામ બાણુ વાગ્યાં હોય તે જાણે !
ધ્રુવને વાગ્યાં, પ્રહ્‌લાદને વાગ્યાં,
કરી બેઠાં ઠેકાણે,
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યાં,
વેદ વચન પરમાણે—૧
મોરધ્વજ રાજાના મન હરી લેવા,
વ્હાલા પધાર્યા તે કામે,
કાશીએ જઇને કરવત મેલાવ્યા,
પુત્ર પત્ની બેઉ તાણે—૨
બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને
રાણો ખડગ લઈ તાણે,
ઝેરના પ્યાલા ગિરિધરલાલે,
અમૃત કર્યા એવે ટાણે—૩
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી,
ખેપ કરી ખરે ટાણે,
અનેક ભક્તોને એણે ઉગાર્યા
ધનો ભગત ઉર આણે—*૪

૩૪.

ઈશ્વરેચ્છા બળવાન છે. ઈશ્વર ધારે તે કરી શકે છે એટલો સમર્થ છે. માટે સ્વાભાવિક રીતે તેનું શરણું પકડનાર સર્વ રીતે નિર્ભય બની જાય છે. ભક્તનું ભગવાન રક્ષણ કરે જ છે એટલું નહિ પણ રક્ષણની કોઈ તક ભગવાન ચૂકતા નથી એ સદૃષ્ટાંત ધીરો ભગત આ પદમાં સમજાવે છે. માત્ર રક્ષણ જ કરે છે એમ નહિ પણ સાથે ધર્મનો ઉદ્ધાર કરે છે, અધર્મનો નાશ કરે છે. ધર્મ-અધર્મના પલ્લાંને સમાન રાખી સર્વની સંભાળ ભગવાન રાખે છે.

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે ?
અવર નહિ દેખું રે, બીજો કોઈ પ્રભુ પખે !—ટેક

ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રાય,
થળને થાનક જળ ચલાવે, જળ થાનક થળ થાય;
તરણાંનો તો મેરુ રે, મેરુનું તરણું કરી દાખવે !—૧

નીંભાડાથી બળતાં રાખ્યાં, માંજારીનાં બાળ,
ટીંટોડીના ઇંડા ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ;
અન્ત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે—૨

બાણ તાણીને ઉભો પારધી, સીંચાણો કરે તકાવ,
પારધિને પગે સર્પ ડસિયો, સીંચાણા શિર માંહીં ઘાવ;
બાજ પડયો હેઠો રે, પંખી ઉડી ગયાં સુખે—૩

ગજ કાતરણી લઈને બેઠા હરજી તો દીનદયાળ,
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ તો મારો હીંડે હકે—૪

©

૩૫.

આત્મવિદ્યા સર્વશ્રેષ્ઠ વિદ્યા છે. જ્યાં લગી મનુષ્ય દેહ હોય ત્યાં સુધી આત્મવિદ્યા માટે પૂરતો પ્રયત્ન કરવો જરૂરી છે. કારણ કે સર્વ પદાર્થ તો નાશવંત છે. તેથી સંસાર આત્મવિદ્યા પ્રાપ્ત કરવા માટે ઉપયોગી થતો નથી. ઉપયોગી બે જ વસ્તુ છે; એક સત્કર્મ રૂપી પુણ્ય અને બીજું હરિભજન. આ બંને આત્મવિદ્યા પ્રાપ્ત કરવામાં અત્યંત ઉપયોગી છે માટે નિત્ય હરિભજન કરવું જોઈએ અને સર્વ કર્મો પ્રેમપૂર્વક પ્રભુને અર્પતા જવું જોઈએ.

જ્યાં લગી આતમા અંગમાં છે.
ત્યાં લગી હરિ હરિ તું કહે—ટેક૦

હાલતાં હરિ ને ચાલતાં હરિ, ને બેસતાં હરિ તું કહે;
સુતા પ્હેલાં સુમરણ કરે તેની બોલાય બધે જે જે—૧

લીધા સરીખું નામ હરિનું લઈ શકે તો લે;
દીધા સરીખું દાન છે અન્નનું, દઈ શકે તો દે—૨

આ રે સંસાર તો સર્વે ખોટો, ને સાચી વસ્તુ બે;
એક પુણ્ય બીજું હરિભજન ભાઈ, જીવડા સમજી લે ૩

સર્વે પદારથ નાશવંત ભાઈ, ને આતમા અખંડ છે;
કીડી થકી તે કુંજર લગણ ભાઈ, કાળ ચક્કરનો ભે—૪

એક દિન આંગણે દીવા, વિવાહ વળી, ઢોલ શરણાઈ બજશે;
કહે જીવણ એવો એક દિન આવશે, સમશાનો ધગશે —૫

૩૬.

ગુરુનો મહિમા દર્શાવતું આ પદ અતિ સરળ છે. કર્મનું બીજ બળે જ્ઞાનથી. જ્ઞાન મળે ગુરુ પાસેથી. ગુરુ વિના શાસ્ત્રોનાં પોથાં વાંચ્યા કરવાથી જ્ઞાનની સિદ્ધિ થતી નથી. શ્રદ્ધાથી ગુરુ પાસે જઈએ તો જ ગુરુકૃપા પ્રાપ્ત થાય અને તો જ અજ્ઞાનરૂપી અંધારું દૂર થાય.

સદ્ગુરુ શરણ વિના અજ્ઞાન-તિમિર ટળશે નહિ રે,
જન્મ મરણ દેનારું બીજ ખરું બળશે નહિ રે ટેક૦

પ્રેમામૃત વચ-પાન વિના,
સાચા ખોટાના ભાન વિના,
ગાંઠ હૃદયની જ્ઞાન વિના ગળશે નહિ રે—૧

શાસ્ત્ર પુરાણ સદા સંભારે,
તન મન ઇન્દ્રિય તત્પરવારે,
વગર વિચારે બળમાં સુખ રળશે નહિ રે—૨

તત્ત્વ નથી મારા તારામાં,
સૂજ સમજ નરતા સારામાં
સેવક સુત દારામાં દિન વળશે નહિ રે—૩

કેશવ હરિની કરતાં સેવ,
પરમાનંદ બતાવે તેવ,
શોધ વિના સજ્જન એવા મળશે નહિ રે—૪

૩૭.

ભવરોગ મટાડવો હોય તો વૈદ્ય સ્વરૂપ ભગવાન પાસે જવું પડે અને પ્રેમપૂર્વક, આજીજીપૂર્વક, હકીકત કહેવી પડે. વૈદ્યસ્વરૂપ ભગવાનનો પ્રેમ સંપાદન કરનાર જ "લાજ તમારી જાશે" એમ અધિકારપૂર્વક કહી શકે. સંપૂર્ણ શરણાગતિનો ભાવ હોય તો જ વૈદ્યસ્વરૂપ ભગવાન ભવરોગીનો રોગ મટાડી શકે.

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે—ટેક

પથ્યાપથ્ય નથી સમજાતું,
દુઃખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે—૧

અનાદિ આપ વૈદ્ય છો સાચા,
કોઈ ઉપાય વિષે નહીં કાચા,
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે—૨

વિશ્વેશ્વર શું હજી વિચારો,
બાજી હાથ છતાં કાં હારો,
મહા મૂંઝારો મારો નટવર ટાળજો રે—૩

કેશવ હરિ મારું શું થાશે,
ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે—૪

૩૮.

આ આધુનિક ભજન છે. એના કવિ નરસિંહરાવ દિવેટિયા છે. આ ભજન તેમના નાના પુત્રના અવસાન પ્રસંગે લખ્યું હતું. એ દૃષ્ટિએ પ્રાસંગિક કહેવાય. પ્રેમ અમીરસનો દયાળુ પ્રભુ પાસેની યાચનાનો ભાવ આ ભજનને પ્રાસંગિક મટાડી દે છે અને સર્વકાલિક બનાવી દે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે એકમાત્ર પ્રેમ જ એકતાનું માધ્યમ છે.

મંગલ મંદિર ખોલો,
દયામય ! મંગલ મંદિર ખોલો—ટેક

જીવન વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો લ્યો—૧

નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો—૨

૩૯.

**"જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં"** અથવા **"જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતે"** એ ભગવાન શ્રી કૃષ્ણના ગીતાવચનનો ખ્યાલ કરીએ તો આ પદનો મર્મ સમજાય. જ્ઞાન વિના બીજી કોઈ પવિત્ર વસ્તુ નથી તેથી કવિ જ્ઞાનની જ ભગવાન પાસે માંગણી કરે છે. જ્ઞાન રૂપી અગ્નિ સામાન્ય અગ્નિ નથી. જ્ઞાનની ચિનગારી અતિ અજબ છે. જ્ઞાનના અગ્નિથી સર્વકર્મનો નાશ થાય છે. કર્મનો નાશ થાય તો જ મન સ્થિર થઈ શકે છે અને આત્મકલ્યાણ સાધી શકાય છે.

એક જ દે ચિનગારી,
મહાનલ ! એક જ દે ચિનગારી—ટેક

ચકમક લોઢું ઘસતાં ઘસતાં
ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી—૧

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
સળગી આભ અટારી;
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી—૨

ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ ! હું અધિક ન માગું,
માગું એક ચિનગારી—૩

# બારમાસી પદો

મનુષ્યે પોતાની રીતે સંકીર્તન એટલે સામુદાયિક સંગીતની શાખાનો વિકાસ કર્યો છે. એ શાખામાંથી કાંસા દ્વારા થતાં ભજનોનો એક પ્રકાર જુદો પડ્યો. આપણા તમામ ભજનોનો આ પ્રકારમાં સમાવેશ થઈ જાય છે.

બારમાસી પદો એટલે બારે માસ ગાઈ શકાય તેવાં પદો. આ પદો કોઈ પણ ઋતુમાં ગાવાં હોય તો ગાઈ શકાય છે. વસંત-ઋતુમાં આ પદો જેટલાં મધુર લાગે છે તેટલાં જ મધુર વર્ષાઋતુમાં પણ લાગે છે. પરંતુ રસ વિના કોઈ પણ વસ્તુમાં કસ જણાશે નહિ. ભજનમાં જ રસ ન હોય તો ગમે તે ઋતુમાં ભજન કંટાળા-જનક જ લાગે. આજે આપણે ત્યાં આવી જ દશા છે. રસ ઓછો થવાનાં ઘણાં કારણો હશે પરંતુ એક પ્રશ્ન ખાસ પૂછવામાં આવે છે કે આપણા ભજનોમાં શબ્દ અને સંગીતને સ્થાન કેટલું? તેથી શબ્દ અને સંગીત વિશે અહીં થોડી સમજૂતી કરી લઈએ તો અસ્થાને ગણાશે નહિ એમ આપણે માનીએ છીએ.

ઓમ્કાર સર્વક શબ્દ ગણાયો છે. કારણ કે પરમાત્માનો એ વાચક શબ્દ છે એમ ગીતામાં કહ્યું છે. મનુષ્ય આ સર્વક શબ્દની

જ અભિવ્યક્તિ છે. એ કેવી રીતે? ઓમકાર એ ત્રિગુણાત્મક સૃષ્ટિની સાંકેતિક સંજ્ઞા છે. અ, ઉ, મ્ દ્વારા સત્વ, રજ ને તમ; જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ; આકાશ, પૃથ્વી ને પાતાળ; બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ; એ તમામ ત્રિપરિમાણોનો સમાવેશ ઓમકાર શબ્દમાં કરવામાં આવ્યો છે. ત્રિગુણાત્મક સૃષ્ટિનું મહત્વનું અંગ તે મનુષ્ય. આ રીતે મનુષ્ય ઓમકાર શબ્દની અભિવ્યક્તિ છે એમ કહેવાયું છે. આ જ સિદ્ધાંતને આધારે સંગીતશાસ્ત્ર માને છે કે મનુષ્ય પર અવાજની ધારી અસર ઉપજાવી શકાય છે. આ હકીકત પણ છે જ. કોઈ પણ અવાજની ત્વરિત અસર આપણા ચિત્તતંત્ર પર થાય છે. તેનો આપણુ સહુને અનુભવ છે. માટે સંગીતનું ધ્યેય સામુદાયિક એકરાગિતાનું નહિ પરંતુ પરમાત્મા સાથે વ્યક્તિગત ઐક્ય સાધવાનું છે. આ રીતે ભારતીય સંગીત એ આત્મલક્ષી, આધ્યાત્મિક અને વ્યક્તિગત કળા તરીકે માન્ય થયું છે.

સામાન્ય રીતે શબ્દ અને સંગીત બંને સાધનો અલગ અલગ લાગશે. ભજનો શબ્દ આધારિત છે જ્યારે સંગીત નાદ આધારિત છે. પરંતુ નાદ ક્યાં રહેલો છે? ખરેખર તો નાદ શબ્દમાં જ સૂક્ષ્મ સ્વરૂપે છૂપાયલો રહે છે. જ્યારે શબ્દનું ઉચ્ચારણ થાય ત્યારે જ નાદની પ્રતીતિ થાય છે. શબ્દ એ સ્થૂળ સ્વરૂપે છે અને નાદ એ સૂક્ષ્મ સ્વરૂપે છે. 'રામ' એ શબ્દ થયો અને રામ શબ્દના ઉચ્ચારથી જે ધ્વનિ પેદા થાય તે નાદ થયો. રામ શબ્દનો જાપ માનસિક રીતે કરો તો નાદ સૂક્ષ્મ સ્વરૂપે જ રહે છે, જેની પ્રતીતિ બીજાને થતી નથી. જ્યારે રામ શબ્દનો વાચિક રીતે જાપ કરવામાં આવે તો નાદ સ્થૂલ

મટી સ્થૂળ સ્વરૂપ ધારણ કરે છે તેથી તેની પ્રતીતિ બીજાને તરત જ થાય છે. કેટલીકવાર એવો અનુભવ થાય છે કે સારું સંગીત સાંભળ્યા પછી વર્ષો સુધી તેની મધુર યાદ આવ્યા કરતી હોય છે. નાદના સૂક્ષ્મ સ્વરૂપની આવી ખૂબી છે. સંગીતમય ભજનો થતાં હોય ત્યારે કેટલીક વાર એવું પણ બને કે શબ્દો લલચાવનારા વધારે હોય ત્યારે સાંભળનારનું ધ્યાન માત્ર શબ્દો તરફ જાય છે. તે જ રીતે જ્યારે શબ્દો કરતાં સંગીત વધારે મધુર લાગતું હોય ત્યારે સાંભળનારનું ધ્યાન માત્ર સંગીત તરફ જાય છે. મતલબ કે કોઈક વાર શબ્દ ગૌણ બને તો કોઈકવાર નાદ ગૌણ બને છે. પરંતુ રસિકજનોને માટે શબ્દ અને નાદ બંને સરખા મહત્વના છે. આપણે ત્યાં કાંસાથી ગવાતા ભજનોમાં નાદ અને શબ્દ બંને મહત્વના છે. આખરે શબ્દ જે કામ કરે છે તે જ નાદ પણ કરે છે. શબ્દ પણ ભાવ જ પેદા કરે છે અને નાદ પણ ભાવ જ પેદા કરે છે. સાંભળનારના હૃદયમાં ભાવની ભરતી આવે તો સમજવું કે બંને સાધનો કામિયાબ નીવડયાં. આ પરિસ્થિતિ નિર્માણ કરવી હોય તો બુદ્ધિને સતેજ કરવી પડશે અને કાનને સરવા બનાવવા પડશે.

કાંસા દ્વારા થતાં ભજનોના પ્રકારનો ધીમે ધીમે લોપ થતો જાય છે. છતાં એ પદ્ધતિની આગવી મજા પણ છે. તે આપણે ત્યાં કાંઈક અંશે જળવાઈ રહી છે. એ જાગતી રાખીશું તો પણ મોટું પુરુષાર્થ કર્યું એમ ભાવિ પેઢી ગણશે એવી અમોને ખાત્રી છે.

❁

## કલ્યાણની સાખી

૧

ગોડી તો અબ મિટ ગઈ, જબ અસ્ત ભયો હૈ ભાણુ
રાત ઘટિકા દો ગઈ, જબ પ્રગટયો રાગ કલ્યાણ.

૨

કલ્યાણુ કલ્યાણુ સબકો કહે, મેરે પ્રભુજીકો નામ કલ્યાણુ
સંત સંગત કલ્યાણુ હૈ, સો કરત કલ્યાણુ, કલ્યાણુ.

૩

કલ્યાણુ કરતા આસ મેરે, જડે જથારથ જીવ
કહે ગોકુલ ગુરૂ જ્ઞાનથી, સાક્ષાત્ કલ્યાણુ શીવ.

૪

કલ્યાણુ રાગ સબ માવડી, સબકો રાખત માન
ગોકુલ ગામકી ગવાલની, સો ગાવે રાગ કલ્યાણુ.

૧.

માનવની પ્રગતિમાં મન અગત્યનો ભાગ ભજવે છે. મનને યોગ્ય કેળવણી ન મળી હોય તો પ્રગતિ શક્ય બનતી નથી. તેથી ધર્મશાસ્ત્રોમાં મનને બંધન તથા મોક્ષનું કારણ કહ્યું છે. મનને કેળવવું એટલે મનને શુદ્ધ બનાવવાનો એક પ્રયત્ન. આ માટે શાસ્ત્રમાં ઘણા ઉપાયો બતાવ્યા છે. તેમાંનો એક ઉપાય તે સંતસમાગમ. આ પદમાં સંતસમાગમનો મહિમા વર્ણવ્યો છે. સંત સમાગમનું મહત્વ પારસના રૂપકથી, ચંદનવૃક્ષના રૂપકથી અને હોડીના રૂપકથી સમજાવ્યું છે. પારસમણિના રૂપકથી જેમ લોઢું સુવર્ણ બની જાય છે તેમ સિદ્ધ કોટિના સંતના સમાગમથી સાધકની અશુદ્ધિઓ ત્વરિત દૂર થાય છે અને આત્મકલ્યાણ ઉતાવળે સાધી શકે છે. સંતોના લક્ષણો ચંદનવૃક્ષ જેવાં છે. ચંદનના સંસર્ગમાં આવેલ તમામ વસ્તુ જેમ સુગંધિત થઈ જાય છે તેમ સંતના સંસર્ગમાં આવેલ કોઈ પણ સાધક આત્મકલ્યાણ સાધી શકે છે. તેથી સંસાર સાગર તરવા માટે સંતોને હોડી સમાન ગણવામાં આવ્યા છે. હોડીમાં બેસવા માટે ભેદભાવ નથી હોતો–બધાં જ એક સરખી રીતે તે પાર જઈ શકે છે. તે જ રીતે સંતો ભેદભાવ રહિત હોવાથી સાધકમાત્રને એક સરખો લાભ આપે છે.

કીજે રે ભાઈ.
કીજે રે ભાઈ, સંત સમાગમ, કીજે રે ભાઈ!
જાન અજાન છુવે પારસકો,
પલટ લોહા કંચન હો જાઈ! —ટેક

ભાત ભાત બનરાઈ જો કહીએ,
ભિન્ન ભિન્ન વાકો નામ ધરાઈ;
ચંદન કે જાકો બાસ લગત હૈ,
ચંદન હોત બાર નહીં લાઈ! —૧

નૌકા રૂપ કહીએ સત સંગત,
વામે જે કોઇ બૈઠે આઈ:
ઔર ઉપાય નહિ તરવે કો,
સુંદર કાઢી રામ દુહાઈ!—૩૨

૨.

ભજન કીર્તન પણ સંતસમાગમની માફક ઘણા સાધનોમાંનું એક સાધન ગણાય છે. તે ચિત્તશુદ્ધિ માટે ઉપયોગી છે. જેમ જેમ મન કે ચિત્ત ભજનમાં વધુ ને વધુ પરોવાતું જાય તેમ તેમ મનમાં આવતુ હલકુ વિચારો ઉદ્ભવતા મટી જાય અને આખરે પ્રભુપરાયણ બની જાય છે. ઊંચ-નીચના ભેદ ભજન કીર્તન કરનારને નડતા નથી. સહુને સરખો જ લાભ પ્રાપ્ત થાય છે.

હો મન પ્યારે
હો મન પ્યારે
હરિકો ભજન કર હો મન પ્યારે !
એક રસના તુમ કયું અલસાને,
સેસ સહંસ સુમર નિહારે !– ટેક

જા કે સરન પતિત ગત પાવે,
ગિનકા કુબજા બ્યાધ ઉધારે ;
અધમ તરે અધિકાર ભજનસે
હરિ સુમરત સધિર અઘ જાયે !—૧

અજામિલ સુત નામ ઉધારે,
જલ બૂડત ગજગ્રાહ ઉગારે !
પરસરામ ઐસો સમરથ ઠાકોર,
બનચર ભીલ પુતના તારે !—૨

૩.

રામાયણમાં કેવટનો પ્રસંગ રસિક અને સુંદર છે. ભગવાન રામચંદ્રના પગ ધોવાની કેવટની ઇચ્છા રસિક કારણ આપી પ્રગટ કરવામાં આવી છે. ભગવાનના પગમાં જાદુ છે એવી માન્યતાને કારણે તે પગના સ્પર્શથી હોડી ઉડાઈ જાય તો આજીવિકા તેની તૂટી જાય એવો ભય પ્રદર્શિત કરે છે. તેથી તે પગ ધોવાનું બહાનું કરી ભગવાનની સેવા કરવાની તક ઝડપી લે છે અને પછી જ હોડી તે પાર લઈ જાય છે. દાસ્યભક્તિનો આ રસિક પ્રસંગ છે. આધુનિક કવિ દુલા કાગનું ભજન પણ આ પદની સાથે ગાવા જેવું છે.

પગ ધોઈ નાવ પધારો
રામજી, પગ ધોઈ નાવ પધારો !
ઉડ ગઈ શલ્યા કાષ્ઠકી એતી
તુમ હી મનમેં વિચારો !—ટેક૦

કટી હો નીર, તીર હૈ નૈયા,
ગોસાંઈ મોહે ઉગારો !
વિશ્વજીવન કે જીવિકા મોરી,
મોહે રંક કા મારો ?—૧

હૈ કછુ તત્ત્વ એહિ પદરજમેં
નાહિન દોષ તુમ્હારો !
અગ્રદાસ ઉતરાય જ દીનો,
નૌકા સહિત કુલ તારો !—૩

૪.

માયા અશુદ્ધ મનને કેવી રીતે ભરમાવે છે તેનું બયાન આ પદમાં છે. મન અશુદ્ધ તેથી તે વધુ ચંચલ. અશુદ્ધ મનમાં અનેકવિધ ઇચ્છાઓ સળવળતી હોય છે. અનેકવિધ આશાઓમાં મન ઝૂલેલું રહેતું હોય છે. જેવી આશા-ઇચ્છા તેવી મનની નિત્ય પ્રવૃત્તિ એ સિદ્ધાંત સાચો છે. મનને શાન્ત કરવું હોય તો આશા-ઇચ્છા પ્રથમ તો દૂર કરવી પડે. તો જ મન પણ સંયમિત બને. જો આત્મકલ્યાણની ઇચ્છા બર લાવવી હોય તો મનને શાંત કરવું અનિવાર્ય છે. જે રીતે આમ્રફળની ઇચ્છાવાળા માણસે આંબાના ગોટલાનું જ રોપાણ કરવું અનિવાર્ય છે તે રીતે આત્મકલ્યાણની ઇચ્છાવાળા સાધકે મનને સંયમિત કરવું અનિવાર્ય છે. આ માટે ગુરુકૃપા પ્રાપ્ત કરવી જોઇએ અને સત્સંગથી ધીમે ધીમે મનને સંયમિત કરવું જોઇએ એવો કબીરસાહેબનો ઉપદેશ છે.

**ભૂલ ગયો મન સમજાવે,**
**હો કોઈ, ભૂલ ગયો મન સમજાવે :**
**યહ મન ચંચલ ચોર લાલચુ,**
**છૂટ ગયો હાથ ન આવે! —ટેક૦**

**જોડ જોડ ધન ગુપત રખાવે,**
**જહાં કોઈ લેને ન આવે!**
**કાલ આકે જબ કંઠ ગ્રહેગો**
**તબ રો રો કર પિઘલાવે!—૧**

[illegible] [illegible] ગાંઠે લઈ ડોલે,
હસી હસી વસ્તુ ભૂલાવે;
[illegible] માંગુ આમ્રફલ ચાહે,
સો ફલ હાથ ન આવે!—૨

ગુરૂ પરતાપ સંત કી સંગત,
મન વાંછિત મન પાવે;
[illegible] જુલાહા નામ કબીર,
હરખી નિરખી ગુણ ગાવે!—૩

## કાનડાની સાખી

૧

રાગન કો પતિ કાનડો, ધરતી કો પતિ ઇન્દ્ર
તારા કો પતિ ચંદ્રમા. ગોપિયન કો ગોવિંદ.

૨

કાનડા કેરે કારણે, કનડી કરે પુકાર
કાનડે કુબ્જા કરગ્રહી, કાનડો દે કિરતાર.

૩

તિમિર ગયું રવિ દેખતાં, કુબુદ્ધિ ગઈ ગુરૂ જ્ઞાન
સંપત ગઈ અતિ લોભસે, ભક્તિ ગઈ અભિમાન.

## ૧.

જેમ સંત સમાગમ, ભજનકીર્તન તેમ નામસ્મરણ પણ ઘણા સાધનોમાંનું એક સાધન ગણાયું છે. જે ફળ સંત સમાગમથી મળે છે તે જ ફળ નામસ્મરણથી પણ મળે છે. પરંતુ સાધકમાં શ્રદ્ધાનો અભાવ હોય તો કોઈપણ સાધન નકામું બની જાય છે. તેથી સાધનનો ઉપયોગ કરતાં પહેલાં હૃદયમાં શ્રદ્ધા જાગવી જોઈએ. શ્રદ્ધા હોય તો જ ગુરુકૃપા પ્રાપ્ત થાય; તો જ મનની દ્રઢતા વધશે; તો જ વિવેક જાગશે અને તો જ યોગ્ય ફળ મળશે. શ્રદ્ધા વિના આધ્યાત્મિક પ્રવૃત્તિ શક્ય જ નથી.

હરિ નામ હીરા, કંચન, પ્રેમ જડયો હે!
સતગુરૂ શબ્દ શ્રવણે સુનકર
દ્રિઢ કરી હૃદયે બનાઈ ધર્યો હૈ!–ટેક૦

ચસમા જ્ઞાન વિવેક જ રહેણી,
ચિત ચંદન ચોંટયો ન ટળ્યો હે!
આસપાસ પરતીત પીરોજા,
બુધિ ચુની લે પાટ પડયો હૈ!–૧

જંગમ ઘાટ હરિનામ જ લેના,
દેખી ચોર અજ્ઞાન ટળ્યો હે!
કહે કબીર યે નિગમ અગોચર,
ભગત હેત રસના ઉચર્યો હૈ!–૨

★

૨.

આ પદમાં પણ નામસ્મરણના મહિમાનું જ ગાન છે. રામના નામમાં એવી શક્તિ છે કે અન્ય કોઈ સાધનની પછી જરૂર જ રહેતી નથી.

રામનામ જબ લિયો મન તે
  રામનામ જબ લિયો
જોગજજ્ઞ જપતપ વ્રત તીરથ,
  સકલ સમરપણુ કિયો, મન તે—ટેક૦

જીવન જનમ સુફલતાકો
  જિને દ્રઢ વ્રત યહ લિયો :
નિરભે ભયો પરમ પદ પાયો,
  અમી મહારસ પિયો—૧

પીવત અમર ભયે સનકાદિ,
  શંકર પીવત જિયો:
કહે કબીર કિરપા કરી મોં પે
  દીનાનાથ દિયો—૨

૩.

ભૌતિક સમૃદ્ધિમાં રાચતું મન હરિનું ભજન કેવી રીતે કરી શકે? તેવા મનને હરિનાં કે હરિના નામમાં લેશમાત્ર પણ શ્રદ્ધા હોતી નથી. તેનું મન તો વિષયોમાં જ નિમગ્ન રહેતું હોય છે. વિષયોના વિષમાં અમૃતના તેને ભાસ થતો હોય છે. તેથી તેને રામસુધારસ ખારો જ લાગે ને? એવી જ પ્રકૃતિ અવળી!—એને સુગતિ કહેવામાં આવે? એવી —ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર સુધ્ધાં જ કરીશકે—તેને અભાગું જ કહે.

હરિ ન ભજે સો બડો હત્યારો<br>
વિષયન કો રસ પીવૈ પ્રીતસું<br>
    રામ સુધારસ લાગત ખારો! —ટેક

પરમાત્મકી બાત ન જાનૈ,<br>
    ઉપજાવનકૂં ભરો ઉદારો!<br>
ચારો વેદ ઢૂંઢી પશુ વાંચું,<br>
    નેત્રગાગર નિતાહી અંધિયારો! —૧

રામનામકી બાત ન જાનૈ,<br>
    સંત સમાગમ તે રહે ન્યારો!<br>
કૃપાસાગરકૂં દરસ પરસ નહીં,<br>
    રામનામ જાકૂં લાગે ન પ્યારો!—૨

★

૪.

રામનામમાં અગાધ શક્તિ છે. રામનામે પથરા તરે એમ કહેવાયું છે ને ખોટું નથી. વળી રામ તો દયાળુ પણ છે. થોડી સેવાને પણ ખૂબ મોટી સેવા માની લઈને પ્રેમાળુ પ્રભુ ભક્તોના કામો કર્યે જ જાય છે. વેદ પણ એની સાક્ષી પૂરે છે. ભગવાનનો મત્સ્ય અવતાર વેદના રક્ષણ માટે જ થયેલો ને ? મોટા મોટા મુનિવરો જેનાં ગુણગાન ગાય છે, સાક્ષાત્ શારદામાતા જેનાં વખાણ કરતાં થાકતાં નથી એવા પ્રભુ સીતાના હૃદયના સ્વામી છે તેનું નામ લેવાથી હૃદયમાં ખરેખર પરમ આનંદની અનુભૂતિ થાય છે.

શ્રી રામચંદ્ર પદ ભજને લાયક !
અશૌ કરન ભવ તરન તારક
  જુગ જુગ સાખ વેદકે વાયક! —ટેક૦

ચિત મત ચરન સકલ ફલ કરતલ
  વ્યાપીત નાંહી સૂલકો જાયક !
ભગતન કી રક્ષા કે કારન,
  નિશદિન રહત લીએ કર સાયક—૧

ગોતમ ઘરની આહ જલ તારે.
  સરણ બિભિક્ષણ કપીજૂ સહાયક !
સેવા અલપ મેરુસમ માનો
  કરુણાસિંધુ અજોધ્યા કે નાયક !—૨

સિવ વિરંચી સનકાદિ વેણુ ધર.
  સારદ સેસ વિમલ જસ ગાયક !
જાનકી મન અપીસરચી રહ,
  અથદાસ ઉર આનંદ દાયક !—૩

## કાફીની સાખી

૧

કાફી કંઠ કર પ્રીતસે કાફી કલા કછુ ઔર
કૃષ્ણ કામની કારણ પ્રભુ, પ્રગટે ઠોર હી ઠોર!

૨

કાફી કલા જબ પાઈએ કાફી કાફી કરંત
ગિરિશય ગિરજાપતિ, સોહી સીતાપતિ સમરંત.

૩

સિદ્ધ સંત કા એક મત, જીવન તા કો ખાય
સુખ ફેર મુર્દા ભયા, તા ઘેર સંત ન જાય!

૧.

સાધુની સંગતિ સદ્‌ભાગીને જ પ્રાપ્ત થાય. એ પણ એક પ્રકારની પ્રભુની જ કૃપા કહેવાય. પુણ્ય કર્મ ફળ્યું કહેવાય. છતાં જે મનુષ્ય સાધુ સંગતિનો લાભ ન લઈ શકે તે મહાન દુર્ભાગી કહેવાય. કારણ કે નિર્ધન મનુષ્યને અણજોની સંપત્તિ મળે તેનાથી વધુ મૂલ્યવાન સાધકને માટે સાધુ સંગતિ છે. સાધુ સંગતિ મળે એટલે આધ્યાત્મિક માર્ગદર્શકનો ભેટો થાય. એવા સદ્‌ગુરુની સેવા કરતા કરતા તેનામાં વ્યાપક પણે ફેરફાર થતો રહે છે. તેની દૃષ્ટિ, તેની ટેવો, તેના આચારવિચાર—બધું જ સમૂળગું બદલાઈ જાય છે. આખરે તેને જે મળવાનું છે તે મળી જાય છે આનું નામ તે 'બનત બનત બન જાઈ.' આધ્યાત્મિક સન્માર્ગ પર ચાલવા માટે તેથી સદ્‌ગુરુની અત્યંત આવશ્યકતા છે. યોગી હોય કે ભક્ત હોય, સંન્યાસી હોય કે ગૃહસ્થ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, ઊંચા કુળનો હોય કે નીચા કુળનો હોય, તમામને માટે સાધુની સંગતિ અને સદ્‌ગુરુની પ્રાપ્તિ જીવનની મોટી કમાણી ગણાય છે.

જિન સાધુકી સંગતિ પાઈ રે,
વાકી પુરણ કમાઈ—ટેક૦

સાધુ સંગતિ સદ્‌ગુરુકી સેવા, બનત બનત બનજાઈ;
દત્ત ગોરખ ગોપીચંદ ભરથરી, ગગનમેં છપરી છાઈ—૧

અંકા બંકા કેવલ કૂવા અરૂ પાંચમી મીરાં બાઈ;
પીપા ધના ઔર રૈદાસને સદનો જાત કસાઈ—૨

ધ્રુવ પ્રહ્‌લાદ અંબરીષ વિભીષણ, ઉનકી ધન્ય કમાઈ;
કહત કબીર સુનો ભાઇ સાધો, જ્યોતમેં જ્યોત મિલાઈ—૩

✱

---

૧ આ પદ, સ્વામી શ્રી હનુમાનદાસજી સાહેબ દ્વારા સંપાદિત "શબ્દામૃત સિંધુ"માં શુદ્ધ રૂપમાં ઉપર પ્રમાણે મળ્યું છે. આપણે ત્યાં પંક્તિઓ ઉલટ સુલટ થઈ ગઇ છે; થોડા શબ્દો પણ બદલાયા છે; "ભક્ત ભજન સંગ્રહ" પૃ. ૮૦ પર આ પદની સરખામણી કરવાથી ઉપરોક્ત શુદ્ધ પાઠનો ખ્યાલ આવશે.

૨.

કેટલાય યુગોથી વિષયનો વાવરો એવો થાય છે કે મનને પ્રભુનું નામ પણ લેવા દેતો નથી. વિષયોમાં રમવાથી ઘણા ખરાબ અનુભવો મનને થાય છે છતાં મૂઢ મન વિષયને છોડી શકતું નથી. આ મનુષ્ય જીવનની કરુણતા છે. વિષયોની ઇચ્છા મનને મૂઢ બનાવે છે તેથી જન્મ મરણના ફેરામાંથી મુક્ત થતો નથી. આમાંથી બચવું હોય તો એક માત્ર સદ્‌ગુરુ જ બચાવી શકે, અન્ય કોઈ નહિ. ગીતામાં પણ કહ્યું છે કે સદ્‌ગુરુને પ્રણામ કરીને, પ્રેમપૂર્વક સેવા કરીને અને વારંવાર પ્રશ્નો પૂછીને જ સાધક પોતાનો ઉદ્ધાર કરી શકે છે.

ક્યોં હરિ નામ વિસારા,
મન મૂઢ ગંવારા—ટેક૦
ચલના હૈ અબ દૂર ક્યોં થાકે
પંથ ખાંડે કી ધારા—૧
અજ હું ચેત કહાં ભયો ગાફેલ,
અબ કછુ કરલે વિચારા—૨
વિષય વાદ સે વાજ ન આવે,
માર માર જમ હારા—૩
છાંડ કુટિલતા ભજી લે રામનામ,
યૂં હી હૈ મત હમારા—૪
કહેત કબીર સેવો સાધુજન,
તો ઉતરોગે ભવપારા—૫

૩.

પદનો ભાવાર્થ સ્પષ્ટ છે, પ્રભુઘેલી મીરાંની અનન્યભક્તિનું આ પદ સુંદર દૃષ્ટાંત છે.

પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે
બીજું મને કાંઈ ન ગમે—ટેક૦

પહેલી પૂજા અજદેવ તમારી
તે થકી રહે મારી દેહ—૧

હાર ને ચીર હું તો નહિ પ્હેરું રાણા,
તુલસીની માલા મારે દેહ—૨

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
હરિ ચરણે ચિત દેહ—૩

૪.

સાધુ સંગતિનો લાભ પોતાને મળ્યો છે તેથી મીરાં પોતાને બડભાગી માને છે. સાધુસંગતમાં પ્રભુદર્શનની તાલાવેલી અતિ તીવ્ર બને છે. એવી પરિસ્થિતિમાં પ્રભુદર્શન માટે મન બધું જ કરવા માટે તૈયાર હોય છે. એ માટે લોકલાજની પરવા નથી હોતી. જ્યોતિસ્વરૂપ પ્રભુનો વિરહ મીરાંને અસહ્ય થઈ પડે છે. તેથી પ્રભુ-દર્શન માટે મીરાં ગોવાલણનું રૂપ કે માલણનું રૂપ કે જોગણનું પણ રૂપ લેવા તૈયાર છે અનન્ય ભક્તિનું આ મધુર પરિણામ છે.

સાધુજનનો સંગ, બાઈ મને ભાગ્ય મળ્યો હે—ટેક.

કોરી કોરી મટુકી મેં મહી જમાવું,
ગ્વાલન હોકર જાવું રે—૧

ફૂલ રે મંગાવું વ્હાલા ગજરા ગૂંથાવું,
માલન હોકર જાવું રે—૨

કપડા રે મંગાવું વ્હાલા ભગવા રંગાવું,
જોગન હોકર જાવું રે—૩

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
જ્યોત મેં જ્યોત મિલાવું—૪

卐

## કાલેરાની સાખી

૧

સુરત નૂરતની એકતા, હરખ ન માયે ઉર
રાગ કાલેરો ગાઈએ, હરિમિલનના પૂર.

૨

સુરતા મળે નૂરતા મહીં, સુધ શરીરની જાય,
નરસૈંયો મસ્તાન થઈ રાગ કાલેરો ગાય.

૩

કાલેરો મિશાલ બને, અંધારા ઉર જાય;
નરસૈંયો હાથે બળે, તાન ઓછી ન થાય !

૪

[1] ચરઅચરમાં હરિ વસે, હરખે વસે કાલેરો;
જીવ શીવને ભેટતો મ્હેતો ગાય અનેરો !

---

૧ કાલેરો ગાવા માટે કયો સમય નક્કી માનવો ? ઉપરોક્ત સાખીમાં, જ્યાં જ્યાં આનંદ છે ત્યાં ત્યાં કાલેરો વસે છે; અર્થાત્ કોઈ પણ આનંદની ઘડીઓમાં કાલેરો મુક્તપણે ગાઈ શકાય એવો અનેરો રાગ છે એમ કહ્યું છે. આ પણે ત્યાં કાલેરાના સમય માટે મતભેદ છે. કોઈ તરફ, કાકી પછી ગવાય છે એવું માનવામાં આવે છે તો કોઈ તરફ, સેરડ પછી ગવાય છે એવી માન્યતા છે. ઉપરોક્ત સાખીથી આ મતભેદ ટળી જાય છે.

## ૧.

આ પદ એટલું બધું સરળ છે કે એને કોઈ સમજૂતીની જરૂર નથી. છતાં આ પદને રાસલીલા સાથે સંબંધ છે એટલે રાસલીલાનો લાક્ષણિક અર્થ જાણી લેવો જરૂરી ખરો. પાર્થિવ સપાટી પરથી રાસલીલાનો આનંદ માણી શકાતો નથી. રાસલીલાનું દર્શન મનની ઉચ્ચ અવસ્થા હોય ત્યારે જ થાય છે. ભક્તની ચિત્તવૃત્તિઓ માત્ર પ્રભુમાં જ રમમાણ રહેવા માંડે છે ત્યારે રાસલીલા શરૂ થાય છે. પ્રભુના અનેકવિધ સ્વરૂપોનું દર્શન તેવી અવસ્થામાં થાય છે. તેવા દર્શનના પરિણામે નિર્બીજ આનંદ જન્મે છે અને ચિત્તવૃત્તિ સ્થળકાળની મર્યાદા ઓળંગી વિશ્વ પ્રેમનો અનુભવ કરે છે. તેવી દશામાં ગમે તે સ્થળ ગોકુળ લાગે છે અને વૃન્દાવન લાગે છે.

**આજ વૃન્દાવન આનંદ સાગર, શામળિયો રંગે રાસ રમે;**
**નટવર વેશે બંસી બજાવે, ગોપીઓને મન ગોવિંદ ગમે!–ટેક.**

**સોળ કળાનો શશી શિર ઉપર, ઉડુગણ સહિત વિમાન ભમે;**
**નીર ગંભીર સ્થિર યમુના તટ, ત્રિવિધ તનના તાપ શમે!–૧**

**ગોપી નીસર્યાં નહાહિ ધોઈને, નીકળ્યાં સોળ શણગાર કરી;**

એક એક ગોપી બીચ માધવ, કરગ્રહી મંડલી માંહી રમે;
તાથૈ તાથૈ તાન મિલાવે, રાગ રાગણી શમે ન શમે!–૩

૧ હરખ્યા સુરિનર દેવ મુનિજન, પુષ્પ વૃષ્ટિ કરી ચરણે નમે;
ભણે નરસૈંયો ધન વ્રજ નારી, જેને કાજે જોગી દેહ દમે!–૪

૧ કેટલાંક બુદ્ધિજીવીઓ રાસલીલાની ઠેકડી ઉડાવે છે. રાસલીલાને તેઓ શ્રી કૃષ્ણના વિલાસી જીવનનું એક પ્રકરણ માને છે. તેઓ સ્થિરચિત્તે ઊંડા ઊતરી વિચાર કરવાની તસ્દી લેતા નથી. શ્રી કૃષ્ણના જીવનમાં રાસલીલાના પ્રસંગો ફક્ત સાત વર્ષની ઉંમરે બને છે. શું સાત વર્ષનો છોકરો વિલાસી બની શકે ખરો? શું સાત વર્ષના છોકરામાં કામોપ અવસ્થાનું દર્શન કોઈએ પણ કર્યું છે ખરું? શ્રી કૃષ્ણે કુમાર અવસ્થામાં ગોકુળ છોડયું છે અને વૃન્દાવન પણ છોડ્યું છે. જે સ્થળ તેમણે છોડયું તે સ્થળમાં તેઓ ફરી વાર પ્રવેશ્યા નથી ને હકીકતનો ઈન્કાર કોઈ કરતું નથી. તો પછી સમજ્યા વિના શા માટે રાસલીલાને ભાંડતા હશે તે સમજી શકાતું નથી! શ્રી કૃષ્ણની રાસલીલાને સમજવા માટે મનની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી પડશે તો જ રાસલીલાનો લાક્ષણિક અર્થ સમજી શકાશે.

૨.

ગુજરાતમાં, ભારતમાં બલકે જગતભરમાં મહાત્મા ગાંધીજીએ જે પદને ગૂંજતું કર્યું હોય અને તદુપરાંત પોતે તે પ્રમાણે જીવી બતાવ્યું હોય તે પદને ટીકા ટિપ્પણની જરૂર ખરી ?

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે–ટેક.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાચ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે–૧

સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે–૨

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે–૩

[૧]વણલોભી ને કપટ રહિત છે, કામક્રોધ નિવાર્યાં રે
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં કુળ ઇકોતેર તાર્યાં રે–૪

---

૧ આ પદને શાસ્ત્રની સનાતન ધર્મની વ્યાખ્યા સાથે સરખાવી જોવા જેવું છે:

**संक्षेपात् कथ्यते धर्मो जनाः किं विस्तरेण वः ।**
**परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥**

હે લોકો! ધર્મ ટૂંકમાં આ પ્રમાણે છે, વિસ્તારની જરૂર નથી: પરોપકાર પુણ્ય માટે અને પારકાને પીડા કરવી એ પાપ માટે સમજી તે પ્રમાણે વર્તન કરવું!

**चक्षुर्दद्यान्मनो दद्यद् वाचं दद्यात्सुभाषितम् ।**
**उत्थाय चासनं दद्याद् एषः धर्मः सनातनः ॥**

પોતાને ત્યાં કોઈ પણ આવે ત્યારે તેની તરફ પ્રેમથી જોવું, પ્રેમથી બોલવું, ઊભા થઈ આસન આપવું એ સનાતન ધર્મ છે.

**अहिंसा सत्यम क्रोधो दानम् एतत् चतुष्टयम् ।**
**अजात शत्रो सेवस्व धर्म एषः सनातनः ॥**

હે અજાતશત્રુ યુધિષ્ઠિર! અહિંસા, સત્ય, ક્રોધનો અભાવ અને દાન એ ચારનું તમે સેવન કરો તો એ સનાતન ધર્મ છે.

**सत्यं ब्रुयात् प्रियं ब्रुयात् न ब्रुयात् सत्यं अप्रियम् ।**
**प्रियं नानृतम् ब्रुयात एषः धर्मः सनातनः ॥**

સત્ય બોલવું, પ્રિય બોલવું પરંતુ સત્ય હોય એવું અપ્રિય બોલવું નહિ તેમ જ પ્રિય હોય એવું અસત્ય બોલવું નહિ એ સનાતન ધર્મ છે.

૩.

ભગવાનની રાસલીલાનો સ્વાદ માણ્યા પછી ભક્ત હૃદયમાં કોઈ મનોકામના રહેતી નથી. એક માત્ર ઇચ્છા રહે છે તે પ્રભુની નિત્ય સેવા કરવાની જ. તેથી તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. વારંવાર જન્મીને પ્રભુની સેવા કરવાનો અનુપમ આનંદ તેના રોમેરોમમાં વ્યાપી વળે છે. આ પ્રકારની પરમ પ્રેમ સ્વરૂપા ભક્તિનું આ અનોખું પદ છે.

ભૂતળ ભકિત પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહિ રે
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહિ રે–ટેક.

હરિના જન તો મુકિત ન માંગે, જનમો જનમ અવતાર રે
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે–૧

ભરતખંડ ભૂતળમાં જન્મી ગોવિંદના ગુણ ગાયા રે
ધન ધન રે એના માતપિતાને સફળ કરી જેણે કાયા રે–૨

ધન વૃન્દાવન, ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ હરિની દાસી રે–૩

એ રસનો સ્વાદ શંકર જાણે, જાણે શુકદેવ જોગી રે
કંઈ એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે–૪

૪.

રત્નચિંતામણિ દેહ ધારણ કરી આ જગતમાં આવવું એક મોટું સદ્ભાગ્ય છે. આવ્યા પછી અહંકાર અને મમતાની જાળમાં ફસાઈ જઈ હરિને યાદ પણ ન કરે એ કેવી અવસ્થા? નરસિંહ મહેતા કહે છે તેમ એનો જન્મ વૃથા છે. હરિની ભક્તિ એ જ એક માત્ર સાધન કરવું જોઈએ. અન્ય વિચારો અવળે માર્ગે લઈ જનારા હોવાથી છોડી દેવા જોઈએ. બાહ્યાચાર પણ સંમિત હોવો જોઈએ. માત્ર તુલસીની માળા અને તિલક પર્યાપ્ત છે. બાકીનો બાહ્યાચાર આડંબર માત્ર છે. અંતરંગ આચાર મહત્વનો છે. સદાચાર એ અંતરંગ આચાર છે. ચોવીસે કલાક ચિત્ત પ્રભુમાં જોડવું એ અંતરંગ આચાર છે. અંતરંગ આચારી થવામાં જ જીવનનું સાર્થક્ય છે.

હરિની ભક્તિ વિના જે જન જીવે
તેનો અફળ ગયો અવતાર
તુલસીની માળા તિલક પાસે
બીજા જૂઠા શણગાર—ટેક૦

દસ માસ જનની ભારે મારી
જેમ વહે શિર ભાર
દેહ ધરી હરિનો દાસ ન કહાવે
તેની જનનીને ધિક્કાર-૧

વૈષ્ણવ જન વ્હાલા નહિ જેને,
દયા નહિ રે લગાર
નરસૈંયાના સ્વામી વિના, સજની
બીજા અનેક વિચાર—૨

૫.

શાસ્ત્રમાં સંગ ત્રણ પ્રકારના કહ્યા છેઃ સત્સંગ, અસંગ અને કુસંગ. સંતસમાગમ કરવો, સદ્ગ્રંથોનું વાચન મનન કરવું, કથા સાંભળવી એ સત્સંગ કહેવાય. કોઈપણ પ્રકારનો સંગ ન કરવો, એકાંતમાં પોતાની જાતને મસ્ત બનાવી માત્ર પ્રભુ પરાયણ થઈ યોગચિંતન કરવું એ અસંગ કહેવાય. કુસંગની વ્યાખ્યા કરવાની જરૂર નથી કારણ કે મોટાભાગના આપણે સહુ એનો સાક્ષાત્ અનુભવ કરીએ છીએ. તેમાં ખરાબ માણસો સાથે સંગ કરવાથી કેવું ભયાનક પરિણામ આવે છે તે પણ કહેવાની જરૂર નથી. સત્સંગ ન થઈ શકે તો વાંધો નહિ પણ કુસંગ તો ન જ કરવો એ ડહાપણ ભરેલું છે.

નુગરા જનનો સંગ ન કરીએ, નુગરાનો સંગ ભારી
નુગરા સંગે નરકે જઈએ, સમજો નર ને નારી–ટેક૦

નુગરા સંગે વાતો કરતાં લખ ચોરાશી ન જાશે;
ભૂતલ મનખા દેહ ધરીને ફોગટ ફેરા ખાશે–૧

નુગરાનું જલ પાન કરંતા કોટી કર્મ શિર ચઢશે;
માત તાતને મળી પડોશી અધોગતિ દુઃખ કરશે–૨

નુગરા જનનો દોષ ઘણો છે, કહેતાં પાર ન આવે;
ભણે નરસૈંયો સુણો નારાયણ, કોણ એ બંધ ખોલાશે?–૩

૬.

જે મારી નિત્ય ઉપાસના કરે છે, જેનું મન નિત્ય મારામાં પરોવાએલું રહે છે તેવા ભક્તના જીવનનો યોગક્ષેમનો ભાર હું ઉઠાવી લઉં છું એમ શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં વચન આપ્યું છે. એ વચન પ્રમાણે પ્રભુ પોતાના ભક્તની કેવી કેવી રીતે સંભાળ રાખે છે તેનો ખ્યાલ આ પદમાં આપવામાં આવ્યો છે. ભક્ત ચાલે તો પોતે આગળ ચાલે; ભક્ત સૂવે તો પોતે જાગે, ભક્તની નિંદા કરનારને સખત સજા કરે; ભક્ત ગાય તો પોતે નાચે; પ્રભુ ભક્તને બંધનમાંથી મુક્ત કરી દે છે પણ પ્રભુ પોતે ભક્તના પ્રેમબંધનથી એક ઘડી પણ મુક્ત થઈ શકતા નથી એ નિવેદન ભક્તિની પરાકાષ્ઠાનું દર્શન કરાવે છે.

પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા, રાત દિવસ એને ગાઉં રે
તપ તીરથ વૈકુંઠ પદ મૂકી ભકત બોલાવે ત્યાં જાઉં રે–ટેક૦
અંબરીષરાય મને અતિ ઘણો વ્હાલો, દુર્વાસાએ મન ભંગ કીધું રે
મેં મારું અભિમાન તજીને ચક્ર સુદર્શન વાળી લીધું રે–૧
ાજને કારણ હું પાદે રે ધાયો સંતોને સહાય દેવા રે
ંચનીચ હું તો કાંઈ નવ જાણું મુજને ભજે મુજ જેવા રે–૨
ક્ષ્મી અર્ધાંગના મારી તે તો મારા સંતની દાસી રે
ાડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે–૩
ંત ચાલે તો હું આગળ ચાલું, સંત સૂવે તો જાગું રે
ારા સંતની નિંદા કરે તેને કુલ સહિત હું ભાંગું રે–૪
ારો બાંધ્યો વૈષ્ણવ છૂટે, વૈષ્ણવનો બાંધ્યો ન છૂટે રે
કવાર વૈષ્ણવ મુજને બાંધે તો એ બંધન નહીં તૂટે રે–૫
ી ગાય ત્યાં હું ઊભો સાંભળું, ઊભો ગાય ત્યાં નાચું રે
ષ્ણવથી હું ક્ષણ નહિ અળગો, ભણે નરસૈંયો સાચું રે–૬

## મારૂની સાખી

મારૂ મસ્તક મેહલું, વળી પગ દાઝે પથ દૂર;
હજી ન આવ્યો પ્રાણ મેહૂલો, નદીએ ન આવ્યા પૂર.

૨

મારૂ તારા દેશમાં, નીપજ્યા રત્ન ત્રણ:
એક મારૂ, ફૂલ્યે ઢોલિયો, ત્રીજો કસૂંબો રંગ!

૩

મારૂ તારા દેશમાં ખાવા ખાંડ ખજૂર:
એક દુઃખ મારે અતિઘણું, મારે ઈંધણાં પાણી દૂર!

૪

મારૂ હાથ ગંગાજલ ને છૂટા કેશ સૂકાય;
ચંદન કેરે છોડવે, વ્હાલો, નાગ હિંડોળા ખાય!

૫

મારૂ ઢોરા કરતા ઢોર ભલો, ચરે જંગલકો ઘાસ;
સાંજ પડે દિન આથમે, મારૂ ઢોર કરે ઘરની આશ!

૧.

રાસલીલાના ઉન્માદનું આ એક સુંદર અને સરળ પદ છે. હૃદયમાં ગોપીભાવ જાગ્યા પછી હરિ મિલનની ઝંખના તીવ્રતા ધારણ કરે છે. હરિ પ્રેમથી દર્શન આપે અને પોતાની સાથે રમમાણ રહે એવી ભક્ત હૃદયની તાલાવેલીને સ્થળ કાળની મર્યાદા નડતી નથી.

આવ્યા રે આશ ભર્યાં, વ્હાલાજી, અમો આવ્યા રે આશ ભર્યાં.
વીંધાયાં મન નહિ વળે પાછાં, તારી મોરલીએ પ્રાણ હર્યાં—ટેક

સુતને મેલી, અમો પતિને મેલ્યા, મેલી કુળ મરજાદ;
માત તાત વિસાર્યાં મોહનજી, શ્યામ તમારે કાજ —૧

એવાં એવાં વચન સુણી હરિ હસીયા, આપણે રમીશું રાસ,
મોટા કુળના તમો મોહનજી પુરો મારા મનડાંની આશ —૨

સુંદર રાત શરદ પુનમની, સુંદર આસો માસ;
નરસૈંના સ્વામીની સંગે રમતાં રજની થઈ ખટ માસ. —૩

૨.

રાસલીલાનું પદ છે. ભાવાર્થ સરળ છે.

રૂડું રે રમતાં, વૃન્દાવન રૂડું રે રમતાં :
ખીર ખાંડ ઘૃત મહીં રે ભેળીને
કેવું લાગે જમતાં—ટેક

મોટા મુનિને ધ્યાને ન આવે
યોગી દેહ દમતા :
મુક્તિ થકી અવતાર ભલેરો
હરિહરને ભજતાં—૧

ગોપી ગોવાળની ગોઠ મળીને
રમત રૂડી રમતાં :
નરસૈંના સ્વામીની સંગે રમતા
અમને રાખ્યા ભમતાં—૨

卐

૩.

ગોપી ભગવાનને મીઠો ઠપકો આપે છે. શ્રી કૃષ્ણ ટેકધારી હતા. તેમણે જે સ્થળ છોડ્યું તે સ્થળે પાછા ગયા નથી. ગોકુળ છોડીને મથુરા અને મથુરા છોડીને દ્વારિકા ગયા. તેઓ ફરી પાછા ગોકુળ આવ્યા નથી. ગોકુળ તેમના વિના સાવ સૂનું બની ગયું છે. ગોકુળમાં વિરહ વ્યાપક બન્યો છે. ગાયોએ ઘાસ ખાવાનું છોડી દીધેલું અને વાછરડાંઓએ દૂધ ધાવવાનું છોડી દીધેલું. એટલું જ નહિ યમુના નદીનો કિનારો પણ શૂન્ય જેવો થઈ ગયેલો. દરેક તત્ત્વ. જડ કે ચેતન, બધું જ કૃષ્ણ વિરહથી વ્યાકુળ હતું. તેવા સંજોગોમાં ગોપી હૃદય દ્વારિકામાં રહેવાય એટલું રહેજો એમ કહી શ્રી કૃષ્ણને ઠપકો આપે છે. ખરેખર આ ઠપકામાં ગોપીઓનું વિરહી હૃદય જ વ્યક્ત થયું છે.

શ્યામને કહેજો રે સંદેશો શ્યામને કહેજો રે
ઇચ્છા હોય ત્યાં સુધી રે દ્વારિકામાં રહેજો રે—ટેક

અક્રુર સાથે આવ્યા રે રથ બેસી બંને વીર
ભરી સભામાં પૂર્યાં રે દ્રૌપદી કેરાં ચીર—

૧ જાણી જાત જાદવ તણી રે જેણે કીધા બે બાપ
મામો પોતાનો માર્યો રે તેને નારી હણ્યાનું શું પાપ?—૨

પરણ્યો ઘર ન વસે રે, પડોશી ભાંગે ન ભીડ
વીત્યા વિના નવ જાણીએ રે પ્રેમ પ્રિયાની પ્રીત—૩

li– 3

ગોધેનૂ ઘાસ ચૂગે નહિ રે બછુઆ ન પીએ ક્ષીર
શ્યામ વિનાનું સુનુ ગોકળિયું સુનો યમુના તીર—૪

ઉલ્લંઘી અબળા તણા રે કેશવ ધરજો કાન;
બેઉ કરજોડી વિનવું રે તારું ધરે નરસૈંયો ધ્યાન.—૫

---

૧ જે સાચા પિતા વસુદેવને છોડી શકે છે અને પાલકપિતા નંદને ઘરે આનંદથી રહી શકે છે તેને ગોપી માટે દયા આવે ખરી? જે પોતાના સગા મામાને મારી શકે છે તેને ગોપીઓ વિરહથી મરી જાય તો પાપ લાગે ખરું? પતિ વિના ઘર શોભે ખરું? પતિની ખોટ ન તો કોઇ મહેમાન પૂરી શકે ન તો કોઈ પડોશી. તેમ શ્રી કૃષ્ણની ખોટ કોણ પૂરી શકે? આવા મીઠા ઠપકાથી ગોપી હૃદયની કરુણતા અત્યંત ઘેરી બને છે।

૪.

જીવન જીવતા જીવતા ભક્તિનું સાધન કરી લેવું જોઈએ. એમાં જ જીવનું ડહાપણ છે. ભક્તિ પછી ઘડપણમાં કરીશું એ જીવનો વાયદો ખોટો. કોઈ પોતાનો અંત જાણતું નથી. માટે પ્રથમ અભિમાન તો છોડી જ દેવું જોઈએ. જીવ આ જગત રૂપી હાટવાડે પ્રભુની ભક્તિ કરવાની શરતે આવ્યો છે. આવ્યા પછી આ શરત જીવ પાળે છે કે નહિ તે તો પ્રભુ જ જાણે. પરંતુ એટલી હકીકત તો સાચી જ છે કે કોઈ અમરપટો લખાવીને આવ્યું નથી. વહેલું મોડું બધાંએ મરણને શરણ તો થવાનું જ છે. સમજુ માણસોએ આ સત્ય સમજી લઈ ભક્તિનો માર્ગ પકડી લેવો જરૂરી છે.

ચલના રે મેરે ભાઈ,
મારગ, ચલના રે મેરે ભાઈ:
દિન દશ આગે, દિન દશ પીછે,
મત કરો રે બડાઈ! —ટેક

કાહૂકો ઘર પાંચ કોસ પર
કાહૂકો દશ વીસ:
સંતનકો ઘર નિજપુરી મેં
રામનામ જુગદીશ —૧

૧ નિજપુરીમાં એટલે હૃદયમાં. ભગવાન હૃદયમાં વસે છે. સંતો આ વાત જાણે છે તેથી તે પ્રમાણે સાધના કરી ભગવાનને પામે છે, જ્યારે અણસમજુ અન્ય જગ્યાએ પોતાનું ઘર એટલે કે આખરી સુખ શોધે છે. એ પ્રવૃત્તિ મિથ્યા છે.

ઇસ હાટે જબ સોદે આયો,
કછુ દેકે દેકે દેકાયો;
સોદા કિયા વો સોહી જાને
જિને યહ હાટ લગાયો!—૨

તેરા શિર પર જમ છે વેરી
અજહુ સમજ મેરે ભાઈ;
કહે કબીર સોઈ જન ઉગર્યા
જિને સમર્યા રઘુરાઈ!—૩

૫.

કબીર સાહેબ 'શબ્દ કી બાંહ' પકડવાની સહુને આજ્ઞા કરે છે. શબ્દ એટલે જ્ઞાન. જ્ઞાનનો આધાર પકડી જીવે પોતાનો રસ્તો કરી લેવો જોઈએ, ચંચલ મનનો આધાર હિતકારી નથી. મન તો અવળે માર્ગે લઈ જનારું છે. મચ્છી એટલે મન. ચિત્તની વૃત્તિઓ. પ્રભુરૂપી દરિયામાં માછલી પોતાનો વાસ કરે તે વધારે હિતાવહ છે. તો જ મન પોતાની ચંચલતા છોડી દે છે. પ્રભુમાં મન લીન બને તો પ્રપંચ મટી જાય છે. 'જાલ' એટલે પ્રપંચ. મન આમ નિષ્ક્રિય બને તો ત્યારે કોઈપણ પ્રકારનો પ્રપંચ ઉદ્ભવતો નથી. મનની આવી ઊંચી અવસ્થા થાય તો જન્મ મરણના ફેરા ટળી જાય છે. ઉત્પત્તિ અને પ્રલયનો પ્રસંગ ઊભો થતો નથી.

ઘર કર દરિયા માંહિ મચ્છી
ઘર કર દરિયા માંહિ :
શીકર તોરા દો દિન બાસા
અંતકાલ કહાં જાશી ? —૯૬૦

જહાં નહિ જલ, જહાં નહિ ઢીમર,
[1] જહાં નહિ બંશી બજાય;
અમર લોક જહાં મરણ ન પાવે
ઉતપતિ પ્રલય નાંહિ–૧

સબસે બડે સબ ઠીકે તેરે,
સબ હૈ હૈયા માંહિ
કહે કબીર સુનો ભાઈ સાધુ,
અહો શબ્દ કી બાંહિ–૨

૧ 'જહાં નહિ બંશી બજાય' એ શબ્દો મૂળ પાઠમાં ન હોવા જોઈએ એવું અનુમાન છે. એને બદલે અર્થને અનુરૂપ અન્ય શબ્દો હોવા જોઈએ. જલ અને ઢીમર શબ્દો સાથે ગલ શબ્દનો મેળ વધુ બેસે છે. એક હિંદી જાણકારે 'જહાં નહિ ગલ ગિલાય' એવું સૂચન કર્યું છતાં અમે મૂળ શબ્દો જ રહેવા દઈ સંતોષ HIMI છે.

૬.

ભરત મિલાપનો પ્રસંગ છે. અયોધ્યાનું રાજ ચલાવવા માટે રામ ભરતને સમજાવે છે. રાજ્ય કરવાની રીત માટે ખાસ ત્રણ સૂચનો રજૂ કરે છે. રાજ્યમાં કોઈ ભૂખ્યો સૂઈ રહેવા ન પામે તેની પૂરી તકેદારી રાખવી. પોતાના શરીરની લાજ ઢાંકયા વિના કોઈને જીવવું પડે તેવું ન બને તેવી વ્યવસ્થા કરવી. કૌશલ્યા માતાને જરા પણ દુઃખ ન થાય તેની કાળજી રાખવી. શ્રી રામની રાજ્યનીતિનું આ પદ સુંદર ઉદાહરણ છે.

તુમ ઘર જાઓ મેરે વીર
  ભરતજી, તુમ ઘર જાઓ મેરે વીર !
અવધપુરી કો રાજ કરોગે
      નહાઓ સરયુકે નીર—ટેક

ભૂખેકો કછુ ભોજન દીજે,
  નાગે કો પટ ચીર :
રુદન કરત કૌશલ્યા મૈયા
      જાઈ ધરાવો ધીર ! —૧

સીતા સરખી સતી સંગમેં
  ચલી હૈ સમુદ્રકે તીર :
તુલસીદાસ કૌશલ્યા કે સુત
      મિલમિલ વિનવે વીર —૨

## સોરઠની સાખી

૧

સોરઠ રાગ સોહામણો, સોરઠ સુઘડ દેશ :
સોરઠ સલૂણી સુંદરી જેના લાંબા સોહે કેશ.

૨

સોરઠ રાગ સોહામણો, મુખસે મુક્યો ન જાય:
જેમ જેમ ભાંગે રાતડી, તેમ તેમ મીઠડો થાય!

૩

સોરઠ મીઠી રાગણી, કણુસલે મીઠી જુવાર
બંધુ મીઠી મારે ગોઠડી, રણુ મીઠી મારે તલવાર!

૪

સોરઠવાસી દ્વારિકા, દેખે ઉત્તમ દેશ;
મથુરામેં હરિ જન્મ્યા, વ્હાલો વસ્યો સોરઠ દેશ.

૫

કહાં જોગી દુર્બલ ભયો, કોણુ ભલો તારો દેશ,
તુજ કારણે રાણી સોરઠી, લીધો જોગીનો વેશ.

c*5-1.

૧.

પ્રભુએ ભક્તો સાથેનો પોતાનો વ્યવહાર કેવી રીતે જાળવ્યો હતો તેનું વર્ણન સંતકવિએ સરળ શૈલીમાં આ પદમાં કર્યું છે.

વ્યવહારના છો વારૂ નાથજી, વ્યવહારના છો વારૂ
કુબજાને તમે કમલા કીધી, રતી એક ચંદન સારુ-ટેક૦

તાંદુલને સ્વાદે ધાયા, મનડું કર્યું તમારું:
પ્રિય સુદામાનો વૈભવ જોતાં, અમરાપુરી ઓવારું-૧

બલિરાજા પ્રત્યે મહિમા યાચી, થઈ આવ્યા છો અધ્યારું
પાતાલની તેને પદવી આપી, ઇન્દ્ર તણું સુખ સારું-૨

દ્રૌપદીનાં પટકુળ પૂર્યાં, એક સુત તાંતણે સારુ
નરસૈંયાના સ્વામી નટનાગર મેં, અમને પાસું તમારું-૩

卐

૨.

પ્રભુ તો દરેકના શરીરમાં જ છે. પરંતુ તે શરીરથી જુદો છે, અળગો છે ને અદકો છે. તે જ સૃષ્ટિનો કર્તા છે. તે ધર્મની સ્થાપના માટે અને ભક્તોના રક્ષણ માટે સાકાર બની અવતાર ધારણ કરે છે. તેથી સંતોને પ્રભુ અતિ વ્હાલા છે. ધના ભગત, કબીર, અહલ્યા, ચંદ્રહાસ, દ્રોપદી, પ્રહ્લાદ વગેરેના દાખલા આપી મીરાં પોતાના પતિને મીરાં માટે જાગેલી શંકાનું નિવારણ કરવા સમજાવે છે.

ગિરિધર પ્રીતમ પ્યારો, રાણાજી મારે, ગિરિધર પ્રીતમ પ્યારો
હૈ ઘટ ભીતર ઘટ હું સે ન્યારો, સબકો સર્જનહારો—ટેક૦

ધના ભગતકો ક્ષેત્ર નીપજાવ્યો, નામકો છાપ છવાયો
કબીરા કે ઘર પોઠ જ લાયે, આપ ભયો બનજારો—૧

વિષ કેડીને વિષયા કીધી ભક્ત ચંદ્રહાસ ઉગાર્યો
ગૌતમનારી અહલ્યા તારી કીર કુટુંબ સબ તાર્યો—૨

ગજકે કારણે પ્રભુ પાદે ધાયા, દ્રોપદીકો ચીર બઢાયો
હિરણ્યાકંસકો ઉદર વિદાર્યો, જન પ્રહ્લાદ ઉગાર્યો—૩

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સબ સંતનકો પ્યારો
જનમ જનમકી દાસી તુમ્હારી કહો રાણુકો ન વિચારો—૪

૩.

રાતનો સમય હોય; ચોરી છૂપીથી કાર્ય પતાવવાનું હોય; કોઈ જોઈ ન જાય તેની તકેદારી રાખવાની હોય; આવા સમયે કેટલો બધો હૃદયમાં ડર હોય છે! ચોરી કરીને ભેગા કરેલા ઘઉં શેરી વચ્ચે વેરાઈ ગયા એટલે ચોકીદાર આવશે તો શું થશે? બધાં જાણી જશે તો કેવી વલે થશે? એવા ડરના સમયે પ્રભુએ વરસાદ વરસાવ્યો—દાણા ધરતીમાં દટાઈ ગયા અને થયેલી ચોરી પર પડદો પડી ગયો! આવાં કામ પણ પ્રભુએ સંતોને ખાતર કર્યાં છે.

ખેલે રાત અંધારી રે, તારો જન ખેલે રાત અંધારી
દસ પાંચ મિલકર વૈષ્ણવ આયે જુઓ મન વિચારી—ટેક

ડાલુ ભરકર ઘઉં કો લાયે, ઉપર નાંખી થાળી
આંગણ આયે હડસેલો દિનો, સાંભળ સુલક્ષણા નારી—૧

બ્હાણુ વાશે ત્યારે પગીઓ આવશે, શી ગતિ થાશે મારી 1
ઝરમર ઝરમર મેહુલો વરસ્યો, પ્રભુજીએ વાત સુધારી—૨

સંતને કારણે ચોરી કીની, મરણ કી શંકા ન આણી
ઘાટમદાસ જાત કો મોચી, આયે શરણે તુમ્હારે—૩

૪.

કંસ રાજાની દાસી કુબ્જા કાળી હતી, ખૂંધી હતી અને પગે ખોડી હતી. છતાં કૃષ્ણને તે કેવી રીતે આકર્ષી ગઈ હશે એવી શંકા ગોપીઓ કરે છે. ગોકુળ છોડી શ્રી કૃષ્ણ મથુરા ગયા અને પાછા ગોકુળ આવ્યા જ નહીં એટલે ગોપીઓએ માની લીધું કે શ્રી કૃષ્ણ જરૂર કુબ્જા પર મોહી પડ્યા હશે. ગોપી હૃદયનો આ મધુર ઉપાલંભ ગોપીઓની કૃષ્ણ મિલનની જ વ્યાકુળતા પ્રગટ કરે છે. એ દ્વારા પ્રેમનો ઉત્કટ ભાવ જ વ્યક્ત થયો છે.

નહિ આવે રે નહિ આવે, નાથજી નહિ આવે
મળી મથુરા મેં મોહિની નાર, ગોકુળિયું કેમ ભાવે ?—ટેક

આગળ હતા ગોવાળિયા, થયા મથુરાના રાય
કહો ભાઈ ગોકુલ કેમ રહેવાશે નિત નિત દોવી પડે ગાય ?—૧

મથુરામાં હરિ શાલ દુશાલા, નાનાવિધના વાઘા
ગોકુળિયું મેલીને વ્હાલો નાસી ગયો,
કાળી કામળી ઓઢવાને ધાગા—૨

કંસરાયની કાળી કુબજા ખૂંધી ને વળી ખોડી
કાળી કુબજા ને કાળો કા'ન સરખે સરખી જોડી—૩

વૃન્દાવનની કુંજગલીમાં હરિએ રમાડ્યો રાસ
નરસૈંયાના સ્વામી અમને મે'લી કરીને ગયો નિરાશ -૪

卐

**૫.**

સીતા સ્વયંવરનો પ્રસંગ છે. સ્વયંવરમાં દેશદેશના રાજાઓ આવ્યા છે. રામલક્ષ્મણની બેલડી પણ સ્વયંવરમાં હાજર છે. જનકરાજા તેમની ઓળખાણ પૂછે છે. વિશ્વામિત્ર ઋષિ તેમની ઓળખાણ આપે છે ત્યાં તો સીતાએ જ સાચી ઓળખાણ આપી દીધી. સ્વયંવરના મંડપમાં હજારોની સંખ્યાને સ્તબ્ધ કરી દીધી. સીતાએ રામના ગળામાં વરમાળા પહેરાવી એટલે જાણે કે ચમત્કાર થયો !

દેખી દેખી શ્રી રામજીકો રૂપ
જનકરાજા મોહી રહ્યા ! —ટેક૦

રાજા પૂછે સુનો ઋષિરાય એ દો બાળક કીસકે ?
કૌન નગરીમેં જન્મ લિયો હૈ વાસ કહાં હૈ ઉસકે ?
ઋષિ બોલ્યા સુનો રાજાજી: અયોધ્યા કે વાસી,
રાજા દશરથ ગૃહે જન્મ લિયો હૈ, પુરણ બ્રહ્મ અવિનાશી—૧

દેશ દેશ કે રાજા આયે ઔર દુનિયા કે રાય:
બ્રહ્મા બૈઠે, મહાદેવ બૈઠે, ધનુષ ઉઠાયો ન જાય—૨

જબ રઘુનાથે ધનુષ ઉઠાયો, સભા રહી મુરઝાઈ:
ગોરે ગોરે તનિયા મૃગ લોચનિયા વરમાળા પહેનાઈ—૩

ધન દશરથ કૌશલ્યા મૈયા
જિને હરિ ગોદ ખેલૈયા
તુલસીદાસ પ્રભુ રૂપ નિહારું
જન્મો જનમ યશ ગાઉં—૪

卐

૬.

શ્રી કૃષ્ણની ઉંમર અને ગોપીઓની ઉંમર વચ્ચે મોટો તફાવત હતો. ગોપીઓ ગૃહસ્થાશ્રમી હતી તેથી તેમની ઉંમર પચ્ચીસ વર્ષની આસપાસ ગણાય. જ્યારે શ્રી કૃષ્ણ તો બાળક જ હતા. તેમની ઉંમર છ થી સાત વર્ષની જ હતી. છતાં ગોપીઓને કૃષ્ણનું ભારે આકર્ષણ હતું. આ આકર્ષણ દૈવી હતું. તેથી જ તેઓ લૌકિક સંબંધો હિમ્મતપૂર્વક અગવવામાં સફળ નીવડી હતી. બાળકૃષ્ણમાં તેમને ત્રિભુવનનાથનું દર્શન થયું હતું. તેથી તેમણે કૃષ્ણને પતિ માની શ્રી કૃષ્ણની ભક્તિ કરી હતી. આ ભક્તિને પ્રેમલક્ષણા ભક્તિ કહેવામાં આવે છે.

મને કાનજી જોયાના કોડ,
રો ય ર ચા લો ની,
મને કાનજી જોયાના કોડ !—ટેક૦

દહેરે દહેરે દીવા કરું
હું પુજું શંકરદેવ
શામળિયા વર પામવા
હું કરું શંભુની સેવ—૧

ચંદન ભરી તલાવડી ને
મોતીએ બાંધી પાળ
કાનજી ધુવે રૂડાં ધોતિયાં
રાધા પાણી કેરી ધાર—૨

સાસુ અમારી જશોમતિ,
સસરા શ્રી નંદ નામ
કંથ કોડીલો કાનજી રે
મારું સાસરું ગોકુળ ગામ—૩

ગાય શીખે ને સાંભળે રે
હરિ રાધાનો રાસ
તે નર પામશે સુખ
સુણુ ગાય નરશો ચો દાસ—૪

卐

## કેદારાની સાખી

૧

કેદારો જબ કીજિયે, મુખે જપીએ રામ
અવર રાગ સૌ દેવતા, મારે કેદારો ભગવાન.

૨

કેદારો કુંકણ લવે, મોર લવે મલ્હાર
તું શું લવેબાઇ શંખણી, તારે પુત્ર ન લખ્યો લલાટ

૩

કેદારો જબ કીજિયે, આધી રેન જબ જાય
મૈં સૂતી ભરનિદ્રામેં પિયા કૌન સુઘડ નર ગાય?

卐

૧.

શ્રી કૃષ્ણ ભગવાનના પુનિત પગલાંથી નિત્ય પવિત્ર બનેલી વૃન્દાવનની ધરતી, ગોકુળનું ગામ, મથુરા અને દ્વારિકાનગરી આજે પણ ભક્ત હૃદયને ઘેલું બનાવી દે છે. ભગવાનની કર્મલીલાનું સ્મરણ હૃદયમાં ભાવની ભરતી જગાડે છે. ધન્ય છે તે માણસને કે જેણે ભારતમાં જન્મ લીધો; ધન્ય છે તે ભારતવાસીને કે જેણે મોરપીંછ, મુગટ અને મુરલીને યાદ કરી શ્રી કૃષ્ણનાં જ ગુણગાન ગાયાં; ધન્ય છે તે ભક્તને કે જેના કાને નિત્ય ભગવાનનું ગુણ કથન સાંભળે છે—જીભ ગુણો જ ગાયા કરે છે અને આંખો નિત્ય ભગવાનનું જ દર્શન કર્યા કરે છે !

ધન ધન રે ગોકુળિયું ગામ,
ધન આ ધરતીને !
મારે વ્હાલે કીધો વિશ્રામ,
ધન આ ધરતીને !—ટેક.
ધન રે કહીએ પેલા ઝાડ કદમને,
જ્યાં રે બેઠા ભગવાન!
આજાં રે ઝાડવાં ઝૂમી રહ્યાં રે
પ્રભુજીને કરે પ્રણામ !—૧
ધન રે કહીએ પેલા નીર યમુનાને,
જ્યાં રે બેસી હરિ ન્હાય !
ધન રે કહીએ પેલી વાંસલડીને,
પ્રભુજીને મુખે વાય !—૨
ધન રે કહીએ પેલા મોર પીંછને,
મોહન મુગટ સોહાય !
ધન રે મ્હેતા નરસઈની જીભલડી,
હેતે હરિ ગુણ ગાય !—૩

૨.

ગોપી ભાવ જાગે એટલે પાર્થિવ સંબંધોનું મહત્વ ઘટી જાય છે. હૃદય માત્ર ભગવાનમાં જ લાગી રહે છે. એને જ ગીતામાં અનન્યભક્તિ કહી છે.

તમે કેમ રે આવ્યાં વ્રજનાર,
મંદિર પરહરી ?
તમે પરહર્યાં નાના બાળ,
વ્રજની સુંદરી ?—ટેક૦
અરધ નિશા રૂડાં મંદિર તજીને
આવ્યાં વનમોઝાર:
એક એકથી દીસો અતિ રૂડાં,
તમો કુલવંતી નાર !—૧
વેદ પુરાણમાં સુણ્યું રે હશે,
ઓને ભજવા કંથ !
ધર્મ તમારો તમને કહીએ
જુઓ વિચારી ચિત્ત !—૨
મનડું વિમાસી ગોપી અબલા ઉભાં,
તમે શું કહો પ્રાણજીવન ?
અમો ભજીએ વનમાળીનો વ્હાલો,
એમ વિનવે ગોપી [illegible] !—૩

卐

૩.

'પરબાન' એટલે પ્રમાણ. નીચ પણ ઊંચી પદવી મેળવી શકે છે. તે માટેનું પ્રમાણ છેઃ શબરી જે ભીલ જાતિની હતી અને ગણિકા જેની કોઈ જાત ન હતી તે બેઉને પરમ પદવી પ્રાપ્ત થઈ હતી. ભજનનું સાધન શક્તિશાળી છે તેનો પણ એ પુરાવો છે. બીજો પુરાવો છેઃ વિભિષણ અને ધ્રુવ. ધ્રુવને તો અચલ પદવી આપી. રામે પોતાનો દીવાન બનાવ્યો. તારા, ચંદ્ર અને સૂર્ય એ તો બધું ચલાયમાન છે પરંતુ ધ્રુવનું પદ તો અચલ છે. એમાં ફેરફાર થતો નથી. એ માટે વેદ અને સંતો સાક્ષીરૂપ છે.

ભજન કો પરબાન હૈ હરિ ભજન કો પરબાન
નીંચ પાવે ઉંચ પદવી, બાજતે નિશાન–ટેક.
ભજનકો પરિતાપ ઐસો તિરે જલ પોષાન
અધમ ભીલ અજાતિ ગનિકા, ચઢે જાત વિમાન–૧
રાવણકે દસ મસ્તક છેદે કરગ્રહી સારંગપાન
વિભિક્ષનકો લંકા દીની, ભક્ત અપનો જાન–૨
નવલખ તારા ચલી મંડલ, ચલી સસિહર ભાન
દાસ ધ્રુવકો અટલ પદવી, રામ કે દિવાન–૩
નિગમ જાકી સાખિ બોલે, કહે સંત સુજાન
૧જનકબીર તેરી સરનિ આયો, સખિ મેરુ ભગવાન–૪

૧ આ પદ ધામણ નિવાસી શ્રી નારણભાઈ હીરાભાઈ ભક્ત પાસેથી પ્રાપ્ત થયું હતું. પરંતુ એ પદ તુલસીદાસને નામે ચઢી ગયું લાગે છે. તેમણે મોકલેલ પદમાં છેલ્લી પંક્તિ આ પ્રમાણે છેઃ
'દાસ તુલસી તેરી સરન આયો'.........
ઉપરોક્ત પદનો પાઠ કબીર ગ્રંથાવલિને આધારે રાખ્યો છે.

## ધન્યાશ્રીની સાખી

સુખ ઉપન્યો દુઃખ ગલ ગયો, ધન્યાશ્રી પહેચાન
ધન્યાશ્રી તબ જાણીએ જબ નિત હોય કલ્યાણ—૧

ધવલ ધન્યાશ્રી ગાઈએ, દિવસ ચઢ્યો ઘડી સાત,
અતિ આનંદથી ગાઈએ, જેમ દેખ્યો ગોકુલનાથ—૨

રાગ જ્યોતિ ઝળહળે, જેવો હૃદયમાં ભાવ
ભૂધરો બીજાય ભાવથી, અતંરથી સહુ ગાવ.—૩

ઉપરોક્ત ત્રણે સાખીમાં ધન્યાશ્રી ગાવા માટે જુદા જુદા સમયનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પ્રથમ સાખીમાં સૂર્યોદયના સમયનો, બીજી સાખીમાં બપોર પછીના સમયનો અને ત્રીજી સાખીમાં હૃદયના ભાવ પ્રમાણેનો ઉલ્લેખ છે.

પ્રથમ સાખીમાં દુઃખના પ્રતીકથી રાત્રિનું સૂચન અને સુખના પ્રતીકથી પ્રભાતનું સૂચન છે. સૂર્યોદય થતાં ભિન્ન ભિન્ન જીવો આનંદમાં આવી જાય છે. બધાં જીવો કલ્યાણના માર્ગે પ્રગતિ કરવા મંડી પડે છે. આવા શુભ સમયે ધન્યાશ્રી ગાવાનો મહિમા છે. બીજી સાખીમાં બપોરના સમયનો નિર્દેશ છે. શા.આમાં ત્રણ સંધ્યા ગણાવી છે. સૂર્યોદય સંધ્યા, મધ્યાહ્ન સંધ્યા અને સૂર્યાસ્ત સંધ્યા. આ ત્રણે સંધિકાળે પ્રભુનું સ્મરણ–ભજન કરવાનો આદેશ આપણામાં

આવ્યો છે. પ્રભુના દર્શન કરવાથી જેટલો આનંદ થાય તેટલા આનંદથી બપોરના સમયે ધન્યાશ્રી ગાવામાં આવે તો જીવ ધન્ય બની જાય છે એમ સાખીમાં નિર્દેશ કર્યો છે. આ ધન્યાશ્રીને ધવલ કહ્યો છે. ધવલ એટલે સફેદ. સફેદ રંગ અનંત શાંતિનો સૂચક છે. જ્યારે ત્રીજી સાખીમાં વિશેષ સૂચન કરવામાં આવ્યું છે. હૃદયમાં જેમ ભાવ બદલાય તેમ રાગ બદલાતો રહે એવું સૂચન વૈજ્ઞાનિક છે. પ્રત્યેક રાગ ભાવાનુકૂળ છે. રાગને ગાવા માટે માત્ર સ્થૂળ સમયનો ખ્યાલ ન કરવો જોઈએ. માનસિક પરિસ્થિતિના ફેરફાર સાથે રાગનું વિજ્ઞાન સંબંધિત છે. એમ આધુનિક વિદ્વાનો પણ માને છે. માટે કયો રાગ કયા સમયે ગાવો એ માટે વિવાદ કરવો ન જોઈએ. આપણે ત્યાં પ્રભુને પ્રસાદ પધરાવતી વખતે ધન્યાશ્રી ગાવાનો રિવાજ છે તે આ દૃષ્ટિએ બરાબર છે.

卐

## ૧.

શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં વચન આપ્યું છે કે ભક્તો મને અનન્યભાવથી ઉપાસતાં રહે છે તે સહુનો યોગક્ષેમનો ભાર એટલે કે તે સહુની ક્ષેમકુશળતાની જવાબદારી હું સ્વીકારું છું. આ વચન ભગવાને વારંવાર પાળ્યું છે તેનું સદૃષ્ટાંત વર્ણન આ પદમાં કરવામાં આવ્યું છે. ભગવાન વચન ન પાળે તો તેને કોણ જપે કે ભજે? પરંતુ તેમણે તો વચન પાળી બતાવ્યું છે તેથી આજે પણ ભગવાનમાં વિશ્વાસ રાખનાર ભક્તોના દર્શન શક્ય બન્યા છે.

[1]બાનાની પત રાખ, હરિ તારા, બાનાની પત રાખ<br>
બાના રે માટે જો દુઃખ દેશો, કોણ જપે તારો જાપ ?—ટેક.<br>
રોહીદાસની તમે પત્રાળી વીણી, નવ જોઈ જાત ને ભાત:<br>
સેના રે માટે સન્મુખ રહીને, નાઈ કહેવાય નાથ !—૧<br>
પ્રહ્લાદની તમે પ્રતિજ્ઞા પાળી, સ્તંભમાં પૂર્યો વાસ:<br>
તાતી કઢા તમે શીતલ કીધી, સુધન્વાને કાજ !—૨<br>
પાંચાળીનાં તમે પટકૂળ પૂર્યાં, રાખી સભામાં લાજ:<br>
સાગરમાંથી ડૂબતો રે રાખ્યો, રામ કહેતાં ગજરાજ !—૩<br>
ઝેરના રે તમે અમૃત કીધાં, આપ્યા મીરાંને હાથ:<br>
મહેતાને માંડલીક મારવા આવ્યો, કેદારો લાવ્યા મધરાત !—૪<br>
ભક્તોના તમે સંકટ કાપ્યા, ત્યારે આવ્યો વિશ્વાસ;<br>
તુલસીના સ્વામીને કહું કર જોડી, પૂરો મારા મનડાંની આશ !—૫

---

[1] ગીતા અધ્યાય ૯ શ્લોક ૨૨ :

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।<br>
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

અર્થાત્

મને જ માત્ર જે લોકો સદા ઉપાસતા રહે<br>
આત્મસંયમી તે સૌને ક્ષેમકુશળ રાખું હું !!

૨.

આ પદ સરળ છે એટલે અર્થ-સમજૂતીની જરૂર નથી. પરંતુ પ્રસાદની વિધિ માટે ગેરસમજૂતી જરૂર છે તે દૂર થવી જોઈએ. જો કે પ્રભુને પ્રસાદ અર્પણ કરવાની વિધિને ઘણા બુદ્ધિજીવીઓ હાસ્યાસ્પદ ગણે છે મંદિરોને ઇસ્પિતાલમાં કે શાળા મહાશાળામાં ફેરવી નાખવાની માગણી થતી હોય તેવા સમયમાં ભગવાનને અર્પણ કરવાના પ્રસાદની વાત જરૂરી માનનારની શી વલે થાય ? અમે તો હિંમતથી કહેવા માંગીએ છીએ કે માત્ર તર્કથી કે દલીલથી આધ્યાત્મિક ક્ષેત્રનું રહસ્ય જાણી શકાતું નથી એ હકીકત સમજવાની ધીરજ કેળવીશું તો જ ગીતાકથન પણ સમજાશે. **पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतम् अश्नामि प्रयतात्मनः ॥** અર્થાત મનને શુદ્ધ કરી જે કોઈ મને પત્ર, પુષ્પ, ફળ કે પાણી પ્રેમથી આપે છે તેનો હું પ્રેમથી સ્વીકાર કરું છું. બુદ્ધિજીવીઓ અહીં ગેરસમજૂતી ઊભી કરે છે. ખરેખર તો ભગવાનને શું આપવું તે મહત્વનું નથી પરંતુ કઈ રીતે આપવું તે મહત્વનું છે. જે કાંઈ અર્પવામાં આવે તે માટે બે શરત પાળવાની છે: એક તો મન શુદ્ધ કરવાનું છે અને બીજું, પ્રેમપૂર્વક નિષ્કામ ભાવથી અર્પણ કરવાનું છે. આ બે શરત ન પળાતી હોય ત્યાં બુદ્ધિજીવીઓની જીત થઈ.

આરોગો નરસંઘ, મહાપ્રભુ,
આરોગો નરસંઘ !
છપ્પન ભોગસે ભોજન કીજે
નાનાવિધકે રંગ !—ટેક૦

લક્ષ્મી ભોજન આપ સંભાયોં
મનમેં ધર્યોં ઉમંગ
પતવારિ નારદમુનિ લાવે,
જલભર લાવે ગંગ !—૧

ભાવ પ્રીત કર ભોજન કીજે,
તુમ મેરે પ્રાણ આધાર
અંતરકી ગત અંતર્યામી
સબ બિધ જાનનહાર !—૨

આરતી સાજ ઈંદ્ર લઈ આવે,
દૂર કિયો પટચીર !
સનક સનંદન ચમર ઢોળાવે,
ગાવે દાસ [illegible] !—૩

૩.

પદ તો સરળ છે. છતાં પ્રજ્ઞાદવિધિ માટે વિશેષ સ્પષ્ટીકરણ કરી લઈએ. જેનું છે તેને અર્પણ તેનો કર્તૃત્વના ભાવ વિના ઉપભોગ કરવાની રીત પાછળ પરમાત્મભાવ છૂપાયો છે. આ પરમાત્મભાવ ન જાણનારા ધર્મની અને સૃષ્ટિકર્તાની ભારોભાર નિંદા કરે છે. તેથી ગીતામાં તેવા માણસોને મૂઢ કહ્યા છે :

**अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।**
**परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥**

અર્થાત મૂર્ખ અવિવેકી લોક મારા સર્વભૂતોના મહાન ઈશ્વરરૂપી પરમાત્મભાવને જાણતા નથી તેથી માનવ દેહને ધારણ કરનારા મુજ પરમાત્માની અવજ્ઞા કરે છે.

આરોગો રઘુવીર, મહાપ્રભુ,
આરોગો રઘુવીર !
પ્રફુલ્લિત હોકર જાનુની પીરસે,
ઢોળત શીતલ સમીર !—ટેક૦

કંચનથાળ જડિત કટોરા,
મિઠાઈ અરુ ખીર !
છપ્પન ભોગ સોહે નાનાવિધ,
આરોગો રઘુવીર !—૧

રામ હી લક્ષ્મણ ભરત શત્રુઘ્ન,
રણજીત આયે વીર!
જનક સુતા ઝારી લઈ આયે,
મંગલ સરયુ નીર! —૨

સૂવા ચંદન ઔર અગરજા,
અર્ચંત શ્યામ શરીર!
આચમન કરકે બીડાં લીજે,
ગાવે દાસ કબીર! —૩

卐

## સામેરીની સાખી

સામેરી સાહેર ઊલટચો, રત્ન તણાયા જાય
કર્મહીણા ભરે મુઠીઓ તેની શંખલે પોસ ભરાય !–૧

સામેરી સોહો સાહવે ઊભી માણેક ચોક :
હું તને પૂછું સામેરી તારે સૂડી ભલી કે શોક ?–૨

શોક કરતાં મારે સૂડી ભલી તત્ક્ષણ છાંડે પ્રાણ;
શોક બોલે વ્યંગથી રે મારે ક્ષણ ક્ષણ દાઝે દેહ !–૩

સામેરી....ગુણરૂપ વાદે ચઢયા, ચાલ્યાં હરિ દરબાર
ગુણને આપ્યા આસનો, રૂપને કર્યાં જુહાર !–૪

સામેરી સાહેર ઊલટચો વીતી ગઈ અધરાત
મન મોહનને મળવા ગોપી રાગ સામેરી 3UH--M

૧.

ગોપીઓ તો પરણેલી હતી. છતાં તેમને શ્રી કૃષ્ણ તરફ શા માટે આકર્ષણ થતું હતું ? અને તે પણ સાત આઠ વર્ષના બાળક શ્રી કૃષ્ણ તરફ ! શું તે આકર્ષણ વાસનાજન્ય પ્રેમવાળું હતું ? શું તે આકર્ષણ સાધારણ કોટિનું હતું ? ના, તે આકર્ષણ તો દિવ્ય હતું. વાસનાની લેશમાત્ર પણ છાંટ તેમાં ન હતી. તે તો પાર્થિવતાની દિવ્યતા તરફની દોટ હતી. તેથી જ સંતકવિ 'જાગ્યા ત્યારે ઝાંઝરનો ઝમકાર' શબ્દોનો ઉપયોગ કરે છે. પાર્થિવ દૃષ્ટિ ટૂંકી, એકાંગી અને નિર્મળ ન હોવાથી દિવ્યતાની ભૂખ જાગે. ત્યારે જ શામળિયાના નિત્ય સાથની જીવને ભૂખ જાગે છે. એ ભૂખને સંતોષવા લૌકિક મર્યાદાઓનું જીવ સહજ રીતે ઉલ્લંઘન કરે છે. એક પ્રકારની અજબ હિમ્મત આવી જાય છે. ચિત્તવૃત્તિઓ શ્રી કૃષ્ણને જ લક્ષ્ય ગણી તેમાં જ નિમગ્ન બનવા પ્રયત્ન કરે છે. આ જ પ્રક્રિયા ને રાસ. આવો લાક્ષણિક ભાવ ગોપીહૃદયનો હતો. વાંસલડીનો સૂર એટલે અંતરના ઊંડાણમાંથી જાગતો આત્માનો અવાજ. તે સાંભળી ચિત્તવૃત્તિ નિર્મળ બને છે અને ઘેલી પણ બને છે. તે અવાજમાં વિલીન બનવાનો લહાવો જીવ કેવી રીતે જતો કરે ?

**રૂડી ને રસાળી રે વ્હાલા તારી વાંસલડી**
**તે મારે મંદિરિયે સંભળાય !**
**સોના રૂપાનું રે હરિ મારું બેડલું,**
**ઓઢણિયે રત્ન જડયું સોહાય !—ટેક૦**

પાણીલાને કારણે બ્હેની જોવા નીસરી;
બેડલું મૂક્યું સરોવરિયાની પાળ;
ઓઢણી તો ભેરવી રે આંબા કેરી ડાળ,
જીવ તો આકુલ વ્યાકુલ થાય—૧

કાનજી કેડિલો રે છેડલો ગ્રહી રહ્યો,
મેલો મેલો પાતળિયા ગોવાળ;
સાસુ અંમારી રે અમો પર ખીજશે.
નણંદ સાહેલી દેશે ગાળ—૨

એકને અંધારી હો બીજી મારે વેરણ થઈ,
જાગ્યા ત્યારે ઝાંઝરનો ઝમકાર;
ઘણા દિવસની રે ગુંજા સહુ ટોળે મળી,
હવે મારે કરવો શામળિયાનો સાથ—૩

રંગના બીના રે રમવા આવજો,
વ્હાલા મારા સુંદર આસો માસ
નરસૈંયાના સ્વામી રે બાઈ મને ત્યાં મળ્યા,
વ્હાલે મારે રમાડ્યો રાસ—૪

卐

૨.

ભાગવતી લીલાનું ગુણકથન આ પદમાં સંતકવિ નરસિંહ મહેતાએ કર્યું છે. ધર્મની સ્થાપના અને ભક્તોનું રક્ષણ એ અવતારી પુરુષોત્તમનું હમેશાં ધ્યેય હોય છે.

દ્વારિકાના વાસી રે અવસરે આવજો
તમો રાણી રૂકમણિ કેરા રે કંથ
દુષ્ટ તે દુર્યોધન રે પાપી લાગ્યો પીડવા,
ચહુદિશ નિહાળું તારો પંથ—ટેક૦
સોડ વાળી શું સૂતો શામળા,
આળસ તજીને ઉઠો રે આજ
લક્ષ્મીજી તલાશે રે પ્રભુ તારા પાવમાં
વ્હાલા મારા મ્હેર કરો મહારાજ—૧
ગ્રાહમુખમાંથી રે ગજને છોડાવ્યો,
થયા તમે સુધન્વાને સહાય
નૃસિંહરૂપે રે હરણાકંસ માર્યો
વ્હાલે મારે ઉગાર્યો પ્રહ્લાદ—૨
છપ્પન કોટિ રે જાદવ તારિયા
સંગે બલિભદ્ર સરખા ભ્રાત
કાલિનાગ નાથ્યો રે જરાસંધ જીત્યો
તે બલ ક્હાં ગયું મહારાજ?—૩

ધ્રુવજીએ કીધાં રે તપ બહુ આકરાં,
તેને વ્હાલે દીધું અવિચલ રાજ
સાત રે વર્ષે રે ગોવર્ધન કર ધર્યો
પૂર્યા વ્રજવનિતાના લાડ—૪

વસમી વેળાયે રે વ્હારે ધાજો વિઠ્ઠલા
ધાજો ધાજો છત્રપતિ મહારાજ
સ્વારી તે કરજો રે વ્હાલા મારા ગરુડની
નરસૈંયો વિનવે વારંવાર—૫

卐

૩.

રાજા ભર્તુહરીના જીવનનો આ બહુ જાણીતો પ્રસંગ છે.

સાધને સુખી રે રાજા ભરથરી, મહા દુઃખીઓ રે સંસાર
પર ઉપકારી રે હરજીના સાધુઓ, ભવભય ભંજન હાર—ટેક૦
કોણુ કોણુ દુઃખે રે રાજા તમે નીસર્યા, અન્ન ધન ભર્યાં રે ભંડાર
માતંગ ને હસ્તી રે રાજા તમો બેસતાં, લક્ષ્મી અનંત ને અપાર–૧
ઝીણા તે મલમલ રે રાજા તમો પહેરતા, ચંદન કરતા રે હરરોજ
મનસા તો ભોજન રે રાજા તમો જમતા,
મુખડે સાધુ સંતોના બોલ–૨
ઊંચા ઊંચા મંદિરે રે રાજા તમો બેસતા,
હીરા જડયા ત્યાં ઝાકમઝોળ
રત્ન સિંહાસન રે રાજા તમો બેસતા, ચહુદિશ પવનનો ઝકોર–૩
રાણી તો છોડી રે રાજા તમો ભરથરી, છોડયા તમે ભોગ વિલાસ
રાજ તો છોડયું રે નગરી ઉજ્જૈન, વનખંડ કીધો રે વાસ–૪
રાણી તો લાગે રે સૂની સરિખડી, ત્રાસ સહ્યો નહિ રે જાય
ક્યારે રે મળશે રે સાહેબ ભરથરી, અંતરિયે રાણી અકળાય–૫
એકવાર આવો રે રાજા ભરથરી, લાજે ઉજ્જૈન દેશ
કોણુ જોગીએ રે રાજા તમે ભરમાયા, કોણે તમને દીધો ઉપદેશ–૬
રાણીને કહેજો રે મારે સુખમણા, કાયા મારી પ્રભુજીની મ્હેર
સતગુરૂ શબ્દે રે અમો નિસર્યા, લાગી અલેખશું લ્હેર–૭
હાથમાં તુંબી રે ગળામાં ગોદડી, ધર્યો અમે ભિખારીનો વેશ,
અલખ નિરંજન રે મળવા આરણે, હાથ ગોરખે દીધો ઉપદેશ—૮

卐

૪.

સરેરાશ સાઠ વર્ષનું આયુષ્ય ગણાય. તેમાં ત્રીસ વર્ષ દિવસરૂપે પસાર થાય અને ત્રીસ વર્ષ રાત્રિ રૂપે પસાર થાય. રાત્રિ વેળાએ તો ઊંઘ અને આળસ મહત્વનો ભાગ ભજવે. આ રીતે અરધું આયુષ્ય ઊંઘ અને આળસમાં વીતે. બાળપણ ખેલકૂદમાં અને કુમાર અવસ્થા અભ્યાસમાં વીતે. યુવાની ઉપાધિમાં અને ઘડપણ ચિંતામાં વીતે. ખરેખર માણસને હરિભજવાનો ભાગ્યે સમય મળતો નથી! કેવું સરસ બહાનું!

જુવાનીને દહાડે રે હરિને ભજ્યા નહિ,
મોહ્યું પરદારા સંગે મન!
વળી કાંઈ ખોયું રે કામની કલ્પના,
માયા શું બાંધ્યું રે મન! ટેક.

પચ્ચીસને પચાસ રે તે તો પ્રપંચે ગયા,
આવ્યા સાઠ વર્ષના દિન;
સીત્તેર સુધી રે કાંઈ સમજ્યો નહિ,
હવે શું સાધવા ચાલ્યો વન?—૧

નયણે નહિ સૂઝે રે ગળે બહુ નાસિકા,
સુકાઈ શિથિલ થયું તારું તન;
દંત ને રેખું રે મુખમાં દીસે નહિ;
તો યે પાપી ઉદર માંગે અન્ન!—૨

ભાગ્યનો હીણો રે અવસર ઓળખ્યો નહિ,
તે તો જાણે હરિના રે જન!
નરસૈંયાના સ્વામી રે સુખમાં સંભાળજો,
વ્હાલો મારો પૂરણ પ્રેમાનંદ!—૩

# ધોળ મંગળનાં પદો

ધોળ મંગળનાં પદો કોઈ પણ સમયે ગાઈ શકાય છે. કબીર પંથમાં હરેક પળ શુભ અને મંગળ મનાય છે. ભક્તિમાં મન નિત્ય પરોવાયલું રહેતું હોવાથી પ્રત્યેક પળે આનંદનો જ અનુભવ થતો હોય છે. તેથી કબીર સાહેબે બારેમાસ વસંતની કલ્પના કરી છે. આપણે ત્યાં લગ્ન પ્રસંગે જેમ મંગળ ગવાય છે તેમ મરણ પ્રસંગે પણ ગવાય છે.

૧.

જી રે પગરથે વ્હેલા પધારજો
સધારજો રે સધારજો સેવકનાં કામ
પગરથે વ્હેલા પધારજો !—ટેક.

જી રે તમો વિના સર્વે શોભે નહિ
ઘણું લોભો રે ઘણું લોભે મળવા મન
પગરથે વ્હેલા પધારજો !—૧

જી રે વ્હાલાની જોઉં છું વાટડી
પાવન કરજો રે પાવન કરજો અમારાં ધામ
પગરથે વ્હેલા પધારજો !—૨

જી રે અબલાની આશા પૂરજો
ઘણું કહીએ શું ઘણું કહીએ શું પ્રાણ આધાર
પગરથે વ્હેલા પધારજો !—૩

જી રે રામકૃષ્ણ પ્રભુજન રંકને
વ્હાલા પૂરજો રે વ્હાલા પૂરજો જનમની આશ
પગરથે વ્હેલા પધારજો !—૪

501141

卐

૨.

રાધા એટલે ચિત્તવૃત્તિ. 'રા' એટલે રાસ અને 'ધા' એટલે દોડવું. તેથી રાસ દ્વારા પ્રભુમિલન સમજવું. જ્યારે ચિત્તવૃત્તિ પ્રભુ પરાયણ થાય ત્યારે મનુષ્યજન્મની ધન્યતાનો અનુભવ થાય. પૂર્વ જન્મનું પુણ્ય ફળ્યું ગણાય. આવા ગૂઢ અર્થવાળાં પદો લગ્ન પ્રસંગે આપણે ગાઈએ છીએ તેનો અર્થ એટલો જ કે નવ પરણિત યુગલને મનુષ્ય જન્મના હેતુની યાદ અપાવવી.

'રાધાજી[1] ઘણું હરખ્યાં રે મન,
આજ અમારો અવતાર ધન્ય,
પ્રગટ્યું પૂર્વ જન્મનું પુન્ય
તો પુરણ બ્રહ્મને પરણીએ રે—ટેક૦

---

[1] રાધા નામની કોઈ વ્યક્તિ ન હતી. મહાભારત અને હરિવંશ એ બે ગ્રંથો શ્રી કૃષ્ણના ઇતિહાસને જાણવા માટેના આધારભૂત ગ્રંથો છે. તેમાં રાધાનો ઉલ્લેખ નથી. પરંતુ બ્રહ્મવૈવર્ત પુરાણમાં રાધાનો ઉલ્લેખ મળે છે. એ પુરાણ આધારભૂત ગ્રંથ તરીકે માન્ય નથી. છતાં એ ગ્રંથમાં પણ લાક્ષણિક રીતે શ્રી કૃષ્ણ રાધાની ઓળખ આપતા કહે છે: **ममार्धांश स्वरूपा तु मूलप्रकृतिरीश्वरी।** અર્થાત મારા સ્વરૂપનું અર્ધું અંગ જે મૂળ પ્રકૃતિ ગણાય છે તે રાધા. આ પુરાણમાં શ્રી કૃષ્ણનું લગ્ન રાધા સાથે થાય છે તેનું વર્ણન પણ છે. પરમ પૂજ્ય આઠવલે શાસ્ત્રીજી આ લગ્નને રૂપક તરીકે સમજાવતા કહે છે કે પ્રકૃતિ અને ચેતનનાં લગ્ન, જીવ અને શિવનાં લગ્ન થયાં અને તેમની સંતતિ તે આ જગત. ટૂંકમાં, રાધા કોઈ વ્યક્તિ ન હતી. તેથી રાધાનો ઉપયોગ જ્યાં જ્યાં થયો હોય છે ત્યાં ત્યાં વિશેષભાવ વ્યક્ત કરવા થયો હોય છે એમ સમજવું.

મારા તે મનમાં હતી એક વાત,
તમે તે જાણી રે જદુનાથ,
જન્મો જનમ તમારી સાથ
તો પુરણ બ્રહ્મને પરણીએ રે—૧

અંતરીક્ષથી બહુ વાજાં વાગે,
જાણે ગગનમાં મેહુલિઓ ગાજે,
દેવતા આવ્યા વધાવવાને કાજે
તો પુરણ બ્રહ્મને પરણીએ રે—૨

સાજન સૌ મળી બેઠાં છે ટોળે,
નંદ જશોદાએ લીધા છે ખોળે,
વલ્લભ ઊભા વાવ જ ઢોળે
તો પુરણ બ્રહ્મને પરણીએ રે—૩

卐

૩.

આ પદની છેલ્લી પંક્તિ સમગ્ર પદના રહસ્યને ખુલ્લું કરે છે. જે જીવને સાચા સદ્‌ગુરૂ મળે તેને અમર પદવી મળે છે. સદ્‌ગુરૂ જ જીવ અને શિવના લગ્ન કરાવી શકે છે જેથી જીવના ચોર્યાસી લાખના ફેરા મટી જાય છે. જેને જન્મવું પડતું નથી તેને મરવું પણ પડતું નથી. આ જ અમર પદ. પાણિ ગ્રહણની વિધિ વેળા વરવહુને આ પદ મહાજનો ગાઈ સંભળાવે છે. પાર્થિવ લગ્ન વિધિ પછી આધ્યાત્મિક લગ્ન વિધિ માટે વરવહુએ તૈયાર થવાનું છે તેની યાદ અપાવવાનો હેતુ મહાજનોનો હોય છે.

સતગુરુજી રે લગન લઈ આવ્યા,
[1]શબ્દ સંસાર મારે મન ભાવ્યા,
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા
તો ભાગ્ય ફર્યાં પેલા ભવતણા રે—ટેક૦

શબ્દરૂપી ચાંદલિયો ચોડયો,
[2] નિવૃત્તિ કન્યા શું વિવાહ જોડયો;
કામક્રોધનો ભય સહુ મોડયો
તો વિવાહ જોડયો જુગતે કરી રે—૧

ગગન મંડળમાં માંડવો રચાવ્યો;
પચરંગી રંગે એને રંગાવ્યો;
અમી રસ કુપી દોરીએ બંધાયો
તો અતૂટ રહે એનો તાર શું રે—૨

૧ શબ્દ=જ્ઞાન
૨ નિવૃત્તિ=નિરતિ—જે ચિત્તવૃત્તિ માયાથી વેગળી થઈ પ્રભુપરાયણ થઈ છે તે.

મંડપની શોભા અતિ સારી,
રત્નજડિત જરૂખા ને જારી;
અનંત કલા [3]સુરતિ જાયે વારી
તો ઝલ ઝલ જ્યોતિ ત્યાં ઝળહળે રે—૩

હૃદયમાં હરિવર તોરણે આવ્યા,
સોળે કળા સંપૂર્ણ રે લાવ્યા;
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા
તો નિરખ્યા રૂપ નયણાં ભરી રે—૪

[4]સુખમણા સાસુજી પોંખવા આવ્યા,
[5]પાંચ પચ્ચીસને વાળી રે લાવ્યા;
[6]ઇંગલા પિંગલાને બેડાં ચઢાવ્યા
તો પોંકણુ પોંકયા પ્રેમ શું રે—૫

નિવૃત્તિ કન્યાને પધરાવો
સતગુરૂ શબ્દનો હસ્ત મેળવાવો,
રણુકાર વેદની ધૂમ મચાવો
તો અનહદ વાજાં ગડગડે રે—૬

ભજન કરી જેણે હરિવર વરિયા,
જન્મ મરણના ફેરા રે ટળિયા,
કહે પ્રેમળદાસ સાચા સતગુરૂ મળિયા
તો અખંડ ચૂડો અમર રહે રે—૭

---

૩ સુરતિ=જે ચિત્તવૃત્તિ માયામય છે તે.
૪ સુખમણા=સુષુમ્ણા નાડી.
૫ પાંચ પચ્ચીસ=કર્મેન્દ્રિયો પાંચ તેના વિષયો, પાંચ, જ્ઞાનેન્દ્રિયો પાંચ, તેના વિષયો પાંચ તથા પાંચ પ્રાણ.
૬ ઇંગલાપિંગલા=નાડીઓનાં નામ.

૪.

સદ્‌ગુરુ જીવને નાશવંત જગતની ઓળખ આપે છે અને પોતાને મળેલી તકને રામભજનથી સાધી લેવાનો ઉપદેશ આપે છે.

તું તો રામ રટણુ કર રંગમાં
તારું જાય રે
તારું જાય જુવાનીનું જોર,
અવસર આવો નહિ મળે—ટેક૦

જી રે કાચો રે કુંભ જળે ભર્યો
તેને ફૂટતાં રે
તેને ફૂટતાં નહિ લાગે વાર, અવસર આવો નહિ મળે૦–૧

જી રે કાચા સૂતરનો તાંતણો
તેને તૂટતાં રે
તેને તૂટતાં નહિ લાગે વાર, અવસર૦–૨

જી રે વાડી ખીલીને ફુલ્યો મોગરો,
તેને કરમાતાં રે
તેને કરમાતાં નહિ લાગે વાર, અવસર૦–૩

જી રે બાજીગરે બાજી રચી,
એને સમેટતાં રે
એને સમેટતાં રે નહિ લાગે વાર, અવસર૦–૪

જી રે પાંચ રે તત્વનું પૂતળું રે,
માંહી બોલન રે
માંહી બોલનહારો રામ, અવસર ૨૦–૫

જી રે ગગન મંડળમાં ચૉરી રચી,
ત્યાં પરણ્યું રે
ત્યાં પરણ્યું રે આતમ રામ, અવસર ૨૦–૬

જી રે દાસ પ્રીતમની વિનંતિ,
અમને મળ્યા રે
અમને મળ્યા સતગુરૂ શ્યામ, અવસર ૨૦–૭

૫.

સાચા સદ્‌ગુરુ આધ્યાત્મિક લગ્નની ભૂખ જગાડે છે. સદ્‌ગુરુનો ઉપદેશ ચરિતાર્થ કરવા માટેના જીવના પ્રયત્નોનો આ પદમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. મનની ચંચળતા જેમ જેમ ઓછી થતી જાય છે તેમ તેમ ભૌતિક આધારો છૂટતા જાય છે. મન પ્રભુમાં સ્થિર બનવા માંડે છે. એવો સમય આવે છે કે સ્થૂળ જગતનો ખ્યાલ પણ ગમતો નથી. આખરે સાક્ષાત્કાર થઈ જાય છે અને પરમસુખની પ્રાપ્તિ થાય છે.

હું તો હરજી જોવાને નિસરી
મારા ગુરૂજી એ રે
મારા ગુરૂજી એ દીધો ઉપદેશ
વ્હાલાજીને નિરખવા !—ટેક૦

મારે શીલ સંતોષ કલ્લાં કાંબી
મારે ઝાંઝર રે
મારે ઝાંઝર પ્રેમ વૈરાગ્ય, વ્હાલાજીને નિરખવા-૧

મેં તો શ્યામ સોનાનું લીધું બેડલું,
છોડી ચાલ્યાં રે
છોડી ચાલ્યાં ઘરના કામ, વ્હાલાજીને નિરખવા-૨

વ્હાલો બંસી બજાવે એના રંગમાં,
મારા ઘરમાં રે
મારા ઘરમાં નહીં રહેવાય, વ્હાલાજીને નિરખવા–૩

વ્હાલો શેરી રે વચ્ચે સામો મળ્યો,
હું તો લળી લળી રે
હું તો લળી લળી લાગું પાય, વ્હાલાજીને નિરખવા–૪

વ્હાલે ચૂંદડી ઓઢાડી પાકા રંગની,
છેડે આતમ રે
છેડે આતમ રામનો રંગ, વ્હાલાજીને નિરખવા–૫

મેં તો ભરમે ભૂલીને સેંથો પૂરિયો,
પૂરી દાસ રે
પૂરી દાસ ગોપાલની આશ, વ્હાલાજીને નિરખવા–૬

卐

૬.

પોતાના સ્વરૂપનું દર્શન કરવું તે અઘરું છે. ચંચળ મન એ માટે સૌથી મોટું નડતર ગણાય છે. પરંતુ જે વ્યક્તિ આ નડતરને હટાવી શકે છે તે સ્વરૂપનું દર્શન અવશ્ય કરી શકે છે. તેથી તે વ્યક્તિ પૂજનીય પણ છે.

મન તું આખું રે
મન તું આખું ક્યાં અથડાય
બીજે રે નથી ખોલ તો ! –ટેક૦

તું તો જાગીને જોને તારા રૂપને
ખોળી જોતાં રે
ખોળી જોતાં તું રે ખોવાય—૧

તારે ઓથે હરિ નથી દેખતો
કુંડળ પૂંઠે રે
કુંડળ પૂંઠે કનક ઢંકાય—૨

તું તો દરિયાની લ્હેર સમાન છે
લ્હેરી શમે રે
લ્હેરી શમે સમુદ્ર દેખાય—૩

તારે ઠેકાણે હરિને કરાવની
એવું સમજે રે
એવું સમજે તો સુખ થાય—૪

કહે પ્રીતમ એવા અનુભવી
તેને લળી લળી રે
તેને લળી લળી લાગું પાય—૫

## મંગલનાં પદો

જિજ્ઞાસુ માણસે તત્ત્વદર્શી પુરુષો પાસે જઈ તેને પ્રણામ કરી, તેની સેવા કરી, તેને પ્રશ્નો પૂછી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ એમ ગીતામાં કહ્યું છે. **तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया** તેવી જ શીખામણ આ પદમાં આપવામાં આવી છે.

ચલો સતગુરૂજીકે હાટ, જ્ઞાન બોધ લાઈએ
હંસા લીજે સાહેબજીકો નામ, પરમ પદ પાઈએ–ટેક૦

કર્તાને સબ કછુ કિયો, દેવન કછુના રહ્યો
તુમ હો અભાગન નાર અમૃત ત્યજી વિષ પીઓ–૧

ગયીથી પિયાજીકે મ્હેલ, પિયા સંગ ના રહી
તેરે હૃદય કપટ રહ્યો સાર, કુમતિ લજ્જા બસી–૨

જો ગુરૂ રૂઠયા હોય તો, તુરત મનાઈએ
રહીએ દીન આધીન, સેવા નિત કીજિયે–૩

જો ગુરૂ હોયે દયાલ, દયા દિલમેં રહે
તેરે કોટિ કર્મ જાય પલક ચિત ફેર હૈ–૪

ભલો રે બન્યો સંયોગ, પ્રેમકા ચોલના
તન મન અર્પી શીશ સાહેબ હસી બોલના–૫

કહે કબીર વિચાર ભયા મન ભાવના
દયા ભજન ચિત્ત લાઈ બહોર નહિ આવના–૬

૨.

સાહેબ એટલે આત્મા. આત્માને બાળી શકાતો નથી, ભીંજવી શકાતો નથી, સૂકવી શકાતો નથી, કાપી શકાતો નથી એમ ગીતામાં કહ્યું છે. આત્મા તો અખંડ ને અવિનાશી છે. તે જન્મતો નથી એટલે તેના નાશનો પ્રશ્ન ઊભો થતો નથી. જે જન્મે છે તે બધું જ નાશવંત છે. તેથી આ અખંડ આત્માને જાણવા માટે મનની સ્થિરતા અત્યંત આવશ્યક છે. મનની સ્થિરતા લાવવા માટે ભક્તિયોગનું સાધન ઉપયોગી છે.

અખંડ સાહેબ કા નામ ઔર સબ ખંડ હૈ;
મંડિત મેરુ સુમેરુ ખંડ બ્રહ્મંડ હૈ—ટેક૦

થિર ન રહે ધન ધામ, સો જીવન ધંધ હૈ;
ઉન સાધુન કે સંગ સદા આનંદ હૈ—૧

ચંચલ મન થિર હોય, તમે ભલ રંગ હૈ;
નિકટ ઊલટી ભરિ પીવ, સો અમૃત ગંગ હૈ—૨

દયા ભાવ ચિત રાખુ ભક્તિ કા અંગ હૈ;
[1]કહૈ કબીર ચિત ચેતું, સો જગત પતંગ હૈ—૩

---

૧ આ પદ સાહેબ હનુમાનદાસજી કૃત 'શબ્દામૃત સિંધુ'માંથી લીધું છે.

૩.

આ પદમાં પણ સદ્‌ગુરુનો જ મહિમા ગાયો છે. જીવના શિવ સાથેના લગ્ન સદ્‌ગુરુ સિવાય કોઈ કરાવી શકે નહિ. સદ્‌ગુરુ ન મળે ત્યાં સુધી મનની ચંચળતા મટાડવાની ચાવી પ્રાપ્ત થતી નથી. ચિત્તવૃત્તિ વિષયોમાં જ રત રહે ત્યાં સુધી શિવ એટલે કે આત્મા સાથેના વિવાહની વાત નકામી છે.

મનષા દેહી પાઈ, રામ ગુણ ગાઈએ,
સુરતિ અકન કુંવારી, હંસાકો બહાઈએ—ટેક૦

સતગુરૂ વિપ્ર બોલાય, લગ્ન લખાઈએ;
વેગે કરી લો વિવાહ, ઢીલ મત લાઈએ—૧

પાંચ પચ્ચીસ શું નાર, મંગલ ગાઈએ
લખ ચોરાસી કે ફેર બહોર નહિ આઈએ—૨

[1]સુરત નુરત દોઉ સાથ સંજોગ જોડીએ
જમ શું જીવ ઉગાર, તનખા તોડીએ—૩

૧ ચિત્તવૃત્તિ એટલે સુરતિ. વિષયોમાં રત રહેવાવાળી. એને નિરતિ બનાવવી એટલે વિષયોમાંથી અળગી કરી દેવી. એટલું જ નહીં પણ પ્રભુ પરાયણ બનાવવી. સુરતિ નિરતી બની જાય તો જ લગ્ન સાર્થક બને. આ માટે જ્ઞાન, ભક્તિને યોગનું સાધન અત્યંત ઉપયોગી છે.

હંસાને કિયો રે વિચાર, સુરતિ સું યોં કહી
તુમ જુગ જુગ અકન કુંવારી એતા દિન કયાં રહી ?—૪

સુરતિને હંસાકો કરી સલામ પિયુ તુમ સત કહી,
મોહે સતગુરૂ મિલ્યા નાહિ એતા દિન યોં રહી !—૫

પરમ પુરુષ કી સેજ અખંડિત ખેલના;
પિયોરે પિયાલા પ્રેમ, અધર રહી ઝીલના—૬

પુરુષ પુરાતન લાઈ, શબ્દ સુનાઈ એ
કહે કબીર ભજો રામ, પરમ પદ પાઈ એ—૭

卐

૪.

પોતાના સ્વરૂપની ઓળખાણ કરી લેવાથી જન્મમરણના ફેરામાંથી મુક્તિ મળી જાય છે.

જીવ તું કહાંસે આયો?
કહાં ચલ જાયેગો?
જીત તું કર લે પહિચાન,
મુએ પસ્તાયેગો! —ટેક૦

સત્ય લોકસે આયો ત્રિગુણમેં સમાઈ રહ્યો,
ભૂલ ગયો વો દેશ, માયામેં લપટાઈ રહ્યો—૧

નહિ તેરા ગામ ને ઠામ, નહિ પુર પાટણા
સ્વારથ કે સબ લોક, નહિ કોઉ અપના—૨

કહે કબીર વિચાર, હંસા મંગલ ગાવહી;
હંસા ગયે સતલોક બહોર નહિ આવહી—૩

卐

૫.

સુરતા એટલે ચિત્તવૃત્તિ. જેની સુરતા હંમેશ ભગવાન સાથે જ જોડાયલી છે તેનો યોગક્ષેમનો ભાર ખુદ પ્રભુ પોતે જ ઉપાડે છે એવું શાસ્ત્રવચન છે. આ હકીકત સદ્દષ્ટાંત આ પદમાં બતાવવામાં આવી છે.

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે
જેની સુરતા શામળીઆ સાથ, વદે વેદ વાણી રે—ટેક

વ્હાલે ઉગાર્યો પ્રહલાદ, હિરણ્યાકંસ માર્યો રે
વિભિષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે—૧

વ્હાલે નરસિંહ મહેતાનો હાર, હાથો હાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે—૨

વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે
પાંચાળીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે—૩

આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશે રે
કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે—૪

卐

# ગરબી

ગ્રામ જનતા પહેલાના જમાનાથી જ ઉત્સવ પ્રિય ગણાતી આવી છે. આ ઉત્સવ પ્રિયતામાંથી જ ગરબા-ગરબીનો જન્મ થયો છે. તેથી બંને સ્વરૂપોમાં આનંદ કેન્દ્રસ્થાને છે. બંને સ્વરૂપોમાં સંઘગાન અને સંઘનૃત્ય જરૂરી મનાય છે. છતાં બંને સ્વરૂપોમાં થોડો તફાવત પણ છે. પ્રસંગ કથા, લાંબા વર્ણનો અને અનેક વિચારો ગરબામાં વ્યક્ત થઈ શકે છે. તેથી તેનું સ્વરૂપ લાંબુ હોય છે. દસ મિનિટ સુધી ગવાય એવો પણ ગરબો છે અને બે કલાક ચાલે એવો પણ ગરબો છે. જ્યારે ગરબીનું રૂપ ટૂંકું છે. દસબાર લીટીમાં એનો અંત આવી જાય છે. વર્ણન કે પ્રસંગ કથાને અવકાશ મળતો નથી. માત્ર એક જ વિચાર સચોટ રીતે વ્યક્ત થાય છે. ભક્ત કવિઓએ ગરબીના આ સ્વરૂપમાં કૃષ્ણભક્તિનો જ આનંદ વ્યક્ત કર્યો છે.

૧૦

મનુષ્ય જન્મનો એક માત્ર હેતુ આત્મકલ્યાણનો જ છે. આત્મકલ્યાણ કરવા માટે હરિનું ભજન કરવું અત્યંત જરૂરી છે. પરંતુ જીવ માયામાં ફસાયો છે. તેને અવળી મતિ સૂઝે છે. તેને ખાવી છે કેરી ત્યારે તે બાવળિયાનું બી વાવે છે. કેવી કરુણતા ! કેટલાં પુણ્ય કર્યાં હોય ત્યારે માનવનો દેહ મળે છે. આ કિંમતી દેહનો ઉપયોગ માણસ કેવી ખરાબ રીતે કરે છે ! જે પુષ્પો દેવ પૂજનાં હોય તેને તેલમાં તળવાથી કેટલો લાભ ? મોંઘેરા મોતીને ઘંટીમાં દળવાથી શો ફાયદો ?

ફરી નહિ મળે રે ફરી નહિ મળે
હો રે લ્હાવો તને ફરી નહિ મળે !–ટેક૦

બાવળિયાનું બી વાવે તો આંબો નહિ ફળે;
આવી રૂડી મનખા દેહ ભૂલમાંહિ ભમે–૧

કેવડો કસ્તૂરી મોગરો તેલમાં તળે;
મોતિડાંની કણક લઈ ઘંટીમાં દળે–૨

ચેતવું હોય તો ચેતી લેજે, અવસર નહિ મળે;
નરસૈંયાના સ્વામી વિના અર્થ નવ સરે–૩

૨.

મનુષ્ય જન્મ એ જીવને મળેલી તક છે માટે એ તકનો ઉપયોગ કરી લેવા જીવને અપીલ કરવામાં આવે છે.

આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી—ટેક

વાણીના મેહુલા ને નૃત્યની હેલી
સુખનો લ્હાવો લીજીએ રે — કાલ —૧

પ્રભુજીના ગુણ જોને એવા મીઠડાં
હરખે ઓવારણાં લીજીએ રે — કાલ —૨

ફૂલની રે ગાદીને ફૂલના રે તકીઆ
ફૂલના બિછાના બિછાવીએ રે — કાલ —૩

રામની રે આરતી ને સંતની રે સેવા
દાસ રણછોડ હૃદે લીજીએ રે — કાલ —૪

卐

૩.

મારી શેરીએ આવો શામળિયા,
વાટડીએ વેરાવું ફૂલ, પ્રીતમ પાતળિયા—ટેક૦

મેં જુગમેં જોયું શામળિયા,
નહિ આવે તમારી તોલ, પ્રીતમ પાતળિયા—૧

ધન ધન રે દેવકીના શામળિયા,
જાણે જન્મ્યા અકળ સ્વરૂપ, પ્રીતમ પાતળિયા—૨

તારું મુખડું સુંદર શામળિયા,
જાણે શરદ પૂનમનો ચંદ્ર, પ્રીતમ પાતળિયા—૩

રઘુનાથના સ્વામી શામળિયા,
વ્હાલો દુઃખડાં હરે નિત જાણ, પ્રીતમ પાતળિયા—૪

卐

૪.

મારે આજ રે આનંદનો દિન છે જો
હરિની ભક્તિ કરે તેને ધન છે જો—ટેક૦

જેણે પ્રહલાદની રક્ષા બહુ કરી જો
વિકરાળ નૃસિંહનું રૂપ ધરીને જો —૧

વિષ વાર્યાં તે મીરાંબાઈના જો
પત રાખી તે સેના નાઈ જો —૨

નરસૈં મહેતાને હાર આપ્યો જો
ધ્રુવને અવિચળ સ્થાપ્યો જો —૩

જેણે નામદેવનું છાપરું છાયું જો
સુદામાની નાર સુખ પાઈ જો —૪

નરભેરામના સ્વામીની સાથમાં જો
અમે રહીએ હરિના હાથમાં જો —૫

# દેવગંધારનાં પદો

રાત્રીનો અંત દેવગંધારનાં પદોથી આવે છે. પ્રભાત કાળથી શરૂ કરી દેવગંધાર સુધીનો ચોવીસ કલાકનો ક્રમ અહીં પૂરો થાય છે. પ્રભાત વહેલાં દેવગંધારનો લય ખૂબ મીઠો લાગે છે. નીરવ એકાંત અને શીત ખુશનુમા હવામાનમાં દેવગંધારનો લય ગાનારના તથા સાંભળનારના હૃદયમાં પરમ આનંદનો પૂરક બની રહે છે. દેવગંધારનાં પદો ગાવા એ પણ એક લહાવો છે. ત્યાં સુધી કોણ જાગી શકે? ત્યાં સુધી બેસી રહેવાની ધીરજ કોણ રાખી શકે?

૧.

સીતા કોણે હરી રે
    ભોળા લક્ષ્મણ,
        સીતા કોણે હરી?—ટેક૦

સુની મહુલીમાં જુએ રઘુનંદન,
    શય્યા સુની પડી રે,
        લક્ષ્મણ સીતા કોણે હરી?—૧

નહિ જાણું હિરણ્યાકંસ હરી ગયો,
    ન જાણું ભૂમિએ ગળી
        લક્ષ્મણ સીતા કોણે હરી?—૨

વનવગડામાં રહે એક જોગી,
    બેઠો છે ધ્યાન ધરી,
        લક્ષ્મણ સીતા કોણે હરી?—૩

જોગીના વેશે રાવણ આવ્યો,
    છેતરી સીતા હરી રે
        લક્ષ્મણ, સીતા કોણે હરી?—૪

લાવો ધનુષ્ય મારા રે હાથમાં,
    રાવણ મારું ફરી રે
        લક્ષ્મણ, સીતા કોણે હરી?—૫

સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો,
    લઇ ગયો હરણ કરી રે
        લક્ષ્મણ, સીતા કોણે હરી?—૬

૨.

જમુનામાં જઈને પડયો
કનૈયો મારો, જમુનામાં જઈને પડયો—ટેક૦

જમુનાજીમાં જલ ઘણું શીતલ
પડતાં કાંઇ ન ડર્યો
કનૈયો મારો, જમુનામાં જઈને પડયો-૧

પકડી મંગાવું સૌગ્વાલની મંડળી,
પડતા ન કયાં કર ધર્યો ?
કનૈયો મારો, જમુનામાં જઈને પડયો-૨

પ્હોંચી પાતાળે નાગને નાથ્યો,
ફેણુ પર નૃત્ય કર્યો
કનૈયો મારો, જમુનામાં જઈને પડયો-૩

નરસૈંના સ્વામીની લીલા જોઇને,
વ્રજમાં આનંદ થયો
કનૈયો મારો, જમુનામાં જઈને પડયો-૪

૩.

શાને હીંડો ભમતા રે ભૂધરજી,
શાને હીંડો ભમતા—ટેક૦

પ્રીત વિના પર ઘેર નવ જઈએ
અમસ્તા ને અણગમતા
ભૂધરજી, શાને હીંડો ભમતા—૧

મન માન્યા દધી માખણુ આપું
શાને નથી જમતા
ભૂધરજી, શાને હીંડો ભમતા—૨

વૃન્દાવનની વાટે રે જાતાં,
ગોપીઓને દમતા
ભૂધરજી, શાને હીંડો ભમતા—૩

નરસૈંના સ્વામીની સંગે રમતા,
શાને ભળ્યા ભમતા
ભૂધરજી, શાને હીંડો ભમતા—૪

卐

૪.

મોગરીએ છાયો મંડપડો
ભૂધરજી, મોગરીએ છાયો—ટેક૦

રાધિકાની સંગે શામળિયો,
રંગભરી રમી આવ્યો
ભૂધરજી, મોગરીએ છાયો—૧

વૃન્દાવનમાં વિઠ્ઠલ ભાયો
હસી હસી દે તાળી,
ભૂધરજી, મોગરીએ છાયો—૨

પીતામ્બરની પલવટ વાળી,
પ્હેરાવી દે સાડી
ભૂધરજી, મોગરીએ છાયો—૩

પૂર્વના પુણ્યથી વર એ પામી
પામી એ રસ રૂડો
ભૂધરજી, મોગરીએ છાયો—૪

નરસૈંના સ્વામીની સંગે રમતા
અખંડ રહ્યો ચૂડો
ભૂધરજી, મોગરીએ છાયો.

૫.

ભૂલી મોતીનો હાર

જમુનાને તીર

ભૂલી મોતીનો હાર—ટેક૦

એક મોતી મારે લક્ષ કરોડનું

પરોવું સોના તાર,

ભૂલી મોતીનો હાર—૧

સાસુ અમારી સઘળી સંતાપે,

નણદી દેશે ગાળ,

ભૂલી મોતીનો હાર—૨

જેઠ અમારા જુક્તિએ રાખે,

દિયર પાડે પોકાર,

ભૂલી મોતીનો હાર—૩

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,

ઉતારે ભવ પાર

ભૂલી મોતીનો હાર—૪

૬.

ઘેલી કીધી રઘુનાથે રે બાઈ મને,
ઘેલી કીધી રઘુનાથે—ટેક૦

નીર જમુનાના ભરવાને જાતી
ઘટ ચઢાવે હરિ હાથે
બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે–૧

શેરીએ શેરીએ ફૂલડાં વેરાવું,
મોરલી બજાવી નાથે
બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે–૨

તોડલે તોડલે તોરણ બંધાવું,
મંગલ ગરબડું રાતે
બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે–૩

વૃન્દાવનની કુંજ ગલિનમાં,
પાલવ ગ્રહ્યો હાથે
બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે–૪

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
પ્રગટ ભયો પ્રભાતે
બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે–૫

卐

# વસંતનાં પદો

આપણે ત્યાં વસંત ઋતુમાં વસંતનાં પદો ગાવાનો રિવાજ છે. જો કે એ સ્થૂળ રિવાજ કહેવાય. વસંત શબ્દ આનંદનો પર્યાય છે, તેથી આનંદની કોઈ પણ ઘડીઓમાં વસંતનાં પદો ગાવામાં આવે તો વાંધાજનક નથી. તે જ રીતે ધમારનાં પદોનું સમજવું. આપણે ત્યાં ધમારને બદલે ધુમાર શબ્દ વધારે ચલણી બની ગયો છે. ખરો શબ્દ ધમાર જ છે. ધમાર એ તાલનું નામ છે. એ તાલમાં જે ગીત કે ભજન ગાવામાં આવે તે ધમારનું પદ કહેવાય. ધમારનું પદ ગાવામાં વિશેષ બળ વાપરવું પડે છે આ અવાજનું ગાયન છે. 'હોરી' પ્રસંગે ધમાર ગાવામાં આવે છે તેથી 'હોરી'નાં પદો તરીકે પણ ઓળખવામાં આવે છે.

## વસંતની સાખી

૧

વિરહી મન આનંદ ભયો, હરખે સબ જીવ જંત:
પિયુ મિલનકી આશમેં હૈયે ફોરી વસંત!

૨

વસંત આવ્યો હે સખી! આંબે આવ્યો મ્હોર
જે ઘર કૃષ્ણ પરોણલા તે ઘેર ગોપીની દોડાદોડ!

૩

પ્રેમ સંદેશો લઈ મારે આંગણે આવ્યા સંત,
સુણતા આવે મ્હેકી રહી મારે રુવે રુવે વસંત!

૪

વસંત તો સબહી ભલો, નહિ વસંત સમતુલ
હવકી હાથી લકડી અહા! ઘોડિ કે શિર ફુલ!

૧.

મનુષ્ય જન્મની તક મળવી તે જ વસંત. મનુષ્ય જન્મની પ્રાપ્તિ પછી પ્રભુ મિલન માટે પ્રત્યેક જીવે પ્રયત્ન કરવો જોઈએ.

આવ્યો માસ વસંત વધામણાં
છબીલાજીના કરીલો છાંટણા—ટેક૦—
વન કેસર ફૂલ્યો અતિ ઘણો
તહાં કોકિલ શબ્દ સોહામણો
રૂડિ આરતના ઓવારણા.......આવ્યો—૧
તું તો ન્હાહી થાને આજ રે
તારાં સરસે સઘળાં કાજ રે
તું તો મૂક હૈયાની દાઝ રે ..આવ્યો—૨
તું તો નવરંગ ચોળી પ્હેર રે
પછી આજ થશે તારે લ્હેર રે
રૂડા હરજી આવ્યા તારે ઘેર રે....આવ્યો—૩
લેને અબીલ ગુલાલ ખોળા ભરી
પછી ઓ આશે હસતા હરિ—આવ્યો—૪
રૂડી આરતનાં અંગો અંગ છે
તહાં રમવાનો રૂડો રંગ છે
તહાં છબીલાજીનો સંગ છે—આવ્યો૦—૫
તહાં આનંદ સરખો થાય છે
તહાં મોહન મુરલી વાય છે.
તહાં નરસૈંયો ગુણ ગાય છે—આવ્યો૦—૬

૨.

અક્ષર વિદ્યાની વાત નથી. આદિ તત્ત્વને જાણવાની અને પામવાની વાત છે. એને બ્રહ્મવિદ્યા કહો કે આત્મવિદ્યા કહો—પણ એ વિદ્યાથી હૃદયની દુર્બળતા નાશ પામે છે અને અનોખું આત્મબળ પ્રગટે છે. પ્રહ્લાદજીના જાણીતા પ્રસંગની કથા આ પદમાં સરળ રીતે રજૂ કરવામાં આવી છે.

એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી
જુઓ જુઓ ભાઈઓ તમે આદિજી—ટેક૦
તેણે અપર અક્ષર ન ઓચર્યો
તેણે રામનામ હૃદયે ધર્યો
તે તો તાતના ત્રાસથી ન ડર્યો—એવી૦–૧
તાતે લોહના સ્તંભ ધીકાવ્યા
પ્રહ્લાદ ભેટાડવા લાવ્યા
તે તો રામનામ લેતા આવ્યા—એવી૦–૨
ત્યાં તો નૃસિંહ રૂપ હરિ થયા
પ્રભુ દેહ ધરી ઊભા રહ્યા
ભક્ત હિત ભાવ પોતે લહ્યા—એવી૦–૩
ત્યાં તો હિરણ્યકંસ વિદાર્યો
પોતે નખ વધારી માર્યો
પ્રહ્લાદનો ત્રાસ નિવાર્યો—એવી૦–૪
એમ અનેક ભક્તો ઉગાર્યા
તેના તનના તાપ નિવાર્યા
[1]જશ કબીરજી ભાવે ઓચર્યા—એવી૦–૫

૧ સંભવ છે કે આ પદ કબીરસાહેબને નામે ચઢાવી દેવામાં આવ્યું હોય. ભાષા તો ગુજરાતી જ છે. વળી અભિવ્યક્તિની લઢણ કબીર સાહેબની જણાતી નથી. છતાં પદ સારું અને સરળ છે અને વારંવાર ગાવા જેવું પણ છે.

૩.

નામસ્મરણનું સાધન સાવરણી જેવું છે. જેટલી વાર સાવરણી ફરે તેટલી વાર કચરો સાફ થાય છે. નામસ્મરણથી ધીમે ધીમે હૃદય શુદ્ધ બનતું જાય. હૃદય શુદ્ધ બને તો જ 'લોલીન' બની શકે અને તો જ સાધન ફળદાયી થઈ શકે. હરિનું નામ ત્રણે લોકના સારરૂપ છે તેથી અન્ય સાધન તરફ દૃષ્ટિ ન કરતાં નામસ્મરણનું સાધન જ સિદ્ધ કરવું જોઈએ.

હરિનામ તત્ત્વ ત્રિલોક સાર
લોલીન ભયે સો ઉતરે પાર—ટેક૦
એક જોગી એક જટાધાર
એક અંગે વિભૂતિ કરે અપાર
મુનિવર એક હૂં સે લીન
ઐસે હોત હોત જગજાત છીન—૧

એક આરાધે શક્તિ શિવ
એક પડદા દે દે બધે જીવ
એક કુલદેવી કા જપહિં જાય
ત્રિભુવન પતિ ભૂલે ત્રિવિધ તાપ —૨

એક અન્ન છાંડ કે પીબહિ દૂધ
હરિ ન મિલી બિન હિરદે સુધ
કહે કબીર ઐસે વિચાર
રામ બિના કો ઉતરે પાર? —૩

૪.

નૃસિંહ અવતારનો પ્રસંગ છે. પદ પણ અત્યંત સરળ છે.

નહીં છાંડો બાબા શ્રી રામનામ
મોહિ ઓર પઢનસૂં કૌન કામ—ટેક

પ્રહ્લાદ પધારે પઢન સાલ,
સંગ સખા લીયે બહુત બાલ
મોહિ કહા પઢાવે આલ જાલ,
મેરી પાટી મેં લિખિ દે શ્રીગોપાલ—૧

તબ સંનામુરકાં કહ્યો જાઈ,
પ્રહિલાદ બંધાયો બેગિ આઈ
તૂં રામ કહનકી છાંડિ બાની,
બેગિ છુડાઉં મેરા કહ્યો માનિ—૨

મોહિ કહા ડરાવે બાર બાર,
જિનિ જલ થલ ગિરકો કિયો પ્રહાર,
બાંધિ મારિ ભાવૈ દેહ જારિ,
જેહૂં રામ છાંડો તો મેરે ગુરહિ ગારિ—૩

તબ કાઢિ ખડગ કોપ્યો રિસાઈ,
તોહિ રાખનહારો મોહિ બતાય
ખંભ હૈ।રિ પ્રગટયો મુરારિ,
હરનાકસ માર્યો નખ બિડારી—૪

આદિ પુરુષ દેવાધિદેવ,
નરસ્યંઘ પ્રકટ કિયો ભગતિ ભેવ
[1]કહે કબીર કોઈ લહે ન પાર;
પ્રહિલાદ ઉબાર્યો અનેક વાર—૫

---

૧ પદની શરૂઆત રામનામથી થાય છે અને પ્રસંગકથા નૃસિંહ અવતારની છે. રામાવતારની પ્રસંગકથા ન હોવાને કારણે આ પદમાં વિસંગતિનો દોષ લાગવા સંભવ છે. પરંતુ ખરેખર કોઈપણ એવો દોષ આ પદમાં નથી. કબીર સાહેબ અવતાર લીલાનો મર્મ સારી રીતે જાણતા હતા. તેથી તેમણે આદિ શબ્દનો ઉપયોગ છેલ્લી પંક્તિમાં કર્યો છે. પરમ તત્ત્વ તો એક જ છે. પરંતુ ભક્તજનોના ઉદ્ધારને કારણે કે ધર્મની સ્થાપનાને કારણે આ પરમ તત્ત્વ જુદા જુદા સ્વરૂપે ને સમયે પ્રગટ થયા કરે છે. માટે રામ તે જ નૃસિંહ અને કૃષ્ણ.

'સંનામુરકાં' હિરણ્યાકંસનો માનીતો માણસ હતો. હિરણ્યાકંસે પોતાના પુત્ર પ્રહ્લાદને પોતાની ઈચ્છા મુજબની કેળવણી આપવા માટે સંનામુરકાંને શિક્ષક તરીકે રોક્યો હશે.

૧.

રામ જ આદિ તત્ત્વ છે. એને ન જાણીએ તો મનુષ્ય જન્મનો આ ફેરો નકામો જાય. વસંત ઋતુમાં બહુવિધ વનરાજિ ખીલી નીકળે છે અને અજ્ઞાની જીવ એમાં મોહ પામે છે. એ આનંદ તો ક્ષણિક છે. પરમ આનંદ તો આદિ તત્ત્વને જાણવાથી જ પ્રાપ્ત થાય. આ આદિ તત્ત્વ બહુવિધ વનરાજિનો કર્તા, વસંતઋતુનો કર્તા, તો ફૂલની સુગંધ જેમ ફૂલમાં રહેલી છે તેમ બધે જ વ્યાપક પણ રહેલો છે એવા ગુરુ રામાનંદના ઉપદેશથી કબીરને આત્મતૃપ્તિ થઈ અને પરમ આનંદની અનુભૂતિ થઈ.

બનમાલી જાણે બનકી સાદ
રામ નામ બિન જનમ બાદ—ટેક૦

ફૂલ જુ ફૂલે ઋતુ વસંત
જા મેં મોહિ રહે સબ જીવજંત—૧

ફૂલનિ મેં જૈસે રહત બાસ
યૂં ઘટિ ઘટિ ભીતર હરિ નિવાસ—૨

[1] કહૈ કબીર મનિ ભયા આનંદ
મોહિ હરખે મિલે ગુરૂ રામાનંદ—૩

卐

1 આચાર્ય રામાનુજ દક્ષિણ ભારતના હતા. રાઘવાનંદ નામે તેમના એક શિષ્ય થઈ ગયા. તેઓ મહાન સંત તરીકે પ્રસિદ્ધ છે. તેઓ ભજન—ભક્તિના પ્રચારક હતા. આ રાઘવાનંદના શિષ્ય તે રામાનંદ. રામાનંદજી ગુરૂ રાઘવાનંદને મળ્યા તે પહેલા રામાનંદજી અદ્વૈત વેદાંતી તરીકે પ્રસિદ્ધ થયા હતા. પરંતુ રાઘવાનંદના સંગથી તેમનામાં ભક્તિ તત્ત્વનો ઉમેરો થયો. ત્યાર પછી તેઓ ઉત્તરભારતમાં આવ્યા અને જ્ઞાની ભક્ત તરીકે જાણીતા થયા. ગુરૂ રામાનંદને કબીર સાહેબ મળ્યા તે પહેલાં તેઓ યોગ અને જ્ઞાનના રસિયા હતા. ગુરૂ રામાનંદની મુલાકાત પછી તેમનામાં યોગ, જ્ઞાન અને ભક્તિનો ત્રિવેણી સંગમ થયો. આ હકીકત તેમના પદોથી સિદ્ધ થાય છે.

૨.

પોપટ અને બિલાડીના રૂપકથી કાળની ગંભીરતા સમજી જીવે, ત્રણે લોકના સારરૂપ રામનામનું સાધન કરી લેવાનો ઉપદેશ કબીર સાહેબે આ પદમાં આપ્યો છે.

[1] હરિ બોલ સૂવા બાર બાર
[2] તેરી ઢિંગ મીની કછૂ કરે પુકાર--ટેક૦

અંજન મંજન તજી વિકાર
સતગુરૂ સમજાયો તત્સાર
[3] સંત સંગત મિલિ કરો વસંત
તેરે બંધ ન છૂટે જુગ જુગંત—૧

અનેક જન્મ તેં પાયો દાવ
તદપિ ન કિયો ભક્તિ ભાવ
ઐસો અવસર બહુરિ ન પાવે
તેરી ઢિંગ મીની તુમકો સમજાવે— ૨

ક્યા ભયો સુત વનિતા પાયે
અંતકી બેર કોઈ સંગ ન આયે
કહૈ કબીર તું શોચ બિચાર
રામ ભકિત બિના અબમરે હાર—3

---

૧ સૂવા =મનુષ્ય જીવ
૨ મીની =બિલાડી—અહીં કાળને બિલાડીનું રૂપક આપવામાં આવ્યું છે.
૩ વસંત=મનુષ્ય જન્મને તક માની લઈ સંતોની સહાયથી આત્મકલ્યાણનું સાધના કરી લેવું.

૩.

મનના સ્વભાવનું સુરેખ ચિત્ર આ પદમાં કબીર સાહેબે દોર્યું છે. વિષયની આસક્તિ મનના સ્વભાવને મીઠી લાગે છે. જે કાંઈ સુખનો અનુભવ કરે છે તે ક્ષણિક જ છે. જીવનભર પ્રયત્ન કરે તો યે પરમ સુખ તો મળતું જ નથી. છેવટે અંતઃકરણ ઉદાસ બની જાય છે અને ત્યારે વિશેષ પ્રયત્ન કરવાની શરીરમાં શક્તિ રહેતી નથી. મનના ભરોસે મુમુક્ષુથી રહેવાય નહિ. મુમુક્ષુએ તો ભક્તિનું સરળ સાધન પકડી પોતાની નાવ પાર કરવી જોઈએ.

[1] ચલ ચલ રે ભમરા કમલ પાસ
તેરી ભમરી બોલે અતિ ઉદાસ—ટેક

તૈં બહુત પુષ્પકો લિયો હૈ ભોગ,
તેરે સુખ ન ભયો તન બઢયો હૈ રોગ
મૈં જો કરું તુમ્હે બાર બાર:
મૈં સબ વન ઢૂંઢ્યો ડાર ડાર—૧

[2] દિવસ ચાર કે સુરંગ ફૂલ,
તિનહિ દેખી કહા રહ્યો હૈ ભૂલ?
ઇન વન સંપત્તિમેં લગેગી આગ
તબ તુમ કહાં જાઓગે ભાગ—૨

૧ ભમરા=મન. કમલ=પરમાત્મા. ભમરી=અંતઃકરણ.
૨ દિવસ ચાર=ક્ષણિક સુખ. સુરંગ ફૂલ=વિષયોનું સુખ.

3 પુષ્પ પુરાને ભયે હૈ સૂક
તબ ભ્રમરકો લગી અધિક ભૂખ
ઉડ ન સકે બલ ગયો હૈ તૂટ
તબ ભમરી રુવે શિશ કૂટ—3

4 તબ ચૌદિશ જુએ મધુપરાય
તબ ભમરી લે ચલી શિશ ચઢાઈ
કહૈ કબીર મન કો સ્વભાવ
રામ ભગતિ બિન જમકો દાવ—4

卐

3 અધિક ભૂખ=પરમ સુખની ભૂખ પાછલી ઉંમરે જાગે ત્યારે શરીર અશક્ત હોય છે.

4 મધુપરાય=પરમાત્મા.—મન પરમાત્માને ચારે દિશામાં શોધવાનો પ્રયત્ન કરે છે અને આખરે પરમાત્માનું મિલન થતું નથી અને જન્મ મરણના ફેરામાં ઘૂમ્યા જ કરવું પડે છે.

૪.

મોહરૂપી મૃગ કોણ મારી શકે? જે ધ્યાન ભજન કરી શકે તે મોહને જીતી શકે. તે સિવાય અન્ય પ્રકારે પ્રયત્ન કરનાર મોહના જ શિકાર બને છે. મોહથી મન વધુ નિર્મળ બને છે અને બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

માધો મોહ-મૃગ માર્યો ન જાય
મેરી બુધ વાડીમેં બસ્યો હૈ આય — ટેક૦

મેરી વાડીમેં નિપજે મુક્ત વેલ,
સો દેખત ચર જાયે એલ;
રહેન ન પાવે ફલફૂલ પાન;
સીંચ સીંચ મૈં પટકું પ્રાણ —૧

ધ્યાન ધનુષ સાંધે સંધાય,
[1] સુરત નુરતકીં ગ્રહો બાંય;
જો મૈં મારું તાકી તાંહિ;
તબ તુરત વિદેહી મૃગ બન જાયે —૨

યહ મૃગ મારી શકે ન કોઈ,
સુરિનર મુનિવર રહ્યા રે જોઈ;
કહે કબીર જિને દિયો હે ટાલ;
જિને રાહભજકી કરી હે વાડ —૩

---

૧ સુરત નુરત=ચિત્તવૃત્તિઓ. ધ્યાનરૂપી ધનુષથી ભગવાનમાં જોડી શકાય અને ત્યારે જ મોહરૂપી મૃગ નાશ miA.

## ૫.

મનની આકાંક્ષાઓ દૂર થાય પછી જ મનની મર્યાદાનો ખ્યાલ આવે છે. ત્યાં સુધીના પ્રયત્નોની વ્યર્થતાનું ભાન થાય છે. પ્રભુ માટે પ્રેમ જાગે છે. વિરહ વ્યથાની શરૂઆત થાય છે.

માધો દારુણ દુઃખ સહ્યો ન જાય
મેરી ચંચલ મતિ તાંતે કહાં બસાય—ટેક

તન મન ભીતર બસે મદન ચોર,
જિને ગ્યાન રતન હરી લીનો મોર!
[1] મૈં અનાથ પ્રભુ કહું કાહિ?
અનેક બિગૂચે મૈં કો આહિ—૧

સનક સનંદન શિવ સુકાદિ,
નાભિ કમલ ઉપજે બ્રહ્માદિ!
જોગી જંગમ જતિ જટાધાર,
અપને ઔસર સબ ગયે હાર—૨

કહે કબીર રહું સંગ સાથ
[2] અંતરિ હરિ સૂં કહો બાત!
મન જ્ઞાન જાનિ કૈ કરિ વિચાર
[3] રામ રમત ભવ તિરવો પાર—૩

---

૧ હું અનાથ છું પ્રભુ, મારું દુઃખ કોને કહું? મને ઘણાએ ઘણી રીતે દુઃખ આપ્યું છે. આહિ એટલે દુઃખ.

૨ અંતરમાં જ હરિ નો વાસ છે તેનો સાક્ષાત્કાર કરવો જોઈએ.

૩ રામમાં જ ચિત્તવૃત્તિ રમવા માંડે તો ભવસાગર પાર કરી %LSIM£.

૬.

આ પદમાં વસંત શબ્દ વિશેષ અર્થમાં વપરાયો છે. અહીં નિત્ય વસંતની વાત કરવામાં આવી છે. અઘટ એટલે જે બનતી જ નથી જન્મતી જ નથી–તે. જે જન્મે છે, બને છે, તેનો અંત હોય જ. આ તો જન્મતી જ નથી, બનતી નથી તેવી વસંત. આવી નિત્ય વસંતનો અનુભવ મનની ઊંચામાં ઊંચી અવસ્થામાં શક્ય બને છે. મન પોતાનો ચંચળ સ્વભાવ છોડી દે અને સ્થિર બની જાય, નિષ્ક્રિય બની જાય, તે મનની ઊંચી અવસ્થા કહેવાય. આ અવસ્થામાં સાધક ત્રણે ગુણોને પણ અતિક્રમી જાય છે અર્થાત્ ત્રિગુણાતીત થઈ જાય છે. સામાધિમાં મનની આવી ઊંચી અવસ્થામાં હોય છે તેથી આદિ તત્ત્વનો, આત્મ તત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકે છે. આ પદમાં આવી ઊંચી અવસ્થાનું, સમાધિ દશાનું, વર્ણન છે.

**અઘટ વસંત ઘટત નહિ કબહૂં [1]અબિનાશી હૈ જ્યાંહી :**
**[2]ડાલ ન મૂલ ન પત્ર નહિ છાયા, ભ્રમર[3] વિલંબ્યો ત્યાંહી–ટેક**

---

૧ અબિનાશી=આત્મા.

૨ ડાલ નમૂલન—દેહરૂપી વૃક્ષમાં માત્ર આત્માનો જ પ્રકાશ—અન્ય વિકાર બિલકુલ નહીં—તેવા પ્રકાશમાં મન સ્થિર થવાથી વિલીન બને છે.

3 WK=Md.

જલ બિન કૂપ, ભોમ બિન વાડી, અરધ ઉરધ બિચ કયારી :
[4]યહાં કે ફૂલ વહાં બધાવે સો [5]માલની પિયુ પ્યારી–૧

[6]પાંચ વૃક્ષ ઊંઘે તે સૂધે પોપ[7] વાસના જાગી :
અકલ માલની સુરતિ છાબડી નિશદિન બિનન લાગી–૨

હોય સન્મુખ માલા પહિનાવે બાસ બાસ મન ધીર :
[8]સૂન શિખર ગઢ લિયો હૈ મુકામ, યોં કહે દાસ કબીર–૩

卐

---

૪ યહાં કે ફૂલ—નિર્બીજ પ્રેમ અને આનંદનાં ફૂલ જે નિત્ય વસંતની અવસ્થામાં જ શકય બને.

૫ માલની=માયા—નિત્ય વસંતની અવસ્થામાં માયા દાસી બની જાય છે. માયાનું આધિપત્ય રહેતું નથી.

૬ પાંચવૃક્ષ—પાંચ ઇન્દ્રિયો શરૂઆતમાં બાધક હોય છે તે સાધના કર્યેથી મદદરૂપ બની જાય છે.

૭ પોપ વાસના=પુષ્પ શબ્દનું અપભ્રંશરૂપ—પુષ્પ પરથી પુહુપ—પોપ.

૮ સૂન શિખર—મનની ઊંચી અવસ્થા કે જ્યાં મન આત્મામાં વિલીન બની જાય છે.

૭.

આવો મારા વ્હાલા અતિ રઢિયાળા,
ઓપે મંદિર અમારા
આજ સપરમો દિવસ અમારો,
દર્શન થયાં તમારા—ટેક—

નાવલિયાના ધોઉં પાવલિયાં, સિંહાસન પધરાવું
પાથરવાને ફૂલ પિછોડી, પોઢો તો વાયુ ઢાળું—૧

છપ્પન ભોગ છબીલાજી તમને પ્રેમ ધરીને પીરસું
રુમઝુમ રુમઝુમ હીંડું તમ આગે, તેમ તેમ રૂડી હીસું—૨

પાનતણું બીડું પાતળિયા તે તમને ખવરાવું
નરસૈંયાનો સ્વામી વસંત ખેલે, જોવાને ત્યાં જાવું—૩

卐

૮.

કહો કેમ વસીએ રે મારા વ્હાલા
ગોકુળ લૂંટ મંડાણી
નંદતણો નાંધલિયો નરહરી
થઈને બેઠો દાણી—ટેક—

લાગ નહીં એનો ભાગ નહીં, બાળક જાણી પાળ્યો
મથુરામાં મહી વેચવાને ચાલી, મારગડો ટાળ્યો—૧

એકનું ઢોળે વ્હાલો એકનું ફોડે, એકનું ગોરસ ખાય
એક એકને વ્હાલો અટકણું બોલે તે શ્યામના સમ ખાય—૨

એક એકને વ્હાલો ચીર પહેરાવે, એકને પહેરાવે ચોળી
એક એકને વ્હાલો દધિ ખવરાવે, એકનું મેલે ઢોળી—૩

નારી મળી સહુ ભામા ભોળી મળી રે સૈયરની ટોળી
નરસૈંયાનો સ્વામી વૃંદાવન આજ રમે છે હોળી—૪

૯.

પદ અતિ સરળ છે. ટિપ્પણીની જરૂર નથી. જ્યાં નિત્ય વસંતના સંદર્ભમાં આ પદો સમજવાના પ્રયત્ન કરીશું તો આનંદદાયી થઈ પડશે.

આસ્ત રૂડી રૂડી મારા વ્હાલા
રૂડો માસ વસંત
રૂડા વનમાં કેસર ફૂલ્યો
રૂડો કમલા કાંત —ટેક

રૂડા રંગે વાજા વગાડે, તારુણી દે કરતાલ
ચતુરાનારી ચંગ વગાડે, મોરલી મદન ગોપાળ—૧

અતિ રૂડો વૃન્દાવન સોહે, રૂડો જમુના તીર
અતિ રૂડી ગોપી ગ્વાલની મંડળી, રૂડો હલધર વીર—૨

અતિ રૂડો ગુલાલ અરગજા, રૂડો મુખ તંબોલ
૧ અતિ રૂડો નરસૈંયાનો સ્વામી, નિત નિત ઝાકમ ઝોળ—૩

卐

૧ નિત નિત ઝાકમ ઝોળ નિત્ય વસંતના ભાવાર્થમાં.

## ધમારનાં પદો

પ્રભુની લગની લાગ્યા પછી ભક્તનાં હૃદયની વિરહ–વ્યાકુળ અવસ્થાનું સચોટ નિરૂપણ આ પદમાં કરવામાં આવ્યું છે. કબીર સાહેબનાં સુંદર પદોમાં આ પદની ગણના થાય છે.

અબિનાસી દુલાહા કબ મિલિ હૈ
[1] પ્યારે, મિલહૈં તો અને ન હઉ—ટેક

જલ ઉપજી જલ હી સોં નેહા, રટત પિયાસ પિયાસ
[2]મૈં ઠાડિ બિરહિન મગ જોઉં પ્રિયતમ તુમારિ આસ—૧

[3]ખાન પાનકી સુધ નહિ હૈ દેહ રહે કો સાર;
નિશદિન ફિરત ભુવનમેં ભૂલી, મારી હૈ અંગોઅંગ માર—૨

---

૧ અને ૩='કબીર વચનાવલિ' પૃ. ૭૧૪ પર આ પદ જરા જુદા પાઠ સાથે જણાય છે. પ્રથમ ટેકની અરધી પંક્તિ જુદી છે તથા ટૂંક ૨ તે પાઠમાં નથી. બાકીનો પાઠ સરખો છે.

૨ મગ=રાહ જોવી

છોડે ગેહ તેહ લાગ તુમસેં ભઈ ચરનન લવલીન,
તાલાબેલિ હોત ઘટ ભીતર જૈસે જલ બિનુ મીન—૩

દિવસ રૈન ભૂખ નહિ નિદ્રા ઘર અંગના ન સુહાય,
સેજરિયાં બૈરિન ભઈ હમકો જાગત રૈન બિહાય,—૪

હમ તો તુમરી દાસી સજના તુમ હમરે ભરતાર,
દીન દયાલ દયા કરી આઓ સમરથ સિરજનહાર—૫

કે હમ [4]પ્રાન તજત હૈં પ્યારે કે અપના કર લેવ,
દાસ કબીર વિરહ અતિ બાઢ્યો હમ કે દરસન દેવ—૬

卐

૪ હે પ્રીતમ, ક્યાં તો હવે મને અપનાવી લો અથવા ક્યાં તો મને પ્રાણ તજવા દો!

૧.

હોરી ખેલવી એટલે પુરુષાર્થ કરવો. મંગળ હોરી ખેલવી એટલે મંગળ હેતુ માટે પુરુષાર્થ કરવો કે જેના ફળ રૂપે 'નિત હી વસંત, નિત હી ફાગ'ની સિદ્ધિ પ્રાપ્ત થાય. સુખદુઃખના દ્વંદ્વો જ્યાં નથી તેવી અવસ્થા નિત્ય વસંતની ગણાય છે. હોળી ખેલવાના સ્થૂળ સાધનોને પ્રતીક માની દયા, ક્ષમા, પ્રેમ ઇત્યાદિ સદ્‌ગુણોને ખીલવવાનો ઉપદેશ આ પદમાં આપ્યો છે.

નિત મંગલ હોરી ખેલિયે,
હોય મેરે પ્યારે,
[1] નિત હી વસંત નિત હી ફાગ—ટેક૦
[2] ધ્યાન ધર્મ કો કેસર ઘોળ્યો, પ્રેમ પ્રિત પિચકારી,
ભાવ ભક્તિ ભરોસો ગુરૂકો, જન્મ સુફલ નરનારી—૧
જ્ઞાન અબીલ ચર્ચો ચિત ચંદન, સુમરણ ધ્યાન ધમાર;
આનંદ ગુલાલ અરગજા કસ્તૂરી, ઉમંગે ઉમંગે રસકાર—૨
ચરણામૃત પ્રસાદ સંતરજ, લીજે શિષ ચઢાય;
લોક લાજ કુલ કહેત તોડકે, નિર્ભય નિશાન બજાય—૩
કથા કીર્તન મંગલ મહોત્સવ જહાં સંતનકી ભીર;
કબહુ કારજ ન બિગડે તેરો, યોં કહે દાસ કબીર—૪

---

૧. નિત્ય વસંતની વાત 'અઘટવસંત ઘટત નહિ કબહૂ' એ પદમાં સમજાવી છે.

૨ દયા, પ્રેમ, ભાવભક્તિ, સદ્‌ગુરુ પર અનન્ય શ્રદ્ધા, ક્ષમા, નામ સ્મરણની ભૂખ, જ્ઞાન, નિત્ય આનંદ—એ બધા ગુણો સત્વ ગુણના ઉદયની નિશાની છે. સત્વગુણ સ્થિર થાય ત્યારે આનંદનો અનેરો અનુભવ થાય છે. સાધનામાં આગળ વધતો સાધક ધીમે ધીમે આ સત્વ ગુણથી પર બને છે, ત્રિગુણાતીત બને છે, ત્યારે જ નિત્ય વસંતની અવસ્થા પેદા થાય છે.

૨.

હરિ-પિયુ સંગ હોરી ખેલીએ
હો મેરે પ્યારે
[1]સુરત સુહાગન નાર —ટેક૦

[2]કર્મ કિયે નર દેહી પાઈ, હોત પશુ ઔર ગમાર
[3]સાધુ સકલ મૂલ ગ્રહી બૈઠે, સબ જુગ લગો હૈ ડાર—૧

ઇંગલા પિંગલા સુષુમ્હા નાડી, [4]દશમે દ્વાર મઠછાય
ભ્રમર ગુફામેં એ રસ ચાખે, ઉરધર ધ્યાન લગાય—૨

ડાર ભ્રમણા અજહુ ન ચેતે કહેત કબીર વિચાર
શબ્દ હમારો જે કોઈ માને સોઈ જન ઉતરે પાર—૩

卐

---

૧ સુરત સુહાગન—ચિત્તવૃત્તિઓને ગોપીઓની માફક કૃષ્ણમય બનાવવી તે એક પ્રકારની આનંદદાયક હોળીની લીલા છે.

૨ કર્મ કિયે—મનુષ્ય દેહ મળવો એ પણ પુણ્ય કર્મોને અધીન છે.

૩ સાધુ સકલ મૂલ—સમજુ માણુસો, યોગીઓ, આત્મવિદ્યાના આધારે પોતાની સાધના કરે છે.

૪ દશમે દ્વાર—આ શરીરરૂપ મહેલને દશ દરવાજા છે તેમાં દસમો બ્રહ્મરંધ્રનો ગણાય છે.

૩.

ઐસે મન સંગ હોરી ખેલીએ
હો મેરે પ્યારે
જન્મ મરણ ભય જાય—ટેક૦

[1]જોગ જુગત કી કરો પિચકારી, ક્ષમા ચલાવન હાર
આતમા બ્રહ્મ જબ ખેલન લાગે, પાંચ પચ્ચીશ મોઝાર—૧

ઇંગલા પિંગલા સુષુમ્ણા નાડી સુરત નુરત લિયે લાર
અપને પિયુકે સંગ હોરી ખેલો, લજ્જા કહાં ન નિવાર?—૨

જ્ઞાન ગલીનમેં હોરી ખેલો, મચ્યો હૈ પ્રેમકો કીચ,
કામ ક્રોધ દોઉ કુડ કુડ ભાગે, સુની સુની શબ્દ અતીત—૩

સતગુરૂ મિલિ મોહે ફગુઆ દીના, મારગ દિયો હૈ બતાય
કહેત કબીર મન ખેલો ઐસે, જીવન બ્રહ્મ સમાય—૪

卐

---

૧ જોગ જુગતકી—યોગની સાધના. માત્ર યોગની સાધના પર્યાપ્ત નથી પરંતુ જ્ઞાન અને ભક્તિની પણ આવશ્યકતા છે એમ ત્રીજી ટૂંકમાં કબીર સાહેબ પ્રતિપાદન કરે છે.

૪.

માયા તું કાલી નાગણી

હો મેરે પ્યારે

જિસને ડંસ્યો સકલ સંસાર

ઈન્દ્ર ડસ્યો, બ્રહ્મા ડસ્યો, નારદ ડસ્યો બ્યાસ
બાતબાતમેં શિવકો ડસ્યો, પલ એક બેઠી પાસ—૧

કંસ ડસ્યો, શિશુપાલ ડસ્યો, રાવણ ડસ્યો ખાસ
દસ મસ્તક લંકા ધર્યો હૈ ખાખમેં દિયો હૈ બહાય—૨

બડે બડે ગારુડીકો ડસ્યો હૈ કોઈ ન ખેલનહાર
કચ્છ દેશ કે ગોરખ ડસ્યો હૈ, જીનકા પે અગમ વિચાર—૩

ચુન ચુન મારે અસુર સબ કાંપે, બ હી કરે જગ ખાર
મૈં ગરીબ હૈ કૌન બપુરા હૈ, કહે કબીર નિરધાર—૪

૫.

(વસંતની ધનાશ્રી)

મન ખેલો વિમલ વસંત
　　પ્યારે મન ખેલો [1]વિમલ વસંત
ખોલ [2]કમાડી કોટડી તું
　　[3]ઘટ બેઠો મહેલ એકાંત—ટેક૦

સતિયા પર બતિયાં ધરું હો, જોવન કરું ઉજિયાર
[4]પિયુ મિલે સુખ પાઈએ, મેરો જીવન પ્રાણ આધાર—૧

[5]ગંગા જમુના કે આંતરે, ચંદ્ર સૂરજ કે બીચ
અરધ ઉરધ કી સાધમેં તહાં [6]અમીયાં અરગજા કીચ—૨

સોહી રંગ રંગે રંગ રહ્યો રે હિલમિલ એક હી ઠામ
કબીર ભેટયા ભાવસોં જહાં મિટયો અપનો નામ—૩

1 વિમલ વસંત=સ્થૂલ વસંત નહીં પણ પવિત્ર વસંત કે જે મનને શુદ્ધ કરવાની ભાવના છે.

2 કમાડી કોટડી=ગ્રંથીઓ છોડવી.—જે ગ્રંથીઓને કારણે સત્યનું જ્ઞાન થતું નથી તે ગ્રંથીઓ છોડવી.

3 ઘટ=શરીરરૂપી મહેલમાં જે આત્મા બેઠો છે તેનો સાક્ષાત્કાર કરવા મનને શુદ્ધ કરવાની જરૂર છે.

4 પિયુ=આત્મા.

5 ગંગા જમુના=શ્વાસોચ્છ્વાસ—ઈડા-પિંગલા ને સુષુમ્ણા નાડીની વાત કરવામાં આવી છે. ડાબું નસકોરું ને જમણું નસકોરુંની વચ્ચે સુષુમ્ણાનું સ્થાન.

6 અમીયાં=અમૃત. મનની ઊંચી અવસ્થામાં પ્રાપ્ત થતો અનુપમ આનંદ.

૬.

(વસંતની ધનાશ્રી)

ખેલત રંગ ભરી [1]હમ ઘર સંત સુજાણ
જન્મ જન્મ કી મિટી હૈ કલ્પના,
પાયો જીવના પ્રાણ—ટેક૦
[2]પાંચ સખી મિલી મંગલ ગાવે ગુરૂ ગમ શબ્દ વિચાર
[3]તાલ મૃદંગ ઝાંઝ ડફ વાજે અનહદ ધ્વની ગુંજાર—૧
હોત આનંદ જીવન પ્રીતમ સૂં તનકી તૃષા બુઝાઈ
[4]પિચકારી છૂટત કછુ અદ્‌ભુત રસકી કીચ ભઈ—૨
સુખસાગર સ્નાન કિયો જબ, નિર્મલ ભયો શરીર
આવાગમન મિટી ગયે સંતો કૃશુઆ પાયો કબીર—૩

---

૧ હમ ઘર—પોતાના શરીરમાં ઈશ્વરનો વાસ છે એમ જાણવું અને તેને મળવા માટે પ્રયત્ન કરવો એ સમજુ માણસોનું કર્તવ્ય છે, એમાં જ સાધુતા છે.

૨ પાંચ સખી—જે ઈન્દ્રિયો વિષયોમાં રાચતી હતી તે ગુરૂના સચોટ વાગ્બાણથી પ્રભુ પરાયણ બને છે એ મંગલ ગતિની વાત.

૩ તાલ મૃદંગ—સાધનામય સાધકને અવાજ સંભળાય છે એવી અનુભવ વાણી છે. આ અવાજ જુદા જુદા પ્રકારના હોય છે. કુલ્લે દસ પ્રકાર શાસ્ત્રમાં ગણાવ્યા છે. આ અવાજ આપોઆપ સંભળાવા માંડે છે અને આપોઆપ સંભળાતો બંધ પણ થઈ જાય છે.

૪ પિચકારી છૂટત—મનની વૃત્તિઓ પરમેશ્વરમાં એવી રીતે રમવા માંડે છે કે આખરે તે લીન બની જાય છે. શરીરનું ભાન પણ રહેતું નથી. સુખસાગરમાં એટલે ભગવાનમાં મન નિમગ્ન બન્યા પછી આવાગમનના ફેરા મટી MM છે.

## ગરબી

### ૧

દિન દસ હોરી ખેલી લો નહીં આવે, નહીં આવે ઐસો લાગ
કૂડી કલ્પના રાતમાં શું સુતો, ચેતન થઈ જાગ—ટેક૦

આરત રળિયામણી તને મળ્યા, રૂડો સંત સમાગમ
સાદ કરી સતગુરૂ કહે આવો આવો અતિ સુંદર બાગ—૧

આળસ તજીને ઉઠ રે તારો રહેશે, અખંડ સોહાગ
વલ્લભ જે જન જાગ્યા તેને મળ્યા, ભલા ધન ભાગ—૨

### ૨

લોક રસિયા રે લોક રસિયા
પેલા ગોકુળ ગામના લોક રસિયા—ટેક૦

એક એકને આનંદ ગમે છે હોરી રમવા મન વસ્યા—૧

અબિલ ગુલાલની ફાંટ ભરી લાયે, એક એક ઉપર ધસ્યા—૨

પકડ લિયો હૈ નંદકુંવરકો, સાન બતાવી પીછે ખસ્યા—૩

વસ્તા વિશ્વંભર સુરતે જોઈને, અરસપરસ મનમેં વસ્યા—૪

૩

મત મારો મત મારો
અબીલ ગુલાલ મોહે મત મારો—ટેક૦
પર નારીનો પાલવ પકડયો, હું રાખું છું તોલ તારો રે—૧
ગોકુળ ગામની અમે ગોવાલણી, તું છે નંદજીનો લાલ પ્યારો-૨
આજકાલનો તું છોકરવાદ, શાને રોકે જમુનાનો આરો—૩
વસ્તા વિશ્વંભર દ્રષ્ટે કરીને, ભવજળ સિંધુ મોહે તારો—૪

૪

કેમ વસીએ રે કેમ વસીએ
ગોકુળ ગામમાં કેમ વસીએ—ટેક૦
આડ ગાલ ફોગટ દે મુજને, ગાગર ચઢાવે મળી સૌ રસીએ-૧
અમે અમારી છાયાથી ડરીએ, દુર્જન દેખતાં ખસીએ-૨
મારે ને કહાનને નથી કાંઈ એવું, સગપણની રીતે હસીએ-૩
દાસ અખૈતા કહે મારી પ્રીતડી, પ્રગટ કરી પેલે ભાણુ રસીએ-૪

卐

## રંગ રસિયાનું પદ

રંગ રસિયો હોરી ખેલવા રે નંદલાલ કુંવર;
ત્યાં બોલાવે વ્રજરાજ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૧

શૈયર સર્વે ટોળે મળી રે નંદલાલ કુંવર;
માંહી પ્યારી રાધા સરદાર જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૨

શ્યામે સખા તેડાવ્યા રે નંદલાલ કુંવર;
કીધા રમવાને ઉલટ અંગ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૩

સામા તે સામી મોરચે નંદલાલ કુંવર;
ત્યાં તો મચ્યો અતિરંગ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૪

તાલ બજાવે તારુણી રે નંદલાલ કુંવર;
ગાયે સુંદર રાગ વસંત જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૫

નામ તે લઈ લઈ નારીએ રે નંદલાલ કુંવર;
ત્યાં ગોવિંદના ગુણ ગાય જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૬

તાલ મૃદંગ ડફ ખંજરી રે નંદલાલ કુંવર;
ત્યાં વાગે વેણુ રસાલ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૭

અબિલ ગુલાલના પોટલા રે નંદલાલ કુંવર;
ઊડે કસ્તુરી કપુર જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૮

ફુલ દડા લઈ હાથમાં રે નંદલાલ કુંવર;
ધાયા મદ ભર્યાં ગોવાળ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર— ૯

એવી ધૂમ મચી બ્રહ્માંડમાં રે નંદલાલ કુંવર;
તેણે આંધા થયા સુરભાણ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૦

કુમ કુમ કેસર ઘોળ્યા રે નંદલાલ કુંવર;
જુઓ રંગ રસિયાનો સાથ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૧

કેસર ઘોળી રંગ ઢોળ્યો રે;
ત્યાં તો ચાલી છે રંગની રેલ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૨

શ્યામ સખા સર્વે વશ થયા રે;
પ્યારી રાધેના ખેલ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૩

ગોપી ગ્વાલ સૌ હરખ્યાં રે;
રંગ રેળીને કીધાં લાલ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૪

પિચકારીની ઝડીઓ વરસે રે;
જાણે અષાઢનો મેહ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૫

વાજીંત્ર સર્વે ખુંચવી લીધાં રે;
ખુંચવી લીધાં અબિલ ગુલાલ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૬

એવું જોર વાધ્યું વ્રજનારનું રે;
ગઈ ગોવાળની ધીર જમુનાના તીરમેં....નંદલાલ કુંવર—૧૭

સાથી તે સર્વે નાસી ગયા રે;
ઘેરી લીધાં બન્ને ગંભીર જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૧૮

ચંપે તે ચોરને બાંધ્યા રે;
ગ્રહી બાંધ્યા છે બન્ને હાથ જમુનાના તીરમેં...નંદલાલકુંવર—૧૯

ફગુઓ આપો તો છોડીએ રે;
નહીં તો રાધાને લાગો પાય જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૦

વ્રજ વનિતાને વશ થયા રે;
જુઓ કોટિ બ્રહ્માંડના નાથ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૧

અમસ્તા કેમ છુટશો રે;
આજ ગમતું અંધારું થાય જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૨

દાણને કાજે રોકતાં રે;
હવે હાથ મળ્યાં ક્યાં જાવ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૩

જળ જમુનામેં ઝીલતાં રે;
ચોરી લીધાં અમારાં ચીર જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૪

કરગરતાં અમો કામની રે;
અમો જળમેં ઉઘાડે અંગ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૫

મુગટ કુંડળ ઉતારી લીધાં રે;
ગુંથી ફૂલ ભરી વેણી જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૬

ચોળી પહેરાવી ચુંદડી રે;
કુમ કુમની કરી આડ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૭

સેંથા પૂર્યો સિંદુરનો રે;
કેઈ કાજલ સારે નયન જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૮

હાથના પ્હોંચા પીળીયાં રે;
ચોખા ચોડ્યા લલાટ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૨૯

સોળે શણગાર પહેરાવ્યાં રે;
જુઓ જુઓ કનૈયાનું રૂપ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૩૦

મુગટ કુંડલ રાધેને ધર્યાં રે;
નારી કીધી તે કૃષ્ણ સમાન જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૩૧

હરિ હલધર ત્યાં જોઈ રહ્યા રે;
ત્યાં કેઈનું ન ચાલે જમુના તીરમેં...નંદલાલ કુંવર—૩૨

એવું કોતુક કર્યું કામનીએ રે;
પ્યારી કીધી તે નંદકિશોર જમુનાના તીરમેં....નંદલાલ કુંવર—૩૩

વર કન્યા પરણાવીએ રે;
સખી સૌ મળી કર્યો વિચાર જમુનાના તીરમેં....નંદલાલ કુંવર—૩૪

નંદ જશોદાની બેટડી રે;
વર છે ભિખુભાન કુમાર જમુનાના તીરમેં....નંદલાલ કુંવર—૩૫

એવું લગ્ન ઠરાવ્યું વસંતનું રે
એવો વનમેં કર્યો વિચાર જમુનાના તીરમેં....નંદલાલ કુંવર—૩૬

મંડપમાં પધરાવ્યાં રે;
ત્યાં તો આરોપી ફૂલમાળ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૩૭

છેડા ગાંઠ્યુ ગાંઠ્યાં રે;
સામા સામી છાંટે અબિલ ગુલાલ જમુનાના તીરમેં..નંદલાલ કુંવર—૩૮

વેદ વિધિ બ્રહ્મા ભણે રે;
ત્યાં વરકન્યા જમે કંસાર જમુનાના તીરમેં....નંદલાલ કુંવર—૩૯

તાલ બજાવે તરુણી રે;
ત્યાં વરકન્યા રંગ ઝકોળ જમુનાના તીરમેં..નંદલાલ કુંવર—૪૦

સભા વર્તે સાવધાન રે;
ત્યાં મંગલ વર્ત્યાં ચાર જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૧

એવું કૌતુક જોવાને દેવતા રે;
આવ્યા બેસી વિમાન જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૨

પુષ્પની વૃષ્ટિ તેઓ કરે રે;
ત્યાં સુરિનર કરે રે ગાન જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૩

એક સખી ત્યાંથી સંચરી રે;
ચાલી આવી નંદભુવન જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૪

જ્યાં બેઠા છે જસુમતિ રે;
બાઈ જુઓને તમારો જીવન જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૫

જશોદા તમારે સંપત નહિ રે;
વર મળ્યો કન્યા જોગ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૬

જશોદા તમારી બેટડી રે;
અમે દીધું છે કન્યાદાન જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૭

ત્યારે સામા આવ્યા જશુમતિ રે;
જુઓ જુઓ કુંવરના કામ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૮

ત્યારે વિસ્મય પામ્યા જશુમતિ રે;
ત્યાં ઘણું લજ્જા પામ્યા શ્યામ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૪૯

કન્યાનું રૂપ બનાવ્યું રે;
જુઓ છે જશોદા માત જમુનાના તીરમેં નંદલાલ કુંવર—૫૦

ફગુઓ લ્યો મને ભાવતો રે;
છોડો છોડો કુંવરનો ખ્યાલ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૫૧

ફગવો આપી છોડાવ્યો રે;
ઘણો હર્ષ પામી વ્રજનાર જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૫૨

કાલે રમવાને આવજો રે;
કહે સૌ સુંદરીનો સાથ જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૫૩

સંત લીલા જોઈ રહ્યા રે;
ત્યાં નરસૈંયો બલ જાય જમુનાના તીરમેં...નંદલાલ કુંવર—૫૪

卐

## રામનવમીનાં પદ

( રાગ : આશાવરી )

ચૈત્ર માસ નોમી અજવાળી જન્મ લીયો રઘુરાયે હો;
આજ ઉત્સવ અયોધ્યા નગરીમેં બજે નિશાન બધાઈ હો...ટેક

કનક મહેલમેં રાજા બૈઠે, માંગે જોઈ બધાઈ હો;
દશરથ રાય સિંહાસન બૈઠે, ઘરકો વિપ્ર બોલાઈ હો—૧

સબ વિપ્રનકા ચરણ પખાળે, પીતામ્બર પહિનાયે હો;
કૂચી દેત ભંડાર ખોલાયે, હીરા રત્ન મંગાયે હો—૨

દુંદુભિ તત્કાલ મંગાયે, પઢી ગુણ પુત્ર પુજાયે હો;
ઘર ઘરકી સબ વધૂ બોલાયે, મંગલ ગાવત આયી હો—૩

નગરકી સબ માલન બોલાયી, બંદન માલ બધાઈ હો;
વરન ચીરન કે બસન મંગાયે, સબ સખીઅનકો પહિનાયે—૪

સબ સખી આશિષ દેત નગરમેં ચિરમ્ જીવો રઘુરાય હો;
જન્મ કર્મ રઘુપતિ કી લીલા, તુલસીદાસ જશ ગાયો હો—૫

૨.

( રાગ : આશાવરી )

લટો ભાગ્ય કૌશલ્યા રાની, રામ રત્ન સો જાયો હો;
ગુરુ વસિષ્ઠ મુનિ બોલાયે, તબ રઘુવર નામ ધરાયો હો...ટેક
રાજા દશરથ કે કર્મવીર, પ્રેમસિંધુ ઉર બધાયો હો ;
ગજ તોરગ હાટ કમનીય ભૂષણુ, અક્ષણુ ભંડાર લૂંટાયો—૧
ફૂલે ફિરત સકલ પુરવાસી, ઘર ઘર બાજત વધાઈ હો;
શિવ વિરંચી ઇન્દ્રાદિક આયે, પુષ્પ વૃષ્ટિ વર્ષાઈ હો—૨
દેખ દેખ ઈચ્છા કરી આયે, સોઈ સોઈ ફલ પાયે હો;
એહી સુખ ઉમંગ ભયો ચતુર્દિશ, હરિદાસ જશ ગાવે હો—૩

卐

૩.

( રાગ : આશાવરી )

આજ ચલો દશરથ ઘર જાઇએ, બાજત મૃદંગ રંગ બધાઈ હો,
રઘુકુલ દીપક પ્રગટ ભયે, સબ સંતન સુખદાયી હો...ટેક

અતિ આનંદ કૌશલ્યા મૈયા, મોતીયન ચોક પુરાવે હો;
નામ સુની રાવણ કંપ્યો દુંદુભિ દેવ બજાવે હો...૧

જૈ જૈ હોત અયોધ્યાપુરમેં, ઘર ઘર મંગલ ગાયે હો;
જન વલ્લભકી આશા પુરી, ઓચ્છવ ભર પાયો હો...૨

卐

૪.

(રાગ : સારંગ)

અયોધ્યા રામ લિયો અવતાર, અયોધ્યા રામ લિયો અવતાર;
ચૈત્ર માસ નવમી અજવાળી, ભયે દુપહરી વાર..........ટેક૦

પુરણ બ્રહ્મ કૃપા કરી પ્રગટે, આયે દશરથ દ્વાર;
જન્મ લિયો ભક્તન કે કારણ, ભૂમિ ઉતારન ભાર......... ૧

બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ઝાલર શબ્દ રસાલ;
મગ્ન ભયો નરનારી નર્તન, ગાવત મંગલ ચાર......... ૨

કંચન કલશ અરૂ ચંદનમાલા, સોહિત ઘરઘર નાર;
જૈ જૈકાર કરત બ્રહ્માદિક, વર્ષંત કુસુમ અપાર......... ૩

વિપ્ર પવિત્ર બૈઠે આંગન મેં કરત વેદ ઉચ્ચાર;
અતિ આનંદી દીસત દશરથ, ખેલત રામજી દ્વાર......... ૪

અશ્વ અમ્બર કુંજર બહુ દીનો, ગણુતા કછુ ન સુમાર;
જાચક સબ અજાચક કીનો, કરત ન લાગી વાર......... ૫

લે લે દુંબ ભાટ નટ નાચત, ઠાડે કરત જુહાર;
હીરા ઓવારી દેત રઘુપતિ પર, ભર ભર કંચન થાળ......... ૬

કૌશલ્યા કે પ્રાણ ધનજીવન, દશરથ પ્રાણાધાર;
ભક્તજન કે કલ્પ તરુવર, રઘુપતિ રાજકુમાર......... ૭

તીન લોક અરૂ ભુવન ચતુર્દશ, મહિમા અપરંપાર;
તુલસીદાસ કો ભક્તિ દીજે, પુરણ અક્ષય ભંડાર......... ૮

૫.

( રાગ : ધુમાર )

રઘુનંદન ઝુલે પારણે હો; હો મેરે પ્યારે, કૌશલ્યા ગુન ગાવે....ટેક

દશરથ રાયને પારણુ કીનું, ચંદનકો સાજ;
હીર જડિત પાટકી દોરી, રત્ન બંધાયે કર બાજ......૧

રાતા ચરણ કમલ કર રાતા, જલદ શ્યામ તન સોહે;
ઘુંઘરા શ્યામ કેસ બિરાજત, મંદહાસિની મન મોહે......૨

ઉત્તર દિશા એક પુર અયોધ્યા, રામજીકો જન્મનિવાસ;
ગાવત સુનત હોત સબ પાવન, બલ પરમાનંદ દાસ......૩

卐

# જન્માષ્ટમીનાં પદો

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનાં પદો એ જન્મોત્સવના પદો છે. પરમ શક્તિ જગતને દોરવણી આપવા માટે વારંવાર સાકાર રૂપ ધારણ કરી આવે છે એવો આજ લગીનો આધ્યાત્મિક ઇતિહાસ કહે છે. એને આપણે અવતાર કહીએ છીએ. શ્રી કૃષ્ણ એવા અવતારી મહાપુરુષ હતા તેથી તેમનો જન્મ દિવસ હજી પણ ઉજવાતો રહ્યો છે. એ જ એમની મહાનતાનો પુરાવો છે. પરમ શક્તિ અવતાર ધારણ કરે ત્યારે કોને આનંદ ન થાય? જડ-ચેતન, સચરાચરમાં આનંદની લહર ફરી વળે છે. જન્માષ્ટમીનાં પદોમાં ખાસ કરીને પરમ આનંદ જ વ્યક્ત થયો છે. હિંડોળાના બે પદ સિવાય તમામ પદ અત્યંત સરળ છે તેથી માર્મિક નોંધની જરૂર લાગી નથી.

૧.

ભગવાન બહાર નથી, શરીરમાં જ છે. તેથી શરીરને શાસ્ત્રમાં ધર્મનું સાધન કહ્યું છે. શરીર તરફ અવગણના થઈ શકે નહિ. સ્વસ્થ ને તંદુરસ્ત રહે તે જરૂરી છે. ઈન્દ્રિયો અને પ્રાણનો સંયમ તથા ચિત્ત શુદ્ધિની પ્રક્રિયા તો જ સુગમ બને છે. સંયમ અને શુદ્ધિ જેમ જેમ સિદ્ધ થતાં જાય તેમ તેમ સુષુપ્ત રહેલી શક્તિ જાગૃત બનતી જાય છે. શરીરમાં છ કમળો પૂર્ણ રીતે વિકાસ પામતા જાય છે. એ રીતે શિવ મિલનનો માર્ગ ખુલ્લો બને છે. તે વખતે શક્તિ ઉર્ધ્વગામી બને છે અને ભેદીનાદ સંભળાય છે. તે નાદની સાથે ચિત્તની વૃત્તિઓને જોડી દેવામાં આવે, તદાકાર કરી દેવામાં આવે, તો પરમશક્તિ શિવનો સાક્ષાત્કાર સત્વરે કરી શકાય છે એવું અનુભવી સંતોનું કહેવું છે.

**ભક્તિ હિંડોલાના, માંહિ ઝુલે આતમરામ !**

[1] પ્રેમ ભક્તિ હિંડોલના, સબ સંતનકો વિશ્રામ !—ટેક.

[2] ચંદ સૂર દોઈ ખંભવા, [3] બંકનાલકી દોર

[4] ઝુલે પંચપિયારિયાં, તહાં ઝુલે જિય મોર—૧

[5] દ્વાદશ ગમકે અંતરા, જહાં અમૃત કો વાસ

જિનિ યહુ અમૃત ચાખિયા, સો ઠાકુર હમ દાસ—૨

૧ પ્રેમ ભક્તિ=સાધારણ ભક્તિ નહીં પણ નારદ ભક્તિ સૂત્રમાં કહ્યું છે તેમ પ્રેમ સ્વરૂપા ભક્તિ.

૨ ચંદ સૂર=ઈડા ને પિંગલા નાડી ૩ બંકનાલ=સુષુમ્ણા નાડી

૪ પંચપિયારિયાં=પાંચ જ્ઞાનેન્દ્રિયો ૫ દ્વાદશ=બાર

સહજ સુનિકો નેહરો, ગગન મંડલ [૬]સિરિમોર
[૭]દોઉ કુલ હમ આગરી જો હમ ઝૂલહિં હિંડોલ—૩

[૮]અરધ-ઉરધકી ગંગા જમુના, [૯]મૂલ કંવલકો ઘાટ
[૧૦]ખટ ચકકી ગાગરી, ત્રિવેણી સંગમ બાટ—૪

[૧૧]નાદખુંદકી નાવરી, રામનામ કનિહાર
કહૈ કબીર ગુણ ગાય લે, ગુરૂ ગમિ ઉતરો પાર—૫

卐

૬ સિરિમોર=માથાની ટોચ ૭ દોઉકુલ=આલોક અને પરલોક
૮ અરધ-ઉરધ=શ્વાસોશ્વાસની ગતિ
૯ મૂલ=મૂલાધાર ચક્ર ૧૦ ખટ ચક્કી ગાગરી=મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા ચક્ર. આ છ ચક્રો રૂપી ગાગર.
૧૧ નાદખુંદકી નાવરી=શક્તિ ઉર્ધ્વગામી બને ત્યારે ભેદીનાદ સંભળાય છે તે અનાહત નાદ*

૨.

ભ્રમ એટલે આભાસ. પોતે જે નથી તે છે એવી માન્યતા. પોતે ભોક્તા નથી છતાં પોતે ભોક્તા છે; પોતે કર્તા નથી પોતે જ બધું કરે છે એવી અહંકારની વૃત્તિનું જાગવું. મન બધાંને ભરમાવે છે. તેથી ભ્રમ રૂપી હિંડોળાનો રચયિતા મન જ છે એમ શાસ્ત્ર-જ્ઞાન પણ છે. જેવું મન તેવું કર્મ. જેવું કર્મ તેવી ગતિ. કોઈ પણ દેહધારી જીવ કર્મની ગતિમાંથી બચી શકતો નથી. બધાં જ આ ભ્રમરૂપી હિંડોળા પર ઝૂલે છે અને ચોર્યાસી લાખના ફેરામાં ફરે છે. માત્ર જે જાગૃત બને છે, જ્ઞાનનો આધાર જે લે છે તે અંતઃકરણની શુદ્ધિ કરીને સાથે આવેલાં કર્મનાં બીજનો નાશ કરવા પ્રયત્ન કરે છે તે જ આખરે બચી શકે છે. તેને જ મુક્તિ પદનો લાભ મળે છે.

ભરમ હિંડોલાના સબ જગ ઝુલન આય;
ચેહિ હિંડોલે કિસ બિધ ઝુલી, સતગુરૂ કહો સમજાય!–ટેક૦

પાપ પુન્યકા ખંભા દોઊ, મનસા રચ્યો હિંડોલ;
ઝુલત જીવ જહાન જહાં લગિ, [1]કિતુહું ન પાયો ઠોર!—૧

લખ ચોરાસી જીવ ઝૂલહિં. [2]રવિસુન ધ્યાન વિચાર;
અંત કોટિ જુગ ઝૂલહિં, અજહુ ન માને હાર!—૨

૧ કિતુ હું = કોઈ પણ જગ્યાએ

૨ રવિસુત = યમરાજ અથવા કાળ. યમરાજ બધાંનાં કર્મો પર ધ્યાન આપે છે. જગતમાં જન્મીને જે જેવાં કર્મ કરે તેવા તેને ફળ આપવાનો નિર્ણય યમરાજ એટલે કે કાળ કરે છે.

ગન ગંધર્વ મુનિ ઝૂલિયા, શેષ નાગ સુમેર;
[3]બ્રહ્મા વિષ્ણુ મહેશ ઝૂલિયા, કરમ પટરિ કે ફેર!—૩

ધરતિ અકાસ દોઉ ઝૂલહિં, પવન, પાવક અરૂ નીર;
તીની લોક તહાં ઝૂલહિં, યોં કહે દાસ કબીર!—૪

卐

૩ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ = ભગવાન પણ પોતે નિર્ગુણ મટી સગુણ રૂપ ધારણ કરી દેહધારી બની, આ જગતમાં આવે છે અને સૃષ્ટિના સંચાલનમાં સમતોલપણું જાળવવા પ્રયત્ન કરે છે. આ પણ કર્મની ગતિનું જ પરિણામ છે. ભર્તૃહરિ પણ કહે છે :

(શાર્દુલ વિક્રીડિત)

બ્રહ્માને રચતા કર્યાં જગત આ કુંભાર શું, જે થકી
વિષ્ણુને દશવાર જન્મ ગ્રહવો બ્રહ્માંડ માંહિ પડયો!
ભીક્ષા શંકરને કમંડલ કરે લીને પડી માંગવી,
આકાશે રવિને કર્યો ભટકતો, તે કર્મને હું નમું!

૩.

(રાગ : સામેરી)

હનિહાંરે સુભગ સાવન આયો, દશરથ દ્વારે હિંડોળો સોહાયો;
હનિહાંરે પ્રથમ દિવસ ત્રીજ અજવાળી,
રચ્યો હિંડોળો પરમ સુખકારી...

પરમ સુંદર સરસ શોભા, શેષ સહસ્ત્ર ન શકે કહી;
યુગલ ખંભ અનુપ સુંદર, દાંડી ચાર જગમગ રહી....હનિહાંરે

મખમલ કે તકિયા બિરાજે, બિછુના બહુવિધ બને,
લાલ દોરી ગ્રહી ઝુલાવત, ચિત્ર કે ચંદ્રવા તને....હનિહાંરે

કનક પુષ્પ અનેક રચના, હિંડોળો હરિ મન ભાવહિ;
કહેત કૃષ્ણદાસ અવસર, સુભ સાવન આવહી....હનિહાંરે

卐

૪.

( રાગ : સામેરી )

હનિહારે સાવન સુદ ત્રીજ અજવાળી,
બૈઠે હિંડોળે શ્યામ સંગ પ્યારી

હનિહારે હિંડોળો નંદભુવન અતિ સોહે,
નીરખી સુરિનર મુનિમન મોહે....

સુરિનર મુનિ કો મન મોહે. ગોપી ગુન ગાવે સહી;
વાજીંત્ર નાનાભાત બાજે, ઝુલાવે સન્મુખ રહી...હનિહારે.

ચંગ ઉપંગ મૃદંગ તાલ, ઝાલર ઝીની ઝીની બાજહી;
મંડલ રણકાર સોહે, સપ્તસુર અતિ રાજહી...હનિહારે.

તાન બંધન સોહે, મોહિત ગોકુલનાથ હી
કહેત કૃષ્ણદાસ ગિરધર, ઝુલાવે સબ સાથ હી...હનિહારે.

卐

૫.

( રાગ : સામેરી )

હનિહાંરે ગિરધરલાલ સંગે ગોપી જાયે,
ઝુલે મુદિલ લતા દ્રુમ છાંય હી
હાનિહાંરે પવન સુગંધ ઘટા ઘન ગાજે,
થોડી થોડી બુંદ ઉડત અતિ રાજે...

બુંદ ઉડત મધુરી મુહૂર્ત, કોકિલા કુડ કુડ કરે;
હંસ મોર ચકોર ચાતક, પપીહા પિયુ પિયુ કરે....હનિહાંરે.

સકલ વન સોહામણો પંખી શબ્દ બહુ ભાત હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, રાધામોહન ઝુલત હી....હાનિહાંરે.

卐

૬.

( રાગ : સ.મેરી )

હેમ હિંડોળેના હેમ હિંડોળેના, હારે હેત હીરા મણિ ખચે;
દશરથ દ્વારે રંગ અપાર, વિશ્વકર્મા એ રચ્યો... ટેક૦

રચના રચનકી શુભ, સુંદર પર સોહાય;
બીચ બીચ ઝગમગે, જ્યોત મહીં મર્કટમણિ.... ૧

મર્કટમણિ માંહિ બસત મરૂવા, જુગલ સ્તંભ શોભા ઘણી;
ડાંડિ ચાર વિચિત્ર બારિક, મનોહર મન ભાવની.... ૨

ચોકિ સો અતિ ચિત્ર ચારુ, કોઈ એ ચિત્રિત કામ કો;
ત્રિલોક સુંદર સુખદ સેવા, હિંડોળે સીતારામ કો... ૩

લાલ દોરી લસત પટુલી, શોભા નહિ સમતુલના;
કૃષ્ણદાસ પ્રભુ હેત સુરિનર, રચ્યો હેમ હિંડોળે ના.... ૪

卐

૭.

( રાગ : સામેરી )

રંગ હિંડોળના રંગ રે, રંગભુવન નૃત્ય નંદરાય કે;
વિશ્વકર્માએ રચ્યો હરિ હેત, વિવિધ બનાય કે... ટેક૦

અનુપમ કનક કે દોઉ સ્તંભ પરમ સોહાવને
મરુવા ઝગમગે નંગ જડિત અતિ મન ભાવહી... ૧

ભાવને નંગ જડિત મરુવા કુંજકુંજ તહાં મણિ ખચે,
ડાંડી રસાલ વિશાલ અદ્‌ભુત, ઝુમખા પચરંગ રચે... ૨

પટુલી પરમ ધન સારકી, દોરી નગ્ન નિર્મૂલના;
ઋષિકેશ પ્રભુ નંદ નૃપકે, રંગભુવન હિંડોલના.... ૩

卐

૮.

(રાગ : મલાર છપ્પે)

સોરંગ હિંડોળેના માંહી ઝૂલે શ્રી મદનગોપાલ......ટેક૦

કંચન સ્તંભ જડાવ જડે તહાઁ, લગે રત્ન પરગાળ,
હીરા પના મરુવા મનોહર, કલશ રાજિત ચાર;
પટ દેત અંગુલિ હેમ ચિડાવત કિયે કનક શું ડાર;
ઝૂલત રાધે શ્વન દોઉ, વાઢ્યો રંગ અપાર...સોરંગ.

સાવન સુદ તીજ આયી. ધરે સખી શણગાર;
ઉલટ કે નવાઈ ભામની, કેસર તિલક સમાર;
લલિતાદિક સખી બીડા પવાવે, દેત બાર હી બાર;
સુખ સિંધુ શોભા જાત ન વરણી, રહી હૈ શ્યામ નિહાળ....સોરંગ.

હરપુર અમર નાગ નરપુર, કૌતુક મિતી બહુ નાર;
તહાં જૈ જૈ શબ્દ ચહુ ઓર બોલે, કુસુમ સજી રહી ડાર;
ગુન રૂપ સહજ સમાન દોઉ, નવલ અતિ સુકુમાર;
પાવસ ઋતુ ઘનઘોર વર્ષત. જામ્યો રંગ મલાર....સોરંગ

શિવ વિરંચિ ઈન્દ્રાદિક ઠાડે, કરત ધ્યાન વિચાર;
ધ્યાન કરુણામય કી શોભા, કોઈ ન પાવત પાર;
ભજનાનંદ આનંદ કારણ, ધરહિ વ્રજ અવતાર;
ચિરમ્ જીવો ગોપાલ દંપતિ, કરો નિત્ય વિહાર....સોરંગ

卐

૯.

( રાગ : મલાર છાપે )

સરસ હિંડોળેના માંહિ ઝુલત કૌશલ્યા રાય... ટેક૦

અવધ મધ્ય હિંડોળેના, જહાં રહ્યો કલ્દ્રુમ છાંય;
કનક આંગન કનક મંદિર, કનક કલશ સોહાય;
રચી હૈ રચના વિવિધ વિધના, નાના વાજીંત્ર વધાય;
દેખી રતિપતિ ભયો લજ્જિત, રહ્યો શિશ નમાય... સરસ

રત્નજડિત દોઉ સ્થંભ સુંદર, પ્રીત હાટક હીર;
જહાં લાલ દોરી ગ્રહી ઝુલાવે, બહેત સુગંધ સમીર;
જાનકી તન સજી આભુષણ, પહેરે નૌતમ ચીર;
મુગટમણિ નંદલાલ મુક્તા. ઝલકે શ્યામ શરીર;... સરસ

કોઈ સખી લિયે ચમર વીંઝણો, કોઈ પુષ્પ અરૂ પાન;
કોઈ રાગ મલાર ગાયે, લઈ લઈ ઊંચી તાન;
કોઈ સખી તન તોડ ડોલે વાર હી તન પ્રાન;
પ્રેમ પુલકિત રીઝી દંપતિ, દેત ચિતવ નિદાન... સરસ

પ્રેમ ધ્યાન સુજ્ઞાન લીલા, ગાવહી નરનાર;
ભક્ત વાંછિત વાસ હરપુર, પાવહી કુલચાર;
દક્ષિણે દશરથસુત બિરાજે, વામે જનક કુમારી;
પ્રેમાનંદ જુગલ છબિ પર, તન મન ધન બલિહારી... સરસ

卐

.. RARI

૧૦.

( રાગ : મલાર છાપે )

જગત હિંડોળેના માંહિ ઝુલે હૈ સબ કોઇ ....ટેક૦

પાપ પુન્ય સ્થંભ દોઉ, મેર માયા જાન;
મોહ મરુવા લોભ ભ્રમર કામકેલિ શું ઠામ;
શુભ અશુભ વિચિત્ર ડાંડી બહી હૈ દોઉ પ્રાન;
કર્મ પટુલી બૈઠકે, કહો કૌન ઝુલે આપી....જગત

ઝુલે વિરંચી મહેશ ઝુલત, ઝુલે સુરજ ઇન્દ્ર
ગંધર્વ કિન્નર યક્ષ ઝુલે ઝુલે સુરિનર ચન્દ્ર;
ઝુલે નારદ શારદા રે, ઝુલે ઝુલે શેષ સુનંદ;
દશવાર આપ સગુણ હોયે, ઝુલે હૈ ગોવિંદ...જગત

ક્ષણેક ઊંચે ક્ષણેક નીચે, સ્વર્ગ ભૂતલ જાય;
એહ ભ્રમ હિંડોલના, ક્ષણેક નાહિ ઠરાય;
ઝુલત ઝુલત કલ્પ વીતે, તો યે ન છોડે આશ;
સુરદાસ ગોપાલ કૌતુક, ચતુર્જુગ ચોમાસ....જગત

卐

૧૧.

[ રાગ : કાનુડો ]

અજિત હિંડોળ સંત ઝૂલે;
સતગુરુ શબ્દકા દેત ઝોટા, કહત સુનત હૃદય મેં ફૂલે...ટેક

જ્ઞાન વૈરાગ દોઉ સ્થંભ મનોહર, રામનામ કી ડોરી લગાઈ;
શીલ સંતોષ વિચાર વિવેક હી, દાંડી ચાર અમોલ સોહાય...

ધીર ગંભીર કી પટુલી બિરાજે, પ્રેમ પ્રીતકી ચુની ઝોરી હૈ;
આતમ અનુભવી જ્ઞાન પ્રકાશ, હીરા માણેક શોભા બની હૈ....

સંત સંગત મિલી જે કોઈ ઝુલે, કામ ક્રોધ મદ લોભ નસાવે;
કહત કબીર સોહી જન નિર્મલ, અંતકાલ પરમપદ પાવે...

卐

૧૨.

( રાગ : કાનુડો )

ભક્તિ હિંડોળો પરમ સુખકારી;
વેદ પુરાણ શાસ્ત્ર શોધ કે,
સબ સંતન મિલી કિયો હૈ વિચાર....ટેક

વિચાર વિવેક દોઉ સ્થંભ મનોહર, દોરી પ્રેમ પ્રીત શું લાગી;
સમ દમ ઔર સંતોષ ક્ષમા, દાંડી ચાર પરમ સોહાગી...૧

આ હિંડોળે સનકાદિક ઝુલે, શંકર ઝુલે અતિ અનુરાગે,
શુક મુનિ વ્યાસ પ્રહ્‌લાદ ધ્રુવસે, નારદ ઝુલે પરમ બડભાગે...૨

અનંતકોટિ સંત પ્રેમ શું ઝુલે, ઝુલત આનંદ ઉર ન સમાયે;
કહેત કબીર આ હિંડોળે ઝુલત,જન્મ મરણ ભવદુઃખ મિટાયો...૩

卐

૧૩.

[ રાગ: કાફી ]

ઝૂલે નવલબિહારી પ્યારો લાલ ઝૂલાવન આઈ...ઝૂલે...ટેક૦

સોરંગ હિંડોળો લાલકો રે, દંપતિ જુગલ સોહાય;
ઝૂલાવે સબ ગ્વાલની રે, તહાં બૈઠે કુંવર કનૈયો ઝૂલે.

મણિ કાંચન કે સ્થંભ મનોહર, વિદ્રુમ દાંડી સોહાય;
પચરંગ દોરી પાટકી રે, તહાં પટુલી પાંચ જડાય...ઝૂલે.

બરન બરનકે ફુલને રે, જહાં મોતીઅનકો ઝુમ બનાઈ;
માનુની ગાવે મોદ શું રે, તહાં બાજે અનંત વધાઈ....ઝૂલે.

મોહી રહી સુર સુંદરી રે, જહાં કુસુમની વર્ષા કરાઈ;
શોભા દેખી દંપતિ રે, તહાં કૃષ્ણદાસ બલ જાય...ઝૂલે.

卐

૧૪.

[ રાગ : કાફી ]

ઝુલત હૈ પિયુ પ્યારી હિંડોળે, ઝુલત હૈ પિયુ પ્યારી;
તેરે ચરણ કમલ પર વારી, નંદનંદન વૃષભાન નંદિની,
જોડી બની અતિ ભારી……ઝુલત.

કુંજ ભવનમેં રચ્યો હિંડોળે, ફુલનકી ફુલવાડી રે.
ફુલનકી શિર પાઘ શ્યામકી, ફુલનકી બની સાડી રે;……ઝુલત.

સર્વસ્વ તે સહચરી ઝુલાવત, દેત પરસ્પર તાળી રે;
નાચત ગાવત કરત કુતુહલ, ખેલ મચ્યો અતિભારી રે……ઝુલત.

કહિયે કહાં કછુ કહત ન આવે, નિજ જનકે સુખકારી,
સૂરદાસ પ્રભુકી છબિ નીરખત, કામ રહ્યો હૈ હારી……ઝુલત.

卐

૧૫.

(રાગ : કાલેરો)

હિંડોળો નવરંગ્યો રે સજની, ત્યાં ઝૂલે શ્રી વલ્લભરાય;
ચાલો સાહેલી જોવાને જઈએ, આ સુખ શોભા કહી ન જાય....

નવરંગ કનક સ્થંભ દોઉ સુંદર, નવરંગ દાંડી ચાર સોહાય,
નવરંગ ચોકી તકિયા ગાદી, નવરંગ મોતીની ઝુમ બનાય....

નવલી ભાત નવરંગ શાખા, નવરંગ જુવતી ઢાળે રે વાય,
નવરંગ મોર કલા કરી નાચે, નવરંગ જમુના લ્હેરે રે જાય...

નવરંગ પુષ્પવૃષ્ટિ વ્રજ ઉપર ઇન્દ્રાદિક ત્યાં દુંદુભિ વાય;
નવરંગ ભક્ત તણાં મન મોહે, માધવદાસ ઉમંગી જશ ગાય....

૧૬.

( રાગ : કાલેરા )

પરમ ચતુર ઝૂલે નાથ અમારો, રાધાજીની સંગે રે;
નિરખુ રે અંગ અંગની શોભા, વારૂં કોટિ અનંગ રે... ટેક

સાવન માસ પરમ સુખકારિ, ઝરમર ઝરમર વરસે મેહ;
દાદુર મોર પપૈયા બોલે, ઉપજે અતિ સ્નેહ રે... ૧

આજ મેં અદ્‌ભુત કૌતુક દીઠું, સીચંતા હરિ હસ્યાં રે;
શ્યામ સન્મુખ દૃષ્ટિ કરીને, કરીને પીછે બેઉ રસિયાં રે... ૨

શ્યામ સુભગને રાધા ગોરી, સોરંગ હિંડોળે ઝૂલે રે;
જેમ જેમ ઘુમ્મટ ઘાલે સજની, તેમ તેમ નસ્સોંચો ફૂલે રે... ૩ 3

૧૭.

[રાગ : કાલેરા]

લડસડતી ને લાડકડી ગોપી, માંગ સિંદુર સાડી રે;
આંબા ડાળે હિંડોળો બાંધ્યો, ઝુલાવે મદ મતવાલી રે....ટેક

ચોળી ચરણુ ચંપા વર્ણી[૧], લાલ પટુલી પહેરી રે;
નાગ નગોદર ઝાલર ઝુમણાં, બીચ મોતીની માળા રે....(૧)

રાતે દાંતે આડ કેસરની, લલાટે ટીલડી સારી રે;
નરસૈંયાના સ્વામીને વ્હાલી હું, હૃદયા સાથે બાંધી રે....(૨)

卐

૧૮.

(રાગ : મારુ)

ઝુલત નવલ બિહારી હિંડોળે, ઝુલત નવલ બિહારી;
તટ જમુનાકો પરમ મનોહર, સંગે રાધિકા પ્યારી...ઝુલત...ટેક

દાદુર મોર ચકોર પપીહા, સારસ સોરા શોર;
મધૂપ મરાલ કોકિલા કિલકિત, અલિ ગૂંજત અતિભારી...ઝુલત...

સુરિનર જન પુનિ કુસુમની વર્ષંત, જ્યાં મુનિવર છૂટી તાડી;
એહી લીલા સુખ દેખી મગન ભયે,
પરમાનંદ બલિહારી...ઝુલત...

卐

૧૯.

( રાગ : આસાવરી )

સજની જોઈએ રે જમુના, જ્યાં ખેલ કરે રે કનૈયો....સજની

હિંડોળે બાંધ્યો હીર દોરી, શામળિયો ને શ્યામા ગોરી રે,
હિંડોળે દોઉ જન બૈઠે, હુલાવે સખી સૌ હેઠે રે....સજની

ઘૂમરડી ઘાલે વ્રજનારી, તહાં હર્ષે તે લાડ કુમારી રે;
બાંય ગ્રહી અંગોઅંગ ભીડે, માનુની મનમથ પીડે રે....સજની

એક રૂપ રસાળું ગાયે, બીચ વેણુ મધુર સુર વાયે રે;
તહાં તાલ મૃદંગ ઝડી લગી, બીચ રમણુ રમે બડભાગી રે...સજની {1

હરિની લીલા લ્હેર લટલાગી, તહાં ઝુલે પ્રેમ સોહાગી રે;
હરિની લીલા કહી નવ જાય, રસ રહ્યો અધરમૂખે ગાઇ રે...સજની

હરિને પુષ્પ પવિત્ર સોહાવે, ગોપી નંદાનંદને ઝુલાવે રે;
તહાં નરસૈંયો નિત નિત નાચે,
શોભા જોઈ ભક્તજન રાચે રે...સજની

卐

૨૦.

[ રાગ: સામેરી ]

સજની આ શોભા રૂડી રે, શામળીઓ ને શ્યામા જોડી;
તે હસે હિંડોળે સીંચે રે વ્હાલો પ્રેમ મહારસ પીછે...સજની...

પીળી પલવટ સુંદર સોહે રે, તેને તેજે ત્રિભુવન મોહે
વ્હાલે કંઠે બાહુલડી દેતો રે, આલિંગન વારી લેતો...સજની...

તહાં બહુવિધ બાજાં બાજે રે, તહાં મેઘ ઘટા પૂની ગાજે;
નીલાં પીળાં તે અમ્બર ઝલકે રે, નાચંતા નુપૂર ખલકે ..સજની...

શ્યામા સજી સકલ શણુગાર રે, ઉર લ્હેકે તે મુક્તાફલ હાર;
જોબનમેં જુવંતી માતી રે, તે મધુર સ્વરે ગાતી....સજની...

ગોપીવર ખેલ કરાવે રે, જમુનાતટ સુંદર ભાવે;
તહાઁ મોર કોકિલા બોલે રે, જોતાં નહીં કોઇ એની તોલે...સજની...

વૃન્દાવન વિલસે નાથ રે, તહાં મોહ્યાં સુરિનર સાથ;
બ્રહ્માદિક ભેદ ન જાણે રે, તે નિશદિન ગોપી માણે....સજની....

નરસૈંયા કેરી વાણી રે, કૃષ્ણે આપી કરુણા આણી,
વળી પોતે પોતાનો કીધો રે, મહારસમાં તાણી લીધો....સજની...

૨૧.

( રાગ : મેવાડો )

આજનો હિંડોળો રે અતિ રળિયામણો, તહાં ઝુલે નંદનો કુમાર;
સંગ ઝુલે રે હો રાધા સુંદરી રાય વૃષભાનની કુમારી.... ટેક

કનકના સ્તંભ રે હો એ હીર જડયા, દાંડી સોહે સુંદર ચાર;
પંચ ને પીરોજા રે અતિશય ઝળહળે, ફરતી મોતીઓની ઝુલ ૧

ઝુલાવવાને આવી રે વ્રજની સુંદરી, તેને શોહે સોળ શણગાર;
રુમ ઝુમ કરતાં રે સર્વે નીસરી, હંસગામિની નાર... ૨

વાજીંત્ર વાજે રે બહુ વિધવિધના, વૈષ્ણવજન ગાવે સાર;
સુરિનર મુનિ રે સર્વે મોહી રહ્યા, બોલે જૈ જૈ શબ્દ રસાળ ૩

અંતરિક્ષથી આવી રે ઇન્દ્ર ઉભા જુએ, જહાં ઝુલે દેવ મોરાર;
સોળ શેરી રે ઝુલે સન્મુખ રહી, હરિજશ ગાવે કેશવદાસ...

卐

૨૨.

( રાગ : બિહાગ-ફેર )

દેખ હો વસુદેવ હરિમુખ, દેખ હો વસુદેવ;
કોટિ કામ સુંદર, કોઈ ન જાણે ભેવ.. ટેક૦

ચારે ચાર ભુજા ચાર આયુધ, નીરખી લે નિરધાર;
અજહું મન પ્રતીત નાહિ, નંદગૃહે લે જાય....હરિ...

જો કે પોલી પાલા જડે તાળાં, નાહિ ન માર્ગ ભેવ;
નિશા અંધારી વીજ ચમકે, સઘન વર્ષે મેહ....હરિ...

જા કે જબાન પડત પહેરવા, હુઆ મુક્ત દ્વાર;
બંધન બેડી સબ છુટી, ભયો એહ વિચાર...હરિ...

ઝાલર ઝાંઝ પખાવ બાજે, ઓર બાજે કિરતાલ;
દેવકી ગૃહે કૃષ્ણ પ્રગટે, કંસકો હૈ કાલ....હરિ ..

સિંહ આગે શેષ પીછે, વહત જમુના પૂર;
નાસિકા લો નીર આપે, પાર પેલે દૂર...હરિ....

ગોદ તેં અહંકાર કીનો નહી પાયો ભેવ;
પરસી જમુના માર્ગ દીનો, ઉતરે વસુદેવ....હરિ...

બાવાનંદ શું મનોહાર કીજે, સુનો કહે વાસુદેવ;
કહેત કવિ સુત જાની અપનો, કીજે હરિજીકી સેવ.... હરિ...

卐

૨૩.

[રાગ : મેવાડો]

સોનલા કેરૂં રે સુંદર પારણું, મોતીડે પરોવ્યા દોર;
હીરલા કેરૂં રે જડયા હંસલા, માણેક જડયા મોર....સોનલા

પ્રાણનાથ રે હો પોઢયા પારણે, પોઢયા હરિ પારણા મોઝાર;
હરિને હુલરાવે રે માતા જશુમતિ, હર્ષે હાલેરૂં ગાય....સોનલા

ધન્ય ધન્ય રે માતા જશુમતિ ધન્ય ધન્ય નંદજી તાત;
ધન્ય ધન્ય રે વ્રજની સુંદરી, ધન્ય ધન્ય વ્રજનો વાસ...સોનલા

કોણ કોણ પુણ્ય રે, પુત્ર હમો આચર્યાં, વિપ્રને દીધાં રે દાન;
પાવન કીધો રે વંશ હમારો, બલ જાયે માધવદાસ નિધાન...સોનલા

૨૪.

[ રાગ : માલવ–ગોડી ]

જશોદાજીને આંગણિયે, કાંઈ સુંદર શોભા દીસે રે;
મુક્તાફળના તોરણ લટકે, જોઈ જોઈને મની સીંચે રે... ટેક...

માંહી માંહે માનુની હીંડે, ઉલટ અંગ ન માઈ રે;
કુંકુમ કેસર અંગે ચરચે, ઘર ઘર ઓચ્છવ થાય રે... ૧

ધન ધન નંદભુવનની લીલા, જહાં પ્રગટ્યા પરમાનંદ રે;
રંગ રેલ નરસૈંયો ગાવે, મન ઉપજ્યો અતિ આનંદ રે.. ૨

卐

૨૫.

[રાગ : સામેરી દેશ ફેર વધાઈ]

હનિ હાં રે કૃષ્ણજનમ જબ આયો, સુરિનર મુનિ સબ પાયે;
હનિ હાં રે અશોક ભયો કંસ મૂઢ, અંગમ આયો હૈ માસ અષાઢ...ટેક

અષાઢ માસ વીતત ભયે, સોહાયે સાવન માસ હો,
મધુવન ભયે સોહાવનો, અપી મોર કરે કિલ્લોલ હો...(૧)

રૂમ ઝુમ હો ત્યાં મેઘ વર્ષે અષ્ટમી બુધવાર હો,
જુગ જામની વિચિત ભયી, ત્યાં રોહિણી હૈ સાર....(૨)

નિશા અંધારી વીજ ચમકે, સાવન ભદ્ર ભદ્રે હોય હો;
કંસ કાલ પ્રગટ ભયે, સૂધ ન જાને કોઈ......(૩)

પહુરવા સબ સોઈ રહે, દાદુર કરે પુકાર હો;
સુરન કારજ સારવે કો કૃષ્ણે કિયો અવતાર હો...(૪)

卐

૨૬.

હનિ હાંરે દેવકી કહે હરિમુખ દેખો જીવન જન્મ સુફલ કર લેખો;
હનિ હાંરે પૂરણ બ્રહ્મ મોરારિ, વસુદેવ શોચ કરે વિચારી...ટેર....

વિચાર કો તુમ કહાં કરત હો, અબહું ન મન પ્રતીત હો;
તુમ ચાર ભુજાકો દર્શન પાયો, કીની સુખસુખ વાત હો...(૧)

પાદ કી બેડી છૂટ ગયી, છૂટ ગયે વજ્ર કપાડ હો;
તુમ જાઓ ગોકુલ વેગે કરી, માનો અમારી વાત હો...(૨)

પલકી બાલક લિયો ઉર પર, ગયે કાલિંદી કે ઘાટ હો;
પૂર જમુના વહેત હૈ, સો વેગે દીની વાટ હો...(૩)

હરિ વસુદેવ ગયે ગોકુલ, નંદ ગૃહે અનિમેષ;
પુત્ર ધરહે પુત્રી લીની ચલે, હરિમુખ દેખ હો...(૪)

卐

૨૭.

(રાગ : સામેરી-દેશી ફેર વધાઈ)

હનિ હાં રે ગોકુલ આયે જદુરાય, નંદ જશોદા સુકૃત ફલ ખાય;
હનિ હાં રે વસુદેવ ગયે મથુરા મોઝાર, તબ વે ખોલે વજ્ર કમાડ...

કમાડ તાલા જૂટ ગયે, વસુદેવ ભુવન ગયે;
પાદકી બેડી જૂટ ગયે, તબ પહુરવા સબ જાગ્યા....(૧)

આનંદ ભયો જબ સુન્યો જાય, દેવકી બાલક ભયો;
પ્રધાન તહાં પુની કહી વેગે, કંસ મન આનંદ ભયો....(૨)

ગ્રહી પ્રાણ પછડાવે કો, તબ હી બાલક ઉચ્ચરે;
કંસ તેરો કાલે હૈ, સો કહાં હું જાય ઉછરે......(૩)

કહેત કર તેં ગયી છૂટી કંસ મન સંશય ભયો;
મંગલસુત શ્રીનાથ જૈ જૈ, ગોકુલમેં આનંદ ભયો....(૪)

卐

૨૮.

(રાગ : સામેરી દેશી ફેર વધાઈ)

હનિ હાં રે સાવન માસ સોહાયો, નંદ જશોદા સુકૃત ફલ પાયો;
હનિ હારે વદ અષ્ટમી બુધવારી, નક્ષત્ર રોહિણી માંહી જન્મે કુમાર
જન્મ ભયો આનંદ પાયો, ધન જશોદા ભામની;
સુકુમાર સુંદર નયન સુંદીર, દીયો નંદ વધામણી... સાવન...
સુનત સબ જન ગોપી ગ્વાલન, વિવિધ ભૂષણ અંગ સજે;
દધી રોચન કલશ કુંકુંમ, થાલ મંગલ કર સજે... સાવન...
આનંદ પાવત ગીત ગાવત, ગોપી ગ્વાલન સબ ચલી;
આપ પહુંચી ભુવન ભીતર, વધાવત મન કીરલી... સાવન...
વદન નીરખી અતિ હર્ષી જન્મ દુકૃત સબ હરે;
મહિયારી સોચીત વિચારી, કહાં જશે ઉરમેં ધરે... સાવન...
ચરણ વંદી ચલે ચતુરા, નંદ બૈઠે તહાં આપી;
ગોપી ગાવત દધી લાવત, હર્ષ સુંદર કહાં તહાં... સાવન...
મૃદંગ રસિક બાહુ મોરલી, ગાવત ઐસે રંગ સુની;
ગ્વાલ નાચત કીચ મચત, મગ્ન ભયે સુરનરમુની... સાવન...
એક દેત વસ્ત્ર ઉતારી અપને, જાચક બંદીજન મીલે;
ધન ગોકુલ ધન નંદરાય, ધન ગ્વાલ સબ ભલે... સાવન...
નંદ ઉમંગી ધેનૂ આણી, વિપ્રનકો કોટિકો દઈ;
કરી વિનંતિ પાયે લાગે, ઐસી સમ્પતિ મૂકી ભયી... સાવન...
એક ચીર ચંપા વર્ણ સુંદર, કંચુકી હીરે જડી;
દેત અનેક બોલાય વધૂકો; નંદને પાયે પડી... સાવન...
થકે ના યે સબ ગોપી ગ્વાલન; મગ્ન જશોદા કીરલી;
નંદ નંદન ચિરંજીવો; આશિષ દેત સબ મિલી... સાવન...
મંગલ ગાયો સબ પાયો, સુર કાર જ સબ સરે
તિલોક તારન ભકિત કારન; જન્મ લીલા જશ કરે... સાવન...

## દેવગંધાર

આજ શ્રી ગોકુલમેં આનંદ, આજ શ્રી ગોકુલમેં આનંદ;
અર્ધ નિશા ભયી મોહન પ્રગટે, ધન વર્ષંત હૈ મંદ.........(૧)

બંદીજન સહુ નિકટ બુલાયે, દાન દેત હૈ નંદ;
કૃષ્ણદાસકી આશાપુરી, શ્રી ગોકુલકે ચંદ...........(૨)

卐

૧.

[રાગ : પ્રભાતી]

ગ્વાલ દેત હૈ હેરી ઘર ઘર, ગ્વાલ દેત હૈ હેરી રે;
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ઢોલ દમામાં ભેરી રે ;....ટેક

લૂંટત ઝૂટત ખાત મિઠાઈ, કહી ન શકે કો કેરી રે;
ઉન્મત ગ્વાલ કરત કુતૂહલ વ્રજ વનિતા સબ ઘેરી રે ....(૧)

ધ્વજ પતાકા તોરણ માલા, સબ હી શણગારી શેરી રે;
પરમાનંદ દાસ કો ઠાકોર, પ્રગટયો કંસકે વેરી રે ....(૨)

卐

૨.

(રાગ : પ્રભાતી)

ભલી બાત સુની આઈ હું તો એક, ભલી બાત સુની આઈ;
મહિઆરી જશોદા ગૃહે બાલક ભયો, આંગન બાજત વધાઈ રે... ટેક

હારે બીર ગોપી ગૌપિનકી, મહીમા વરણી ન જાય રે;
અતિ આનંદ હોત ગોકુલમેં, રત્ન સોભ કો છાય રે..... (૧)

નાચત કરુણ વૃદ્ધ અરુ બાલક, ગોરસ કીચ મચાઈ રે;
પ્રેમાનંદ પ્રભુ વ્રજમેં પ્રગટે, હૈ સંતન સુખદાઈ રે.... (૨)

卐

૩.

રાગ : પ્રભાતી

આજ વધાવો નંદન કે દ્વાર, ગાવ હું મંગલ ચાર રે;
આવહું આનંદ કલશ સાજી દપી, ફુલ નૂતન કે ડાળ રે....ટેક....

ઉર પર બેઠે નંદરાય કે, ગોપ સબ નમીહાર રે;
મગધ બંદિસુત મિલી દ્વારે, પ્રસ્તુતિ કરત હેવાર રે.... (૧)

પાયે પૂરણ આશ આનંદીન, સબ મીતિ દેત આશિષ રે;
નંદરાયકો લાડીલો એહ, જીવો કોટિ લર્ષો રે.... (૨)

તબ નજરાય આનંદિત બહુવિધ દીને વસન બનાઈ રે;
ઐસી શોભા દેખી પ્રભુકી સુરદાસ બલ જાય રે... (૩)

卐

# ઇતર પદો

આ વિભાગમાં વેદપુરાણ, હાલેરું, અરથરીનું પદ તથા પંથીડાનાં પદનો સમાવેશ કરવામાં આવ્યો છે

૧ **વેદપુરાણ :** આ પદને વેદપુરાણ શા માટે કહ્યું હસે તેવો પ્રશ્ન થશે. સાદી ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે વેદ અને પુરાણોના સાર રૂપ આત્મવિદ્યાનું તત્ત્વજ્ઞાન ગૂંથી લેવામાં આવ્યું છે તેથી 'વેદપુરાણ' તરીકે ઓળખાય છે.

૨ **હાલેરું :** 'હાલરડુ'' નું અપભ્રંશ રૂપ તે હાલેરું જે પદો વિશેષ પ્રચલિત છે તેનો અહીં સમાવેશ કર્યો છે. 'સંસારરૂપી પારણું' પદમાં સંસારની નશ્વરતા અને અસારતાનો ખ્યાલ આપવામાં આવ્યો છે. 'જ્ઞાન સ્વરૂપી આત્મા' પદમાં 'આત્મ સ્વરૂપ'ની ઓળખાણ આપવામાં આવી છે. આ દેહ કર્મનો પરિપાક છે તેમ સંગાસંબંધી પણ કર્મનો જ પરિપાક છે. આ સંબંધોની માયા આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવામાં બાધક છે. એમાંથી તો ગુરૂ જ તારી શકે. તે પણ જીવનમુક્ત ગુરૂ જ હોવો જોઇએ !

૩ **અરથરીનું પદ :** આ પદ કેટલીક જગ્યાએ પ્રભાતી રાગમાં ગવાય છે. આપણે ત્યાં વિશેષ પ્રસંગે જ એનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને મરણ પ્રસંગે કે જ્યારે ડાધુઓ સમશાનેથી પાછા ફરે અને ગૃહપ્રવેશ કરે ત્યારે આ પદની શરૂઆત કરવામાં આવે છે. પદ સરળ છે.

૪ **પંથીડાનાં પદો :** પ્રચલિત બે પદોનો સમાવેશ કર્યો છે. કૃષ્ણની રાસલીલામાં ગોપીઓના અહંને ઓગાળવા શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થઈ જાય છે ત્યારે આ પદ ગોપીભાવથી ગાવામાં આવે છે

૫ **રાસ :** 'ગોવર્ધન રાસ' અને 'તુલસીદાસનો રાસ' આપણે ત્યાં વિશેષ પ્રચલિત છે. રાસ પ્રમાણમાં લાંબા હોય છે, છતાં ઢાળનાં વૈવિધ્યથી રસ અખંડ જળવાઈ રહે છે. હૃદયમાં ગોપીભાવ જગવવા રાસનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે ત્યાં શરદઋતુમાં રાસ ગાવાનો પ્રચલિત (RMIV)છે.

# વેદ પુરાણ

હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ખટ દર્શન નિકટ વિચારી સ્વામી જોયું એ. ૧
એક જ સાર સનાતન લાધ્યું એ, ચેતન હરિ પરિબ્રહ્મ તણું એ ૨
પાછલાં જનમ તણા દુઃખ કાં વિસર્યાં, ગર્ભને ઘેર લઈ કાં થયો એ ૩
કર્મ તજી હરિ ધ્યાન મા છાંડીશ અહરનીશ અનુસરો ક્ષણ ઘડી એ ૪
ધંધે એ વાહ્યો કાલમાં નિર્ગમ્યો, કાજ છે તે સિધ્યું નથી એ ૫
જન્મ મરણ સુખે દુઃખે એ વાહ્યો, કાજ સિધ્યા વિના ભમ્યો એ ૬
કાજ સિધ્યું નથી કામ ઉપર નથી, કાજ સિધ્યા વિના ઘર નથી એ ૭
દેહ ધરે તે આત્મા બોલે એ, દેહ વિના પરમાત્મા એ ૮
મૂર્તિ વિના પરમાત્મા ધારીએ, અવર પ્રપંચ કીજે નહિ એ ૯
તે પરમાત્માથી સહુ ઉપજે, અંતે તેણે વળી સહુ આથમે એ ૧૦
સાથી ભુલ્યોવન એકલો રૂવે એ સાથી દીઠા વિના ન વિરમે એ ૧૧
જનુની વછુટયું જેમ બાલક રૂવે એ, જનુની પામ્યા વિના ન નિવૃત્તિ નહીં એ... ૧૨
જલ વિના માછલી ટળવળે અતિઘણી, ઉદક પામ્યા વિના સુખ નહિ એ... ૧૩
એમ પરમાત્મા શું રહે આત્મા, એટલે કાજ સિધ્યું નહીં એ ૧૪
બ્રહ્મ જ બોલેને બ્રહ્મ જ સાંભળે, બ્રહ્મ દેખે ને પરિબ્રહ્મ જપે એ ૧૫
વાસુદેવ પરમાત્મા પરિબ્રહ્મ, વિષ્ણુ નારાયણ એક તું એ ૧૬
જીવ અજાણ કાં ધંધે વાહ્યો, પોતે અદકું ઓછું નહિ એ ૧૭
પરિબ્રહ્મ આ દીસે જે જેમ રાખ્યા એ, તે તેમ રહો પરિબ્રહ્મ જપો એ... ૧૮
સમર્થ સબલ સનાતન સાર એ પાર નહિ જશગુણ તણો એ ૧૯

પરિગ્રહ નામની ઉપરાજન સાચી એ, તે વિના પ્રાણ છેદાય ઘણાએ ૨૦
આપ કુબુધે નવુએ નકીજીએ પરિગ્રહ બોલન લોપીએ એ ૨૧
બોલ લોપે હોય લત વિહોણોએ, તે તણી હવે કોણ ગત હશેએ ૨૨
ધણી મુકે તેનું આયુષ્ય લોપે એ, અવર માર્ગ ગત તેને નથી એ ૨૩
ધણી સાચો તેનું આયુષ્ય સાચું એ અવર કહું સહુ વણસતું એ ૨૪
અણછતાં ઉપજે છતાં જે વિલસે એ, તે તેણો બોલ અહીં નરક છે એ ૨૫
જે સદાય છે સર્જે ને ફેડે એ; તેને મુકીને કોણ સેવીએ એ ૨૬
ધંધે વહ્યો બાપ વિસાર્યો એ, તો તને નરકેથી કોણ કાઢશે એ ૨૭
દર્શન સેવીશ ધર્મ સંભાળીશ એ, અચલ સેવ્યા વિના વણસશે એ ૨૮
અનેક પ્રકારે તું પ્રાણી આગે હવો, હજુ કહુ કોડ તને વળી એ ૨૯
અમૃત પામ્યો પ્રમાદ કાઢોગીશ, અવર રસ નથી કાંઈ હરિ સમો એ ૩૦
કાય કારણ મણિ હાથથી નિર્ગમ્યો, થોડલે સુખે બહુ સુખ કાં તજે એ ૩૧
ગર્વ મા કરીશ તું પૃથ્વીપતિ રાજીઆ, રંકમાં તું કીજેશ દરિદ્રઓ એ ૩૨
હરસદ કેરી પરબ તણી પેરે, રૂધિર સાટે એવી ઉદક છે એ ૩૩
આગ દીનાદીકે રાજ પ્રાપ્ત હોય, ધર્મ ખૂટે ને વળી દુઃખ સહે એ ૩૪
પૃથ્વીપતિતણું સુખ ધનપતિતણું સુખ, સૂક્ષ્મજીવતણું સુખ સમતુલ છે એ ૩૫

આપ આપણુ મન જે સુખ માન એ,
નરક સંપૂર્ણ તેને ત્યાં છે એ ૩૬

પરિબ્રહ્મ પદસુખે જે જઈ બેઠા એ,
ઇંદ્ર પદ લગી તે નવ આભડે એ ૩૭

મનના મનોરથ છાંડીને હરિભજે,
વિગત ફીટે ને સહુ એકજ હોય એ ૩૮

ભાષા ન જાણું ને છંદને ના જાણું એ,
એક જાણું સ્વામી માંડણ હાર એ ૩૯

તું વડે જાણું ને તું વડે જીવવું એ,
તું વડે છોડું સ્વામી ચારે ખાણુ એ ૪૦

આશ્રમે દર્શન વર્ણે જે ભોળવ્યા,
તુજ વિના તે સહુ ટળવળ્યા એ ૪૧

તારે આધારે સઘળ કર્મ છે,
લાગતો અંધ બ્હીએ નહીં એ ૪૨

કર્મ ભોગવ્યા પછી દુઃખ સહે આત્મા,
તું લાજે તારા ભણીએ ૪૩

અણછતો ભક્ત વિનંતિ કરે સ્વામીએ,
આત્મા હેડી અણુગો શું કરે એ ૪૪

卐

## ચરચરીનું પદ

ઘડી રે ઉપર ઘડિયાળા વાગે, ઉંમર ઓછી થાય;
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઇ... (ટેક)

નાના થકી મોટેરાં કીના, માતા મંગલ ગાય;
કાલ અવસર તો કોઇએ ન દીઠો, ઓચિંતો વળી આવે.... (૧)

જોબનિયાના મોજ ફોજા, જાથે નગારાં દેતી;
અંતકાલ તો આવી મળશે, કોઈ ન શકયો ચેતી... (૨)

સંસાર સઘળો કાળે ખાધો, આખર મસ્તક કુટો;
જમદુત તો જોતાં રહેશે, હરિનો નામે છૂટો.... (૩)

હરિને ભજીએ ભવજલ તરીએ, નરહરિજીને નમીએ;
લાજકાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ... (૪)

હરિને ભજીએ બીજું કરી એ, માયા મોટી થાય;
દેખત દેખત ડુબકા મારે, દુનિયા ડુબી જાય.... (૫)

આ અવસર છે હરિ ભજવાનો જો જો મન વિચારી;
જે જન હરિનું સુમરણ ભુલ્યો, જીતી બાજી હારી... (૬)

કોઈએ બાળી; કોઇએ ગાળી, કોઇએ કાયા દાટી;
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેગી મિટ્ટી.... (૭)

નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો;
જમના શિર પર પગલું દઈને વેગે વૈકુંઠ જાશો.... (૮)

# તુલસીદાસનો રાસ

સાખી

કહે તુલસી રંગ ઉપન્યો, મારે હૈયે હર્ષ અપાર;
વેણુ સુની વ્હાલા તણી, ત્યાં પામી સ્નેહ વ્રજનાર......૧

ચાલ

ત્યાં સ્નેહ પામી વ્રજનાર જે, મન માંહે કરે રે વિચાર;
ચાલો સ્નેહની જોવા જઇએ, સખી સર્વે સંચરા થઇએ;
આવી શરદ પુનમની રાત, રમવાને વ્હાલાની સાથ;
કાલિંદી તે જમના પાસ, શામળિયે તે માંડયો રાસ......૨
હૈયે હરખ ન માય, જોવાને માનડાં થાય;
મોહન મુખ મુરલી વાગે તેની ધૂન ગગનમેં ગાજે,
એ વેણુ વાયે વનમાળી, ત્યાં જોવાને સર્વે ચાલી......૩

સાખી

જોવા જાદવરાયને વ્રજવનિતા સૌ ધાય;
કહે તુલસી રંગ ઉપજે, ત્યાં રંગ ઘણેરો થાય......૪

ચાલ

ત્યાં રંગ ઘણેરો થાય, કોઈ મંદિરમાં ન રહેવાય;
કોઇએ મુકી તે કુળની લાજ, તે ત્રિકમ તારે કાજ;
કોઇએ ભોળવ્યા ભરથાર, કોઈએ વાયો સૌ વહેવાર;
એકે રોકી રાખી રામા, સહુ પહેલી પહોંચી શ્યામા;
એક ન્હાતી ચાલી નાર, તેને લજ્જા નહિ લગાર;
એકે અવળી પહેરી ચોળી, એમ ઠામ ઠામ થઇ ટોળી......૫

સાખી

આતુર થઈને નાથજી, મેલી કુળની લાજ;
કહે તુલસી સંગ ઉપજે, કોઈ ને હાથ ન લાગે કાજ... ..૬

ચાલ

કોઈને હાથ ન લાગે કામ, જોવાને સુંદીર શ્યામ;
ચાલો જોવા જઈએ બેની, આપણે વાત ન કરીએ કોઈની;
કોઈએ એક જ આંજી આંખ, તે તો વાંસલડીનો વાંક;
અબલા સજી શણગાર, મન થોભે નહિ લગાર;
દોડંતી શ્વાસ ન ખાયે, સખી જે જેમ તે તેમ ધાયે;
વૃન્દાવન લાગી વાર, જાણે હરણાં વછુટયાં ફાળ;... (૭)

સાખી

સહુએ પોતી પ્રેમની, રોચર સઘળી સાથ;
કહે તુલસી રૂડું થયું, હવે નયણે નિરખ્યાં નાથ.... (૮)

ચાલ

હવે નયણે નિરખ્યાં નાથ, વ્હાલા શું કરીએ વાત;
મુખ દેખીને મોહ જ પામી, સહુ મેહની તે વેદના વામી;
દેખીને તે દેવમોરાર, હૈડાંમાં હર્ષ અપાર;
પ્રભુ રમાડોની હાવે, અમો આવ્યા તે સૌ ભાવે;
આજ એવા તે રંગ રમાડો, મને વૃન્દાવન દેખાડો.... (૯)

સાખી

વચન સુણી વનિતા તણું, વિઠ્ઠલ બોલ્યા એમ;
કહે તુલસી આ રાતમેં, તમે સર્વે આવ્યા કેમ.... (૧૦)

ચાલ

તમે સર્વે આવ્યા કેમ, નર મુકયાનું લીધું નેમ;
જ્યારે પરણ્યો પૂછસે પેર, ત્યારે કેમ જવાશે ઘેર;
એમ બોલ્યાં શ્રી મહારાજ, અહીં આવ્યા શાને કાજ;
તમે રાખો ધણીનું ધ્યાન, એમ મુકતા તે જો માન;
સખી માનો ની વાત અમારી, ઘર જાઓ સકલ વ્રજનારી;
એમ લજ્જા લોકમેં લાગે, પછી ભાર તમારો ભાગે... (૧૧)

### સાખી

મોહન મુખ એમ ઉચરે, નીચું ભાળે નાર;
કહે તુલસી આ રાસમેં, ઓછો આ અવતાર......૧૨

### ચાલ

હવે ઓછો આ અવતાર, મુખ બોલે નહિ લગાર;
અમે આતુર થઈને આવ્યાં, પણ ભૂધરને નહિ ભાવ્યા;
કોની રોવર શી પેર કરીએ, મત ઘેર જવાનો ધરીએ;
કહોની કેમ જવાએ ઘેર, તારે નીકળવું ન્હોતું ઘેર;
આપણે આવ્યા વનમાંહિ, એને આવ્યું ન કાંઈ મનમાંહિ,
આ તન તજવું એ સારું, સહુ કહેશે એ વારું......૧૩

### સાખી

ગોપી કહે ગિરિવર ધરને, મનમેં મોટી આશ;
તુલસી રીઝયા નાથ શું, હવે રમોને વળી રાસ......૧૪

### ચાલ

રંગ રમવા તે રસિયો બોલ્યા, સખી સહુના પાત્ર ખોલ્યાં
ગોપીના મનની જાણી, વૃન્દાવન લીલા ઠાની,
રજની કીધી ષટ માસ રમવાને રંગ વિલાસ;
ત્યાં તાલ પખાવજ વાગે, રૂડો સુંદીર શ્યામ બિરાજે;
મુખ મોહનજીનું નિરખી, ગોપી હૈડાંમાં હર્ષી;
હૈડામાં હર્ષ જ પામી; મને મળ્યા અંતર્યામી......૧૫

### સાખી

વૃન્દાવનની કુંજમેં બાજે વેણુ રસાલ;
તુલસી હરિ શું રાસ રમે. ત્યાં તો ગોપીને ગોવાલ......૧૬

ચાલ

રમે ગોપીઓ ગોવાલ, રૂડા દીસે બાળ જમાલ;
રૂડા રંગ; ભર્યા રણછોડ, ગોપીના પહોંચ્યાં કોડ;
અબલા થઈ આધીન, ત્યાં મોહ્યા ખગ, મૃગ, મીન;
મોહ્યા વન ને વેલી, ગોપી રમે ગોવિંદ ઘેલી;
મોહ્યા નર ને નાર, ત્રિકમનું તેજ અપાર....(૧૭)

સાખી

તેજ તમારું જોઈને, હૈડે હરખ ન માય;
કહે તુલસી રંગ ઉપજે, મનમુક્ત નહીં કોઈ થાય...(૧૮)

ચાલ

મનમુક્ત કોઈ ન થાય, એવો રાસ રમે જદુરાય;
આવી સર્વે દેવતા ભાળે, ત્યાં ઈન્દ્ર વિમાન ન ચાલે:
કરજોડી રહ્યો તે કામ, આધીન થયો તે ઠામ;
ત્રિકમનું દેખી તન, મુનિજનના છુટયાં ધ્યાન;
જોવા શંકર આવ્યા ઊઠી, બ્રહ્માની તાલી છુટી;
મેલ્યા ધરતી ને આકાશ, મોહ્યા મોરકલા પુરવાસ...(૧૯)

સાખી

જે જે તજે આ રહમેં માયા મુકી મોહ;
કહે તુલસી આ રાસમેં તૃપ્ત ન થયાં કોઈ...(૨૦)

ચાલ

હવે તૃપ્ત ન થાયે કોઈ, મોહ્યાં પશુ પંખી સુખ જોઈ;
મોહ્યાં મોરકલા બહુ માંડે, ગૌ ધાવતાં વાછરું છાંડે;
મોહ્યાં શશિ સુરજ ને તારા, તે થકિત થયાં રે બિચારાં;
મોહ્યાં મર્કટલાં વનમાંહી, ઘણું કુદે ને કૂદે ત્યાંહી;
મોહ્યાં સહુ વૃન્દાવન, ધન્ય ધન્ય તે [illegible]...(૨૧)

સાખી

ધન ધન દીનાનાથને, પૂરે મનની આશ
કહે તુલસી રૂડું થયું હવે હરિ રમાડો રાસ......૨૨

ચાલ

હવે હરિ રમાડો રાસ, અબલાને પહોંચી આશ;
રૂડાં રંગ રમાડો રીતે, પાતળિયા પૂરણ પ્રીતે;
ગોપીને લાડ લડાવે, વ્હાલા એવા બ્રહ્મ જગાવે;
અબલા આનંદમેં ઝુલે, તેનું રોમ રોમ અંગ ખીલે;
દેખીને ત્યાં લીલા લ્હેર, કોઈ જવા ન તાકે ઘેર;
એમ લાગ્યાં મોહના બાણ વિંધાયા તન મન પ્રાણ......૨૩

સાખી

મનમેં મહા આનંદ ઉપન્યો, સુખ પામી ઘણું સુંદરી
તુલસી રસ જામ્યો ઘણો, ત્યારે અંતર્ધ્યાન થયા હરિ......૨૪

ચાલ

હરિ અંતર્ધ્યાન થયા રે; ગોપીના પ્રાણ ગયા રે;
મને મેલી ગયા મહારાજ, મનમેં રહી મોટી દાઝ;
હવે કેમ કરી રહેવાય, મન આકુલ વ્યાકુલ થાય;
આંસુડા નયણે ધાર, જાણે તૂટયાં મોતીના હાર;
વ્યાકુલ થઈ વ્રજનારી, શું ભણે સર્જનહાર;
આવું વૃન્દાવન સુખકારી, દેખી દુઃખ પામી વ્રજનારી......૨૫

સાખી

વન વન ઢૂંઢે વનિતા ક્યાં જડે નહિ ભાળ
તુલસી રુદન એમ ઉપજે, તે તજીને ગયા ગોપાલ.......૨૬

ચાલ

તે તજીને ગયાં રે ગોપાલ, અબલાને ઉઠી ઝાળ
દીનાનાથ ગયાં રે મને મેલી, ગોપી ઢૂંઢે વન વન વેલી;
શ્યામળિએ મુખ દેખાડી, મારા પ્રાણ ગયાં છે કાઢી;
સખી વૃક્ષને પૂછવા જાએ, કહ્યુ દીઠાં તે જાદવરાયે;
એ તો વૃક્ષને પૂછે બાઈ, તમે શીદ રહ્યાં સોહાય.... (૨૭)

સાખી

ટોળે વળી ત્યાં ટળવળે, નાથ વિજોગે નાર;
તુલસી રડતાં સૌ ફરે, આવ્યાં વૃન્દાવન મોઝાર... (૨૮)

ચાલ

આવ્યાં વૃન્દાવન મોઝાર, અહીં રમતાં દેવમોરાર;
આપણને મેલ્યાં ઉવેખી તરછોડયાં અવગુણ દેખી;
પહેલાં તે લાડ લડાવ્યાં, વળતાં તે વારું રડાવ્યા;
મોરલીએ મોહ પમાડયાં, કેડે લઈને એમ પછાડયાં;
આપણને ઉવેખ્યાં નાથે, રાધાજીને લીધાં સાથે;
રાધાજીએ મોટમ આણી, હું તો મોટી મોટી પટરાણી...(૨૯)

સાખી

રાધા મન મોટમ કરે, જાણે દીનદયાળ;
તુલસી સખિયો એમ કહે, તમો વળગો આણી ડાળ... (૩૦)

### ચાલ

તમો વળગોને આણી ડાળ, પછી વહીને ગયાં ગોપાલ;
મોહનજીએ મેલ્યાં રોતાં, રાધા હીંડે વનવન જોતાં;
હરિ કહેતાં હૈયું ન ફાટે, એવું કંચન કાયને સાટે;
મેં તો મન મેં આણ્યો અહંકાર, તે તજીને ગયા ગોપાલ;
સખી આવી મળ્યાં સહુ ત્યાંહી, રાધાજી દીઠા વનમાંહી;
તું તો બહુ રે હતી એમ વ્હાલી, વનમેં મેલી કેમ ટાળી...(૩૧)

### સાખી

દુઃખણી દુઃખણી ટોળે મળી, રૂદન કરે અપાર;
તુલસી રુસણી રાધિકા, પ્રાણ તજું આ વાર (૩૨)

### ચાલ

કહે છે પ્રાણ તજું આ વાર, દેખીને દુઃખ અપાર;
એક ગોપી ખાએ ફાંસી, એક કહે તું કેમ વિમાશી;
એક જમનામેં ઝંપલાવે એક કહે તું કેમ ઘેલી થાયે;
બાઈ પ્રેમ હશે કંઈ જ્યારે, દીનાનાથ મળશે ત્યારે;
પાતલિયો પ્રગટ થાયે, કંઈ કરીએ તે જ ઉપાય...(૩૩)

### સાખી

સહુ સૈયર ટોળે વળી, મન વિચારે વાત;
પ્રેમ વિના નહિ પ્રગટે, તુલસીનો રઘુનાથ (૩૪)

ચાલ

તુલસીનો રસિયો નાથ, તે તો હેતે આવે હાથ;
બાઈ રાસ રમાડોની હવે, દીનાનાથ પધારે ભાવે;
રાધાને કરી રણછોડ, સહુ ગોપી રહો કરજોડ;
રૂડી રમત માંડોની એમ, દીનાનાથ પધારે જેમ;
નિરોધો, એક મન, તો આવે જુગજીવન;
હવે નાયક થઈને નાચો, દીનાનાથને સર્વે જાચો...(૩૫)

સાખી

નાયક થઈને નાચ્યાં, સ્નેહભરી વ્રજનાર;
તુલસીના શ્યામ રહી ન શકયા, ત્યાં પ્રગટયા દેવમોરાર...(૩૬)

ચાલ

હવે પ્રગટયા દેવમોરાર, ત્યાં ભેટી ભૂધરને નાર;
સજ મોતીડે વધાવે, ઘણું હેત હૈયામેં આવે;
બાઈ પ્રેમ હતો ત્યારે પામી, મને મળ્યા અંતર્યામી;
અલબેલાને પહોંચી આશ, રાસ ગાવે તુલસીદાસ;
એ તો હરિ રાધાનો વિલાસ, સાંભળે તેને વૈકુંઠવાસ;
રાસ શિખે જે નરને નાર, તેનો છૂટે ભવસંસાર...(૩૭)

卐

# ગોવર્ધન રાસ

સાખી

શ્રી ગુરૂને ચરણે નમું, એ નિજ જ્ઞાન
વર્ણન કરવા શ્રી કૃષ્ણકો, શ્રી ગોવર્ધન કો ધ્યાન... ૧

છંદ

હનિ હાંરે શ્રી ગોવર્ધન કો ધ્યાન, એસે બોલ્યાં શ્રી ભગવાન;
હનિ હાંરે આપણા ઇન્દ્ર મહોત્સવ તજીએ, ગોવર્ધનગિરિકો ભજીએ;
મોરપંખી સુખીઆ થાયે, રૂડા શબ્દ કરે વન માંહિ
જેની તળેટીનો મહિમાએ, પશુપંખી સુખીઆ થાયે...૨

સાખી

વેણુ સુની હરિતણા, નંદજીએ કિયો વિચાર
તત્ક્ષણ હી તેડયાં સબ, ગોપ તેડયાં તેણીવાર...૩

છંદ

હનિ હાંરે ગોપ તેડયાં તેણીવાર, મળી સબ કરવો એક વિચાર
હનિ હાંરે ઇન્દ્ર મહોત્સવ કરવો લોપ, એક વાત કહું રે અનુપ...૪

ચાલ

એક વાત કહું રે અનુપમ રૂડી, ગોપ સર્વે ચિત્ત ધરો;
સામગ્રી સર્વે મેળવીને, ગોવર્ધન ઓચ્છવ કરો ...૫
રળિયામણો, ભજીએ ગોકુલ ગિરિધર;
મોર પંખી હોય સુખીઆ, તળેટીમાં ગૌધેનું ચરે...૬

સાખી

વેણુ સુણી નંદકે, ઓચરે સર્વે ગોપ;
એ મહોત્સવ કો મિટતા, રખે ઇન્દ્ર કરતો કોપ...૭

ચાલ

એહ ત્રિભોવનકો ભૂપ, રખે આપણુ કો કરતો કોપ;
એ શુર બારે મેઘકો રાય, યા કો મહોત્સવ કર્યા લોપાય.
જબ કોપ કરે ઇન્દ્રરાય, તબ આપણુ શું ન રહેવાય;
જેહ કરતાં તેહી કરીએ, બીજા ધર્મ નહિ આચરીએ...૮

સાખી

એ વેણુ સુની સબ ગોપીકા; કહ્યો નંદકુમાર;
એ ઇન્દ્ર શું જિન બીહો ધરો ધીરજ નિરધાર....૯

છંદ

હનિ હારે ધરો ધીરજ નિરધાર, નંદજી કહે તે કરવો વિચાર;
હનિ હારે ઇન્દ્ર તરણાં કી તોલ, સમર્થ શાખ નિગમ બોલ
નિગમ શાખી એહી બોલે, અનેક ધર્મ ન આચરો
ભક્તિકો ફલ કોઇ ન પામે, અનેક દેવ આરાધન કરો ..૧૦

સાખી

ગિરિકો જાએ પૂજના પ્રત્યક્ષ હૈ એ દેવ;
સામગ્રી સહુ આગે ધરી, કર કાઢી લે તતક્ષેવ...૧૧
એ વેણુ સુની હરિ તણા, ઉચરે સર્વે ગોપ;
આજ લગી નહીં સાંભળ્યો, એ વાત સુની અનુપ....૧૨

ચાલ

એક વાત સુણીને અનુપ, સામગ્રી કરો સબ ગોપ;
ત્યાં તોડલે તોરણ બંધાય, ત્યાં ઘર ઘર ઓચ્છવ થાય;
કરી રસોઇ કે સબાન, મિઠાઇ મેવા પકવાન્ન,
પહેરે આભૂષણ સોળ શણગાર, ગોપી ગોપ થયા તૈયાર...૧૩

સાખી

ગોકુલ સબ હી ઉલટયો, ગિરિ પૂજવાને જાય;
વાજિંત્ર બહુત બજાવત, ઉલટ અંગ ન માય...૧૪

છંદ

હનિ હારે ઉલટ અંગ ન માય, આયે ગિરિકો લાગે પાય;
હનિ હારે પુષ્પ તૃણ લઈ કરે પૂજા, એહ ગિરિ સમા નહિ દેવદૂજા.૧૫

ચાલ

ગિરિ સમાન નહિ દેવ દૂજા, લાયે અન્ન પકવાન્ન હી;
સામગ્રી આગે ધરી, જાયો ગંજ ગિરિ સમાન હી;
ગિરિએ તબ ભુજા કાઢી, દીઠા પ્રત્યક્ષ દેવ;
સર્વ કોઈ દેખતાં, ગિરિ આરોગ્યાં તતક્ષેવ;...૧૬

સાખી

ગોપ સર્વે અચરજ થયા, એ કોઈ અકૂલ સ્વરૂપ
એ કોઈ શું ના કહીએ, કોણ માત્ર ઇન્દ્ર ભૂપ...૧૭

ચાલ

તૃણ માત્ર ઇન્દ્ર ભૂપ, એસે દીઠો ગિરિકો સ્વરૂપ;
સર્વે જૈ જૈ મુખ બોલે, કોઈ દેવ નહિ ગિરિ તોલે;
ત્યાં બાજે તાલ મૃદંગ, કિરતાલને હેસ ચંગ;
અતિ આનંદ ઓચ્છવ થાયે, વાઢ્યો ગિરિવરકો મહિમાય...૧૮

સાખી

ધન્ય શ્રી કૃષ્ણ ગોવર્ધન, ધન્ય સબ વ્રજવાસી;
ધર્મ નિયમ કિયા સબે, આજ ઘર ગંગા કાશી...૧૯

છંદ

હનિ હારે નટવર કૃષ્ણ મોરારિ, શોભે વેષ પીતામ્બર ધારી;
હનિ હારે કૃષ્ણ એ લીલા કરે, ફરતાં ભમરી દેતાં મન હરે...૨૦

ચાલ

ભમરી દેતાં મન હરે, દ્રૌ દ્રૌ ગોપી ગ્વાલ કરે;
ધૂની ગગનમેં છાય રહ્યો, પાતાલ સર્વે ગાજી રહ્યો...૨૧

ચાલ

જે જે જે મુખશું ઓચરે, સુરપતિએ સર્વે લહ્યો.......૨૨

સાખી

સુરપતિ એ સર્વે લહ્યો, પછી કોપ્યો ઈન્દ્ર અપાર;
એ મહોત્સવ તો મિટતાં, જો પ્રગટયા નંદકુમાર...૨૩

ચાલ

જબ પ્રગટયો નંદકુમાર, ઈન્દ્ર મનમાં કરે રે વિચાર;
બાર મેઘ તેડયાં તેહી વાટ, તાકો વાત કહી નિરધાર;
તુમ બારે એકઠા વર્ષો, મારી ગોકુલ જલમય કરશો;
ઐસા વર્ષો મેરે ભાઈ, પાણી શું ખોદી પાડો ખાઈ....૨૪

સાખી

સુરપતિ મહા કોપ્યો, બોલ્યો ઐસી વાણી;
ગોકુલ સબ હી રેલો, તહાં ન રહે નિશાની...૨૫

છંદ

હનિ હારે ગોકુલ ન રહે નિશાની, મેઘે એહી વાત મનમાં આણી;
હનિ હારે સબ મિલી [illegible]

ચાલ

સિંધુ માંહે સબ હી ગયે, મેઘ બારે નીર ભરી;
આવી આંધી વૃક્ષ કંપાવે, ગડગડાટ કરી ગર્જના કરી;
ઘોર ઘટા ઘન વીજ ચમકે, વર્ષે મૂશલધાર હી;
શૈલ સમાન બુંદ પડ હી, કરે જલકો પ્રહાર હી....૨૬

સાખી

વામ અંગુલિયે ગિરિ ધર્યો, રહ્યો ગાઉ ચોરાસી માપ;
વચ્છ ધેનૂ મનુષ્ય સબ, રહે ગિરિકે છાંય...૨૭

ચાલ

સર્વે રહે ગિરિ કે છાંયે, ગોપ સર્વે આણે મનમાંહે;
સર્વે ગોપી ગ્વાલ કપે રખે ગિરિ પડે તો ચાંપે;
સખા લાઠી ટેકે નિરધાર સો તો પહોંચે નહિ લગાર,
હરિકો કોમલ કર કરમાય, ગિરિ પુષ્પ સમાન થાય ..૨૮

સાખી

અંધકાર તહાં હો રહ્યો, દામ ખ ચમકે અપાર;
એક પલક નહિ ઉઘડે, મેઘ વર્ષે મૂશલધાર....૨૯

છંદ

હનિ હારે મેઘ વર્ષે મૂશલધાર, કોઈ દુઃખ ન પામે લગાર;
હનિ હારે ગિરિ ભયો તાનો અંગાર જલ પરસત નહિ લગાર...૩૦

ચાલ

જલ પરસત નહિ લગાર, ઐસી અકલ ગતિ ગોપાલકી;
રાગ રંગ ઔર મધુરી બાના, બલિહારી હરિકે ??? કી;

જુગ ભુજા શ્યામ ખેલે, ચરણે ઘૂઘરી ઘમકાવહી;
કર તીજે ગિરિ સ્તંભીઓ, ચોથે મુરલી બજાવહી;
શેષ મોહ્યાં પાતાલ માંહી, રવિ ચન્દ્ર નભ સુરનર મોહ્યાં;
હરિદાસ સ્વામી ઓચરે, સો દેખકે થકિત ભયા...31

સાખી

સાત દિન લગી વર્ષીઓ, બારે મેઘ અપાર;
તાતી વાવ લાગી નહિ, ગોકુલ જે જેકાર...3
સુરપતિ દેખી થકિત ભયો, મનમેં કિયો વિચાર;
નંદગોપ ગૃહે પ્રગટયો, જાણ્યો પૂરણ બ્રહ્મ અવતાર....33

છંદ

હનિ હાંરે જાણ્યો પૂરણ બ્રહ્મ અવતાર, ઇન્દ્ર ભય પામ્યો અપાર;
હનિ હાંરે કામધેનૂ સંગ લાયો, વિનતિ કરી ચરણે શિશ નમાયો.

ચાલ

વિનતિ કરી કે ચરણે લાગ્યો, ઇન્દ્ર કો આદર દિયો;
આતા માગી નિજલોક આયો, મનકો ગર્વ સબ ગયો;
એ લીલા ગાયે અરૂ સાંભળે, સો ભકિત મુકિત ફલપાવહી;
હરિદાસ સ્વામી ઓચરે, ફિર ગર્ભવાસ ન આવહી...34

卐

# હાલેરૂં

જ્ઞાન સ્વરૂપ તું આત્મા રે, થયો શા માટે અજ્ઞાન;
ત્રિગુણી માયામેં મળ્યો રે. સુત હાલેરું રે..........ટેક

થયો કારજ કારણ વાત રે, કાલા હાલેરું રે ૧
બ્રહ્મ ટળીને જીવ થયો રે, સુત હાલેરું રે
તને આવ્યું દેહાભિમાન રે, કાલા હાલેરું રે ૨
આપો આપ નહિ ઓળખ્યો રે, સુત હાલેરું રે
તારી ગઇ સુધ ને સાન રે, કાલા હાલેરું રે ૩
પરવર્યો પાંચે કોષમેં રે, સુત હાલેરું રે
પ્રાણ છૂટયો પવનમાં રે, કાલા હાલેરું રે ૪
પવન પાણીમેં મળ્યો રે, સુત હાલેરું રે
ભૂમિ મળી થયો અન્ન રે, કાલા હાલેરું રે ૫
અન્નથી રજ બીજ થયો રે, સુત હાલેરું રે
એમ આવ્યો ઉદરમાંહી રે, કાલા હાલેરું રે ૬
ઉદર પડયો દુઃખ ભોગવે રે, સુત હાલેરું રે
ત્યારે કયાં ગયા માબાપ રે, કાલા હાલેરું રે ૭
કમાઈ પડી તે આપવા રે, સુત હાલેરું રે
એમ ભકિતનો દીનો કોલ રે, કાલા હાલેરું રે ૮
એમ તે કાલાવાલા બહુ કર્યાં રે, સુત હાલેરું રે
ત્યારે નારદે દીધો કોલ રે, કાલા હાલેરું રે ૯
અંગ ઉઘાડે તું જનમ્યો રે, સુત હાલેરું રે
અંતે જવું છે નગ્ન રે, કાલા હાલેરું રે ૧૦

પ્રીત ન જોડીશ પ્રાણીઆ એ સુત હાલેરું રે;
તારે રહેવું જ એક જ રાત રે, કાલા હાલેરું રે; ૧૧

જુઠાં તે સુતને સુંદરી રે, સુત હાલેરું રે;
તારાં જુઠાં મા ને બાપ રે, કાલા હાલેરું રે; ૧૨

શું દીઠું સંસારમેં રે, સુત હાલેરું રે;
તું તો આવ્યો વારંવારે રે, કાલા હાલેરું રે; ૧૩

પાંચ તત્વનું પારણું રે, સુત હાલેરું રે;
તેમાં પોઢી-સમાય રે, કાલા હાલેરું રે; ૧૪

જન્મ મરણની ઘુમરી રે, સુત હાલેરું રે;
તેને સાન્તે તો સુખ થાય રે, કાલા હાલેરું રે; ૧૫

ભોક્તા થઈ ભોગ ભોગવે રે, સુત હાલેરું રે;
થયો જન્મ જન્મનો આધીન રે, કાલા હાલેરું રે; ૧૬

કર્મ કર્યાં બહુ વિધના રે, સુત હાલેરું રે,
કર્મની થઈ તારી દેહ રે, કાલા હાલેરું રે; ૧૭

સગા સંબંધી કર્મના રે, સુત હાલેરું રે;
તારા કર્મના ચૌદ લોક રે, કાલા હાલેરું રે; ૧૮

સુતને સુંદરી બન્ને કર્મના રે, સુત હાલેરું રે;
કર્મ માયાનો થોક રે, કાલા હાલેરું રે; ૧૯

લક્ષ ચોરાશી તું રઝળ્યો રે, સુત હાલેરું રે;
તું બહુઘેર કહાવ્યો બાળ રે, કાલા હાલેરું રે; ૨૦

પાંચે ઇન્દ્રિયને વશ થયો રે, સુત હાલેરું રે;
તારે વિપતનો શો વાંક રે, કાલા હાલેરું રે; ૨૧

જમના દુત છે બિહામણા રે, સુત હાલેરું રે;
તને બહુવિધ દેશે માર રે કાલા હાલેરું રે; ૨૨

卐

# હાલેરૂં

સંસાર રૂપી પારણું સુત હાલેરું રે;
તામેં ઝુલે બહુ જીવ, કાલા હાલેરું રે;... ટેક

લક્ષ ચોરાશી ઝુલા ઝુલ્યો, સુત હાલેરું રે;
ઓળખ્યા નહિ પિતુ, કાલા હાલેરું રે;... ૧

ભોગ તેં સર્વે ભોગવ્યા, સુત હાલેરું રે;
તેનો ગણતાં ન આવે પાર કાલા હાલેરું રે;... ૨

કામના જે જે મનતણી, સુત હાલેરું રે;
તે સર્વે મિથ્યા જાણ કાલા હાલેરું રે;... ૩

વિષય વિષયવત્ ત્યાગ્યા, સુત હાલેરું રે;
કૃપા કરે કિરતાર, કાલા હાલેરું રે;... ૪

તનમન ધન તે ચોર છે, સુત હાલેરું રે,
તે કરશે જીવની હાનિ, કાલા હાલેરું રે;.... ૫

કામ ક્રોધ ને મોહ છે, સુત હાલેરું રે;
એ ત્રણે નરકના દ્વાર, કાલા હાલેરું રે;... ૬

ચિંતા રુપી સર્પણી રે, સુત હાલેરુ રે;
એણે ખાધો સર્વે સંસાર, કાલા હાલેરું રે;... ૭

માયા મીઠી મોહિની રે, સુત હાલેરું રે;
ને નાંખે મોહની જાળ, કાલા હાલેરું રે;... ૮

જન્મ મરણ તો તેહ તણુ રે, સુત હાલેરું રે;
ટળે નહિ કોઈ કાળ કાલા હાલેરું રે;... ૯

ઉંધે મસ્તક ઝુલ્યો રે, સુત હાલેરું રે;
તેં કર્યો ગર્ભ મેં વાસ, કાલા હાલેરું રે;... ૧૦

પાર નહિ પીડા તણી રે, સુત હાલેરું રે;
તેણે થયો જ્ઞાનનો નાશ. કાલા હાલેરું રે;.... ૧૧

દુર્લભ દેહી દેવને રે, સુત હાલેરું રે;
તે પામ્યો નિરધાર, કાલા હાલેરુ રે;... ૧૨

ભજન કરો ભગવાનનું રે સુત હાલેરુ રે;
સમય ન આવે વારંવાર, કાલા હાલેરુ રે... ૧૩

સગા સબંધી કોઈ નહિ રે, સુત હાલેરું રે;
આ જુઠો માયાનો ફંદ કાલા હાલેરું રે... ૧૪

વ્હાલ કરે ને વારે ઘણું રે, સુત હાલેરું રે;
ભજવા શ્રી મુકુંદ કાલા હાલેરું રે... ૧૫

સ્વાર્થે સગાં સૌ થશે રે સુત હાલેરું રે;
વણ સ્વાર્થે ત્યાગે એહ કાલા હાલેરું રે... ૧૬

પાપ પુન્ય તો જે કર્યા રે, સુત હાલેરું રે;
અંતે સાથે તેહ, કાલા હાલેરું રે... ૧૭

વાસ કરો વનમાં જઈ રે, સુત હાલેરું રે;
તો પામશો પુરણ બ્રહ્મ, કાલા હાલેરું રે... ૧૮

ભક્તિએ ભીંજે બુધરો રે સુત હાલેરું રે;
એજ વેદનો મર્મ કાલા હાલેરું રે .. ૧૯

ભોગ તે સર્વે રોગ છે રે સુત હાલેરું રે;
જેણે કરી જીવની હાનિ, કાલા હાલેરું રે... ૨૦

માતા મદાલશા એમ ભણે રે સુત હાલેરું રે;
પુત્ર કહું સત્ય વાત કાલા હાલેરું રે... ૨૧

કુંડ અઠ્ઠાવીશ નર્કના રે સુત હાલેરું રે
તેમાં નાંખશે વારંવાર રે કાલા હાલેરું રે ૨૨

કાલા તે કામરૂદેશ છે રે, સુત હાલેરું રે
તને ક્ષણમેં નાખશે જાળ રે, કાલા હાલેરું રે ૨૩

બળદની પેરે તને બાંધશે રે, સુત હાલેરું રે
તું વહેશે ભૂમિનો ભાર રે, કાલા હાલેરું રે ૨૪

કુલ કુટુંબનો બોજ વહેશે રે હાલેરું રે
તું તો ખર થયો મેદાન રે, કાલા હાલેરું રે ૨૫

દેશને સર્વે તેં જીત્યા રે, સુત હાલેરું રે
થયો કામિની કામ હેરાન રે, કાલા હાલેરું રે ૨૬

આગળ પાણી ઉંડા ઘણા રે, સુત હાલેરું રે
તું ચેતી શકે તો ચેત રે, કાલા હાલેરું રે ૨૭

જીવન મુક્ત ગુરૂ કરો રે, સુત હાલેરું રે
તું ન જા બીજાને શરણે રે, કાલા હાલેરું રે ૨૮

દેહ આત્માનો વિવેક છે રે, સુત હાલેરું રે
તું છે તત્ત્વનો પાર રે, કાલા હાલેરું રે ૨૯

જીવ ઇશ્વર એક ધામમેં રે, સુત હાલેરું રે
તું દેહ છતે કરજે વિચાર રે કાલા હાલેરું રે ૩૦

ચાર દેહ વિના તું ન કર્યો રે, સુત હાલેરું રે
ભુંડી માયાને આવાસ રે, કાલા હાલેરું રે ૩૧

રામકૃષ્ણ જન જાગ્યા રે, સુત હાલેરું રે
તું નાસી શકે તો નાસ રે, કાલા હાલેરું રે ૩૨

卐

# પંથીડાની સાખી

હીંડે વન વન શોધતી, શ્રી વૃંદાવન મોઝાર;
વાડી વેલે સર્વે જોયું, હવે જુએ સરોવર પાળ......૧
ગર્વ જાણી ગોરી તણો, હરિ ભયે અંતર્ધ્યાન;
એધાણી જોતી પંથની નયને છુટયાં ઝરણ......૨

પદ-૧

પંથ નિહાળતી રે હો, જોતી પ્રીતમના પગલાં;
મધ્ય નિશાએ ઘેલી હો, ભરતી લથડતા ડગલા ટેક૦
ચૌદિશી નિહાળતી રે હો, જાણે વન ચરતિ હરણી રે હો;
સુધ બુધ વિસરી હો, પ્રભુ મારા તે તારી કરણી રે.......૧
શ્યામા સૌ ટોળે મળી રે હો, હીંડે મારગડા જોતી રે;
નયણે નીર ઝરે હો, ચતુરા ચીરથી લ્હોતી રે... ..૨
શ્યામ સૌ ટોળે મળી રે હો, મનમાં કીધા વિચાર રે;
ચાલો સખી ત્યાં જઈએ હો, જ્યાં રમતાં નંદકુમાર રે;.......૩
જોતા સૌ ત્યાં ગયા રે હો, જ્યાં છે જલ યમુના નીર;
અહીં હરિ બેસતા રે હો, જમતા કર્મલડો ને ક્ષીર......૪
વ્હાલો વગાડતો વાંસળી રે હો, ગોપી ગાતી સર્વે ગીત રે;
તે કેમ વિસરું રે હો, પ્રભુ મારા પૂર્વ જન્મની પ્રીત રે......૫
જતને જાળવું રે હો, જોબન ભૂધર ભેટ કરીશ રે;
જો હરિ નહિ મળે રે હો, મારા પાપી પ્રાણ તજીશ રે.......૬
શ્રી હરિ શ્યામળા રે ધરતાં ધાબળિયાનો વેશ રે;
કેડલો પૂછતી રે હો, કહો મને કૃષ્ણનો ઉપદેશ રે........૭
આણે આણે મારગડે હો, આવ્યા લક્ષ ચોરાશી માંય રે;
મનષા દેહ ધરી રે હો, પ્રભુ મારા અવાગમનની વાટ રે.......૮
પૂછું પેલા દ્રુમને હો, કહો મને નાગર કેરી ભાળ રે;
વનિતા વલવલે રે મળવા આતુર શ્રી ગોપાલ રે........૯
તારુણી ટોળે મળી રે હો, કરવા લાગી કંઠ રુદન રે;
મહ દેવના સ્વામી મળો રે હો; ધોને આલિંગન રે.......૧૦

# પંથીડાનું પદ

## પદ-૨

હરિ નહિ આવ્યા રે હો, સજની કહો કેમ કીજે આજ રે;
આપણ એકલા રે હો, વનમાં મેલી ગયા વ્રજરાજ રે... ૧

અમો મહા અભાગણી રે હો, નાથ ન ધરવી રીસ રે;
અમો અપરાધી રે હો; વ્હેલા સહાય કરો જગદીશ રે... ૨

આવડું ક્યાં કરો રે હો, અવગુણ શા શા કીધાં મન રે
બિરુદ તમારું રે હો, આગે પતિત પાવન રે... ૩

સુરપતિ કોપ્યો રે હો, માંડી વૃષ્ટિ અખંડ ધાર રે;
ગોવર્ધન કર ધર્યો રે હો, હરિએ ઉગાર્યાં તેણીવાર રે... ૪

દાવાનલ થકી રે હો, રાખ્યાં ગોપી ગ્વાલ રે;
તે સંભાળજો રે હો, દર્શન દયોને દીનદયાલ રે... ૫

પ્રીત પૂરવતણી રે હો, હરિએ સંભાળી તેણીવાર રે;
તત્ક્ષણ પ્રગટયા રે હો, અબળા પામી હરખ અપાર રે... ૬

બ્રહ્મદેવનો સ્વામી મળ્યો રે હો, સર્વે સુખી થઈ વ્રજનાર રે;
મનમાં આનંદ ઘણો રે હો, આવ્યા પ્રાણધાર રે... ૭